

## Û]l k8N]de] a]y]

Û]l k8N]de] a]y] a]N}d ij ll]]n]] r]Sqly] g]]m] s]]m]rK]]n]] v]t]n]l Ce v]S]0 s¶D]l a]N}dn]l An]. As]. p]qe] a]qs] k0l0jm]} g¶j r]t]ln]] vy]]Ky]]t] t]rlkep]0t]]n]l s0v]] a]p]l c]ky]] Ce t0a0A Am]. A. t]T]] Al] Al]. b]l.n]0 aBy]]s] kre]0 Ce t0a0 an0k x0X]iN]k s}sT]]a0 an0 g¶j r]t]ln]] a]Dy]]p]k s}G]m]} s]ißy] rÁ] Ce s]rd]r p]qe] y¶in]v]is]qlm]} s0n0q t]T]] is]nzlke s]By] t]rlkes0v]]a0 a]p]l c]ky]] Ce

g¶j r]t]l s]]ihty]m]} t0m]n]} l]g]B]g] c]]l]ls] je]l]} p¶st]k0 p-g]q T]w c]ky]} Ce aty]]r s¶D]lm]} t0m]n]l ds0k n]v]l]kT]]a0 p-g]q T]w Ce n]v]ln] iv]S]y]v]st¶ D]r]v]t]l t0m]n]l n]v]l]kT]] Ôv0wq z]y0q Anz a]y]]il]s]ls]Õ g¶j r]t]l v]]c]k0A b]h v]K]]N]l Ce a] [p]r}t] Ôhy]]n]0 [j]s]Õ, Ôm]0g]r]n]l m]hkeÕ an0 Ôikzn]l p-ty]]r0p]N]Õ t0m]n]l j]N]lt]l n]v]l]kT]]a0 Ce

Û]l k8N]de] a]y]0 g¶j r]t]l B]]S]] s]]ihty]n]] aDy]]p]k t]rlke G]N]l n]]m]n]] m0Lv]l Ce t0m]n]} s}p]]idt] T]y0l]} p¶st]k0 aBy]]s]ßm]m]} p]N] m]k]t]} rÁ} Ce

t0m]n¶ h]l]n¶ s]rn]]m¶:;

Û]l k8N]de] a]y]

102, x¶B] Ap]]qm0nq,

a]w. b]l. p]qe] g]]zn] p]]s0,

m]h]de] c]]r rst]],

v]ll]B] iv]§]n]g]r (ij ll]] a]N}d)

m]0b]]wl] P0n] : 9998202132

# v0wq, z]y0q Anz z]y]]il]s]ls]

## k8N]de] a]y]

## an¶ßm]


1 m]]T]]Pre] ddl
2 k0izn]]rn]] p-v]]s0
3 ikzn]l in]SPL jv]]n¶ in]d]n]
4 y¶r0l]0«kl] h0isp]ql]m]} p-v0x]
5 m³ty¶ s]]m0 l]zl l0v]]n]0 in]N]y]
6 m³ty¶de]l s]]T0 s}v]]d
7 s]r0jb0n] p-ty0 s]h]n¶B]it]
8 n]v]0 ddl - m]g]n] g}je]l
9 ikzn]l iv]x0 m]]g]dx]n]
10 m]g]n]n]l vy]T]]
11 m]]g]dx]n]
12 rlq] s]]T0 c]c]]
13 s]PLt]]
14 m]g]n]n]0 B]t]k]L
15 ikzn]ln]0 g0rk]n]n]l k]r0b]]r
16 z0k]q]r s]]T0 b]0l]]c]]l]l
17 r]m]B]]w p]qe] s]]T0 c]c]]
18 rlq] s]]T0 x]rt]
19 n]v]0 ddl
20 a]iÞk]n]l s]Pr
21 p-v³–]m]} m]gn]
22 m³ty¶de]ln]l kp8]
23 B]]v]n]]b0n]n]l v0dn]]
24 m]m]t]] x]m]]
25 n³ty]}g]n]] kiv]t]]
26 m]x]ln] s]]T0 c0z}
27 t]rs]n]l v]]t]
28 vy]]je]p0s]] l]]v]l a]p]v]]
29 D]rt]lkp]n]l as]r
30 ix]v] p-0q0k0l] p]DD]it]
31 b]]Lkn0 ikzn]ln]] r0g] T]]y]?
32 dv]]K]]n]] a0n]l din]y]]
33 Z}kN]]n¶ p]]N]l
34 Ak B]]v]t]0 ddl
35 s]r0jb0n]n]0 B]v]]z0
36 r]jg]Zm]} ikzn]l k0B]}z
37 «v]t¶ h]zip}jr
38 s}x]0D]n] k]y]
39 v0wq, z]y0q Anz z]y]]il]s]ls]
40 m]]ql]] {iD]y¶
41 Pq]t]0 rst]0
42 vy]0m0x]B]]w s]]T0 c]c]]
43 vy]]jea]p]n]]r vy]]je]p0s]] l0 Ce
44 p-0Pe]s]rn]l vy]T]]
45 rlq]n¶ h]sy]
46 B]]rt]l s]]T0 p-ty]]r0p]N]n]l c]c]]
47 wjke]x]n] kp]n]ln]0 p-c]]r
48 K}B]]t]n¶ hl]v]]s]n]
49 m]g]n] s]]T0 rlq]
50 m]m]t]] t]rP m]g]n]n]} p]g]l]}
51 s]r0jb0n]m]} T]y0l]0 Pe]P]r
52 rlq]n]l m]]g]N]l
53 m]m]t]] s]]T0 m]g]n]
54 m]g]n]n0 s]l]]h
55 in]SPL in]v]ze]} ag] k]y]rt] n] T]w x]ke
56 rz]y] Aql¶ rzl l0je
57 ddl jn¶B]]w
58 v]S]v]S]0
59 Ak m]jn]0 m]]N]s]
60 a]p]G]]t] krv]]n]l idx]] t]rP
61 p-v³i–]m]y] rh0
62 s¶x]]n]b0n] s]]T0 qe]m]} m¶l]]k]t]
63 s]r0jn¶ x]rN0 jv¶
64 m]g]n]-s]r0j s]]m]s]]m0
65 Av]0 n0 Av]0 j m]g]n]
66 wnz0r p0x]nq 29507

# એક

# માથાફરેલ દર્દી

રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલના ડાયાલિસીસ વિભાગના સિનિયર ટેકનિશિયન વોર્ડના દર્દીઓ તથા તેમની સાથે આવેલાં સગાં સાંભળે તે રીતે એક નોટીસ વાંચી સંભળાવે છે.

‘‘ આજે ચાર વાગ્યે હોસ્પિટલના સભાખંડમાં કિડનીના દર્દની અને ડાયાલિસીસ કેમ કરવું જોઈએ તેની સમજણ આપતી એક મિટીંગ છે. બધા જ દર્દીઓને હાજર રહેવા વિનંતી છે.’’

આ હોસ્પિટલમાં કિડનીનું નિદાન થતાં ગયા અઠવાડિયે જ દર્દી તરીકે આવેલો પ્રોફેસર સુખદેવ આ નોટીસના સંદર્ભમાં ચાર વાગ્યે તેનું ડાયાલિસીસ પત્યા પછી સભાખંડની મિટીંગમાં જાય છે. ત્યાં સભાખંડમાં પંદરેક માણસની હાજરી તે જુએ છે. થોડા દર્દીઓ અને બીજાં તેમના સગાં -સંબંધીઓ હશે તેમ તે માની લે છે.

કિડનીના દર્દ વિશેની માહિતી આપતું વ્યાખ્યાન નવાપુરાના વિદ્વાન ડોક્ટર ગુપ્તા આવવાના હતા. થોડી જ વારમાં હોસ્પિટલના સમાજસેવા વિભાગના વડા ડોક્ટર મુનશી વ્યાખ્યાતાને લઈને સભાખંડમાં આવે છે અને ડોક્ટરનો પરિચય આપે છે.

બહારથી આવેલા ડોક્ટર ગુપ્તા પોતાના પ્રવચનમાં કહે છે કે, ‘‘ કિડનીના દર્દીએ નિયમિત ડાયાલિસીસ કરાવવું જોઈએ. અને કદાચ કોઈ સંજોગોમાં કોઈ દર્દી કિડની બદલાવવાનું ન ઈચ્છે તો પણ તેણે આજીવન ડાયાલિસીસ કરાવવું પડે.’’

આમ કહી ડોક્ટર ગુપ્તા કિડની વિશે અને કિડનીના દર્દ વિશેની પ્રાથમિક માહિતી આપે છે. પછી તેઓ કિડની નિષ્ફળ જવી, કિડની બદલાવવી તથા કિડની બદલાવવાથી થતા ફાયદા વિશેની પણ માહિતી આપે છે. કિડનીની વિસ્તૃત માહિતી આપી તેઓ ભારપૂર્વક જણાવે છે કે આ દર્દના દર્દીઓએ શક્ય હોય ત્યાં સુધી કિડની બદલાવવી જોઈએ.

વધુમાં તેઓ જણાવે છે કે, ‘‘ સામાન્ય રીતે જે કિડનીનો દર્દી અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસ કરાવતો હોય છે, તે લગભગ પાંચેક વર્ષ ઓછામાં ઓછું આયુષ્ય ભોગવતો હોય છે. અને જે દર્દી અઠવાડિયામાં બે વખત ડાયાલિસીસ કરાવતો હોય તેવા દર્દીઓ સરેરાશ ત્રણેક વર્ષનું આયુષ્ય ભોગવતા હોય છે. માટે કિડનીના દર્દીએ અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસ કરાવવું જોઈએ. આ દર્દ લાંબા સમય સુધી ચાલે એમ છે. એથી દર્દીઓએ માનસિક ત્રાસમાંથી છૂટવું હોય તો કિડની ‘‘પ્રત્યારોપણ’’ કરાવી લેવી જોઈએ એ તેમને માટે હિતાવહ છે. મારા વર્ષોના અનુભવ પછી હું એ તારણ ઉપર આવ્યો છું કે કિડનીના દર્દ વિશે એમ કહી શકાય કે આ દર્દમાં કોઈ દવા કારગત નીવડતી નથી.’’

પોતાના વક્તવ્ય બાદ ડોક્ટર દર્દીઓના મૂંઝવતા પ્રશ્નોના જવાબ આપે છે. દસેક મિનીટની પ્રશ્નોત્તરી ચાલે છે. છેવટે પાછળના ભાગમાં બેઠેલો પ્રોફેસર સુખદેવ ઊભો થાય છે અને પોતાની મૂંઝવણ રજૂ કરતાં કહે છે કે :

‘‘ મારે કિડની ‘‘ પ્રત્યારોપણ ’’ કરાવવી છે. મેં કિડનીના દર્દ વિશે પુસ્તકોમાં પણ વાંચ્યુ છે. મારું કોઈ નજીકનું સગું નથી જેથી મારે બહારની કિડની ખરીદવી છે. અહીં એવી ઊડતી વાત સંભળાય છે કે આ હોસ્પિટલના કર્મચારી દ્વારા કિડની ખરીદ-વેચાણ થાય છે. મારે ‘‘ પ્રત્યારોપણ ’’ કરાવવું હોવાથી કિડની ખરીદવા માટેનું માર્ગદર્શન આપશો. ’’

ત્યાં તો હોસ્પિટલના સમાજસેવા વિભાગના વડા ડોક્ટર મુનશી ઊભા થઈ જાય છે અને કહેવા લાગે છે,‘‘ તમને કોઈએ ખોટી માહિતી આપી છે.અહીં કિડની વેચાય છે તે વાત ખોટી છે. છતાંય તમે મને મારી ઓફિસમાં મળજો. તમારા બધા મૂંઝવતા પ્રશ્નો હું સાંભળીશ અને યોગ્ય નિકાલ કરી આપીશ. ’’ આમ કહી મુનશી મિટીંગ બરખાસ્ત કરે છે અને તેઓ ડોક્ટર ગુપ્તા સાથે સભાખંડની બહાર નીકળી જાય છે. પ્રોફેસરે ઊભા

કરેલા પ્રશ્નથી સભાખંડમાં બેઠેલા દર્દીઓ અને તેમના સગાં આશ્ચર્ય પામે છે. પ્રોફેસર સુખદેવ સભાખંડમાંથી બહાર આવે છે, ત્યારે સમાજસેવા વિભાગનો પટાવાળો, " તમને સાહેબ એમની ઓફિસમાં બોલાવે છે. " એમ કહી ચાલ્યો જાય છે.

સુખદેવ સમાજસેવા વિભાગના વડાની ઓફિસમાં દાખલ થાય છે. ડૉક્ટર મુનશી પ્રેમથી તેને આવકારે છે અને ધીરે રહીને પૂછે છે, " તમે આ કિડની વિશેની વાત કરી તે શું સાચે - સાચ અહીં કિડનીનું વેચાણ થાય છે ? હું માનું છું કે તમે આ ખોટું વિધાન કર્યું છે."

" જુઓ ડોક્ટર, મિટીંગમાં મેં કરેલો પ્રશ્ન તમે પૂરેપૂરો સમજ્યા નથી. મેં જે વાત કરી હતી તે જાહેરમાં ચર્ચાતી વાત હતી. મારો કહેવાનો મતલબ આ હોસ્પિટલ માટે નથી. જો કે ઘણી હોસ્પિટલોમાં આવું બને છે. આ હોસ્પિટલની છાપ મારા મનમાં બહુ સારી છે. એટલે જ નવાપુરાની યુરોલોજીકલ હોસ્પિટલમાં દર્દી તરીકે દાખલ ન થતાં હું અહીં આ હોસ્પિટલમાં દાખલ થયો છું." પ્રોફેસર સુખદેવ ધીરેથી ડૉક્ટરના મનનું સમાધાન કરે છે.

સમાજસેવા વિભાગના ડોક્ટર મુનશી હાશકારો અનુભવે છે. જો કે, મનમાં તો વિચારે છે કે આ પ્રોફેસર માથા ફરેલ દર્દી છે. તેને માટે એક જ રસ્તો કરવો જોઈએ, કાં તો તેનાથી સાચવવું જોઈએ અથવા તેને સાચવી લેવો જોઈએ. એટલામાં પટાવાળો ઠંડું પીણું લઈને આવે છે. ડોક્ટર પ્રેમથી પ્રોફેસરને ઠંડા પીણા દ્વારા ઠંડો પાડી દે છે.

પ્રોફેસર સુખદેવ વોર્ડમાં પોતાની પથારી પર જઈ આરામ કરે છે.

## બે

## કોડીનારના પ્રવાસે

એક સામાન્ય માંદગી પછી પ્રોફેસર સુખદેવનું બ્લડપ્રેશર ધીરેધીરે વધતું જાય છે અને કંટ્રોલમાં આવતું નથી. એ જાણ્યા પછી તે સ્થાનિક ડોક્ટરની સલાહ લે છે. ડોક્ટર એના બધા રિપોર્ટ કરાવે છે. છેવટે ડોક્ટર નિદાન કરે છે કે તેને વધુ પડતું ઊંચું લોહીનું દબાણ રહ્યા કરે છે. તેથી ડોક્ટર એનું કાયમ બ્લડપ્રેશર નીચું રહે તેવી દવા લખી આપે છે. અને દર પંદર દિવસે દવાખાને આવતા રહેવું એવી શિખામણ પણ આપે છે.

આમ તો મોટાભાગે માણસોને ચિંતા સતાવતી હોય ત્યારે લોહીનું દબાણ વધુ રહે છે. પણ એને તો કોઈ ચિંતા નહોતી.એના સ્વભાવગત લક્ષણોને કારણે એ કોઈ પણ જાતની ચિંતા કરતો નથી. એને યાદ આવે છે કે અત્યાર સુધી તે સાજો હતો તો તેનું લોહીનું દબાણ કેમ વધતું ગયું ?

એક મિત્રની દીકરીના લગ્ન પ્રસંગે એ પોતાના બે મિત્રો રજનીકાન્ત અને બાલકૃષ્ણ સાથે ભાડાની ગાડી કરીને કોડીનાર ગયેલો. કોડીનારની આસપાસના મોટાભાગના ગામડાઓમાં તેના હાથ નીચે ભણી ગયેલાં છોકરા-છોકરીઓ હતાં. કોડીનારથી સાતેક કિલોમીટર નજીકના નવાગામમાં તેને લગ્ન પ્રસંગે હાજર રહેવાનું હતું. લગ્નના દિવસે વહેલી સવારે તે પહોંચી ગયેલો. લગ્નમાં આખો દિવસ તે હાજરી આપે છે. તે લગનમાં તેના કેટલાક વિદ્યાર્થીઓ પણ ત્યાંના સંબંધે આવેલા. તેનો એક નજીકનો વિદ્યાર્થી - સિંધાજ ગામનો મનોજ રાઠોડ - તે બધાને મુશ્કેલી ન પડે એટલા માટે તેમનો ઊતારો કોડીનારના જ " મનોજ ગેસ્ટ હાઉસ " માં રાખે છે. બીજે દિવસે સવારે તેના એકાદ બે પ્રોફેસર મિત્રો અને વિદ્યાર્થીઓ સાથે દીવ જાય છે. દીવમાં ફરે છે. દીવમાં બધા સાથે બેસી તે થોડો બીયર પણ પીએ છે.

દીવથી પાછા આવ્યા પછી નજીકના ગામડાંઓમાં જ્યાં જ્યાં એમના વિદ્યાર્થીઓ લઈ ગયા ત્યાં ત્યાં એમણે પીવા માટે નાળિયેરનું પાણી આપેલું. ગુજરાતમાં મોટે ભાગે નાળિયેર નું પાણી પીવું હોય તો પૈસા ખર્ચવા પડે. જ્યારે અહીં સૌરાષ્ટ્રમાં એના વિદ્યાર્થીઓ પ્રેમથી એમની વાડીના નાળિયેરનું પાણી પીવડાવતા હતા.

તે જ દિવસે સાંજે જે મિત્રની દીકરીનું લગ્ન હતું તેમની વિદાય લેવા તેમને ત્યાં જાય છે. મિત્ર પણ મહેમાનોને આગ્રહ કરીને બીયર પીવડાવે છે. એના એક વિદ્યાર્થીએ તો એની ગાડીની ડીકીમાં લીલાં નાળિયેર જ ભરી દીધાં. બધાની વિદાય લઈ તે રાત્રિએ સોમનાથ આવી મંદિરને અડીને જ દરિયા કિનારા નજીક એક

ગેસ્ટહાઉસમાં તે બધા ઊતારો રાખે છે. આખી રાત્રિ સમુદ્ર પરથી આવતો પવન સીધો એમને સ્પર્શ કરે એ રીતે એમની રહેવાની વ્યવસ્થા હતી. અને વહેલી સવારે ઊઠીને એ પોતાના મિત્રો સાથે દરિયાના પાણીમાં એક કલાક નહાય છે. આમ ફરતાં-ફરતાં તેઓ પાછા વળે છે.

પોતાના વતન તરફ પાછા ફરતાં જ્યાં જ્યાં તરસ લાગી ત્યાં ત્યાં એ બધાએ અને ખાસ તો તેણે વધારે નાળિયેરનું પાણી પીધું. મોડી રાત્રે ગામ પાછા ફરે છે ત્યારે પણ તે બધાને ઘેર લઇ જવાય એટલાં નાળિયેર તો ગાડીની ડીકીમાં હતાં જ.

# ત્રણ

# કિડની નિષ્ફળ જવાનું નિદાન

બીજે દિવસે કૉલેજમાંથી છૂટીને પ્રોફેસર સુખદેવ પોતાની ઓફિસે આવે છે. પોતાની ઑફિસની બાજુના નાસ્તા હાઉસમાં ગોરધનમામા ડાબલાવડાં બનાવવાની તૈયારી કરતા હતા. તે દિવસે બપોરે બારના ટકોરે પ્રોફેસર સુખદેવ ગોરધનમામાને કહે છે, '' થોડોક મસાલો વધારે નાંખી ડાબલાવડાં
સાથે ડુંગળીના પણ બે ચાર ભજિયાં કાઢજો. ''પડોશી હોવાને નાતે ગોરધનમામાએ ડાબલાવડાંની માફક જ ડુંગળીના મસાલાવાળાં ભજિયાં તૈયાર કર્યાં.

આમેય, પ્રોફેસર સુખદેવ ભજિયાંનો બહુ શોખીન હતો.
ક્યારેક મિત્રો સાથે ચર્ચા નીકળે ત્યારે એ કહેતો :

'' એને કોઇ જાતનો તાવ ચઢ્યો હોય ત્યારે, તેને કોઇ બે દિવસનાં વાસી ભજિયાં આપે અને એ ખાય તો એનો તાવ પણ ઊતરી જતો.''

ગોરધનમામાના આગ્રહને કારણે મસાલાવાળાં ડુંગળીનાં તો ખરાં પણ જોડેજોડે બટાકાનાં ડાબલાવડાં પણ એણે પેટ ભરીને ખાધાં.

તે દિવસથી લગભગ પંદર જેટલી રાત્રિઓ તેની ઊંઘ વગરની ગઇ. પથારીમાં સૂઇ ન શકે, રાતભર બેસી રહેવું પડે, એકદમ શરીર ફિક્કું પડવા લાગ્યું. ઉજાગરાની અસર આંખોમાં દેખાવા લાગી. આ બધું તેના ઘરમાં કોઇ જાણતું નહોતું. તે નિયમિત કૉલેજ જતો. બપોરે તેની ઓફિસમાં આવે તો એકાદ ઊંઘનું ઝોકું ખાઇ લેતો.

એક દિવસે તે કૉલેજથી આવી ઑફિસે બેસે છે. ત્યારે જ તેના વિષયના બીજી કોલેજના તેના મિત્ર પ્રોફેસર ત્યાં આવે છે. તેની તબિયતની વાતચીત મિત્ર પ્રોફેસરના કાને નાંખે છે. તરત જ એના મિત્ર પ્રોફેસર પોતાના સ્કૂટર પર બેસાડી એક જાણીતા ડૉક્ટરને ત્યાં એને લઇ જાય છે. ડૉક્ટર વધારે પડતા લોહીના દબાણની વાત કરે છે. એની સોનોગ્રાફી પણ કરવામાં આવે છે. ડોક્ટર એનો એક્સ-રે પણ લે છે અને પછી ડોક્ટરના કહેવાથી તે બ્લડ પ્રેશરની દવાઓ ખાતો રહે છે. એ ડોક્ટરે તેના બધા રિપોર્ટ કરેલા પછી પણ એક્સ-રે લીધા બાદ એની ફાઇલમાં '' ક્રીયેટીન ૧.૫ ''હતું.એની પર ગોળ નિશાની કરે છે. (આ વિશેની જાણ તો તેને તેની કિડની નિષ્ફળ નીવડ્યા પછીના બે વર્ષે જૂની ફાઇલ ફેંદતા થાય છે.)

પેલો ડોક્ટર જાણતો હતો કે તેની કિડની નિષ્ફળ જવાની હદ સુધી પહોંચી ગઇ છે. પણ ડોક્ટરને તો દર પંદર દિવસે બ્લડપ્રેશરના દર્દી તરીકે પ્રોફેસર એના દવાખાનામાં આવે અને ડોક્ટરની ફી આપે એમાં જ રસ હતો. લગભગ બે વર્ષ સુધી બી.પી. ઘટવા માટેની દવા ડોક્ટર આપે છે. પરંતુ કોઇ ફેર પડતો નથી. ત્યાર પછી તો એ ડોક્ટરે લખી આપેલી દવા ખાધે જાય છે. પછી તો એ પોતાના જીવનને કુદરત પર છોડી દે છે. સાત વર્ષ સુધી તે બી.પી. મપાવતો નથી. તેના કપાળની નસો ફૂલેલી જોતાં સહેજેય ખ્યાલ આવી જતો કે તેનું બી.પી. નું પ્રમાણ ઊંચું છે. તેને ખ્યાલ આવે છે કે લગભગ ઉપરના બસો જેટલા દબાણવાળા લોહીના પ્રેશરથી સાતેક વર્ષ જેટલો સમય તે કેવી રીતે કાઢી શક્યો? એ જ્યારે માંદો પડી ફરીથી દવાખાનામાં દાખલ થાય છે, ત્યારે એના ડોક્ટરને પણ આટલા ઊંચા લોહીના દબાણથી કેવી રીતે જીવી શક્યો એનું આશ્ચર્ય થાય છે.

એના ડોક્ટરે ૧.૫ ક્રિયેટીન જોતાં એને ટકોર કરી હોત કે એની કીડની બગડતી જાય છે તો એણે ખાવા-પીવામાં કંટ્રોલ રાખ્યો હોત. પરંતુ આટલા વર્ષોના સમયમાં એના કૉલેજના મિત્રો સાથે કે, ક્યારેક ઘરમાં કે

ક્યારેક એકલો હોય ત્યારે એવી વસ્તુ ખાતો રહેતો કે એની કિડની નિષ્ફળ જવાની દિશામાં તેને લઈ જતી હતી. ડોક્ટરે તેને ચેતવ્યો હોત તો એ કદાચ આ રોગથી બચી જાત.

અને એક દિવસે તે સખત તાવમાં પટકાયો. ચારેક દિવસ સુધી ઊઠી પણ ન શકાયું. એના ગામની નજીકની સારી એક હોસ્પિટલમાં એને બતાવવા એના મોટા જમાઈ લઈ જાય છે. ડોક્ટર એના જમાઈનો મિત્ર હતો. એનું નિદાન કરતાં આ ડોક્ટરે ''સામાન્ય તાવ છે, બી.પી. પણ કંટ્રોલમાં છે, કોઈપણ જાતની ચિંતા નથી. '' એમ કહી દવા લખી આપી. એ લેતાં રહેતાં દર પંદર દિવસે બતાવી જવું એમ કહી એમને વિદાય કર્યા.

એણે તો એક ડોક્ટર છોડી બીજો પસંદ કર્યો. પેલા ડોક્ટરની માફક બીજો પણ એવો જ નીકળ્યો. છ માસ સુધી બી.પી. ની ગોળીઓ ખવડાવે રાખી. થોડોક તે સ્વસ્થ થયો. થોડા દિવસ પછી તેની પગની એડી પકડાતી હોય એવું એને લાગ્યું. અસહ્ય દુઃખાવો થવા લાગ્યો. પછી જ તેને ખ્યાલ આવે છે કે પગે ધીરેધીરે સોજા પણ આવતા જાય છે. આ બધું ઘરના બધાં જુએ છે. પણ તે ડોક્ટરને બતાવવા જતો નથી. એક દિવસે કોલેજમાંથી તે વહેલો ઘેર આવે છે. દુઃખને કારણે આવીને સૂઈ જાય છે.

સાંજના જમીને બધાં બેઠાં હતાં. ત્યાં જ એની સૌથી નાની દીકરી એકદમ ગુસ્સે ભરાય છે. તેણે કહ્યું, 'તમે પ્રોફેસર છો. આટલું ભણ્યા પછી પણ તમારી બુદ્ધિ કેમ ચાલતી નથી કે લાવ ડોક્ટરને બતાવી આવું? કાલે સવારે કોલેજ જવાને બદલે સીધા ડોક્ટરને ત્યાં જજો !' એમ કહી પગ પછાડીને ઘરમાંથી બહાર નીકળી જાય છે. છેવટે પાછો જેની દવા ચાલતી હતી તે ડોક્ટર પંડ્યાને ત્યાં જાય છે. ડોક્ટરની ચિઠ્ઠી લઈ '' લોહી અને યુરિન '' તપાસવા માટે એક લેબોરેટરીમાં જાય છે. લેબોરેટરીનો રીપોર્ટ લાવી ડોક્ટર પંડ્યાને આપે છે. રીપોર્ટ જોતાં ડોક્ટર પંડ્યા કહે છે કે, '' તમારી કિડ ની નિષ્ફળ ગઈ છે. કાં તો તમારે ડાયાલિસીસ કરાવવું પડે કાં તો કિડની પ્રત્યારોપણ. '' આટલી સલાહ આપ્યા પછી ડોક્ટર એને સમજણ પાડે છે કે થોડા દિવસ અહીં દવાખાનામાં દાખલ થાવ તો તમારી સારવાર કરવાનો પ્રયત્ન કરું. પ્રોફેસર સુખદેવ કહે છે, '' ડોક્ટર સાહેબ, તમે મારી કિડની નિષ્ફળ જવાનું નિદાન કર્યું તો પછી મારે ચારપાંચ દિવસ તમારે ત્યાં રહેવાની શી જરૂર ? હું કિડનીના દવાખાનામાં જ કેમ ન દાખલ થાઉં. '' ડોક્ટર પંડ્યા ભોંઠા પડી જાય છે. તેમના દવાખાનામાં બે ત્રણ ખાટલા ખાલી હતા. ડોક્ટરોને તો ખાટલો ખાલી પડે એટલે પેટમાં ચૂંક આવે. એટલી આવક ઓછી થાય ને ?

હવે પ્રોફેસરની જીવવાની આખી જ પરિસ્થિતિ બદલાઈ ગઈ. જે જોમ અને જુસ્સો એનામાં હતો તે ધીરેધીરે અદ્રશ્ય થતો હોય તેમ તેને લાગે છે.

## ચાર

# યુરોલોજીકલ હોસ્પિટલમાં પ્રવેશ

ડૉક્ટરના રિપોર્ટના આધારે કાંઈક એવું બનવાનું છે કે જેને કારણે આખું જીવન બદલાઈ જશે એવી નોંધ તે લે છે. અને ત્યાં પંડ્યાના દવાખાનામાં દાખલ થવાને બદલે પોતાની ઓફિસે પહોંચી નિરાશ થયેલો તે રાત્રે ઘેર પહોંચે છે. તે રાત્રિ ઘરમાં બધાની સાથે તેની બંને કિડની નિષ્ફળ ગઈ છે તેવી વાત કરે છે. પ્રોફેસર સુખદેવને આ રોગ ભરખી જશે એવું જાણતાં ઘરમાં શોકનું વાતાવરણ છવાઈ જાય છે. બીજે દિવસે રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલમાં બતાવવા જવું એવું નક્કી કરીને તે પોતાના દર્દની જાણ પોતાના સ્ટાફને અને આચાર્યને કરવા માટે વહેલી સવારે કોલેજમાં પહોંચે છે. કદાચ લાંબો સમય દવાખાનામાં રહેવું પડે તેવું પણ તે વિચારે છે. પાછો તે બીજો વિચાર કરે છે, આ દર્દને કારણે પોતાની ફરજ તે બજાવી નહીં શકે. તેથી સ્વૈચ્છિક નિવૃત્તિ લેવાની પણ તે વાત કરે છે. પોતાના અધ્યાપક મિત્રોની તે સલાહ લે છે. એના દર્દની વાત જાણતાં એની સાથે કામ કરતા અધ્યાપકો તેના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે. અધ્યાપકોમાં તે પ્રિય હતો. પ્રોફેસર સુખદેવને કારણે અધ્યાપકખંડ કાયમ જીવંત રહેતો એવું પ્રોફેસર ગણપતિશંકર પંડ્યા વારંવાર કહેતા.

અધ્યાપક મિત્રો દ્વારા ખર્ચની બાબતમાં ચિંતા ન કરવાનું તેને કહેવામાં આવે છે. અને કદાચ તાત્કાલિક કિડની પ્રત્યારોપણ કરવાનો પ્રસંગ આવે તો ઓપરેશનમાં જેટલો ખર્ચ થશે તે અધ્યાપકો આપવાનું કહે છે. કોઈપણ જાતના માનસિક ટેન્શન સિવાય રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલમાં તે બતાવવા જાય તેવી તેના મિત્રો સલાહ આપે છે.

રાજગઢ શહેરમાં જ્યાં યુરોલોજીકલ હોસ્પિટલ છે તે હોસ્પિટલથી થોડેક અંતરે એક સોસાયટીમાં તેની બહેન અને દીકરી રહેતાં હોવાથી રાજગઢમાં રહેવાની તેને કોઈ ચિંતા નહોતી. હોસ્પિટલમાં બતાવવા માટે તે જાય છે. ડોક્ટરો એને તપાસે છે. તેના લોહી અને યુરીનના ટેસ્ટ પણ લેવામાં આવે છે. દવાખાનાના બેત્રણ વિભાગમાં તેના શરીરની ચકાસણી કરવામાં આવે છે. એક્સ-રે પણ લેવાય છે. સાંજના ડોક્ટર રિપોર્ટ આપશે એમ કહી સાંજે આવવાનું કહે છે. સાંજના રિપોર્ટ માટે પહોંચેલા પ્રોફેસર સુખદેવને એના રીપોર્ટ જોતાં અત્યારે જ તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ થઈ જવાનું અને ડાયાલિસીસ કરવાનું ડૉક્ટર સૂચન કરે છે. તે તાત્કાલિક દવાખાનામાં દાખલ નહીં થાય તો મુશ્કેલીમાં મૂકાઈ જશે એવી ચેતવણી પણ ડોક્ટર આપે છે. બીજે દિવસે દવાખાનામાં દાખલ થઈશ એવું કહી તે દવાખાનું છોડે છે.

તે સાંજે ઘરના બધા સાથે તે દવાખાનામાં દાખલ થવાની ચર્ચા કરે છે. તેના પગે તો સોજા આવી ગયેલા હતા. તેની દીકરી તેને સલાહ આપે છે અને સૂચન કરે છે કે, '' પપ્પા, આજથી તમે એવું કરો કે ખોરાકમાં મીઠું ખાવાનું બંધ કરો અને પાણી પણ પીવાનું ઓછું કરી દો. આવું મેં ક્યાંક વાંચ્યું હતું. જેને કારણે શરીર પરના સોજા ઓછા થઈ જાય. '' ને વધુમાં તે કહે છે કે, '' આવતી કાલે આ જ હોસ્પિટલમાં દાખલ થવાને બદલે ત્યાં જ કામ કરી ચૂકેલા રાજગઢમાં જ પોતાનુ દવાખાનું ચલાવતા ડોક્ટરને પણ મળી લઈએ.''

સાથોસાથ એની દીકરી ભલામણ કરે છે, '' અહીં રાજગઢને બદલે બીજી એક મોટી સિવિલ હોસ્પિટલ નવાપુરા માં આવેલી છે. ત્યાંના મુખ્ય સર્જન ડોક્ટર ભટ્ટ કીડનીના બહુ નિષ્ણાત ડોક્ટર છે. આપણે અહીંના બદલે નવાપુરા હોસ્પિટલની મુલાકાત લઈએ તો ? ''

અને પછી તે રાત્રે રાજગઢમાંથી નવાપુરામાં રહેતા પ્રોફેસર ડાભીને ત્યાં સતત ટેલિફોન થયા કરે છે. પ્રોફેસર સુખદેવ જ્યાં નોકરી કરે છે તે કોલેજના ગુજરાતી વિભાગના વડા પ્રોફેસર ડાભીનાં પત્ની નવાપુરામાં સિવિલ હોસ્પિટલની અંદર આવેલી ડેન્ટલ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે કામ કરતાં હતાં. તેમના દ્વારા અગત્યના રોકાણ હોવા છતાં ડોક્ટર ભટ્ટ ત્રણ દિવસ પછીની મુલાકાતનો સમય આપે છે. મીસીસ ડાભી ત્યાં દવાખાનામાં હાજર રહેશે તેવું કહે છે. અને તેથી નવાપુરાની સિવિલ હોસ્પિટલના ડોક્ટર ભટ્ટને જ આ રોગમાં સપડાયેલા પ્રોફેસર સુખદેવને માર્ગદર્શન માટે બતાવવા તેવું નક્કી થાય છે.

પ્રોફેસર સુખદેવના શરીર પરના સોજા અને એમાંય ખાસ કરીને પગના, આ ત્રણ દિવસમાં મીઠું ખાવાનું સદંતર બંધ કરવાથી અને નહિવત્ પાણી પીવાથી ઓછા થઈ જાય છે.

રાજગઢમાં જ કિડનીમાં નોકરી કરી ચૂકેલા ડોક્ટરને બતાવવા માટે બધા જાય છે. પ્રોફેસરને તપાસતાં ડોક્ટર કહે છે, '' મારી દૃષ્ટિએ તમે વધારે પડતું તમાકુનું સેવન કરતા હો તેમ લાગે છે અને જો તેમ હોય તો તેનું સેવન કરવાનુ બંધ કરી દો. વધુ પડતા તમાકુના સેવનથી પણ કિડની પર અસર થાય છે. '' ત્યાં જ ડૉક્ટરે જે રિપોર્ટ કરાવેલા એ આવ્યા પછી સુખદેવને એ રિપોર્ટને આધારે કહે છે કે, '' તમારી બંનેય કીડની સંકોચાઈ ગયેલી છે. પરિણામે કિડની માટેની તાત્કાલિક સારવાર તમારે કરાવવી જોઈએ. આજે જ કોઈ દવાખાનામાં દાખલ થવું જોઈએ એવું જરૂરી નથી પણ બે-ચાર દિવસ પછી તમે જ્યાં ઈચ્છો ત્યાં દાખલ થઈ શકો છો.'' એમ તે સાચી સલાહ સુખદેવને આપે છે.

આમ બે જગ્યાએ નિદાન કરાવતાં સાચી હકીકત એ પૂરવાર થઈ કે આજે નહિ તો આવતી કાલે આ રોગ માટે કોઈપણ યુરોલોજીકલ દવાખાનામાં દાખલ થવું પડશે.

તે રાત્રિએ ઘરના બધાંએ કયા દવાખાનામાં દાખલ થવું તેની વિગતે ચર્ચા કરી. અને છેવટે કિડનીના નિષ્ણાત એવા ડોક્ટર ભટ્ટ જ્યાં સેવા આપે છે એ નવાપુરાની હોસ્પિટલમાં દાખલ થવું તેવું નક્કી કર્યુ. જે દિવસે ભટ્ટ સાહેબની મુલાકાત નક્કી થયેલી તે દિવસે વહેલી સવારે બધા નવાપુરા જવાની તૈયારી કરે છે. જવા માટેની ગાડી પણ તૈયાર છે.

ઘણા બધાએ પ્રોફેસર સુખદેવને તમાકુ ઘસવાથી દૂર રહેવું જોઈએ એવી શિખામણ આપેલી. અહીં ડોક્ટરો પણ આ તમાકુના સેવનને કારણે કિડની પર અસર થઈ શકે છે એની પણ વાત કરે છે. ભૂતકાળમાં પણ બે-ત્રણ વખત તમાકુ ઘસવાનું છોડી દેવાનું તેણે વિચારેલુ અને છોડી પણ દીધેલું. અને ફરી પાછું એ વ્યસન ચાલુ થઈ ગયેલું. એ પોતે એવું વિચારતો હતો કે તમાકુ ના સેવનથી માનસિક વ્યથાઓ દૂર થાય છે. અને

શરીરમાં સ્ફૂર્તિ આવે છે. એક નવી જ તાજગીનો અનુભવ થાય છે. પણ આજે કિડનીના દર્દનું નિદાન થતાં છેલ્લીવાર તમાકુનું સેવન કરવા માટે સાંજે મૂકેલી ડબ્બી તે શોધે છે. બહુ જ તપાસ કરે છે. છેવટે એની જાણમાં આવે છે કે એ ડબ્બી તો એના વેવાઈએ ફેંકી દીધી હતી. આજે છેલ્લીવાર તમાકુનું સેવન કરી લેવાની તીવ્ર ઈચ્છા એને થઈ ત્યારે જ એ અધૂરી ડબ્બી ફેંકાઈ ગઈ તેનો થોડોક વસવસો તેને થયો ખરો ! છેવટે તે જવા માટે તૈયાર થયો.

પરંતુ વિધાતાનું નિર્માણ કદાચ નવાપુરા જવાનું નહીં હોય! તૈયાર થઈ પ્રોફેસર સુખદેવ ગાડીમાં બેસવાનો પ્રયત્ન કરે છે. તે જ વખતે જાણે કે એનું મોં ખેંચાતું હોય તેવું લાગે છે. બોલવામાં પણ મુશ્કેલી પડતી હોય તેવું લાગે છે. મોં ખેંચાવાની વાત બધાને કરે છે. છેવટે બધા નવાપુરા જવાનું બંધ રાખે છે. અને તે જ દિવસે રાજગઢની હોસ્પિટલમાં સવારે નવ વાગ્યે પ્રોફેસર સુખદેવ કિડનીના દર્દની સારવાર માટે દાખલ થઈ જાય છે.

દવાખાનામાં જુદાજુદા વિભાગોમાં તપાસ માટે તેને લઈ જવામાં આવે છે. જનરલ વોર્ડમાં દાખલ થયેલો તે સામાન્ય દર્દીની માફક બીજા દર્દીઓને દુઃખમાં કણસતા જોઈ ઘડીભર પોતાની વેદના ભૂલી જાય છે. જનરલ વોર્ડમાં એને તેની કોલેજના આચાર્ય, અધ્યાપક મિત્રો અને બીજા પણ અનેક જણ એના વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓ પણ આવી આશ્વાસન આપતાં રહે છે. દસેક દિવસના સમય પછી તેને વોર્ડમાંથી રજા આપવામાં આવે છે. થોડા દિવસ માટે તે રાજગઢમાં જ પોતાની દીકરીને ત્યાં રહે છે. સમગ્ર ગુજરાતની મોટાભાગની કોલેજોના તેના વિષયના અધ્યાપકો, આચાર્યો અને બીજા ઓળખીતાઓ તેના ખબર અંતર પૂછી ગયા. જેને, જ્યાં ખબર પડી ત્યાંથી, લાંબા અંતરેથી પણ તેના મિત્રો તેને જોવા આવતા રહ્યા. સવારથી સાંજ સુધી તેણે ભણાવેલા તેના વિષયના અને બીજા વિષયના પણ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ લાંબી વણઝાર ની માફક આવતાં રહ્યાં.

## પાંચ

## મૃત્યુ સામે લડી લેવાનો નિર્ણય

માંદગીના શરૂઆતના દિવસોમાં માનસિક રીતે ભાંગી પડેલો પ્રોફેસર સુખદેવ આટલા મોટા સમૂહને આવેલો જોઈ નિરાશા ખંખેરી નાંખે છે. એક ડગલું ભરે ને સામે મોત આવતું જાય તેથી ડાયાલિસીસ દ્વારા તે મોતને દૂરદૂર હડસેલતો જાય, પણ સામે મોં ફાડીને એને ભરખી જવા બેઠેલા મોતને પોતાનાથી કેટલો સમય દૂર રાખશે તેનો તેને ખ્યાલ નથી.

યુરોલોજીકલ હોસ્પિટલમાં દાખલ થયેલો તે માનસિક રીતે ભાંગી પડ્યો છે. મૃત્યુ હવે આવવાનું છે તે જાણી તે દુઃખી થતો નથી. શરીરનું એક મુખ્ય અંગ નિષ્ફળ નીવડવાથી કેટલો સમય એ જીવી શકશે. એ મહત્ત્વનો પ્રશ્ન ખરો જ છે. જે વ્યક્તિની કિડની કાર્ય કરતી બંધ થઈ જાય તે વ્યક્તિને ડોક્ટર કેટલો સમય જીવાડી શકશે? મોટા ભાગના કિડનીના દર્દીઓ માનસિક રીતે ભાંગી પડવાથી ક્યારેક તો જીવન સંકેલી લેતા હોય છે.

તે વિચારે છે, થોડોક સમય મૃત્યુ પાછું ઠેલાય તો ? કેટલાંક સામાજિક કાર્યો તેને કરવાનાં બાકી છે. દર્દ વિશે તેણે ઘણું વાંચ્યું છે. સાંભળ્યું પણ છે. આ દર્દના દર્દીને મૃત્યુ ક્યારે ભરખી જાય તે વિશે કોઈ કશું કહી શકે એમ નથી. તે પોતે અધૂરા રહી ગયેલા કામોને કારણે દુઃખી છે. પણ શું કરે ? માનસિક હતાશા અનુભવે છે. પરંતુ સાથોસાથ એની આ ગંભીર માંદગીના સમાચાર જાણતાં હજુય એના મિત્રો આવતા રહે છે. કેટલાક વિદ્યાર્થીઓના વાલીઓ પણ આવી ગયા. એક મોટો સમૂહ તેની ખબર અંતર પૂછવા આવતો જ રહ્યો. જે આવતા તેમાંના મોટાભાગના એના માટે ફળફળાદિ પણ લઈ આવતા. સફરજન, મોસંબી અને દ્રાક્ષનો તો ઢગલો થયો. એ દસેક દિવસમાં જ્યારે તે માનસિક રીતે ભાંગી પડેલો ત્યારે એટલું બધું માણસ આવ્યું તે એની કલ્પના બહારનું હતું. આટલો બધો માનવ મહેરામણ એના પ્રત્યે હમદર્દી દાખવવા આવતો રહ્યો એ એના માટે આશ્ચર્ય હતું.

એક રાત્રે ઊંઘ ન આવવાથી તે બંગલાની બહાર હીંચકા પર બેઠો બેઠો એકલો જ વિચારોમાં હતો. અને એ પોતે પોતાની જાતને કહી રહ્યો ના હોય, '' પ્રોફેસર, તેં જોયું ? તને જોવા કેટલા બધા માણસો આવી ગયા?

તને ખબર છે ને, સમાજમાં બે આંખની શરમ નડે છે. અરે, અત્યારે તને જે માણસો જોવા આવ્યા છે એમાંના પચ્ચીસ ટકા માણસો પણ તારા મૃત્યુ પછી તારા ઘરે નહીં આવે ! તારા બેસણામાં જેટલા માણસ આવ્યા હશે એના કરતાં અનેકગણું માણસ તારી સમક્ષ આવી ગયું છે. માટે જાગ. જે જન્મે છે તે મૃત્યુ પામે જ છે. તારા આ દર્દમાં વહેલા કે મોડા મૃત્યુ સિવાયનો બીજો કોઇ વિકલ્પ નથી. માટે મૃત્યુને સ્વીકારી લે. અને તું તો દ્રઢ મનોબળવાળો છે. તારે માટે તો આ સહજ છે. ''

અને એણે મૃત્યુ સામે લડી લેવાનો નિશ્ચય કર્યો. ધીરે ધીરે જાણે કે એનામાં કોઇ નવો જ ફેરફાર થતો તેણે અનુભવ્યો. તે જાણે કે બિમાર જ નથી એવું તેને લાગ્યું.પોતાની નોકરી પણ ચાલુ કરી દીધી. તેણે નિર્ણય કર્યો કે આ દર્દમાં સપડાયેલા દર્દીઓને પ્રોત્સાહિત કરી દર્દ સામે લડતાં શીખવવું જોઇએ.

૭

## મૃત્યુદેવી સાથે સંવાદ

શરૂઆતની માંદગી વખતે પ્રોફેસર સુખદેવ જનરલ વોર્ડમાં ખૂણાના છેલ્લા બેડ પર દર્દી તરીકે હતો. તેણે વોર્ડમાં ખૂણાનો છેલ્લો બેડ ખાલી હોવાથી તે જ પસંદ કરેલો. છેલ્લો બેડ હોવાથી એક ફાયદો એ હતો કે ત્યાંથી કોઇ પણ દર્દીનાં સગાં સંબંધીં પસાર થતાં નહીં. પરિણામે ત્યાં શાંતિ જળવાતી. એકાંત અને શાંત વાતાવરણ તેને ગમતું. તેથી જ એણે છેલ્લા બેડ પર રહેવાનું પસંદ કરેલું. તેના બેડની પાસે ખૂણામાં દીવાલ પાસે થોડી જે ખાલી જગા હતી ત્યાં પથારી પાથરી તેની પત્ની સૂઇ રહેતી.

સુખદેવ પથારીમાં જાગતો પડેલો છે. ચારેબાજુ વોર્ડમાં નજર ફેરવે છે. દર્દીઓ ગાઢ નિદ્રામાં સૂતા હોય તેવું તે અનુભવે છે. તેની પત્ની પણ ભરનિદ્રામાં સૂતેલી તે જુએ છે. આખા વોર્ડમાં તે એકલો જ જાગે છે. અને જાગતા માણસને ઊંઘ તો ક્યાંથી આવે ? આજે જાગવાનો કોઇનો સંકેત થયો હોય તેવું એણે અનુભવેલું. અને તેથી જ તે થોડી થોડી વારે મુખ્ય દરવાજા તરફ નજર ફેરવી લેતો. ત્યાં જ તેને એક નવો અનુભવ થાય છે. વોર્ડના મુખ્ય બંધ બારણામાંથી એક અતિ સુંદર, જેની ઉંમર ન કલ્પી શકાય એવી એક તેજસ્વિતા સ્ત્રીનો પ્રવેશ થતો જુએ છે. તે પોતાની પથારીમાં બેઠો થઇ જાય છે. આગંતુક બારણા પાસે એક ક્ષણ રોકાઇ બધા બેડ તરફ નજર ફેરવે છે. પછી બધા બેડના દર્દીઓના મોં જોતી જોતી પ્રોફેસર સુખદેવની પથારી પાસે આવીને ઊભી રહે છે. સુખદેવ એની સામે તાકી રહે છે. આગંતુકના મોં ઉપરનાં તેજ -કિરણો સમગ્ર વોર્ડને ભરી દેતાં હોય તેમ તે અનુભવે છે. સુખદેવ આગંતુકને પોતાની પથારી પાસે ઊભેલ ને સ્મિત કરતાં જુએ છે. આગંતુક કહે છે :

'' પ્રોફેસર સુખદેવ, હું તમારી સાથે એક મહત્વના મુદ્દાની ચર્ચા કરવા આવી છું. ''

'' ભલે. અત્યારે કેટલીક બાબતમાં હું ચિંતન કરી રહ્યો છું. એટલે મારા ચિંતનમાં તમે અવરોધરૂપ ન થાવ એમ હું ઇચ્છું છું.'' કહેતોકને સુખદેવ પથારીમાંથી ઊભો થવાનો પ્રયત્ન કરે છે.

'' ઊભા થવાની કાંઇ જરૂર નથી. એટલે તમે એમ કહેવા માંગો છો કે મારે અગાઉથી તમને જાણ કરીને આવવું જોઇએ ? કેમ બરોબર ને ? ''

'' ના, મારો મતલબ એવો નથી. હું એ જાણું છું કે તમારે કોઇની પાસે જવું હોય તો, કોઇની પરવાનગી લેવાની પણ જરૂર નથી. ''

'' ઓહ, એનો મતલબ કે તમે મને કદાચ ઓળખતા હશો. છતાં અત્યારે તો હું મારો પરિચય નહીં આપું.''

આગંતુક પથારીની એકદમ નજીક આવે છે. એકક્ષણ તો સુખદેવ પાસે બોલવાના શબ્દો નહોતા. સુખદેવ અનુભવે છે કે આગંતુક તેની બહુ જ નજીક આવી ગયાં છે. હવે એ એને સ્પર્શે એટલી જ વાર છે. અને પછી ... સુખદેવ પોતાની શ્રદ્ધાના બળે એમને પાછા મોકલવાનું વિચારે છે. એમ વિચારી પથારીમાંથી બહાર નીકળી બે હાથ જોડી વંદન કરી આગંતુકને વિવેકપૂર્વક કહે છે, '' ભલે આવો. જો કે હું તમારી જ રાહ જોતો હતો. ''

'' કેમ મારી રાહ જોતા હતા ? ''

'' મને ખબર હતી કે તમે આવશો જ. મારે તમારી સાથે કેટલીક મહત્વની વાત કરવાની છે. '' તે બોલી

ઊઠે છે.

"પ્રોફેસર સુખદેવ, તમે કદાચ મને ઓળખવામાં થાપ ખાઈ ગયા છો. કેમ ખરું ને ?"

" ના, હું થાપ ખાઉં એવો માણસ નથી. હું તમને ઓળખું છું. હું તમારી જ રાહ જોતો હતો, એવું જ્યારે હું કહું છું ત્યારે એનો મતલબ એ થાય છે કે હું તમારાથી સંપૂર્ણ પરિચિત છું. તમે આ દિવસોમાં મારી પાસે આવશો જ એવું હું માનતો જ હતો. તેથી જ બે ત્રણ દિવસથી તમારી રાહ જોતો જોતો પથારીમાં પડ્યો પડ્યો ચિંતન કરતો હતો. અને આજે જ્યારે તમે આવી જ ગયાં છો તો મારી એક વિનંતી સ્વીકારો. તમે મને તમારો આભારી કરો. તમે મને લઈ જાવ એ પહેલાં થોડો સમય આપો. ઓચિંતી આવી પડેલી આ માંદગીને કારણે કેટલાંક મારાં સામાજિક કાર્યો વિલંબમાં પડ્યાં છે. પાંચેક જેટલાં સામાજિક કામ પતી જાય એટલે સંસારની માયાથી હું છૂટો થઈશ. અને પછી જ્યારે તમે લેવા આવશો ત્યારે તમારી સાથે જરૂર આવી જઈશ. તમે તો દયાળુ છો. આટલી મારી પ્રાર્થના સ્વીકારો તો હું મારુ જીવન ધન્ય થયું ગણીશ."

" જુઓ પ્રોફેસર, તમે જે વિનંતી કરો છો તેને માટે તો બહુ વાર છે. આમ તો હું ત્રણ વર્ષ પહેલાં તમને ટકોર કરવા આવી છું. હું જોઉં છું કે મારો સત્કાર કરવા તમે તૈયાર જ છો. એનો મતલબ એ કે તમે મારા આગમનને સ્વીકારી લીધું છે. તમારે ક્યાં સામાજિક કામ કરવાનાં બાકી છે ?"

સુખદેવ તેને કરવાના સામાજિક કામની નાનામાં નાની વિગતોથી આગંતુકને વાકેફ કરે છે. આગંતુકને સમજાવે છે કે, 'આ બધાં કાર્યો મારી હયાતીમાં થાય તો મને આનંદ થશે. બાકી તો તમે જે ઈચ્છો એને મારે આધીન થવું પડે.' એમ કહી સુખદેવ આગંતુકને વંદન કરતો પથારીમાં બેસી જાય છે.

" તમારી વાત હું સમજું છું. જાવ, હવે ત્રણ વર્ષ સુધી તમે નિરાંતે શાંતિથી જીવી શકશો ! પણ એટલું યાદ રાખજો કે આ સમય દરમ્યાન બધાં જ કાર્યો પ્રામાણિકતાથી પૂરાં કરવાનો પ્રયત્ન કરજો. અને ફરી હું જ્યારે આવીશ ત્યારે તમારે મારે સાથે આવવું જ પડશે."

"ભલે, હું તે વખતે તમારી રાહ જોતો આજની માફક બેઠો હોઈશ." સુખદેવ એમ કહેતાં આગંતુક સામે જુએ છે. પણ ત્યાં કોઈ નહોતું. એક તેજનો લિસોટો મુખ્ય બારણાની બહાર નીકળી જતો તે જુએ છે.

હાશકારો અનુભવતો તે પથારીમાં આડો પડ્યો. તેના જીવનનું એક મહત્વનું કાર્ય પૂરું થયું. હવે તેની પાસે ત્રણ વર્ષ જેટલો સમય છે. તે એકલો જ આ વાત જાણે છે. આ સમય દરમ્યાન પોતાની, પોતાના કુટુંબની બધી જ વ્યવસ્થા તે કરી શકે એમ છે. હવે તેને એક જ ચિંતા છે કે પોતાના ભવિષ્યનું આયોજન પોતાની રીતે તે કરી લે તો જ બીજાઓનું ભવિષ્ય સુધરે. જે માંદગીને બિછાને તે છે એમાં એ એકલો જ જાણે છે કે નિયતિ દ્વારા ત્રણ વર્ષનું આયુષ્ય તેને પ્રાપ્ત થયું છે. હવેથી આ માંદગીમાં પોતાનું જીવન શાંતિથી વિતાવવા માંગે છે. મૃત્યુ દેવી કે જેમણે તેને ત્રણ વર્ષની મુદત આપી, તે ત્રણ વર્ષ પછી લગભગ રાત્રિના નવ વાગ્યાના સમયે તે આવી તેને લઈ જશે. તે એમ માને છે કે મૃત્યુદેવી તેના સમયે હાજર જ થઈ જશે. બપોરના બારથી સાંજના પાંચ વાગ્યા સુધીનું આ દવાખાનામાં તેનું નિયમિત ડાયાલિસીસ થાય છે. મૃત્યુ દેવી એ ચાલુ ડાયાલિસીસે નવનો સમય આપેલો છો. જો ત્રણ વર્ષ સુધી બપોરે બાર વાગ્યે આવી સાંજે પાંચ વાગ્યે ડાયાલિસીસ પતાવી તે ચાલ્યો જાય તો ? આ જ સમય પૂરેપૂરો પકડી રાખે તો આમાંથી કદાચ બચી જાય પણ ખરો ! અનેક વિચારોની સાથે તે ક્યારે ઊંઘમાં પડી ગયો તેનો તેને ખ્યાલ રહેતો નથી.

સવારે જાગ્યો ત્યારે ગઈ રાત્રિની બનેલી ઘટના તેની સમક્ષ વારંવાર દેખાવા લાગી. આ બાબત ઘરના કોઈનેય ન જણાવવી જોઈએ તેવું તે માને છે. ઘરના માણસોને જણાવી તે મુશ્કેલીમાં મૂકી દેવાનું માનતો નથી. તેથી જ તે એકલો આ ત્રણ વર્ષ આનંદથી વિતાવવાનું ઈચ્છે છે. કોઈને પણ જાણ કર્યા વગર સતત ત્રણ વર્ષ સુધી મૃત્યુ સામે ઝઝુમવાનું તે નક્કી કરી લે છે. ત્રણ વર્ષ પછી મૃત્યુદેવી આવશે ત્યારે તેને કોઈ બહાનું બતાવવાનું નહીં હોય. તે પોતાના બધાં જ સામાજિક કાર્યો કરી લેશે. ઘરની જવાબદારી પણ બીજાને સોંપી દેશે. એક એવી વ્યવસ્થા કરશે કે તેની હયાતી બાદ કોઈને પણ મુશ્કેલી ન પડે. જો કે આ સમય દરમ્યાન પોતાની રીતે જ તે જીવવાનો પ્રયત્ન કરશે. છતાંય શું થવાનું છે તેનો એને ખ્યાલ નથી. અરે ! બીજાઓને પણ ક્યાં ખ્યાલ છે ?

## સાત

# સરોજબેન પ્રત્યે સહાનુભૂતિ

ડાયાલિસીસ વિભાગમાં જુદાજુદા સમયે દર્દીઓ આવતા. સવારે આવતા દર્દીઓનું ડાયાલિસીસ મોટે ભાગે બારેક વાગ્યે પતી જતું. બપોરે આવેલાનું મોટાભાગે પાંચેક વાગ્યે પતતું. કેટલાંકનો સમય સાંજનો પણ હતો. નેગેટીવ અને પોઝીટીવ એમ બે વિભાગમાં જુદા જુદા દિવસે અને સમયે આવતા દર્દીઓ મોટે ભાગે એક બીજાના પરિચયમાં આવતા નહોતા. નિશ્ચિત દિવસે અને સમયે આવતા દર્દીઓ એકબીજાને ઓળખતા હતા.

પ્રોફેસર સુખદેવ માંદગીની શરૂઆતથી જ મોટેભાગે બપોરના સમયે જ ડાયાલિસીસ માટે આવતા. છેલ્લા મહિનાથી ''નેગેટીવ '' માંથી '' પોઝીટીવ '' વિભાગમાં એક બાવીસેક વર્ષનો છોકરો એના જ સમયે આવતો થયો. મોટેભાગે એ છોકરાની પથારી એની બાજુમાં જ રહેતી. એ છોકરા વિશે તે કશું જાણતો નહોતો. આમેય પ્રોફેસર કોઇના વિશે જાણવાની બહુ દરકાર કરતો નહીં. એ એવું માનતો કે એને કોઇપણ વ્યક્તિની જાણ બીજી વ્યક્તિ દ્વારા આપોઆપ થઇ જતી. આ સમાજમાં એવા કેટલાય માણસો છે કે જેમને બીજાઓની વાત કરવામાં બહુ જ રસ હોય છે. દવાખાનામાં ખાસ કરીને બીજાઓની વાત સહેલાઈથી જાણી શકાતી. એટલે એણે આ છોકરા વિશે જાણવાનો બહુ પ્રયત્ન ન કર્યો. એ છોકરા સાથે એક પાંત્રીસેક વર્ષની બાઇ પણ આવતી. પછી એને ખબર પડેલી કે એ છોકરાની મા હતી.

એક દિવસે - કદાચ તે દિવસ મંગળવાર હતો - તેનું ''નીડલીંગ'' થયા પછી તે પથારીમાં ઘસઘસાટ ઊંઘતો હતો. કેટલો સમય પસાર થઇ ગયો તેની તેને ખબર ન પડી. ઓચિંતા ઊંચા અવાજે વાત કરતા કોઇ પુરુષનો અવાજ તેણે સાંભળ્યો. આંખ ઊઘાડી જુએ છે તો બાજુના ખાટલામાં સૂતેલા છોકરાની પાસે ઊભેલી એની મમ્મીને સિનિયર ટેકનિશિયન ભૂપેન્દ્રભાઇ કહેતા હોય છે કે- '' જુઓ બહેન, તમારા છોકરાના ડાયાલિસીસ ના ચાર '' ડ્યુ '' થઇ ગયા છે. હવે વધારે મારાથી બાકી રખાશે નહીં.''

'' ભૂપેન્દ્રભાઇ, હમણાં બહુ મુશ્કેલી છે. ઘરમાં નાણાં નથી. દુકાનનું ભાડું પણ ચઢી ગયું છે. નાણાં લાવવાં ક્યાંથી ? ''

'' તમારી વાત સાચી, પણ હું અહીં નોકરી કરું છું. મારે પણ નોકરીની સલામતી રાખવી જોઇએ ને ? ઉપરી અધિકારીઓ દ્વારા સ્પષ્ટ સૂચના છે કે કોઇપણ દર્દીનું એકથી વધારે '' ડ્યુ '' રાખવું નહિ. માર્ચ મહિનો હોવાથી ચોપડો પૂરો કરવો પડે.''

'' પણ - હું શું કરું ? પૈસા ક્યાંથી લાવું ? ''

'' જુઓ સરોજબેન, એ મારે નહીં જોવાનું. તમારા કારણે મને નોકરીમાં '' મેમો '' મળે એ હું સહન નહીં કરી શકું. પૈસા ક્યાંથી લાવવા એ મારો પ્રશ્ન નથી. એ તમારો પ્રશ્ન છે. આવતા ડાયાલિસીસે આવો ત્યારે આ બધા પૈસા ભર્યાની રસીદ લાવશો તો જ તમારા દીકરાનું ડાયાલિસીસ થશે. ''

ભૂપેન્દ્રભાઇની વાત સાચી હતી. એ માણસ શું કરે ? એ તો નોકરી કરતો હતો. એને તો સત્તા આપી હોય એટલું જ કામ કરી શકે.

ભૂપેન્દ્રભાઇની વાત સાંભળતા જ જાણે કે કોઇની પર ઉપકાર કરતી હોય તેવું એ છોકરાની મા રડમસ ચહેરે વિભાગની બહાર નીકળી ગઇ. પ્રોફેસરને આ છોકરા અને તેની '' મા '' માં રસ પડવા લાગ્યો. એને ખ્યાલ આવ્યો કે આ છોકરાની મા પર તો એક ટૂંકી વાર્તા લખી શકાય. એણે એમના પ્રશ્નનો નિકાલ કરવાનું વિચાર્યું.

આજે, મંગળવારે તે ઘરેથી નીકળ્યો ત્યારે શનિવારે તેનો જન્મ દિવસ છે એના વિચાર કરતો હતો. અને ડાયાલિસીસ વખતે પણ તે સતત વિચારતો હતો કે એના જન્મ દિવસે સ્થાનિક દૈનિકના એક આખા પાના ઉપર એના ઘણાબધા ફોટા છપાય, જુદાજુદા સ્નેહી મિત્રોના નામ છપાય અને બધાં જ એને જન્મ દિવસના અભિનંદન આપે એ કેટલું બધું સારું લાગે ! એણે સ્થાનિક પેપરની ઓફિસમાં તપાસ કરેલી. લગભગ પાંચેક હજારનો ખર્ચ થાય. તે ઊંઘતો હતો ત્યારે આ જ વિચારો એના મનમાં રમતા હતા. અને પછી ઊંઘ ઊડી જવાથી ભૂપેન્દ્રભાઇનો સંવાદ સાંભળ્યો. સાથો સાથ આંખોના આંસુ લૂછતી બાઇને તેણે રૂમ બહાર જતાં જોઇ.

થોડીવાર પછી તે બાઇ પાછી આવી. થોડા સમય પહેલાં જેના મોં ઉપર કરુણાની છાયા હતી તે બાઇના મોં ઉપરથી અદૃશ્ય થયેલી દેખાય છે. આ બાઇ રડીને તો પોતાનું કામ બીજાની પાસેથી કઢાવી લેવા તો નહીં

માગતી હોય ? ભલભલા ઋષિમુનિઓ કે વિદ્વાનો પણ '' સ્ત્રી - ચરિત્ર '' ને ઓળખી - સમજી શક્યા નથી. જગતના કેટલાક પુરુષો કોઇ સ્ત્રી તેમની સાથે વાત કરે ત્યારે પીગળી જતા હોય છે અને સામી સ્ત્રીએ કહેલું કાર્ય ન કરવું હોય છતાંય સ્ત્રીને વ્હાલા થવા કરી આપતા હોય છે. પ્રોફેસર સુખદેવ ઘણી સ્ત્રીઓના પરિચયમાં આવેલો. તેને સ્ત્રી-ચરિત્રનો અનુભવ પણ ભૂતકાળમાં થયેલો. તે સ્ત્રી - ચરિત્રને બરાબર ઓળખી શકતો હોવા છતાં અત્યારે માંદગીને બિછાને હોવાથી આ સ્ત્રી કદાચ રડી રડીને પણ પૈસા કઢાવશે તેવું માનવા છતાંય એ સ્ત્રી પ્રત્યે તેને સહાનુભૂતિ જાગે છે. બહારથી આવેલી એ બાઇ એના દીકરાની પથારી પાસે ખુરશીમાં બેસે છે. પેલો ટેકનિશિયન ત્યાં નથી. તેથી પ્રોફેસર હાથનો ઇશારો કરી તે બાઇને પોતાની પાસે બોલાવે છે. પેલી બાઇ ઊભી થઇ એની પાસે આવે છે. પ્રોફેસરે આ બાઇ અને ટેકનિશિયનની વાત સાંભળી હતી. પણ ના સાંભળ્યાનો દંભ કરી એને એ બાઇના મોઢે જાણવું હતું. તેથી તે કહે છે કે, '' પેલા ભૂપેન્દ્રભાઇ તમને શું કહેતા હતા ? ''

એ બાઇ પોતાની આર્થિક સ્થિતિની વાત કરતાં કરતાં ડાયાલિસીસના ચઢી ગયેલા પૈસા ભરવાની વાત કરે છે.

'' જુઓ, તમારી આર્થિક સ્થિતિ વિશે ફરી વાત કરીશું. હમણાં પૈસાની વાત થતી હતી તે શું છે ? ''

આ વાતના અનુસંધાનમાં અત્યાર સુધીના ડાયાલિસીસના ચઢી ગયેલા પૈસા અને ભૂપેન્દ્રભાઇ સાથે જે વાત થઇ હતી એ બધી જ વાત તે રડમસ અવાજે પ્રોફેસરને કહે છે. ને આ બધા પૈસા શુક્રવારે જ ભરવા પડશે એવું પણ કહે છે.

પ્રોફેસર એમને આશ્વાસન આપે છે. શુક્રવારે તેમને તે ચાર હજાર રૂપિયા આપવાનું કહે છે. જો કે પ્રોફેસરને એક બીજો વિચાર આવે છે કે શુક્રવારના પૈસા પણ તેમને ભરવા પડશે. તો આનું તેઓ શું કરશે? આવો જ પ્રશ્ન પેલી બાઇને પણ થયો હશે. એટલે એણે ધીરે રહીને કહ્યું, '' ચાર હજાર નહિ પણ પૂરા પાંચ હજાર આપજો. ભવિષ્યમાં યાદ રાખવાની મુશ્કેલી ન પડે. ''

'' ભલે, પાંચ હજાર આપીશ. પણ આ પૈસા તમે ક્યારે પાછા આપશો ? ''

'' હવે એકાદ-બે મહિનામાં જ મારા દીકરાના કેસનો નિકાલ આવી જવાનો છે. પૈસા આવે કે તરત જ તમને પાછા આપી દઇશ. શુક્રવારે મને પૂરા પાંચ હજાર આપજો. ''

પ્રોફેસર '' સ્ત્રી-ચરિત્ર '' વિશે વિચારતો હતો ત્યાં જ આ ચાલાક બાઇએ '' સ્ત્રી-ચરિત્ર '' પ્રોફેસર પર જ અજમાવ્યું. ને રડમસ અવાજે વાત કરી ચારને બદલે પાંચ હજાર માંગી લીધા.

ખેર ! પ્રોફેસર બધું સમજે છે. બાઇની ચાલાકી પણ સમજી ગયો. એની નાણાંકીય સ્થિતિ એટલી બધી સધ્ધર નહોતી કે કોઇને તે દાન કરી શકે. તે કોલેજની નોકરી કરતો હતો ત્યારે તેણે ઘણાબધા છોકરા-છોકરીઓની ફી ભરેલી. અને પેલા તેમની પાસે પૈસા આવે ત્યારે પાછા આપતા. એ જ નાણાં તે બીજા વિદ્યાર્થીઓને ફી ભરવા આપતો. આજે પાછું પોતાનું બજેટ ''પોતાની પ્રસિધ્ધિને બદલે બીજા કોઇને મદદ કરવી '' તે માટે વાપરવું તેવું તેણે નક્કી કર્યું. તેણે પૈસા ક્યારે પાછા આપશે તેવી આ બાઇની જોડે વાત કરી લીધી. અને પાછા માંગવાનું ન કહે તો બાઇને બીજાની પાસે પણ માંગવાની ટેવ પડી જાય.

શુક્રવારે રૂપિયા પાંચ હજાર એ બાઇના હાથમાં મૂકે છે. પૈસા આપતી વખતે એ પેલી બાઇના ચહેરા અને આંખમાં એક ચમક જુએ છે. એ ચમકમાં શનિવારે એક દૈનિક પેપરના એક આખાય પાનામાં છપાયેલા એના ફોટા જોઇને જેટલો આનંદ થાત એનાથી વિશેષ આનંદ તે અનુભવે છે.

## આઠ

# નવો દર્દી - મગન ગંજેરી

એક દિવસે પ્રોફેસરની બાજુની પથારીમાં એક નવો જ દર્દી ડાયાલિસીસ માટે આવ્યો. પાંત્રીસેક વર્ષની ઉંમર, પડછંદ દેહ, ચહેરા ઉપરથી માણસ ઘડાયેલો લાગતો હતો. તે એકલો જ આવેલો. સુખદેવને તો લાંબી કોઇ વાત એની સાથે થઇ નહોતી. પણ ચાના સમયે તેની પાસે ચાના પૈસા લેવા સરોજબેન આવ્યાં ત્યારે

એક ચા વધુ લાવવાનું તેણે કહ્યું. ચા આવે છે ત્યારે બાજુની પથારીવાળા નવા દર્દીને જેને પહેલીવાર સુખદેવે જોયેલા તેમને ચા આપવામાં આવે છે. પહેલાં તો તે આનાકાની કરે છે. અને પછી તે ચા લઈ લે છે.

સુખદેવનો તેની સાથેનો પહેલો પરિચય. ચાલુ ડાયાલિસીસે સુખદેવ તેના વિશે જાણવા માંગે છે. કિડનીનો રોગ ક્યારથી થયો, ક્યા ક્યા દિવસે ડાયાલિસીસ કરાવવા આવો છો તે બધી માહિતી સુખદેવ મેળવી લે છે. તે દર્દી ચારેક મહિનાથી દવાખાનામાં આવે છે. પણ બંનેના આવવાના દિવસ જુદા જુદા હોવાથી તે ભેગા થતા નહોતા. આજે નવા દર્દીનો સમય અને દિવસ બદલાઈ જવાથી બંને ભેગા થઈ ગયા. નવા દર્દીનો સમય પણ સુખદેવના દિવસોમાં જ નક્કી થાય છે. મંગળવારે અને શુક્રવારે, બપોરના સમયે. આને કારણે અવારનવાર તેઓ ભેગા થશે એવું સુખદેવ વિચારે છે. તે દિવસે સુખદેવનું ડાયાલિસીસ વહેલું પૂરું થવાનું હોવાથી તે વહેલો નીકળી જાય છે.

બીજી વખત લૉબીમાં ભેગા થઈ જાય છે. અરસપરસ એકબીજાને પરિચય આપે છે. મગન એનું નામ. ચારેક માસથી તે અહીં ડાયાલિસીસ માટે આવે છે. મારવાડ ભણીનો, મુંબઈ મામાના હાથે ઘડાયેલો. કિડનીના દર્દના કારણે રાજગઢની હોસ્પિટલમાં, મુંબઈ કરતાં સસ્તું પડે એટલા માટે દાખલ થયેલો. રાજગઢથી પંદરેક કિલોમીટર દૂર એક ફાર્મ હાઉસમાં તે એકલો જ રહેતો હતો. આ દર્દનું નિદાન થયું ત્યારે આટલામાં જ ક્યાંક કાયમી વસવાટ કરવો એવું નક્કી કરી તેણે રહેવાની વ્યવસ્થા શોધવા માંડેલી.

મુંબઈ જે જગ્યાએ તે રહેતો હતો ત્યાં એની ચાલીમાં જ રાજગઢની નજીકના એક ગામના ભાઈ રહેતા હતા. તેમના દીકરાનાં લગ્ન થતાં એક બીજી રૂમની તેમને જરૂર પડેલી. મગનને પોતાની ઓરડી વેચી દેવી હતી. છેવટે મગન અને પેલા ભાઈ - મગન એમને ઓરડી આપે તો રાજગઢથી પંદર કિલોમીટર દૂર આવેલા પોતાના ગામની સીમમાં બે વીઘા જમીનમાં નાનું ફાર્મ હાઉસ તેમણે બનાવ્યું છે તે - મગનને આપે. તેવું નક્કી કરે છે. પછી બંને મુંબઈથી આવી મગનને ફાર્મ હાઉસ બતાવે છે. મગનને ત્યાં રહેવાની સગવડ હોવાને કારણે જગ્યા ગમી જાય છે. અને આમ અરસપરસ મુંબઈની રૂમ પેલા ભાઈ વાપરે અને આ ફાર્મ હાઉસ મગન વાપરે એવું બંને નક્કી કરે છે.

ફાર્મ હાઉસના એક છેડે રહેવાની સુંદર વ્યવસ્થા છે. અને ખેતરમાં પ્રવેશ કરવાની જગ્યાની બાજુમાં બે ઓરડી બનાવેલી છે કે જેમાં ફાર્મની દેખરેખ રાખતો માણસ તેની પત્ની સાથે રહે છે. ગામ થોડું મોટું છે. ગામમાં એક સારી લોજ પણ છે. ત્યાંથી ખેતરની સાચવણી કરનાર માણસ મગનનું ભોજન લાવવા લઈ - જવાની જવાબદારી સ્વીકારી લે છે. આમને આમ મગનના દિવસો વીતે છે.

હવે ક્યારેય મગનને મુંબઈ પાછું જવાનું નહોતું. તેથી આ ફાર્મ હાઉસના બદલામાં મુંબઈની ઓરડીનો સામસામે વેચાણનો દસ્તાવેજ કરી લે છે. મુંબઈમાં તેના મામાની દુકાન વેચવાથી સારી એવી રકમ તેની પાસે જમા થઈ હતી. મામાની પણ મુડી હતી, પોતે પણ કમાયો હતો. કિડનીની બિમારી જાણતાં જ રાજગઢમાં આવ્યા પછી રાજગઢની મુખ્ય પોસ્ટ ઓફિસમાં માસિક આવક યોજનામાં થોડા નાણાં રોકે છે. પોસ્ટની બીજી બચત યોજનાઓમાં પણ થોડા નાણાં રોકે છે. થોડા નાણાં રાષ્ટ્રીયકૃત બેંકમાં પણ ખર્ચ માટે જુદાં મૂકે છે. અને થોડાં નાણાં હાથ ઉપર રાખી પોતાનો વ્યાજ- ધિરાણનો ધંધો ચાલુ રહે અને વધુ વ્યાજ મળી રહે એવો પ્રયત્ન પણ કરે છે. આમ, મગનને નાણાંની કોઈ મુશ્કેલી રહેતી નથી. આ ફાર્મ હાઉસથી રાજગઢ હોસ્પિટલ જવા માટે એક જૂની સેકન્ડ હેન્ડ ગાડી પણ ખરીદી લે છે. અને પોતાના ફાર્મ હાઉસ પર કામ કરનાર માણસને તાલીમ આપી ડ્રાઈવીંગ શીખવી દે છે. જેથી પોતાનો જ માણસ ક્યારેક જરૂર પડે ડ્રાઈવર તરીકે પણ કામ આવે. આમ મગનનું માંદગીના સમયમાં ગાડુ ગબડે જાય છે.

## નવ

# કિડની વિશે માર્ગદર્શન

એ દિવસે કદાચ મંગળવાર હતો. તે ડાયાલિસીસ માટે તેના નિર્ધારિત સમય કરતાં એકાદ કલાક વહેલો હોસ્પિટલમાં આવેલો. તે વખતે મગનભાઈ પણ વહેલા આવી ગયેલા. દવાખાનામાં ડાયાલિસીસ વિભાગની બહાર પ્રોફેસર બેઠા છે ત્યાં જ મગનભાઈ આવી પહોંચે છે. દર્દીઓ તરીકેની તેમની નવી ઓળખાણ છે.

મગનભાઈને પ્રોફેસર પાસેથી આ દર્દ વિશેની, તે કેવી રીતે થાય, તેના ઉપચાર કેવા અને તેમાંથી બચી શકાય કે કેમ તે બધું જાણવું હતું.

એટલે મગનભાઈ પ્રોફેસર સુખદેવને કહે છે કે, ''સાહેબ, તમે તો શિક્ષિત છો. કિડનીના દર્દ વિશે ઘણું બધું વાંચ્યું હશે. આ દર્દ વિશે થોડું માર્ગદર્શન આપશો. આમાંથી કોઈ છૂટકારો ખરો?''

'' મગનભાઈ, તમારે આ બધું જાણવું છે તો હું તે અંગે તમને વાત કરીશ. જો કે કિડનીના દર્દનો હું અભ્યાસુ નથી. પણ એના વિશે જે જાણું છું તે તમને કહેતાં મને આનંદ થશે. અને તમને પણ આ દર્દનો પૂરો ખ્યાલ આવી જશે. ''

એમ કહી પ્રોફેસર સુખદેવ કોલેજના વર્ગખંડમાં જાણે કે વ્યાખ્યાન આપતો હોય તેમ , સામે વિદ્યાર્થી મગનને જાણે કે વ્યાખ્યાન સ્વરૂપમાં કિડની વિશેની વાત કરે છે :

'' મોટે ભાગે અમુક પ્રકારના રોગો ક્યારેક એવા માણસને પણ થાય છે કે આપણે વિચારી જ ન શકીએ. માણસ તંદુરસ્ત છે એવા માણસના શરીરમાં પણ રોગો પગપેસારો કરતા હોય છે. તંદુરસ્ત માણસને એવા તે કેવા સંજોગો સર્જાય કે તેનું મૂત્રપિંડ નકામું બને. મોટાભાગે આ પ્રકારની ઘટનાઓ લગભગ સો ટકામાંથી બે ટકા વ્યક્તિઓમાં જ જોવામાં આવે છે.

મનુષ્યના શરીરમાં બે કિડની હોય છે. કિડનીનું કામ મોટા ભાગે લોહી શુધ્ધ કરવાનું અને શરીરમાં રહેલો કચરો શરીરની બહાર ફેંકવાનું હોય છે. મનુષ્યના શરીરમાંની પેશાબની કોથળીમાંથી પેશાબ બહાર ધકેલાતો હોય છે. આનાથી વિરુધ્ધ એટલે પેશાબ કિડની તરફ (બેક ફલો) થવાથી કિડનીના નેફ્રોનમાં નુકસાન થાય છે. આ ઘટનાને કારણે રિફલેક્ટ યુરિન થકી ''કીડની ફેલીયોર '' થાય છે.

આ ઉપરાંત પેશાબની કોથળીની દિવાલનું સંકોચાવું અથવા આકારમાં ફેરફાર થવો, પ્રોસ્ટેટ ગ્રંથિનો સોજો (કેન્સર), કરોડરજ્જુના મણકાનું વધારે દબાણ કિડની પર આવવાથી, વારસાગત કારણોને લીધે કિડનીના ઉપરનું આવરણ પાણી ભરાવાથી પણ મૂત્રપિંડ નકામું પડે છે.

સામાન્ય રીતે કિડનીનું નિષ્ફળ જવું એટલે મૂત્રપિંડનું નકામું થઈ જવું. મૂત્રપિંડ દ્વારા ચોક્કસ કચરો મળમૂત્ર મારફતે નિકાલ કરવાની કામગીરીમાં ઘટાડો થાય છે. આ બધાં તત્વો શરીરના અંદરના ભાગમાંના પ્રવાહીમાં ભેગાં થાય છે. આનું પરિણામ એ આવે છે કે લોહીનું શુધ્ધિકરણ થતું નથી. અને લોહી અશુધ્ધ જ રહે છે. ધીરે ધીરે વજન વધવા માંડે છે. પેશાબનું પ્રમાણ ધીરે ધીરે ઘટવા લાગે છે. પેશાબમાં પ્રોટીનનું ઘટક વહેવા લાગે છે. ધીરેધીરે લોહીનું દબાણ પણ વધે છે. શરીરમાં પ્રોટીન વહેવાને લીધે ખૂબ જ અશક્તિ લાગે છે. પ્રોટીન ઓછું થવાથી હાઈપો-પ્રોટેન્યુરિયા પેદા થાય છે. આ કારણે શરીરમાં સોજા આવી જાય છે.

મૂત્રપિંડની કામગીરીમાં ઘટાડો થાય છે અને એના કારણે સોડિયમ-પોટેશિયમનું બેલેન્સ જળવાતું નથી. અને હૃદય ઉપર દબાણ થાય છે. પરિણામે ધીરે ધીરે લોહીમાં બ્લડ યુરિયા, બ્લડ ક્રિયેટન, પોટેશિયમ અને પ્રોટીન વધવા પામે છે. આનાથી એક તારણ ઉપર આવી શકાય કે મૂત્રાશયમાંથી પાછું ધકેલાતું યુરિન કીડનીને નિષ્ફળ બનાવે છે.

તેને દવાખાનાઓની દુનિયા ''ક્રોનિક કિડની ફેલિયોર'' કહે છે. એનો મતલબ એ થયો કે કાયમી ધોરણે કિડની કામ કરતી બંધ થઈ જવી. અને જો કિડની ફેલ થઈ ગઈ એનો એક જ મતલબ નીકળે કે એક લાંબા ગાળાની - આજીવન માંદગી ઊભી થઈ. ક્યારેક એવું પણ બને છે કે કિડની થોડુંક જ કામ કરતી હોય ત્યારે લાંબા સમયે કિડની ધીમે ધીમે કામ કરતી બંધ થઈ જાય એવું પણ બનતું હોય છે. ઘણા એવા કેસમાં દર્દીને સામાન્ય માંદગી આવી હોય, શરીરે તાવ રહેતો હોય, થાક અનુભવાતો હોય કે શ્વાસની બિમારી થાય આવા સમયે એના લોહીની તપાસ કરાવવામાં આવે ત્યારે એવું પણ જાણવામાં આવે કે તેની બંને કિડની ખરાબ થઈ ગઈ છે.

જેમની કિડની સંપૂર્ણરૂપે કામ કરતા અટકી જવાની છેલ્લી સ્થિતિમાં છે એવા લગભગ પાંચ લાખ કરતા વધુ દર્દીઓ ભારતમાં છે. જુદા જુદા તબક્કે સમાજમાં જુદા જુદા રોગોનું પ્રમાણ વધતું જાય છે. થોડા વર્ષો પૂર્વે કેન્સરનું પ્રમાણ વધુ હતું. જો કે આજે તેમાં ઘટાડો થયો છે.

'' કેન્સર '' નો રોગ ઘટતો ગયો છે એમ તો આપણે જાણીએ છીએ. ન જાણે જુદાજુદા સમયે જુદાજુદા

રોગો વૃદ્ધિ પામતા  હોય એવું લાગ્યા વગર રહેતું નથી. કેટલાક રોગો એવા હોય છે કે જેનું નિદાન થઈ શકે છે. જ્યારે '' કેન્સર ''  ના રોગનું નિદાન ભાગ્યે જ થતું હોય છે. જાહેર સમાજમાં જેને '' કેન્સર '' થયું એ માણસ વહેલો-મોડો ''કેન્સલ'' થઈ જશે  એવું મનાય છે. પણ હમણાં થોડા વર્ષોથી '' કેન્સર ''ના રોગનું પ્રમાણ ધીરે ધીરે ઓછું થઈ જતું હોય એવું લાગે છે. અને તેની જગ્યાએ બીજો એક રોગ '' કિડની '' ના દર્દનો ઝડપભેર ફેલાતો જતો જોવામાં આવે છે. આમ  કેમ બનતું હશે ? એ પ્રશ્ન સામાન્ય માનવીનો નથી, એ પ્રશ્ન આપણે સંશોધકો ઉપર છોડી દેવો જોઇએ.

લગભગ મોટા ભાગના પરિવારોમાં જે  બિમારી ફેલાય છે. એ દર્દીઓમાં બે ટકા એવા દર્દીઓ છે જે કિડનીના રોગથી પીડાય છે.

સામાન્ય રીતે અભ્યાસના સમય દરમ્યાન અભ્યાસક્રમમાં કિડનીની  અગત્ય વિશે મોટા ભાગના પાસે આ શૈક્ષણિક માહિતી હોય છે. મનુષ્ય માત્રના શરીરમાં વહેતા લોહીની નિયમિત સફાઇ કરવાની મહત્વની કામગીરી કીડની નિભાવે છે. જે પેશાબની નળીઓ મારફતે પેશાબની થેલી સાથે જોડાયેલી હોય છે.

લગભગ દોઢસો ગ્રામ વજન ધરાવતી, દસ-બાર સેન્ટિમિટર લાંબી અને પાંચ-છ સેન્ટિમીટર  પહોળી મોટેભાગે કિડની હોય છે. કિડની શરીરના લોહીની સફાઇ કરીને જે લોહીનું પ્રમાણ ૧૫૦ લીટર લગભગ હોય એની સફાઇ કરી ૧ લીટર મૂત્રમાં પરિવર્તીત કરે છે. શરીરની બંને કિડનીઓ લગભગ બારસો મિલીલિટર લોહી એક મિનિટમાં પસાર કરે છે અને મૂત્ર દ્વારા શરીરમાંથી ગંદા  અને હાનિકારક પદાર્થો શરીરની બહાર નીકળી જાય છે. શરીરમાં પાણીની માત્રાને સંતુલિત કરવાનુ કિડનીનું અનન્ય કાર્ય છે. કિડની લોહીના ઉતાર-ચઢાવને પણ નિયંત્રિત કરે છે.

શરીરના સ્વાસ્થ્ય માટે કિડનીમાં ઊભી થયેલી કોઇપણ ખરાબી ખતરનાક નીવડી શકે છે. જો કે કિડનીના રોગ વિશે ક્યારેક ડૉક્ટરો વિગતવાર સમજાવે છે. અને આ રોગની ગંભીરતા વિશે પણ જણાવે છે . કેટલાક  કિસ્સાઓમાં એવું પણ બને છે કે દર્દી કે દર્દીના નજીકના સગા વાસ્તવિકતાનો સ્વીકાર કરવા તૈયાર થતાં નથી.

સામાન્ય રીતે જોવા જઈએ તો આપણા દેશમાં '' ક્રોનિક કિડની ફેલિયોર '' ના દર્દીઓની સંખ્યા ખૂબ જ મોટી છે. મોટાભાગના દર્દીઓ પોતાનો જાન ગુમાવતા હોય છે. આનાથી એક તારણ ઉપર આવી શકાય છે કે કેટલાક દર્દીઓ અને તેમના સગા સંબંધી શરૂઆતમાં રોગની ગંભીરતા વિશે જરાપણ વિચારતા નથી. અને બેદરકારી ભર્યું વલણ અપનાવતા જોવામાં આવે છે. જો કે આ દર્દમાં એક મોટું કારણ જે વિચારણીય છે, એના કારણે પણ લોકો સારવાર લેતાં અચકાય છે. અને એ કારણ છે આર્થિક બાબતનું. આ દર્દમાં ખૂબ જ મોટું ખર્ચ થાય છે. એની બીક દર્દી અને દર્દીના સગા સંબંધીને હોય છે. સામાન્ય રીતે થોડી દવા ખાઇને દર્દી સાજો થઇ જશે એ  આશામાં ને આશામાં એ લોકો એમનો કીમતી સમય બરબાદ કરી નાખે છે.

મૂત્રપિંડ નિષ્ફળ જવાના કેટલાંક કારણોમાં નાનપણથી કિડનીમાં રસી થઇ જવી, નેફ્રાઇટીશ નામનો સોજો, ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, પથરીના દર્દોને ગણી શકાય.

જ્યારે પ્રથમવાર કોઇ દર્દીની કિડની ફેલ થઇ ગઇ છે એવું ડોક્ટરો  જાણે ત્યારે દર્દીની તબિયત કેવી છે તે પ્રમાણે દર્દીના સગાં સંબંધીને સૂચના  આપવામાં આવે છે. કિડનીના દર્દીઓને નીચેની બે પરિસ્થિતિઓમાંથી ગમે તે એક પરિસ્થિતિનો સ્વીકાર કરવો રહ્યો : આજીવન ડાયાલિસીસ અથવા કિડ્ની પ્રત્યારોપણ. આમ આ બે બાબતથી દર્દીને વાકેફ કરવામાં આવે છે અને સલાહ પણ આપવામાં આવે છે.

મોટેભાગે કિડનીના દર્દીને પ્રથમ તો ડાયાલિસીસ કરાવવું જ પડે એવી પરિસ્થિતિ  સર્જાતી હોય છે. ત્યારે સર્વપ્રથમ દર્દીના ગળાની પાસે એક નાનું ઓપરેશન કરવામાં આવે છે જેને '' ડી.એલ.સી  '' કહેવામાં આવે છે. થોડો સમય સુધી આનાથી તેનું ડાયાલિસીસ કરવામાં આવે છે. ડાયાલિસીસની આ ચાલુ રહેતી પ્રક્રિયાની સાથે દર્દીના એક હાથે એક નાનું ઓપરેશન કરવામાં આવે છે. ડોક્ટર દર્દીના ડાબા કે જમણા હાથની જે નસો પકડાઇ શકે તે હાથે તેના કાંડાની નજીક એક નાનું ઓપરેશન કરે છે. આ ઓપરેશનને '' ફીટ્સ્યુલા '' કહેવામાં આવે છે. આ ઓપરેશન દ્વારા એના હાથની અંદર આવેલી લોહીની નસોને જોડવાનું કામ થાય છે. દર્દીને બેહોશ કરવાની જરૂર નથી. દર્દીની લોહીની નસો જોડ્યા પછી થોડા દિવસ બાદ ઓપરેશન સફળ થયું કે કેમ એ

જોઇ લેવામાં આવે છે અને પછી " ડીએલસી " કાઢી નાખવામાં આવે છે અને " ફીટ્સ્યુલા " વાળા હાથેથી ડાયાલિસીસ કરવામાં આવે છે. " ડીએલસી" ચારેક અઠવાડિયા રાખ્યા પછી " ફીટ્સ્યુલા " થી ડાયાલિસીસ શરૂ થાય છે. હવે જ્યાં સુધી દર્દી " કિડની પ્રત્યારોપણ " ન કરાવે ત્યાં સુધી અથવા આજીવન "ફીટ્સ્યુલા" દ્વારા ડાયાલિસીસ કરાવતો થઇ જાય છે.

મોટા ભાગના દર્દીઓ ને મશીન પર ડાયાલિસીસ માટે લે છે ત્યારે તેમના લોહીમાં રહેલા ઝેરી તત્વો કેટલી ઝડપથી વધે છે, તેના પર ડાયાલીસીસ કેટલી વખત કરવું જોઇએ તે નક્કી થાય છે. કેટલાંક દર્દીઓને એક ડાયાલિસીસ ચાર કલાક, કેટલાંક દર્દીઓનો પાંચ કલાક સુધી ડાયાલિસીસ કરવું જોઇએ એવું નક્કી થાય છે. જો કે મોટા ભાગના દર્દીઓને અઠવાડિયામાં પોતાની અનુકૂળતાએ અને જ્યાં ડાયાલિસીસ કરવાનું છે તે સંસ્થાની અનુકૂળતાએ બે કે ત્રણ વખત નિયમિત આવવું પડે છે.

આમ દર્દી , જીવનના છેલ્લા શ્વાસ સુધી જે વિધાતાએ તેના માટે ક્રમ નક્કી કર્યો હોય ત્યાં સુધી સતત આ પ્રક્રિયામાંથી પસાર થાય છે. જો કે યુવાનવયે જે દર્દીની કિડની નિષ્ફળ નીવડી હોય એને માટે કાયમી ડાયાલિસીસ જોખમકારક બની રહે છે. જો કે આમાંથી છૂટવા માટે બીજો એક રસ્તો છે. જે રસ્તે ડાયાલિસીસમાંથી કાયમ માટે મુક્તિ મળી શકે. પણ એ રસ્તો નાણાંકીય રીતે વધુ જોખમકારક છે. સામાન્ય માણસ બે લાખ જેટલી રકમ કદાચ ન ખર્ચી શકે. દર્દીના શરીરમાં બીજા માર્ગે એટલે કે " પ્રત્યારોપણ " દ્વારા કિડની મૂકવામાં આવે. બહારથી મૂકેલી આ કિડની દર્દીનું શરીર સ્વીકારે તો ઓપરેશન સફળ થાય છે. જો કે મોટાભાગના ઓપરેશનો સફળ થતાં હોય છે. મોટી રકમ ખર્ચીને આ ઓપરેશન કરાવવામાં જો દર્દી સફળ જાય તો થોડાં વર્ષો સુધી ડાયાલિસીસની પધ્ધતિથી તે ઉગરી જાય છે. જો કે નાણાંનો પ્રશ્ન દર્દીએ કે દર્દીના સગાસંબંધીઓએ ઉકેલવો જોઇએ. એ તેમનો અંગત પ્રશ્ન છે.

આપણે ત્યાં કેટલાકની માન્યતાઓ એવી છે કે એક વખત ડાયાલિસીસ કરાવ્યું એટલે કાયમી ધોરણે કરાવવું જ પડે, એમ વિચારી તેનાથી દૂર ભાગવું એ ખોટું છે. કિડનીના દર્દીનું ધીરે ધીરે મૂત્રપિંડ નકામું થઇ જવાથી, શરીરમાં રહેલો કચરો શરીરની બહાર ફેંકવાનું કામ ધીરે ધીરે ઘટતું જાય છે એવું એ અનુભવે છે. કિડનીનો દર્દી કે જેના શરીરમાંથી બહાર નીકળતું પેશાબરૂપી તત્વ બંધ થઇ જવાને કારણે અતિશય મુશ્કેલીમાં મૂકાઇ જાય છે. દર્દી માનસિક રીતે અસ્વસ્થ પણ થઇ જાય છે. મનુષ્ય માત્રને ગમે તેટલી ઉંમરે પણ લાંબુ જીવવાની જિજીવિષા રહેલી હોય છે. માણસ ઘરડો થાય, ચાલવાની શકિત ના હોય, પથારીમાંથી ઊભા થઇ શકાતું ના હોય, ઝાડો-પેશાબ પણ પથારીમાં જ કરી દેતો હોય છતાંય એ લાંબુ જીવવાની આશા રાખતો હોય છે. એ જ પ્રમાણે કિડનીનો દર્દી લાંબું જીવવાની આશા રાખે એમાં ખોટું શું છે ?

એ જે પ્રવાહી પીવે છે તે મોટેભાગે પેશાબ ન થવાને કારણે તેના શરીરમાં જ જમા થતું રહે છે. તે જે ખોરાક લે છે એના કારણે નહિ પણ પ્રવાહી લે છે તેને કારણે તેના શરીરનું વજન વધતું રહે છે. હવે તેને માટે મહત્વનો પ્રશ્ન એ થયો કે એણે જીવવા માટે સતત ડાયાલિસીસ કરાવવું પડે. કેમ કે ડાયાલિસીસ દ્વારા તેના લોહીનું શુદ્ધીકરણ થાય અને તેનું વજન જે નિશ્ચિત કર્યું હોય તેના કરતાં જેટલું વજન વધ્યું હોય તે વજન પણ ઓછું કરવા માટે એણે નિશ્ચિત સમયે ડાયાલિસીસ કરાવવું જ જોઇએ.

જો કે આર્થિક રીતે ડાયાલિસીસમાં વધુ ખર્ચ થવાને કારણે કેટલાક દર્દીઓને એ પોષાતું નથી. એવા દર્દીઓ એક સાથે થોડો ખર્ચ કરી એમના લોહીના ગ્રુપની કિડની મેળવી " પ્રત્યારોપણ" કરાવે તો એ " પ્રત્યારોપણ " કરેલી કિડની જ્યાં સુધી ચાલે ત્યાં સુધી તે આનંદથી જીવી શકે.

દર્દીને કિડની " પ્રત્યારોપણ "કરવાની થાય, ત્યારે એક મહત્વનો પ્રશ્ન ઊભો થાય છે કે તેને દાનમાં કિડની કોણ આપે ? મનુષ્ય માત્રના શરીરમાં બે કિડની હોય છે. કોઇ પોતાની એક કિડની બીજા કોઇને દાનમાં આપે તો એક કિડનીથી આપનારનું જીવન ટકી શકે ખરું.

કિડનીનું દાન બે પ્રકારનું હોય છે. પહેલા પ્રકારમાં "રીલેટીવ" કિડની લેવાય છે. અને બીજો પ્રકાર "નોન રીલેટીવ" કિડનીનો છે. જેની કિડની નિષ્ફળ ગઇ છે એને "પ્રત્યારોપણ " કરાવવું હોય તો પ્રથમ " રીલેટીવ " કે જેની સાથે લોહીના સંબંધ ધરાવતો હોય તેની કિડની લઇ શકાય. માતા-પિતા, ભાઇ-બહેન, પુત્ર કે પુત્રી કે પત્ની જે કોઇ નજીકના લોહીના સંબંધે બંધાયા હોય તેમની કિડની લઇ શકાય. અને જો લોહીના સંબંધ

ધરાવતી વ્યક્તિની કિડની ન લેવી હોય તો અન્ય લોહીના સંબંધે ન બંધાયેલા માનવીની કિડની લઇ શકાય. આને '' નોન-રીલેટીવ '' કહેવામાં આવે છે. પહેલામાં સગાની કિડની દાનરૂપે મળે છે. બીજા સંબંધોમાં ક્યારેક પૈસા પણ ખર્ચવા પડે છે. જેઓ કિડની દાન કરે છે, એમાંના મોટાભાગના પૈસાના બદલામાં કિડની વેચવાનું ઇચ્છે છે.

આમ, કોઇ પણ રીતે કિડનીનું દાન મેળવી દર્દીના શરીરમાં '' પ્રત્યારોપણ '' કરવામાં આવે છે. જો કે '' પ્રત્યારોપણ '' પછી છ-એક માસ સુધી દર્દીએ બહુ જ સાચવવું પડે છે. આ સમય દરમ્યાન પણ દર મહિને લગભગ બારેક હજાર રૂપિયા દવાઓ પાછળ ખર્ચ થાય છે. '' પ્રત્યારોપણ '' પછી પહેલા દર અઠવાડિયે, દર પંદર દિવસે અને પછી દર માસે નિયમિત કિડનીના દર્દીને એણે જ્યાં ઓપરેશન કરાવ્યું છે ત્યાં પોતાના શરીરનું ચેક-અપ કરાવવા જવું પડતુ હોય છે. મોટેભાગે આ સમય દરમ્યાન દર્દી સાજો થઇ જતો હોય છે. પણ કોઇ દર્દીનું '' પ્રત્યારોપણ'' ઓપરેશન કર્યા પછી મૂકેલી કિડની ક્યારેક નિષ્ફળ જાય એવું પણ બને છે. અને પછી થોડા દિવસ પછી ફરીથી ડાયાલિસીસની પદ્ધતિ તેને અખત્યાર કરવી પડે છે.'' મગનભાઇ આ માહિતી મેળવી પ્રોફેસરનો આભાર માને છે. સમય થતાં બંને ડાયાલિસીસ માટે જાય છે.

## દસ

## મગનની વ્યથા

હમણાં કેટલાય દિવસથી રીટા સિસ્ટર દેખાતી નહોતી. ડાયાલિસીસ માટે આવતો મગન તેને ન જોતાં, ઘેર બેઠા બેઠા, ડાયાલિસીસના દિવસે જઇ તેની સાથે અંતિમ ફેસલો કરી લેવાના સતત વિચારો કરતો. ડાયાલિસીસ કરાવવા જાય ત્યારે, કોઇ ન જાણે તેમ રીટા સિસ્ટરની તપાસ પણ કરી લેતો. છેલ્લા પંદરેક દિવસથી તેનાં દર્શન ન થવાને કારણે તેને કહેવાની કેટલીક વાતો સ્વપ્ન બની ઊડી જતી તેને દેખાવા લાગી.

તે અઠવાડિયામાં બે વખત ડાયાલિસીસ માટે આવતો. મંગળવાર અને શુક્રવાર તેને માટે નક્કી થયેલા. આ જ દિવસોમાં પ્રોફેસર સુખદેવ પણ આવતા. મગન વેપારી હતો. નાનો હતો ત્યારથી જ મામાને ત્યાં મુંબઇમાં રહી મોટો થયો. શિક્ષિત હતો. પણ શિક્ષણના વ્યવસાયમાં નોકરી ન મળી અને બેકારી ના ભોગવવી પડે એના કરતાં થોડી મૂડી સાથે મામાની મદદથી મુંબઇમાં ધંધો કરવો તેવું તેણે વિચારેલું. પણ સંજોગો એવા ઊભા થયા કે તેને મામાના ધંધાનો વિકાસ કરવો પડ્યો. કુદરતી રીતે જ જેની ઇચ્છા તેણે નહીં કરેલી તે બધું મામાની પાસેથી મળ્યું. બેઠાડું જીવન તેણે ભોગવ્યું. અનિયમિત ખોરાક, મુંબઇ જેવું ગીચ વસ્તી ધરાવતું શહેર, રખડું જીવન અને પછી તો એવા સંજોગો ઊભા થયા કે તેની બંનેય કિડની સંકોચાવા લાગી. મુંબઇ જેવા શહેરમાં કિડનીના દર્દની સારવાર કરતી ખ્યાતનામ હોસ્પિટલ હતી. પૈસાની દૃષ્ટિએ તેને તે મોંઘી પડી અને મુંબઇ છોડી રાજગઢની હોસ્પિટલ પકડી. હવે તે જો કિડની ન બદલાવે તો મૃત્યુ સુધી ડાયાલિસીસ પર તેને રહેવું પડે. તેણે કાયમ માટે ડાયાલિસીસ કરાવવાનું વિચાર્યું. તેના જ ટાઇમે અને એ જ દિવસોમાં પ્રોફેસર સુખદેવ પણ ડાયાલિસીસ માટે આવતા. બાજુબાજુમાં જ્યારે પથારી આવતી ત્યારે બંને ઘણી બધી વાતો કરતા. જુદાજુદા વિષયો અને વર્તમાન પરિસ્થિતિની પણ વાતો થતી. મગન રંગીન મિજાજનો હોવાથી ક્યારેક આડી વાતો પર પણ ચઢી જતાં અને વાતોમાંથી જ આનંદ પ્રાપ્ત કરી લેતો. મગનને લોકો '' ગંજેરી '' પણ કહેતા. તે કોઇની સાથે વાત કરે ત્યારે પોતાનું નામ મગન ગંજેરી છે તેવું જ કહેતો. ક્યારેક પ્રોફેસરને કહેતો, '' સાહેબ, તમને કેટલીક વાતો કહી શકતો નથી. કેમ કે મારા વિશે તમારા મનમાં બીજી કોઇ છાપ ન ઊપસે. ''

'' મગનભાઇ, માણસને જ્યારે જેવી વાત મનમાં આવે તે બીજાને કહી મનનો બોજો ઓછો કરવો જોઇએ. '' પ્રોફેસર કહેતા.

પ્રોફેસરને લાગ્યું કે આજે મગન કશુંક કહેવા માગે છે. તે સતત ચારેય બાજુ જોયા કરતો હતો. પ્રોફેસરની ધારણા સાચી નીવડી. ત્યાં તો મગન બોલી ઊઠ્યો,

'' સુખદેવભાઇ, આજે ડાયાલિસીસ પછી ભેગા થઇએ તો ? ''

" કેમ ? કાંઈ કામ હતું ? "

" મારે તમારી સાથે કેટલીક વાતો કરવી છે." મગન બોલ્યો.

" પણ, તમારે તો મારા કરતા વહેલું ડાયાલિસીસ પૂરું થશે. તમારે બેસી રહેવું પડશે. "

સુખદેવે કહ્યું ત્યારે મગન કહેવા લાગ્યો કે, " મારે જે વાત તમને કરવી છે તેના માટે એક કલાક બહાર બેસી રહેવું પડે તો પણ હું બેસી રહીશ. પણ વાત કર્યા વિના નહીં જાઉં. "

સુખદેવને તે દિવસે ઉતાવળ હતી. ઘેર જવા રીક્ષા બાંધેલી હતી. રીક્ષાવાળો તેની રાહ જોશે તેની તેને ચિંતા હતી. છતાં મગનની વાત સાંભળવા તેણે હા પાડી.

ડાયાલિસીસ પત્યા પછી પ્રોફેસર બહાર આવે છે. બહાર મગન રાહ જોતો બેઠો હોય છે.

" સાહેબ, આજે તમારે રીક્ષામાં જવાનું નથી. તેને મેં ના પાડી દીધી છે. તમારી દીકરીને ત્યાં પણ ફોન કરી દીધો છે. તે તમારી રાહ નહીં જુએ. " મગન એકી શ્વાસે બોલી ઊઠ્યો.

અને પછી કહેવા લાગ્યો, " હું તમને મારી ગાડીમાં મૂકી જઈશ. આજે ડ્રાઈવરને લાવ્યો નથી. હું જાતે જ ગાડી હાંકીશ. મારે તમને ઘણી બધી વાત કરવી છે. આપણે ગાડીમાં જ વાત કરીશું."

પ્રોફેસર જાણતો હતો કે મગનનું રહેવાનું સ્થળ અને તેનું જુદી જુદી દિશામાં હતું. બંને વચ્ચે પચીસ કિલોમીટરનું અંતર હતું. મગનને મુશ્કેલી થશે પણ એની વાત સાંભળવી જોઈએ. તેથી મગન સાથે એ ગાડીમાં બેસે છે. ગાડી ચાલવા લાગી. ચાલતી ગાડીમાં મગનના વિચારો પણ દોડવા લાગ્યા :

" સાહેબ, તમને તો ખબર છે કે મોટા ભાગના કિડનીના દર્દીઓનો ધીરે ધીરે પેશાબ બંધ થઈ જાય છે. કેટલીક હદ સુધી, લાંબા સમય પછી ચોવીસ કલાકમાં માંડમાંડ પાંચ કે દસ ગ્રામ પેશાબ થતો હશે. અને બીજું આપણું મૂત્રપિંડ કામ ન કરવાને કારણે એકાએક આપણા જીવનમાં પલટો આવી જાય છે. મોટાભાગના દર્દીઓ સરખો અનુભવ કરતા હોય છે. પણ કેટલાક દર્દીઓ શરમને કારણે પોતાની મુશ્કેલીઓ બીજાઓની સમક્ષ કહી શકતા નથી. તમે તો કદાચ મોટી ઉંમરે પહોંચ્યા હોવાથી તમને એની જરૂર ન પડે. પણ હું તો હજુ માંડ પાંત્રીસની વયે પહોંચેલો છું. હું પોતે " સેક્સ " માણવા ખૂબ પ્રયત્ન કરું છું છતાં તેનાથી વંચિત રહી જઉં છું. મનુષ્ય માત્ર કોઈ એક દિશા તરફ જતો હોય, એ દિશામાં જ ચાલ્યા કરે, અને છેવટે માર્ગ બંધ થઈ જાય તો પછી તે દિશામાંથી થોડો પાછો આવશે. અને નજીકથી ફંટાતા બીજા રસ્તે થઈ પોતાની અસલ દિશામાં પહોંચી જશે. હું પણ આમ, ફંટાતો રસ્તો શોધવાનો પ્રયત્ન કરતો હતો. અને તમે મને મળી ગયા. તમે મને ગાંડો કહેશો. આપણે આ દર્દમાંથી ક્યારેય છૂટવાના નથી. આ દર્દને સ્વીકારે જ છૂટકો. પણ માનસિક શાંતિ માટે બીજો રસ્તો શોધી લેવો જોઈએ ને ! કેમ બરોબર ને ? "

સુખદેવ બોલતો નથી. શાંત ચિત્તે મગનની વાત સાંભળે છે.

" સાહેબ, તમને આશ્ચર્ય થશે ! પણ સાચી વાત છે. કિડનીના દર્દના નિદાન પછી મારે થોડા દિવસ જનરલ વોર્ડમાં રહેવું પડેલું. પહેલાં તો એકલું ગમતું નહોતું. પણ ધીરે ધીરે પુસ્તકો વાંચવાના શોખને કારણે, પુસ્તકો વાંચી સમય પસાર કરવા લાગ્યો. દિવસ તો ક્યારે પસાર થઈ જાય તેની ખબર પડતી ન હતી. પણ રાત્રિ કેમેય કરીને પસાર ન થાય. ઘર જેવી ઊંઘ દવાખાનામાં કેવી રીતે આવે ? માંડ ઊંઘ આવી હોય ત્યાં તો રાતની સિસ્ટર બી.પી. માપવા આવી જ ગઈ હોય. આ એક જ સિસ્ટર એવી હતી કે જે સમય પ્રમાણે હાજર થઈ જતી. જ્યારે કેટલીક સિસ્ટર એવી હતી કે બે-એક કલાકે બી.પી માપી જાય. પણ દર અડધા કલાકે બી.પી માપ્યું છે એવી દર્દીની ફાઈલમાં નોંધ કરી દેતી. માફ કરજો ! ગાડી આડે પાટે ચઢી ગઈ. હું એમ કહેતો હતો કે જે સિસ્ટર અડધા કલાકે બી.પી માપવા આવતી હતી, તે મારી ઊંઘ ઊડાડી મૂકતી. પહેલાં તો મને તેનો કંટાળો આવતો. પછી તો તે આવે તેવું મને ગમતું. વીસેક વર્ષની, સુંદર, દેખાવડી અને કોઈને પણ ગમી જાય તેવી એની મુખાકૃતિ હતી. પછી તો તેની રાહ જોઈને પથારીમાં સૂવાનો ઢોંગ કરતો હોઉં. હવે દિવસે વાંચવાને બદલે સૂવાનું રાખતો. રાત્રે સૂવાનો ઢોંગ કરી તેના આવવાની રાહ જોતો. એક દિવસે તે બી.પી માપવા આવી. તે થોડુંક નીચી નમી. તેને કારણે મારા હાથનો સ્પર્શ તેની છાતીના અગ્રભાગ ઉપર થઈ ગયો. મેં તેની સામે જોયું. તેને કદાચ આ ગમ્યું હોય તેવું મને લાગ્યું. મને તો ઘણો આનંદ થયો, પણ મેં શરમિંદા બની જવાનો ઢોંગ કર્યો. "

" સિસ્ટર, માફ કરજો." મારાથી બોલાઈ ગયું.

'' કશો વાંધો નહીં. ક્યારેક જાણી જોઇને કેટલાક દર્દીઓ અડપલું પણ કરી લે છે. આ બધું અમારે ચલાવી લેવું પડતું હોય છે.'' એમ કહી તે બીજા દર્દીનું બી.પી માપવા પહોંચી ગઇ.

અત્યાર સુધી ભાગ્યે જ દર્દી સાથે બોલતી સિસ્ટરને જીભ ફૂટી હોય એવું મને લાગ્યું. મારાથી એના શરીર તરફ જોવાઇ ગયું.

અત્યાર સુધી તો તે આવે તેની રાહ જોતો પથારીમાં પડ્યો રહેતો. તેના જ વિચારો કર્યા કરતો. હવે, મને તેનામાં રસ પડ્યો.
યુવાનીનું ફાટું-ફાટું થતું સૌંદર્ય ,સુંદર ચહેરો,ગાલ પર પડતાં
ખંજનો, છાતીનો ઉભાર બસ હવે ...... તે ના હોય ત્યારે તેનું અંકિત થયેલું ચિત્ર મારા ચિત્તમાંથી ખસતું જ નહોતું. તે જ્યારે ડ્યુટી પર હોય ત્યારે તે ગમે તે બહાને મારી પથારી સુધી આવતી અને હસતી. એનું હાસ્ય મને ઘણું બધું કહી જતું. તેની ડ્યુટી દર અઠવાડિયે બદલાતી. દિવસ હોય ત્યારે તે ગમે તે બહાને મારું બી.પી માપી જતી. અને તે સમયે એવી નીચી નમતી કે મારાથી તેની છાતીને સ્પર્શ કરી લેવાતો. એની સાથે બીજી તો કશી વાત થતી નહીં. તેમાં જોખમ હતું. લાંબો સમય સુધી તે મારી પથારી પાસે ઊભી રહી શકતી ન હતી. એક દિવસે વોર્ડમાંથી મને રજા આપવામાં આવી. ડાયાલિસીસ શરૂ થયું. તેનાં દર્શન દુર્લભ બન્યાં. દિવસો વિતતા ગયા.

એક દિવસ ડાયાલિસીસ નહોતું ત્યારે થોડા કામને કારણે હું દવાખાનામાં દાખલ થતો હતો; તે જ વખતે રીટા ડ્યુટી પરથી દવાખાનાની બહાર નીકળતી હતી. એક જ સમયે બંનેની આવવા- જવાની ક્રિયા સાથે થઇ. તરત જ મેં દવાખાનામાં જવાનો વિચાર માંડી વાળ્યો. ચારેબાજુ મેં જોયું. કોઇની મારી પર નજર ન પડે એ રીતે હું તેની પાછળ-પાછળ જવા લાગ્યો. દવાખાનાના નજીકના બસ સ્ટેન્ડે જઇ એ ઊભી રહી. એણે ત્રાંસી નજરે મને એની પાછળ જતો જોઇ લીધો. મેં એક રીક્ષા ઊભી રખાવી. રીક્ષામાં બેસતા પહેલાં મેં એને ઇશારો કર્યો. એ બસ સ્ટેન્ડથી થોડી આગળ ચાલવા માંડી. એની પાછળ જ હું રીક્ષામાં ગયો. તેની આગળ જઇ મેં રીક્ષા ઊભી રખાવી. તે રીક્ષામાં મારી બાજુમાં આવી ગોઠવાઇ ગઇ. રીક્ષામાં પેટછૂટી ઘણી વાતો થઇ. તે રાજગઢમાં જ એક સોસાયટીમાં, પોતાની માલિકીના મકાનમાં રહેતી હતી. તેની સાથે ફક્ત તેની બા જ હતી. તેણે રીક્ષાવાળાને પોતાની સોસાયટીનું નામ આપ્યું. ઘરમાં પ્રવેશ્યા પછી એની બા સાથે એણે મારો પરિચય કરાવ્યો. એનાં બા મારા માટે રસોડામાં ચા મૂકવા ગયાં. ત્યારે મેં એની સાથે કેટલીક ખુલ્લી સ્પષ્ટ વાતો મર્યાદા છોડીને કરી. એણે મારી વાતો સાંભળ્યા કરી. મેં એવી માંગણી કરી હતી કે, જે સાંભળતાં જ બીજી છોકરી ગુસ્સે થઇ જાય. પણ એણે વાતો સાંભળ્યા જ કરી. એણે એની સંમતિનો જવાબ મને ના આપ્યો. થોડો સમય બેસી એની બા સાથે કેટલીક વાતો કરી એની રજા લઇને હું ઘરમાંથી બહાર નીકળી ગયો.

સાહેબ ! એ જે વોર્ડમાં કામ કરતી હતી ત્યાંથી ટ્રાન્સફર થઇને ડાયાલિસીસ વિભાગમાં આવી છે. તે રૂપાળી તો છે જ. તમે એને જોઇ છે. કામણગારી પણ છે. તમે આમાંથી મને કોઇ રસ્તો બતાવો. મારે કોઇ પણ સંજોગોમાં એને મેળવવી છે. મેં એને પેટ છૂટી વાત બધી જ કરી દીધી છે. હું માનું છુ કે તેનો જવાબ ''હા'' માં જ હશે.

આજે પંદર દિવસથી મેં તેને જોઇ નથી. તેની બહુ તપાસ કરી પણ એને મળવાનો હોસ્પિટલમાં મેળ ખાતો નથી. એ મને કેમ ભેગી નહીં થતી હોય, એનો મને ખ્યાલ આવતો નથી. મને ચિંતા થયા કરે છે. તમે ભાષાકીય દૃષ્ટિએ સારું બોલી શકો છો. ક્યાંક ગૂંચ પડી હોય તો ઉકેલી આપો છો. તમે મને લાયક લાગ્યા એટલે મેં તમને વાત કરી. જો કે તમારા જેવા ભલા માણસને આવી છીછરી વાતમાં નાખવા ન જોઇએ.'

આમ કહી મગન ગંજેરી તેની વાત પૂરી કરે છે. મારા મકાન પાસે મને ઊતારે છે. અને '' સાહેબ મને યોગ્ય સલાહ આપજો.'' કહેતોકને ગાડી હંકારતો તે દૂર નીકળી ગયો.

# અગિયાર

# માર્ગદર્શન

છેલ્લા કેટલાય સમયથી મગનભાઇ ડાયાલિસીસ માટે આવતા નહોતા. પ્રોફેસર તેમને જોતો નથી.

બંનેના દિવસ અને સમય સરખા હોવા છતાં કેમ દેખાતા નહીં હોય ? એવો વિચાર પ્રોફેસર કરે છે. કદાચ તેમની તબિયત સારી ના હોય, કે પછી મગનભાઈ .... સુખદેવે એવું વિચાર્યું. પણ એને થયું કે આમ તો ન બને. ડાયાલિસીસ વિભાગના ટેકનિશિયન મહેન્દ્ર પરમારને પ્રોફેસર મગનભાઈ વિશે પૂછે છે. તે પણ કહેતા હતા કે હમણાં તેમની ડ્યુટી બપોરના એકથી હોવાથી એમણે પણ મગનભાઈને જોયા નથી. છેવટે સિનિયર ટેકનિશિયન ભૂપેન્દ્રભાઈને પૂછતાં સાચી હકીકત જાણવા મળી. મંગળ અને શુક્રવારે બપોરના બદલે વહેલી સવારે પાંચ વાગ્યે તેઓ આવતા અને ડાયાલિસીસ પતાવી ચાલ્યા જતા. પ્રોફેસર બાર વાગ્યે આવે તે પહેલાં તો મગનભાઈ ડાયાલિસીસ પતાવી ઘેર પહોંચી ગયા હોય. રીટા સિસ્ટર પણ હમણાં દેખાતી ન હતી . તેનો આખો આ મહિનો નાઈટ ડ્યુટી હોવાથી તે મોટે ભાગે સવારે આઠ વાગ્યે છૂટી થતી. એક દિવસે પ્રો. સુખદેવ બપોરે ખાસ અગત્યનું કામ હોવાથી દિવસને બદલે રાત્રે ડાયાલિસીસ માટે આવે છે.

નાઈટમાં દર્દીઓ બહુ ઓછા હોય. વહેલી સવારે કેટલાક નોકરિયાત દર્દીઓ આવતા. રાત્રે આવેલો પ્રોફેસર નોંધે છે કે આખા વોર્ડમાં એક ટેકનિશિયન, એક નર્સ અને એક વોર્ડ બોય એમ ત્રણ જ સ્ટાફના માણસો હતા. રીટા પ્રોફેસરનું બી.પી માપવા આવી ત્યારે પ્રોફેસરે મગનભાઈની વાત કાઢી. પણ તે ન સમજી હોય તે રીતે બી.પી માપી દૂર ચાલી ગઈ. થોડીવાર પછી તે પાછી આવે છે. અને કહે છે,

'' સાહેબ, મારી નાઈટ ડ્યુટી હોવાથી મગનભાઈ સવારે આવતા હોવાથી અમે ભેગા થઈએ છીએ. ''

મગનભાઈ વિશે તેઓ વધુ વાત કરે ત્યાં તો ડાયાલિસીસ વિભાગમાં મગનભાઈનો પ્રવેશ થયો. પ્રોફેસર પૂછે તે પહેલાં જ મગનભાઈ કહી દે છે કે, '' મેં પણ સવારના બદલે આજે રાતનું ડાયાલિસીસ રાખ્યું હતું. '' આ બંને વાતો કરે છે ત્યારે રીટા ત્યાંથી દૂર ખસી ગઈ, તે બંનેમાંથી કોઈને ખબર ન પડી.

'' જુઓ સાહેબ, સવારે હું આવેલો ત્યારે મને ખબર પડી કે તમે બપોરના બદલે રાત્રે આવવાના છે. મારે તમારી સાથે ઘણી બધી વાતો કરવાની હતી. તેથી મેં પણ રાત્રિનું ડાયાલિસીસ ગોઠવ્યું. સાહેબ, પછી પેલી વાતનો તમે શો રસ્તો કાઢ્યો ? તમે મને માર્ગદર્શન આપો તે પ્રમાણે આગળ વધું. ''

'' જુઓ મગનભાઈ, હું કોલેજમાં નોકરી કરું છું. તમે જેવું વિચારો છો એ બાબતમાં હું પડું અને ક્યારેક કોઈ જાણે તો મારા વિશે શું વિચારે ? ''

'' એટલે શું તમે મને અધવચ્ચે જ લટકાવી દેશો ? તમારા તરફથી બહુ મોટી આશા રાખીને બેઠો છું. ''

'' મગનભાઈ, તમે તમારી આ વાતમાં મને ના નાખો તો સારું. અને તમને પણ મિત્રભાવે કહું છું કે તમે પણ આ બાબતમાંથી બહાર નીકળી જાવ.''

'' સાહેબ, કાંઈક રસ્તો કાઢી આપો. તમે આ મગનને ઓળખતા નથી. તે જે વિશે વિચારે છે તે કાર્ય ગમે તે ભોગે કરી લે છે. તેની ડિક્ષનરીમાં '' અશક્ય '' શબ્દ નથી. ''આટલું કહ્યા પછી જાણે કશુંક ગુમાવી લેવાનો અહેસાસ મગન અનુભવતો હોય એવું પ્રોફેસરને લાગે છે.

'' મગનભાઈ, હું પરોક્ષ રીતે કેટલીક વાત તમને કહીશ. પછી તમારી બુદ્ધિ પ્રમાણે તમને ઠીક લાગે તેમ કરજો. તમે કહો છો તે પ્રમાણે જીવનમાં કોઈ વસ્તુ '' અશક્ય '' નથી. જીવનમાં પૈસાનું ખૂબ મહત્વ છે. તે વાત તમે કબૂલ કરશો. કેમ કે તમે વેપારી માણસ છો. ''

'' સાહેબ, મને કંઈ સમજણ ના પડી. ''

''માણસ માત્ર પૈસાની પાછળ પડેલો છે. સ્ત્રી કે પુરુષ, યુવાન કે વૃધ્ધ બધાં જ પૈસાની પાછળ દોટ મૂકે છે. અને એટલે જ બધા માનવીઓ જીવનમાં પૈસાને મહત્વ આપી તે મેળવવા કોઈને કોઈ કામ કરતાં હોય છે. આના અનુસંધાનમાં તમે જેના વિશે વિચાર કરો છો તે સામાના વિશે વિચારી લેવું જોઈએ. સામી વ્યક્તિની જરૂરિયાત વિશેની માહિતી એકઠી કરી લેવી જોઈએ. જે દિશામાં તમે જવા માગતા હો એ દિશાનો પરિચય પૂરેપૂરો મેળવી લેવો જોઈએ.''

'' સાહેબ, ગોળગોળ વાતો ના કરશો. '' મગન બોલી ઊઠ્યો.

'' મગનભાઈ, વાત ગોળ-ગોળ નથી. સીધી છે. તમે વેપારી માણસ છો. વેપાર કરવાની કુનેહ તમારામાં છે. અને એ રીતે તમે જે ઈચ્છો છો તે મેળવી શકશો. ''

" મને સલાહ આપો કે હવે મારે શું કરવું? "

" જુઓ સલાહ આપનારો હું કોણ ? મેં અગાઉ પણ તમને કહ્યું છે કે તમે જે ઇચ્છો છો એ બાબતમાં તમને હું કશી મદદ કરી શકુંએમ નથી. હું તમને સામાજિક -વ્યવસ્થાની વાત કરીશ. તે સમજી તમે ચોખવટ કરી શકો છો. હું તમારી વાતમાં વચ્ચે નહીં આવું. તમે મને જે વાત કરી હતી તેનો રસ્તો ધારો તો તમે સહેલાઇથી શોધી શકો છો. સામાન્ય રીતે કેટલીક સ્ત્રીઓ માટે તમારા જેવા માણસો કાંઇક ને કાંઇક વિચારતા હોય છે. આમાં પુરુષોનો વાંક નથી. કેમ કે આવું સ્ત્રીઓ પણ ક્યારેક પુરુષો વિશે વિચારતી હોય છે. સંસારનો આ ક્રમ છે. પુરુષમાં ભ્રમરવૃત્તિ હોય છે. તેવી જ ભ્રમરવૃત્તિ સ્ત્રીમાં પણ હોય છે. બંને પક્ષે ક્યાંક અસંતોષ હોય, ત્યારે તે બીજી રીતે સંતોષ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે. પુરુષ પોતાની વાત કહી નાખતો હોય છે. જ્યારે સ્ત્રી તેની ઇચ્છા હોવા છતાં તે વાત કરતાં અચકાય છે. અને છેવટે તે પણ ગમે તે રીતે પોતાની ઇચ્છિત વસ્તુ મેળવી લે છે. ઘણી વખત મજબૂરી, અસંતોષ, વધુ પડતો મોજશોખ અને ક્યારેક ઘરની આર્થિક પરિસ્થિતિ, પૈસો મેળવવા માટે માણસ માત્રને - સ્ત્રી કે પુરુષને - મજબૂર બનવું પડે છે. "

" બસ સાહેબ, તમે તો બહુ બુદ્ધિશાળી. માનવું પડે ભાઇ, સીધી રીતે નહિ પણ પરોક્ષ રીતે તમે મારી આંખ ઉઘાડી દીધી. હું જે દિશા વિશે વિચારું છું એ દિશાએ હું થોડા સમયમાં પહોંચી જઇશ. "

ટેકનિશિયનને આવતો જોઇ મગન પોતાની પથારીમાં પહોંચી જાય છે.

## બાર

## રીટા સાથે ચર્ચા

" રીટા, તું હમણાંની મારાથી દૂર ભાગતી લાગે છે. એમ કેમ ? " મગને રીટા સિસ્ટરને લૉબીમાં મળતાં કહ્યું.

" તમને એવું લાગતું હશે પણ હમણાં બહુ કામ રહે છે. "

" એવાં તે કેવાં કામ છે ? તે આટલી બધી પરેશાન થાય છે ? "

" જુઓ મિસ્ટર, અમારા વ્યવસાયમાં રજા વધારે ન મળે. અને બીજું અઠવાડિયામાં એક દિવસ આરામનો મળે. અને તે દિવસે બહારના પણ કેટલાંક કામ હોય. એટલે પરેશાની વધી જાય. આખા ઘરનો બોજો મારી પર છે. તમને શી ખબર પડે. ઘર ચલાવવા પૈસા તો જોઇએ ને ? ઓછા તમે આપવાના છો ? " રીટા મારકણું સ્મિત કરતાં બોલી.

" તારે દર મહિને કેટલા પૈસા જોઇએ ? "

" વ્યવસ્થિત ઘર ચાલે એટલા."

" હવે સીધી વાત કર ને !"

" હજુ મેં વાત જ ક્યાં કરી છે. "

" બોલ તારી એક રજા મને આપે તે વખતે મારે તને કેટલા રૂપિયા આપવાના ? "

" તમે કેટલા રૂપિયા આપશો ? "

" તુ માંગે એટલા."

મગનને લાગ્યું કે તેનું કામ પરોક્ષ રીતે થઇ ગયું છે. એને ઘેર ગયો ત્યારે એણે જે બધી વાત કરી હતી એના અનુસંધાનમાં એણે જવાબ નહોતો આપ્યો. આજે તે ધીરે ધીરે એની વાતમાં સંમત થતી હોય એવું લાગે છે.

મગન રીટા સાથે આગળ વાત કરવાનું ઇચ્છે છે. ત્યાં તો ડાયાલિસીસ વિભાગના સિનિયર ટેકનિશિયનને દૂરથી આવતા જોતાં " ફરી મળીશું " કહેતીકને રીટા ત્યાંથી દૂર ભાગી ગઇ.

## તેર

## સફળતા

કેટલાક દિવસો વીતી ગયા. રીટાની સાથે વાત કરવાનો મોકો મગનને ન મળતાં મનમાં ને મનમાં તે ખીજાતો ગયો. બેચેની અનુભવવા લાગ્યો. શું કરવું કે ને ન કરવું તેની વ્યથા ભોગવવા લાગ્યો. વારંવાર ડાયાલિસીસમાં આવે ત્યારે અને ક્યારેક ડાયાલિસીસ ન હોય ત્યારે પણ મગન દવાખાનામાં આવતો. દિવસની ડ્યુટી હોય ત્યારે જાણી જોઈને રીટા મગનનું બી.પી લેવા બીજી નર્સને મોકલતી. મગન આ જોતો, ચિડાતો પણ ખરો. પણ કશું કરી શકતો નહિ. કેમ કે રીટા એકાંત મળે એ રીતે મગન પાસે આવતી જ નહોતી. પણ એક વખત '' પોઝિટીવ '' વિભાગમાં બપોરના સમયે મગન એકલો જ દર્દી હતો. પ્રોફેસર સુખદેવ પણ હજુ ડાયાલિસીસ માટે આવ્યા નહોતા. બીજા પણ દર્દીઓ ડાયાલિસીસ પતાવી ચાલ્યા ગયા હતા. રીટાની ત્યાં ડ્યુટી હતી. ત્રણ મશીનવાળા રૂમમાં મગનભાઈનું એકલું જ મશીન ચાલતું હતું. એ જ્યાં સૂતો હતો ત્યાંથી સામેના રૂમમાં કોઈ હરતું-ફરતું હોય, તો એવી વ્યક્તિઓને તે જોઈ શકતો. કહેવાનો મતલબ એ કે આ રૂમ તરફ કોઈ આવે તો એનો એને ખ્યાલ આવી જાય. આજે તો રીટા સાથે આગળની અધૂરી રહી ગયેલી વાતોનો ફેંસલો લાવવાનું તેણે નક્કી કરી દીધું હતું. રીટા પણ આજે તો ખુશ હતી. એ પણ મગનની પથારી પાસે, તે રૂમમાં બીજા દર્દીઓ ન હોવાને કારણે બાજુમાં પડેલી ખુરશીમાં આવી બેસી ગઈ. અગાઉની વાતનો દોર પોતાના હાથમાં લેતાં મગન કહેવા લાગ્યો :

'' પણ રીટા, એક વાત સમજી લે કે હું તને જાતીય સુખ નહીં આપી શકું.''

મગન એમ કહેતાં નીચું જોઈ ગયો.

'' કેમ ? ''

'' એ તું નહીં સમજે ! ''

'' તો, શું તમે પુરુષમાં નથી ? ''

'' રીટા, કિડનીના દર્દીઓ વચ્ચે તું નોકરી કરે છે તો પણ દર્દીઓની સાચી પરિસ્થિતિથી કદાચ તું વાકેફ નહીં હોઉં. મારી વાત ખરી ને ? ''

'' ના, થોડા જ સમય પહેલાં જનરલ વોર્ડમાંથી આ વિભાગમાં ટ્રાન્સફર થઈને આવી છું. એટલે મને કિડનીના દર્દીની સાચી વાત અને એ રોગ વિશે પણ હું વધારે જાણતી નથી. ''

'' જો કિડનીનો દર્દી '' કામ '' નો આવેગ અનુભવી શકતો નથી. એની ઈચ્છા હોવા છતાં એનાથી એ શક્ય ના બને.''

'' તો પછી, મારી એક રજા બગાડવાનો શો અર્થ ?''

'' તને ખબર હશે કે નાનું છોકરું ભૂખ્યું થાય છે ત્યારે એની માતાની છાતી ફંફોસે છે. ''

'' મને સમજણ ના પડી. ''

'' હું પણ નાના છોકરાની માફક જ સ્તો...''

'' એટલે તમે શું કહેવા માંગો છો ? ''

'' નાના છોકરાની માફક તું મને પણ .......''

''........... ''

'' બોલ, કેમ બોલતી નથી. તું મને .....''

'' પણ આ ઉંમરે ? ''

'' તેને ઉંમર સાથે શું લેવા દેવા? ''

'' હવે સમજી. તમારે આનંદ મેળવવો છે. ખેર ! હું તમને.... પણ મારે તરસ્યા રહેવાનું એમને?''

'' સ્ત્રી ધારે તો પુરુષથી તરસ મિટાવી શકે છે. સ્ત્રીને પણ પુરુષના જેવું બનવું પડે. રસ્તા તો ઘણા બધા છે.''

'' એ મારાથી નહિ બને ! ''

'' પૈસાનો ઢગલો કરું તોય ? ''

" તો, તો, હું તમારી કાયમ માટે બની જઈશ. "

" તું પૈસા માટે તૈયાર થાય છે ને ? એનો મતલબ મારા માટે તને કોઈ લાગણી નથી. "

" આખી દુનિયાના માણસો વૃધ્ધ કે યુવાન, સ્ત્રી કે પુરુષ બધાં પૈસાની પાછળ પડેલા છે.વખત આવે યુવાનીમાં પૈસા મેળવી લેવા જોઈએ કે જેથી મોટી ઉંમરે કમાવાનું ન રહે. "

" હવે પૈસાની વાત છોડ. બોલ, હવે ક્યારે રજા છે ? "

" હવે રજાનો પ્રશ્ન જ નથી. તમે કહેશો ત્યારે ગોઠવી દઈશું. હવે તમારે નક્કી કરવાનું."

" ભલે. "

સામેથી આવતા પ્રોફેસરને જોતાં મગને વાત ટૂંકાવી. પ્રોફેસરની સામે જોઈ તે ખંધુ હસ્યો. પ્રોફેસર સમજી ગયા કે મગનનું કામ થઈ ગયું છે.

" કેમ મગનભાઈ મજામાં ને ? અરે, રીટાબેન તમે પણ! કેમ આજે બપોરની ડ્યુટી છે? "

રીટા બોલે તે પહેલાં મગન બોલી ઊઠ્યો, " સાહેબ, રીટાની ડ્યુટી તો બદલાતી રહે છે. આજે આપણા ડાયાલિસીસ ના સમયે જ છે. અમે તો તમારી જ વાત કરતાં હતાં, તમને યાદ કરતાં હતાં. કેમ ખરું ને ? " મગન રીટા સામે જોઈ બોલ્યો.

" હા સાહેબ, અમે તમારી જ વાત કરતાં હતાં. નિયમિત આવનાર તમે આજે કેમ મોડા પડ્યા એવું અમે વિચારતાં હતાં. "

" જુઓને તમે યાદ કરતાં હતાં ને હું આવી ગયો. " અને ત્રણેય હસી પડ્યાં.

# ચૌદ

# મગનનો ભૂતકાળ

જ્યારથી રીટા સાથે બહાર જવાનું નક્કી થયું ત્યારથી જ મગન કલ્પનામાં રાચતો રહ્યો. રીટા સાથે હશે ત્યારે ક્યાં ક્યાં ફરવા જશે, એની સાથે શી-શી વાતો કરશે એવું મનો-મન ગોઠવવા લાગ્યો. એની નજર સમક્ષ એનો ભૂતકાળ ચિત્ર બનીને દેખાવા માંડ્યો.

મામાને ત્યાં રહીને મોટો થયો હતો. મુંબઈ જેવા ગીચો-ગીચ વસ્તી ધરાવતા શહેરમાં ખાવાનું તો ગમે ત્યાં મળી રહે પરંતુ રહેવાનું ના મળે. એનો મામો ભાણજી પહેરેલા કપડે વતનમાંથી મુંબઈ આવેલો. મુંબઈના પરા વિસ્તારમાં એક નાનકડી ચાલીમાં પોતાના વતનના દૂરના સંબંધીને ત્યાં એ શરૂઆતમાં રહ્યો હતો. આખો દિવસ બહાર કોઈને કોઈ ધંધો કરી થોડું ઘણું કમાઈ લેતો. રહેવા અને જમવાના પૈસા સંબંધીને આપતો. એના સંબંધીની ઘરથી બે-એક માઈલ દૂર નાની અનાજ કરિયાણાની દુકાન હતી. જ્યારે કામ ધંધો ના હોય ત્યારે ભાણજી, એના સંબંધીની દુકાન પર તેમને મદદ કરવા બેસતો. આમને આમ દસ વર્ષ વીતી ગયાં. તેમનો સંબંધી કે જેને અસહ્ય રોગ થવાથી, તબિયત સારી ન રહેવાથી અને ડૉક્ટરની સલાહને કારણે હવે કદાચ લાંબુ નહીં ટકી શકે તેથી વતનમાં ચાલ્યો જાય છે. ભાણજીને પોતાની ઓરડી અને દુકાન આપે છે. થોડા રોકડા અને બીજા કમાશે ત્યારે પૈસા મોકલશે એવી શરતે ભાણજી પોતાના સંબંધીની દુકાન લે છે. મુંબઈ જેવા શહેરમાં નાના-મોટા કામ કરી પૈસા કમાતો ભાણજી ઘર અને દુકાન પોતાની થતાં, દુકાનમાં જ મહેનત કરે છે. નસીબ તો પલટાયું. સંજોગોએ ઘર અને ધંધાવાળો તેને કરી દીધો. એ પણ મુંબઈ જેવા શહેરમાં. ભાણજી એકલો હોવાને કારણે, પોતાના ભાણેજ મગનને વતનમાંથી તેડાવી લે છે. અને મામા-ભાણેજ ભેગા થઈ દુકાન સંભાળે છે. મગન થોડું ભણ્યો છે. વતનમાં ક્યાંય બીજે નોકરી ન મળવાથી થોડી મૂડીથી ધંધો કરવાનું તે વિચારતો હતો. પણ મુંબઈ જેવા શહેરમાં મામાને ત્યાં રહી ફાજલ સમયમાં ભણશે કે નોકરી કરશે એટલા માટે તે મુંબઈ આવી જાય છે. મુંબઈ આવીને તે મામાને એના ધંધામાં મદદ કરે છે. ભણે છે પણ ખરો, નોકરીની તપાસ કરે છે. પણ નોકરીનું ઠેકાણું પડતું નથી. તેથી હવે મામાની દુકાન સંભાળવાનું નક્કી કરે છે.

બીજી તરફ ભાણજી ઘણાં વર્ષોથી હાથે ખાવાનું બનાવી થાકી ગયેલો. ઉંમર તો તેની મોટી થઇ ગઇ. કોણ કન્યા આપે? દર વર્ષે પંદરેક દિવસ તે વતનમાં જતો. પોતે પરણવા આવ્યો છે તેવી વાતો ઉડાડતો. પણ કોઇપણ પોતાની નાની ઉંમરની દીકરીને આપવા તૈયાર નહોતું થતું. ફરી તે મુંબઇ આવી જતો.

એવામાં એવું બન્યુ કે એના એક દૂરના સંબંધી રયજીનો પત્ર આવે છે. રયજી, તેની પત્ની કંકુ અને સોળેક વર્ષની દીકરી મીઠી સાથે મુંબઇમાં એક કામ માટે બે-ત્રણ દિવસ આવવાનું લખે છે. અને ભાણજી એને ત્યાં રહેવાની વ્યવસ્થા કરે તેવું ઇચ્છે છે. ભાણજી દૂરના સગાં હોવાને કારણે પોતાને ત્યાં રાખશે તેવો જવાબ લખે છે. અને બધાં એક દિવસ મુંબઇ આવી પહોંચે છે. મીઠી સુંદર અને દેખાવડી છે. હજુ તો માંડમાંડ હમણાં જ તેણે યુવાનીમાં પગ માંડ્યો છે. તેના શરીરનું બંધારણ ભરાવદાર હોવાને કારણે, સોળ વર્ષની ઉંમર હોવા છતાં વીસ-બાવીસ વર્ષની લાગેછે. ભાણજી, મીઠીને જોઇ રહે છે. તે રાત્રે જમ્યા પછી બધા બેઠા હોય છે. ત્યારે રયજી વતનમાંથી અહીં આવવાનો આશય સ્પષ્ટ કરે છે. વતનનો એક છોકરો અહીં છે, તેને જોવો છે. અને મીઠી માટે તેનું નક્કી કરવાનું છે.વાતવાતમાં રયજી ભાણજીને કહે છે. ‘ભાણજીભાઇ, તમે તો મુંબઇમાં સારૂ કમાતા હશો. અમારી પરિસ્થિતિ તો તમે જાણો છો. આ મીઠીના લગ્ન વખતે, થોડીક પૈસાની મદદ કરજો’. ભાણજી મદદ કરવાનું કહે છે.

ભાણજી, રયજીને લઇને બહાર નીકળે છે. ‘ફરતાં-ફરતાં વાતો કરીશું’, તેમ કહે છે. પોતાની દુકાન સુધી ચાલતો ચાલતો લઇ જાય છે. મુંબઇમાં પોતે બહુ સુખી છે તેવું કહે છે. ભાણજી, રયજીને સમજાવે છે. આ બંને દૂરના સંબંધીઓ છે. “ ઘી ઢળે તો ખીચડીમાં ઢળે. ” એમ કહી, જો રયજી ઇચ્છે તો પોતે મીઠી સાથે પરણવા તૈયાર છે. લગ્નનો બધો ખર્ચ તે ઉઠાવશે અને રયજી અને કંકુ જીવે ત્યાં સુધી એમને નાણાંકીય મદદ કરશે.

રયજી તો સંમત થાય છે, પણ કંકુને અને મીઠીને પૂછવું પડે. ફરીને આવ્યા પછી રયજી, કંકુ અને મીઠીને લગ્નની વાત કરે છે. આર્થિક સ્થિતિએ નબળો રયજી, કંકુ અને મીઠીને લગ્ન માટે સમજાવે છે.

મીઠી માટે છોકરો જોવા આવેલા રયજી અને કંકુ છોકરો જોવાનું બંધ રાખી, બીજે દિવસે ભાણજી અને મીઠીનું લગ્ન ગોઠવી દે છે. બે-ચાર દિવસ સાંકડે-માંકડે ભાણજીને ત્યાં રહી દીકરીને પરણાવવાનો આનંદ અનુભવતા રયજી અને કંકુ વતનમાં ચાલ્યા જાય છે.

આ તરફ ભાણો મગન મામાને દુકાનમાં વધુ પડતી મદદ કરવા લાગ્યો. ત્રણેય જણનો એક નાની ઓરડીમાં સમાવેશ થઇ જતો. રાત્રે શયનખંડ, વહેલી સવારે બાથરૂમ પછી રસોડું, બપોરે આરામ માટેની જગ્યા. સાંજનું પાછું રસોડું અને રાત્રે પાછો શયનખંડ. સમગ્ર દિવસ અને રાત્રિ દરમ્યાન આમ, રૂમમાં દૃશ્યો પલટાતાં રહેતાં. મામા દુકાનેથી બપોરે ન આવતા હોવાથી તેમનું ટીફીન તે દુકાને પહોંચાડતો. મામા જમીને થોડોક આરામ કરે ત્યાં સુધી મગન આવનાર ઘરાકોને સાચવતો, પછી ઘરે આવતો. ઘેર મોટાભાગનો સમય મામીને ભાણેજ વાતોમાં વિતાવતાં.

ભાણજી અને મીઠીની ઉંમરમાં વીસેક વર્ષનું અંતર હતું. મગન અને મીઠી લગભગ સરખી ઉંમરનાં હતાં. પતિ સાથેના ઉંમરનો તફાવત મીઠી જાણતી હતી.

મીઠીએ પોતાના પિતાની આર્થિક પરિસ્થિતિ સારી ના હોવાને કારણે અને બીજું કે પોતાને ભાઇ ન હતો, માતા-પિતાની પાછલી ઉંમરમાં ભાણજી મદદરૂપ થાય એટલા માટે જ લગ્નની હા પાડી હતી.

મુંબઇ જેવા શહેરમાં ઘણાં વર્ષ સુધી એકલો રહેલો ભાણજી પોતાની યુવાનીને સંતોષવા ગમે તે રીતે પ્રયત્ન કરતો. વધું પડતા એના પ્રયત્નોને કારણે ચેપી રોગનો ભોગ બનેલો. ડૉક્ટરે તેને સલાહ આપેલી કે તેને લગ્નની ઝંઝટમાં નહિ પડવું જોઇએ. કેમ, કે તેને થયેલો રોગ ફેલાય. છતાંય મોટી ઉંમરે કોઇ એને કન્યા આપે છે, તે વતનના લોકોને જણાવવા માટે જ લગ્ન કરી લીધાં. સોળેક વર્ષની મીઠી જેને હમણાં સંસારનો ખ્યાલ નહિ આવે, એકાદ બે વર્ષ એમને એમ કાઢી નાખશે તેમ માની એને એક ડૉક્ટરે કહેલું કે અમુક પ્રકારની દવા ખાશો તો રોગ કાબૂમાં આવી જશે. તેથી મીઠીના સંપર્કમાં બહુ આવવું ના પડે એટલા માટે મોટાભાગનો દિવસ અને મોડી રાત સુધી પોતાના ધંધ ામાં રચ્યો-પચ્યો રહેતો. આખા દિવસનો થાકેલો તે જમી પરવારી સીધો જ પથારીમાં પડતો તે વહેલું સવાર થાય. આમને આમ દિવસો વીતતા ગયા. છ એક મહિના સુધી તો મીઠી નાની ઉંમરની હતી તેથી સમાજ વ્યવસ્થાનો તેને ખ્યાલ ન આવ્યો. પણ મુંબઇ જેવા શહેરમાં હરતાં-ફરતાં લોકો એને અથડાતાં,

કેટલાક તો સામુ જોઈ હસતા અને હીનચાળા પણ કરતાં. આ બધી બાબતોને લઈને અને બીજું પોતાનો પતિ પોતાનાથી દૂર કેમ ભાગે છે એ એને કશીય ખબર નથી પડતી. પોતાનો ભાણેજ મગન કે જેનાથી મીઠી નાની હતી. મોટા ભાગનો સમય ઘરમાં રહેતી ભાણેજ સાથે. મામી ભાણેજ ઘણી બધી વાતો કરતાં. એવામાં એક દિવસ દેશમાં નજીકના સંબંધીનું મૃત્યુ થયું તેથી બે-ચાર દિવસ માટે ભાણજીને વતનમાં જવાનું થયું. જતાં જતાં ભાણજીએ મગનને કહ્યું, '' મગન, તારી મામીનો ખ્યાલ રાખજે, દુકાન બરાબર સંભાળજે અને તારી મામીને જે જોઈએ તે બજારમાંથી લઈ આપજે. ''

ભાણજી વતનમાં પહોંચી ગયો. વતનમાંથી એણે પોતાની દુકાનની બાજુની દુકાનમાં ફોન કરી મગનને બોલાવ્યો અને ફોનમાં કહ્યું, '' વતનમાં બે-ચાર દિવસ વધુ રોકાવું પડશે. એટલે મારી ચિંતા કરશો નહિ. '' ભાણજીને વતનમાં ગયે બે દિવસ થયા. આ બાજુ મીઠીના મનમાં જુદા-જુદા વિચારો આવવા લાગ્યા. મીઠીની નજર યુવાન અને પડછંદ દેહ ધરાવતા ભાણિયા તરફ હતી. પતિ દ્વારા ન સંતોષાયેલી પોતાની વૃત્તિ કેવી રીતે સંતોષે -એવું યુવાન સુંદર ૩૫-૩૫ના અંબાર સમી -મીઠી વિચારતી હતી. પોતાનો પતિ પોતાની તરફ જોતો નહોતો. એનું કારણ તો તે શોધી શકી નહી. લગ્ન પછી પતિ તરફથી જે સંતોષ પ્રાપ્ત થવો જોઈએ તેની ઊણપ રહી ગઈ. એથી તેની નજર ભાણિયા તરફ ગઈ. એના મનમાં એક વિચાર આવ્યો, '' વાત બહાર ના જાય અને ઘરની વાત ઘરમાં જ રહે એમ બને તો કેવું સારું? '' અને તે જ દિવસે વહેલી પરવારી મગનનું ખાવાનું ઢાંકી રાખી, ઓરડીનું બારણું ખુલ્લું રાખી અને સૂવાનો ઢોંગ કરતી, તે પથારીમાં પડી ગઈ. મોડો દુકાનેથી પરવારી મગન આવ્યો. ઘરમાં જુએ છે તો મામી સૂઈ ગયાં હતાં. મામીને બોલાવે છે, ખાવાના માટે. મીઠી કહે છે, ''આજે મારી તબિયત સારી નથી. ખાવાનું ઢાંકી રાખ્યું છે. ખાઈ લો.'' એક જ નાની રૂમમાં રહેતાં હોવાથી એક બાજુ મામી, વચ્ચે મામા અને પછી મગન એમ સૂવાનો આ રોજીંદો એમનો ક્રમ હતો. મગન ઢાંકેલી થાળી લઈ જમવા બેસી જાય છે. જમ્યા પછી ઉંઘ ન આવવાને કારણે વાંચવાની ચોપડી લઈ તે વાંચે છે. રોજ તો ઘેર આવી તે મામી સાથે વાતચીત કરતો અને ઊંઘ આવે ત્યારે સૂઈ જતો.

એની આંખો ઘેરાવા લાગે છે. વાંચવાનું બંધ કરી લાઈટની સ્વીચ ઓફ કરી તે સૂઈ જાય છે, અને ભર ઉંઘમાં પહોંચી જાય છે. સવારે તે જાગે છે ત્યારે જે જુએ છે કે તેનાં મામી તેને વળગીને સૂઈ ગયાં હતાં. ધીરે રહી તે પોતાના શરીરને મામીથી દૂર કરે છે અને નાહી પરવારીને રોજના કરતાં વહેલો દુકાને પહોંચી જાય છે.

મામાની ગેરહાજરીમાં પોતે મામાને ટીફીન આપવા જતો એ રીતે મામી ટીફીન આપવા આવે છે. આજે જાણે કે તેણે કોઈ ગૂનો કર્યો હોય તેમ મામી સામે જોતો નથી. એને એમ કે મામી ઠપકો આપશે. પણ મામીના વર્તનમાં તેને કોઈ ફર્ક દેખાતો નથી. મામી રાતની વાત કરતાં નથી. તેથી મગનને સંતોષ થાય છે.

તે રાત્રે મગન ઘેર જાય છે. ત્યારે જુએ છે કે મામી તેની રાહ જોતાં બેઠાં હોય છે. એને જે વસ્તુ બહુ ભાવતી હતી તે મામીએ બનાવેલી. રોજ તો મગન ખાઈને ઉઠે ત્યાર પછી મામી જમવા બેસતાં .આજે તો મીઠી એ પ્રેમથી મગનને જમાડ્યો. આગ્રહ કરી કરીને ખવડાવ્યું. મગન પણ આશ્ચર્યમાં ડૂબી ગયો એને એમ કે મામી આજે બદલાઈ ગયાં છે કે શું ? તે રાત્રે અંધકારના ઓછાયા નીચે મીઠી એ ભાણજીને બદલે મગન પાસેથી જે જોઈએ એ બધું જ પ્રાપ્ત કરી લીધું.

બે-ચાર દિવસ પછી ભાણજી વતનમાંથી પાછો આવે છે. કોણ જાણે કે કેમ એને ઓરડી બદલાઈ ગયેલી લાગે છે. આવું કેમ થયું હશે ? તેની કલ્પના કરી શકતો નથી. પણ કંઈક થયું છે જરૂર. એવું તો શું થયું છે એની કશી ખબર નથી પડતી.

બે-એક માસ પછી મગનને દુકાને મૂકી કંઈક કામ માટે ભાણજી ઘેર આવે છે. ત્યારે મીઠી ભાણજીને એક સારા સમાચાર આપે છે, '' પોતાના ઘરમાં એક નવું મહેમાન આવશે. '' એ સમાચાર જાણતાં ભાણજીનો ક્રોધ આસમાને પહોંચી જાય છે. અને એકદમ મીઠીના ગાલ પર તમાચો મારી દે છે. ક્રોધિત થયેલો તે પૂછે છે, '' કોના પાપની તું મને વાત કરે છે'' અને ઘરની બહાર નીકળી જાય છે. મગન દુકાનેથી પાછો આવે છે અને જુએ છે કે મામા નથી. રડતી મામીને એ બધું પૂછે છે. મામી બધી જ વાત કરે છે. કલાકેક પછી ભાણજી પાછો આવે છે. કશું જ ના બન્યું હોય તેમ હસતો-હસતો બધા સાથે વાત કરે છે. મીઠી કે મગનને ખબર નથી કે ભાણજી કોઈ ચેપી રોગનો ભોગ બનેલો છે.

બીજે દિવસે ભાણજી મગનને દુકાને બોલાવે છે. વેપાર ધંધાની સમજ પાડે છે. નાણાંની લેવડ-દેવડની વાત કરે છે. પોતે થોડા દિવસ બહાર જવાનો છે એટલે ધંધાને અને તેની મામીને સાચવવાનું કહે છે. આમ કહી તે દુકાનેથી બારોબાર ચાલ્યો જાય છે. એ ક્યાં ગયો તેની આજ સુધી કોઇને ખબર પડતી નથી.

## પંદર

## કિડનીનો ગેરકાનૂની કારોબાર

અહીં દવાખાનામાં ડાયાલિસીસ વિભાગમાં દર્દીઓની સંખ્યા વધતી જ જાય છે. જો કે ડાયાલિસીસ કરાવવા આવતા દર્દીઓનો સમય અને દિવસ જુદાજુદા હોવાથી તેમના સમયે જેટલા દર્દીઓ આવે તેટલાનો જ પરિચય તેમને થાય. બાકી બીજા કેટલા કિડનીના દર્દીઓ છે એની ખબર ના પડે. રોજને રોજ જોતા હોઇએ એમાંનો કોઇ દર્દી થોડા દિવસ ડાયાલિસીસ માટે ન આવે ત્યારે ડાયાલિસીસમાં આવતા દર્દીઓ, ન આવનાર દર્દી માટે એવું માની લે કાં તો એનું કિડની '' પ્રત્યારોપણ '' થઇ ગયું હશે કાં તો....

મોટે ભાગે કિડનીના દર્દીઓ આવું વિચારતા હોય. અહીં રાજગઢની હોસ્પિટલમાં આવતા દર્દીઓ વિશે એક દિવસે મગન પ્રોફેસર સુખદેવને કહે છે કે, '' સાહેબ એક પ્રશ્ન ઘણા વખતથી મૂંઝવે છે. મને સલાહ આપો કે અહીં આવતા દર્દીઓની જ્ઞાતિ કઇ અને કેટલી ઉંમરના દર્દીઓ આવે છે. હું તો મારા સમયે આવતા દર્દીઓમાં મોટા ભાગે મોટી જ ઉંમરના દર્દીઓ જોઉં છું, એટલે પૂછવું પડ્યું. ''

'' જુઓ મગનભાઇ, અહીં દવાખાનામાં આવતા દર્દીની જ્ઞાતિ ન જોઇ શકાય. મારી દ્રષ્ટિએ તો બધા માણસો જ છે. કોઇ પણ ધર્મના અમુક જ માણસને કિડનીનો રોગ થાય એવું નથી. અહીં જ્ઞાતિ જોવાતી નથી, વૃધ્ધ કે યુવાન છે તે પણ જોવાતું નથી, સ્ત્રી કે પુરુષ એવું પણ નથી .કિડનીનો રોગ કોને ક્યારે ભરખી જાય તે કહી શકાય તેમ નથી. અમુક જ માણસની કિડની નિષ્ફળ જાય એવું નથી. આ રોગ ઉંમર જોતો નથી. કોઇપણ ઉંમરના માનવીને પીડાકારક આ રોગ છે. અહીં આ હોસ્પિટલમાં આપણે બધાં એક જ કિડનીના દર્દી છીએ એમ માનવું રહ્યુ. જો કે તમારો પ્રશ્ન બહુ વ્યાજબી છે. હું તો મગનભાઇ એમ કહું કે જેનો જન્મ થાય છે તે સુખ-દુઃખ પોતાની સાથે જ લઇને આવે છે. જેને જ્યારે જે ભોગવવાનું થાય ત્યારે તે ભોગવવું જ પડે છે. મારી વાત સમજ્યા?''

'' સાહેબ તમે સારું માર્ગદર્શન આપ્યું. આ રોગ અમુક જ માનવીઓને કેમ થતો હશે. ''

'' જુઓ મગનભાઇ, અમુક માનવીઓ એટલે તમે શું કહેવા માંગો છો એ હું બરોબર જાણું છું. કદાચ તમને ખબર નહીં હોય કુદરતનો ક્રમ સ્પષ્ટ છે કે જેનો જન્મ થયો છે તેનો નાશ થવાનો જ. મૃત્યુ તો ક્યારેક નિમિત્ત બનીને આવે છે. મૃત્યુ કોઇનેય છોડતું નથી. જેનું જે રીતે મૃત્યુ થવાનું છે તે નિશ્ચિત છે. મનુષ્ય તેમાં કંઇ જ ના કરી શકે. હવે હું જે કહેવા માંગુ છું એ છે કે કિડનીનું દર્દ અમીર કે ગરીબ કોઇના ભેદભાવ રાખતું નથી. ગરીબ કે અમીર બધાં જ હોસ્પિટલના ખાટલે એક જ છે. અને તેઓ જેટલું દુઃખ લઇને આવ્યા હશે એ દુઃખ સહન કરતાં રહેશે. અને અંતે એક દિવસ આ દર્દથી છુટકારો પામશે. ''

પ્રોફેસર સુખદેવ અને મગનભાઇ ચર્ચાઓ કરે છે ત્યાં જ વોર્ડબોય એક ફાઇલ મગનભાઇને આપે છે.

મગનભાઇને કહે છે, '' સાહેબ, તમને ખબર નહીં હોય કે અવારનવાર હું પણ થોડા લેખો લખું છું. કિડનીના દર્દ પછી આ દર્દ વિશેના મેં ઘણાં પુસ્તકો વાચ્યાં. કિડનીના ભ્રષ્ટાચાર અંગેના સમાચાર પણ દૈનિક પેપરમાં વાંચ્યા. એના અનુસંધાનમાં મેં એક લેખ લખેલો. જેનું નામ મેં આપેલું. '' કિડની વેચવાનાં થતાં કૌભાંડો'' અને એ લેખ તમને બતાવવા લાવવાનું ભૂલી ગયેલો. તેથી વોર્ડબોય પાસે ગાડીમાંથી ફાઇલ મંગાવી. તેમાં લેખ છે તે વાંચી જુઓ.'' એમ કહી મગન પોતાનો લેખ પ્રોફેસર સુખદેવને વાંચવા આપે છે. પ્રોફેસર સુખદેવ જુએ છે કે મગનભાઇ એ સુંદર લેખ લખ્યો છે. તે ધીરેધીરે વાંચવા માંડે છે.

''ભારતમાં જ નહિ પણ સમગ્ર વિશ્વમાં કિડની વેચવાનો કરોડો રૂપિયાનો ગેરકાનૂની કારોબાર થતો

રહે છે. મનુષ્ય માત્રને જીવવા માટે તેના શરીરનું મહત્વનું અંગ કિડની કાર્ય કરવાનું છોડી દે તો માણસ મુશ્કેલીમાં મૂકાઇ જાય. કિડની શરીરનો કચરો શરીરની બહાર નીકળતા પેશાબ દ્વારા બહાર ફેંકે છે. સાથોસાથ લોહીને શુધ્ધ કરવાનું પણ તે કાર્ય કરે છે. મનુષ્યનું આ કુદરતી અંગ નિષ્ફળ નીવડે તો માણસ મુશ્કેલીમાં મૂકાઇ જાય. સ્ત્રી કે પુરુષ, યુવાન કે વૃદ્ધ દરેકને લાંબુ જીવવાની જીજીવિષા હોય છે. કુદરતના ક્રમ પ્રમાણે જેનું સર્જન થાય છે તેનું વિસર્જન એક દિવસે થવાનું જ છે. એ માણસ માત્ર જાણતો હોવા છતાં મૃત્યુથી દૂર રહેવાનું પસંદ કરે છે. મૃત્યુનું નામ સાંભળતા જ એ ઢીલો પડી જાય છે. અને એટલે જ ઘણાં માણસો તેમના શરીરનું એક અંગ કિડની નિષ્ફળ ગઇ છે એ જાણતાં જ રડારડ કરી મૂકે છે. કોઇપણ રીતે બીજાની કિડની લઇ પોતે જીવવા માંગે છે.

ભારતના વિવિધ રાજ્યોમાં કિડની વેચાય છે તેવા કૌભાંડો અવારનવાર જાણવામાં આવે છે. ભારતનાં કેટલાંક એવા શહેરો છે કે પુરુષોની કિડની ઓછી કિંમતે મેળવીને બ્રિટીશ કિડની પેશન્ટોને વેચવાના મોટાં કૌભાંડ ચાલે છે. એક શહેર તો એવું છે કે ત્યાંના રહેવાસીઓ અડધાથી મોટી વયના પુરુષોએ તેમની એક કિડની વેચી પૈસા રોકડા કરી લીધા છે. લંડનના એક અખબારમાં એક સમાચાર એવા પણ હતા કે અવયવનું '' પ્રત્યારોપણ '' કરાવવા માંગતા સેંકડો બ્રિટીશ દર્દીઓ ભારતમાંના જીવિત દાતાઓ પાસેથી કિડની, આંખની કીકી અને વૃષણ પણ ખરીદી ગયા છે.

કેટલાક ડૉક્ટરો પોતાના પ્રાઇવેટ દવાખાનામાં કિડની પ્રત્યારોપણનું કામ કરે છે. એક ડૉક્ટરની અઢળક સંપત્તિનું કારણ એ કિડનીનો વેપાર કરતો હતો તેવું લોકમુખે ચર્ચાતું. એ ડોક્ટર કે જેણે કિડનીનું લે-વેચ બજાર શરૂ કર્યું હતું. એક પેશન્ટને કિડની અપાવવા માટે મોટી રકમ તે કમાતો હતો. આવા ડૉક્ટરની સાથે ક્યારેક કેટલાક રાજકરણીઓ પણ જોડાયેલા હોય છે. કેટલાંક રાજ્યોમાં તો કિડની પ્રત્યારોપણના ત્રણેક હજાર જેટલા કેસો નોંધાયા છે. સામાન્ય માણસ આનાથી કેટલી રકમની લેવડ દેવડ થઇ હશે એની ગણતરી કરે તો એને ખ્યાલ આવે કે કિડની વેચવાનો વેપાર કરી કોણ કેટલો ફાવે છે. સમગ્ર દેશમાં કિડની વેચનારા અને ઊંચી કિંમત આપીને કિડની ખરીદનારા અને કિડની વિદેશમાં સપ્લાય કરનારાઓની સંખ્યા દિવસે-દિવસે વધતી જાય છે.

એક પ્રસંગ એવો જાણમાં આવેલો કે એક બાવીસેક વર્ષનો કેરાલિયન યુવક નોકરીની શોધ માટે પોતાનું વતન છોડી મુંબઇ આવેલો. મુંબઇ મોહમયી નગરી કહેવાય છે. ભારતના ઘણાં બધાં રાજ્યોના યુવક-યુવતીઓ જીવનથી જ્યારે નિરાશ થઇ જાય છે ત્યારે કામ-ધંધાની શોધમાં મુંબઇ જવા નીકળી પડે છે. સિનેમાનો ઉદ્યોગ બહુ જ વિકસિત હોવાથી ત્યાં કામ મળી રહેશે તેવી આશાઓ સાથે કેટલીક યુવાન છોકરીઓ પણ સિનેમાની સૃસ્ટિને નિહાળી અભિનેત્રી બનવાના સ્વપ્ન લઇને પણ આવતી હોય છે. યુવકો પણ આમાં બાકાત નથી. મુંબઇ આવ્યા પછી, હાથમાં રહેલા પૈસા ખૂટી જતાં જેમ તેમ દિવસો કાઢવા પડે એવી પરિસ્થિતિ સર્જાતા ઘેરથી ભાગીને આવેલા છોકરા-છોકરીઓ જીવન જીવવા માટે ગમે તે વ્યવસાય કરી લે છે.

મનીષ નામનો પેલો કેરાલિયન છોકરો એકાદ વર્ષની રઝળપાટ પછી પણ સ્થિર નોકરી મેળવી શકતો નથી. છેવટે એક હોટલમાં વેઇટરની નોકરી તે સ્વીકારે છે. મુંબઇ વિશે એમ કહેવાય છે કે ખાવાનું ગમે ત્યાંથી મળે પણ રહેવા માટે ઘર મળવું મુશ્કેલ છે. રોજને રોજ હજારો માણસ બીજા રાજ્યોમાંથી પોતાના સ્વપ્નોને સાકાર કરવા મુંબઇમાં આવતા હોય છે. એમાંનો એક મનીષ હતો. તે જે દૈનિક પૈસા મેળવતો તેમાંથી તે કશું જ બચાવી શકતો નહિ. પરિણામે પોતાના ગામમાં, પોતાના નિરાધાર માબાપને પૈસા કેવી રીતે મોકલાવી શકે ? થોડાક દિવસતો કામનો ઢસરડો કર્યો. પણ તે થાકી ગયો. કંટાળી પણ ગયો. અને છેવટે તેણે એક નિર્ણય લીધો કે આના કરતાં તો ગામમાં જઇને નાના મોટા કામ કરી પોતાનું અને પોતાના માબાપનું પેટ તો ભરી શકશે.

મનીષની વર્તણૂંકમાં ફેર પડેલો જાણી હોટલ માલિક વિચારે છે કે આ છોકરો કોઇ મૂંઝવણમાં પડી ગયો છે તેથી એના મનની વાત જાણવાનો પ્રયત્ન કરે છે.

'' જુઓ, અહીં તમારે ત્યાં મેં ઘણાં સમયથી વેઇટરની નોકરી કરી છે. આ નોકરી દરમ્યાન મારું પોતાનું ભરણપોષણ પણ માંડમાંડ થાય છે. તો પછી હું ગામડે રહેતાં મારા મા બાપને પૈસા કેવી રીતે મોકલી શકું ? છેલ્લા કેટલાય દિવસથી આ મારી મૂંઝવણને કારણે હું મારા વતનમાં ચાલ્યો જવા માંગુ છું. '' મનીષે પોતાની વાત હોટલ માલિકને કહી.

" તારે ખૂબ પૈસાની જરૂર છે ? " હોટલ માલિક મનીષની વાત સમજી, પોતાની બુધ્ધિ પ્રમાણે વાત કરે છે.

" હા. " ધીરે રહીને મનીષ કહે છે.

" હું અહીં જે પગાર તને આપું છું, એના કરતાં પણ, તું ધારે એના કરતાં વધારે પૈસા તને મળે તો ? "

" જો એમ થાય તો મારા મા-બાપને સારા એવા પૈસા હું મોકલાવી શકું. " આટલું કહી મનીષ હોટલ માલિક તરફ તાકી રહ્યો. એને લાગ્યુ કે એની હોટલના માલિક એને કોઇ સ્વપ્ન તો વેચતો નથી ને ? હોટલ માલિક ગમે તે વિચારતો હોય, મનીષ બીજું જ વિચારતો હતો. તેને પોતાના માલિકની વાતમાં રસ પડવા લાગ્યો. હોટલ માલિક શું કહે છે એ જાણવા તે ઉતાવળો થયો. અને બોલ્યો, " તમે મને વિગતે વાત કરો. મને કશી જ સમજણ પડતી નથી. તમે મને કહો કે મારે શું કરવાનું છે. "

હોટલ માલિક સમજી ગયો કે મનીષને તેની વાતમાં રસ પડ્યો છે. તેથી એણે પોતાની પાસે સાચવી રાખેલું એક છાપાનું કટીંગ બતાવી તેને કહ્યું, " મનીષ, તારે કશું જ કરવાનું નથી. અને મારે પણ કશું કરવાનું નથી. આ વાંચ, અને એમાં આપેલી જાહેર ખબરનું સરનામું નોંધી ત્યાં પહોંચી જા. "

મનીષને જે છાપાનું કટીંગ આપવામાં આવ્યું હતું તે અંગ્રેજી ભાષામાં પ્રગટ થતા છાપાનું હતું. તેમાં એક જાહેરાત છપાઇ હતી -

" વોન્ટેડ કીડની ડોનર ...."

" ઓ પોઝિટીવ ગ્રુપની કિડનીની જરૂર છે. જે કોઇ કિડની આપવા તૈયાર થશે તેને તે કહે તેટલું વળતર આપવામાં આવશે. નીચેના સ્થળે સંપર્ક કરો : "

"બે-એ મુનસી મેન્સન, વાલકેશ્વર, મુંબઇ. "

આ જાહેરખબર વાંચ્યા પછી પણ મનીષ કશુ સમજી શક્યો નહિ. એને થયુ કે આ જાહેરાતથી એને કશો ફાયદો થવાનો નથી. પોતાના હોટલ માલિકે અની મશ્કરી તો નથી કરીને ? હોટલ માલિક તેને પોતાની નજીક બોલાવી એના કાનમાં કંઇક કહે છે. મનીષ બધું જ સમજી જાય છે.

બીજે દિવસે મનીષ જાહેરાતનું " કટીંગ " લઇને જાહેરખબરમાં જે સરનામું આપ્યું હતું ત્યાં શાંતિથી પહોંચી જાય છે. ત્યાં જઇને તે જુએ છે કે એક નાનું દવાખાનું હતું. તેની માફક બીજા પણ દસ-બાર યુવાનો બેઠા હતા. થોડીવાર પછી તેની મુલાકાત એક ડૉક્ટર સાથે થાય છે. ડૉક્ટર મનીષનું બ્લડગ્રુપ તપાસે છે.ખાતરી પણ કરી લે છે કે તેની કિડની માફક આવે એવી છે કે કેમ. ડૉક્ટર મનીષને પૈસાની લાલચ આપે છે. તે જો પોતાની એક કિડની દાન આપે તો ઓછામાં ઓછા પચાસેક હજાર રૂપિયા તો તેને જરૂર મળે. આટલી મોટી રકમ તો તેણે એક સાથે કોઇ દિવસ જોઇ નહોતી. આટલી રકમ તેને મળે તે જાણી તે હરખાઇ ગયો. જોતજોતામાં તો ડૉક્ટરની વાતમાં એ ભોળવાઇ ગયો. આટલી મોટી રકમ એક અજાણ્યા ડૉક્ટર પાસેથી તેને મળે તે જાણી મનીષને મન તો ડૉક્ટર પોતાની દ્દષ્ટિએ દેવ જેવો લાગ્યો.

મનીષને ખબર નહોતી કે આ ડૉક્ટર દેવ નથી પણ દાનવ છે. મનીષ જેવા યુવકોની ગરીબાઇ દૂર કરવામાં ડૉક્ટરને કોઇપણ જાતનો રસ નહોતો. પરંતુ આર્થિક મુશ્કેલીમાં પડેલા યુવાનોની કિડની દ્વારા લાખો રૂપિયા પેદા કરી શકે એ ડોક્ટરની વાત મનીષ જાણતો નહોતો. ડોક્ટરના સ્વાર્થથી તે અજાણ હતો. ભારત જેવા દેશમાંથી આવા યુવાનોની કિડની સસ્તામાં લઇ આરબ દેશના લોકોમાં "પ્રત્યારોપણ " કરી ડૉક્ટરો ઘણું બધું કમાઇ લેતા હોય છે.

હવે મનીષની ડૉક્ટર સાથેની મુલાકાતો વધતી ગઇ. બે-એક અઠવાડિયામાં મુંબઇની એક મોટી ખાનગી હોસ્પિટલમાં ઓપરેશન કરી એની કિડની કાઢી લેવામાં આવે છે. તે જ હોસ્પિટલમાં બીજા ઓપરેશન થીયેટરમાં સારવાર લઇ રહેલી અસ્મા નામની એક આરબ સ્ત્રીના શરીરમાં એ કિડનીનું "પ્રત્યારોપણ " કરવામાં આવે છે. આમ આ આરબ સ્ત્રીને જીવતદાન મળે છે. આ આરબ સ્ત્રીના ઓપરેશનના બદલામાં ડૉક્ટર પાંચ લાખ જેટલી રકમ કમાઇ લે છે. ડૉક્ટરે વાત થયા પ્રમાણે મનીષને પચાસ હજાર રૂપિયા આપવા જોઇએ. પરંતુ ડૉક્ટર પંદર હજાર રૂપિયા મનીષને ચૂકવે છે. બાકી રહી ગયેલી રકમ મનીષને ચૂકવાશે કે કેમ એ વાત કોઇ જાણી શકે તેમ નથી.

આવી ઘટનાઓ મુંબઇ જેવા શહેરમાં સામાન્ય બની રહે છે. મુંબઇ જેવા શહેરમાં કે ભારતના જુદાજુદા રાજ્યો અને નગરોમાં પણ દર્દીની જાણમાં કે જાણ બહાર કિડની કાઢી લેવાનું એક મોટું કૌભાંડ ચાલે છે. આર્થિક દૃષ્ટિએ નબળા પડી ગયેલા મોટાભાગના ગરીબ યુવકો કે યુવતીઓને, એમની આર્થિક પરિસ્થિતિની સમજણ આપી કે પૈસાની લાલચ આપી તેમની એક કીડની કાઢી લેવામાં આવે છે. કેટલીક વાર તો એવું પણ બને છે કે દવાખાનામાં કોઇ બિમાર દર્દી હોય તેના શરીરમાં કોઇ બીજું જ ઓપરેશન કરવાનું હોય તે વખતે દર્દી કે દર્દીના સગાસબંધીઓ ન જાણે એ રીતે તેમની કિડની કાઢી લેવામાં આવે છે. ને પૈસાદાર દર્દીઓને મોં માગ્યા પૈસા લઇ એ કિડની '' પ્રત્યારોપણ '' કરી એમને જીવતદાન આપવામાં આવે છે.

કિડનીના ધંધામાં રોકાયેલા કેટલાક માણસો જેમનો વ્યવસાય જ કિડનીના દાતાઓ શોધવાનો છે. તેઓ મોટેભાગે કેટલાક ગરીબ યુવાનોની લાચારીની જાણ થઇ જતાં, તેમની સાથે સંબંધો વધારી ધીરે ધીરે પોતાની વાતમાં ખેંચી લે છે. ધીરેથી તેના મનમાં ઠસાવે છે કે,

''તારુ શરીર સ્વસ્થ છે.તારો દેખાવ પણ સારો છે. માણસ એક કિડનીથી જીવી શકે તો તારા શરીરની બે કિડનીમાંથી એકાદ કિડની કોઇ જરૂરિયાતવાળા દર્દીને આપી શા માટે મોટી રકમ કમાઇ લેતો નથી ? એક મોટી રકમ મળતાં જ તારી તાત્કાલિક બધી જરૂરિયાતો - ચિંતાઓ દૂર થઇ જાય. ''

સામાન્ય રીતે બહુ ચાલાકી પૂર્વક કહેલી આ વાતો, આર્થિક દૃષ્ટિએ મૂંઝવણ અનુભવતા અને બેકારીના કારણે જીવનથી હતાશ થઇ ગયેલા યુવાનોને આ ધંધા તરફ જવાનું મન કરાવે છે.

આજના જમાનામાં ઓછી મહેનતે વધું નાણાં કમાઇ લેવાની ઇચ્છા મોટેભાગે યુવક-યુવતીઓ કરતાં હોય છે. આજનો યુવાવર્ગ ચલચિત્રો કે ટી.વી. સિરીયલો જોતો હોય છે. તેમના પાત્રોની સાહ્યબી જોતાં પોતે પણ આવું કેમ ન મેળવી શકે એવું વિચારતા થઇ જાય છે. ચલચિત્રો કે ટી.વી સિરિયલોમાં પાત્રો જે વાત કરે છે તે વાતો પાંચ-દસ લાખની નહીં પણ કરોડો રૂપિયાની કરે છે. યુવક-યુવતીઓનું માનસ આને કારણે બગડતુ હોય છે. રાતોરાત એમને લાખોપતિ થઇ જવું છે. નાણાંનો અસંતોષ, યુવાન યુવક-યુવતીઓને પીડતો હોય છે. ચલચિત્રોના છંદે યુવકો જ નહિ પણ એના કરતાં યુવતીઓમાં વધુ અસર દેખાય છે. શરીર ઉપરના ઓછાં વસ્ત્રો અને સહેલાઇથી મળતાં નાણાં એમને ગમે તે રસ્તે ચાલવા માટે મજબૂર કરતા હોય એવું લાગે છે. જો કે આજના યુવક-યુવતીઓ સામે ચાલીને જ પોતાનો પૈસા પ્રત્યેનો અસંતોષ પૂરો કરવા માટે દોડી જતા હોય એવું લાગે છે અને યુવતીઓ પણ કોઇપણ જાતનો છોછ દાખવ્યા સિવાય ગમે ત્યાં પોતાની જાતને ફેંકી દેવા તૈયાર થાય છે. એમને તો ફક્ત મોજશોખના સાધનો માટે ગમે તે રીતે પૈસા પેદા કરવા છે. અને કિડનીના દર્દીઓ યુવક-યુવતીની પૈસા તરફની દોટને સમજીને એનો લાભ લઇ લે છે. અને છેવટે કિડનીના દલાલો બહુ અસરકારક રીતે એમની વાત યુવાનોને સમજાવે છે. અને તેઓ એકવાર સાચી કે ખોટી વાત થોડીક પણ સમજી લે તો પછી એમને સહેલાઇથી કિડની આપવા માટે તૈયાર કરી દેવામાં આવે છે.

સમગ્ર ભારતમાં કિડનીના વેચાણનું અને મોટેભાગે ખરીદવાનું એક મોટું કૌભાંડ ચાલે છે. જેની પાસે બહુ જ પૈસો છે, મોજશોખનાં ઘણાં જ સાધનો છે, શ્રીમંતાઇ છે, પૈસો ક્યાં મૂકવો તેમને માટે મોટો પ્રશ્ન છે. આવા માણસો પોતાની લોહી ગ્રુપની કિડની મોટેભાગે યુવાન અને સ્વસ્થ વ્યક્તિની લેવાની પસંદ કરે છે. કેમકે એ લોકોને લાંબુ જીવવું હોય છે. એટલા માટે આવા યુવાનો મોં માંગી રકમ મળે તે રીતે પોતાની કિડની દાનમાં આપવાનું નક્કી કરે છે અને આપે છે પણ ખરા !

સમગ્ર ભારતમાં ચાલતા કિડનીના કૌભાંડો ક્યારેક જ બહાર પડે છે. એ માહિતી જે તે રાજ્યના છાપામાં છપાય એટલે બીજા રાજ્યમાં ભાગ્યેજ જાણી શકાય.

''લેખનું લખાણ સારૂં છે'', કહી પ્રો. સુખદેવ, મગનભાઇને અભિનંદન આપે છે.

# ડૉ. સાથે બોલાચાલી

પ્રોફેસર સુખદેવ હવે અઠવાડિયામાં બે વખત ડાયાલિસીસ માટે આવવું એમ વિચારે છે. વધુમાં ત્યાંના ડૉક્ટર સાથે તેને બોલાચાલી થઇ હતી તે પણ આમાં નિમિત્ત બને છે. આજ અરસામાં તેની નાની દીકરીનો વિવાહ ગોઠવાય છે. લગ્ન લેવાનું પણ નક્કી કરી દીધું. વેવાઇ પક્ષ તો તાત્કાલિક લગ્ન લેવાનું વિચારતા હતા. પણ તેનો દીકરો પરદેશ હોવાથી એ આવે ત્યારે જ લગ્ન ગોઠવાય તેવું કહે છે. વેવાઇ પક્ષ તેની વાત માને છે અને લગ્નની વાત પણ નક્કી થઇ જાય છે. લગ્નનો દિવસ ગુરુવારનો આવે છે. તે વખતે તે અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસ માટે આવતો. મંગળવાર, ગુરુવાર અને શનિવારે.

તેના યુનિટના ડૉક્ટરને તે મળે છે. સારવાર દરમ્યાન તેની સાથે રહેતી તેની દીકરી પણ છે.

'' ડૉક્ટર સાહેબ, આવતા ગુરૂવારે મારી બહેનનું લગ્ન હોવાથી મારા પપ્પા ડાયાલિસીસ માટે આવશે નહિ. '' તેની દીકરી કહે છે.

'' જુઓ, તમારે આવવું જ પડશે. તમે એક વખત ના આવો તો મુશ્કેલીમાં મૂકાઇ જશો. મહેરબાની કરીને ન આવવાનું જોખમ ઉઠાવશો નહિ. હું તમને ન આવવાની પરવાનગી નહીં આપી શકું. '' ડૉક્ટર ગુસ્સે થઇને કહે છે.

'' ડૉક્ટર સાહેબ, ક્યા જોખમની તમે વાત કરો છો ? તમને કદાચ ખબર નહીં હોય કે દીકરીનું કન્યાદાન દેવામાં મોતનું જોખમ આવે તો પણ હું ઉઠાવવા તૈયાર છું. મારે ફરજીયાત આવવું પડશે તેવું તમે કહેનાર કોણ ? અને જુઓ હવે હું ત્રણને બદલે બે વખત અઠવાડિયામાં ડાયાલિસીસ માટે આવીશ !'' એમ કહી પ્રોફેસર ડોક્ટર સાથે ઝઘડી પડે છે. અને ડોક્ટર પણ કદાચ ગુસ્સે થયેલા પ્રોફેસરને જોતાં '' ભલે, ભલે તમારે જે કરવું હોય એની છૂટ છે. '' એમ કહી પોતાની કેબિનમાં દાખલ થઇ જાય છે.''

પ્રોફેસર વિચારે છે કે અહીંના ડોક્ટરો આવા તે કેવા ? દર્દીના સામાજીક પ્રસંગો વિશે તે કશું વિચારતા નથી. તેમની નજર તો ગમે તે રીતે દર્દી વધુમાં વધુ ડાયાલિસીસ પર આવે એ તરફ રહેતી. તેમનો તો સુપરવીઝન ચાર્જ વધતો જ રહે ને !

અને હવે પ્રોફેસર સુખદેવ અઠવાડિયામાં ત્રણ ને બદલે બેવાર જ ડાયાલિસીસ માટે આવે છે.

## સત્તર

# રામભાઇ પટેલ સાથે ચર્ચા

દિવસો વિતતા જાય છે. દરરોજ વહેલી સવારે નિયમિત તે કોલેજમાં જાય છે. પોતાના ફરજના કાર્યો તે કરતો રહે છે. પ્રિન્સિપાલ શાહે, ડાયાલિસીસ માટે રાજગઢ હોસ્પિટલમાં જવાનું થાય ત્યારે પોતાના વર્ગો લઇ દસ વાગ્યા પછી જ તે જાય તેવી વ્યવસ્થા કરી આપી હતી. ગુજરાતી વિભાગના વડા અને એના સાથી અધ્યાપકોએ એના જવાના દિવસોમાં દસ વાગ્યા પછી નો કોઇ પિરીયડ લેવાનો ન થાય તેવું ટાઇમ ટેબલ ગોઠવી આપ્યું હતું, જેથી તેની ગેરહાજરીમાં વિદ્યાર્થીઓનું ભણતર ન બગડે. એના બે જુવાન સાથી અધ્યાપક મિત્રો ક્યારેક એના વતીના એકાદ બે પિરીયડ પણ લઇ લેતા અને તેને આરામ કરવાનું પણ કહેતા. આમને આમ દિવસો વિતતા જાયછે. પ્રોફેસર સુખદેવના રોજિંદા કાર્યો થતાં રહે છે. શરૂઆતમાં તેની તબિયતની ખબર અંતર પૂછતા લોકો હવે તેના દર્દથી ટેવાઇ ગયેલા હોવાથી તેના દર્દ વિશે બહુ ચર્ચા કરતા નથી.

તેના ગામના વયોવૃધ્ધ રામભાઇ પટેલ જ્યારે જ્યારે ભેગા થાય ત્યારે એના દર્દની અને સારવારની નાનામાં નાની બાબતોની પૂછપરછ કરી માહિતી મેળવતા હતા. રામભાઇ પટેલ અને પ્રોફેસર સુખદેવ બંને શરૂઆતમાં એમ વિચારતા હતા કે કોઇપણ દર્દીને પહેલાં ત્રણ ડાયાલિસીસ, એમાંથી એક ઓછું થાય તો બે ડાયાલીસીસ અને બેમાંથી એક ઓછું થાય તો એક ડાયાલિસીસ. આમ દર્દ મટવા આવ્યુ છે એમ માનતા.

રામભાઇ કાયમ પૂછતા, '' ત્રણના બે ક્યારે થશે ? '' પ્રોફેસર સુખદેવ જો કે એનો જવાબ આપી શકતો નહોતો. અને હસી પડતો. તેણે દર્દની શરૂઆતમાં એમ માનેલું કે ધીરે ધીરે ડાયાલિસીસ ઓછા થતાં જશે અને તે સાજો થઇ જશે. પણ એની એ માન્યતા ખોટી હતી.

જેમજેમ દિવસો વિતતા જાય છે તેમ તેમ દર્દી તરીકેના અનુભવો અને આ દર્દનું સાહિત્ય વાંચી તે ડોક્ટરોને પ્રશ્ન પૂછતો રહે છે. અને ડોક્ટરના જવાબોમાંથી તે એક તારણ કાઢી શક્યો કે, આ રોગ કોઇને બચાવી શકે તેમ નથી. હા, ફક્ત એક જ બાબત છે કે કદાચ વિધાતાના નિર્માણ પ્રમાણે થોડો સમય દર્દીને બચાવી શકાય અને એય '' કિડની પ્રત્યારોપણ '' ની વિધિ સિવાય કોઇ રસ્તો નથી.

અભિમન્યુ યુધ્ધના સાત કોઠામાં પ્રવેશવાનો રસ્તો જાણતો હતો. પરંતુ પાછા નીકળવાનો રસ્તો એ જાણતો નહોતો. મહાભારતના યુધ્ધમાં યુધ્ધભૂમિમાં સાત કોઠાનો વ્યુહ કૌરવો દ્વારા ઘડાય છે. ત્યારે અભિમન્યુ પોતાની સાથે મદદમાં પોતાના કાકા ભીમ અને બીજાઓ છે એમ વિચારી આગળ વધતો રહે છે. જેમ જેમ આગળ વધે છે તેમ તેમ તેની સાથે આવેલા બધાથી તે વિખૂટો પડતો જાય છે. અને અંતે સાતમા કોઠામાં તે પ્રવેશ કરે છે. અને ત્યાં યુધ્ધના નિયમોને નેવે મૂકી ઊભેલા સાત મહારથીઓ યુવાન અભિમન્યુને હણી નાખે છે. આ દર્દનું પણ એવું જ છે.

આ દર્દની જાણકારી મેળવ્યા સિવાય ડાયાલિસીસ કરવાનું દર્દી સ્વીકારે તો તેનો પ્રથમ કોઠામાં પ્રવેશ થાય છે. અને એક દિવસ એવો આવે છે કે તે પોતે પ્રવેશેલા કોઠામાંથી બહાર નીકળી શકતો નથી. અભિમન્યુ જેમ એકેએક કોઠો ભેદતો સૈનિકો સામે લડતો પોતાની શક્તિ વેડફતો આનંદના અતિરેકમાં આગળ વધતો સાતમા કોઠામાં પ્રવેશે છે. ત્યારે તે ખૂબ થાકી ગયો હતો. એવા યુવાન પર એકી સાથે સાત મહારથી તૂટી પડે છે. અને છેવટે ભગવાન કૃષ્ણએ જે ધાર્યું હતું તે પ્રમાણે અભિમન્યુ વીરગતિ પ્રાપ્ત કરે છે. અહીં પણ સતત ડાયાલિસીસના કારણે શરીરના હાડકાં ધીરે ધીરે દુર્બળ બની જતાં, શરીર અશક્ત થતાં ધીરે ધીરે પોતાની જાતે જ દર્દી અંતિમ કોઠામાં પ્રવેશ કરે છે. અને ત્યાંથી તે બહાર નીકળી શકતો નથી. મોટા ભાગના દર્દીઓ પોતાની જાતે જ કે બીજાના સહારે ડાયાલિસીસ કરાવવા આવે છે તે બધાં આખરે અંતિમ કોઠામાંથી બચવાનો કોઇ ઉપાય ન રહેતાં, '' સ્ટ્રેચર '' માં બીજાઓ દ્વારા પોતાને વતન પહોંચતા હોય છે. આમ ….. , તેના જીવનનો અધ્યાય પૂરો થઇ જાય.

હવે પ્રોફેસર સુખદેવનો આવવા જવાનો ક્રમ નિશ્ચિત થઇ ગયો છે. રામભાઇ પટેલ કહેતા હતા તેમ તેના ત્રણમાંથી બે ડાયાલિસીસ થયાં. પણ ઓછા થવાનું કારણ તેને સાજા થવાની દિશામાં લઇ જતું નહોતું. બે ડાયાલિસીસના મંગળવાર અને શુક્રવાર કાયમી દિવસ ગણાયા. દર્દની શરૂઆતના દિવસોમાં દવાખાનાની સૂચના મુજબ ખાવા પીવીાનો કંટ્રોલ બીજા દર્દીઓની માફક તેણે પણ રાખેલો. પણ ધીરે ધીરે પેલી ગુજરાતી કહેવતની માફક '' ઊંટ કરે ઢેકા તો માણસ કરે કાઠા.'' એ ન્યાયે કિડનીના દર્દીઓ પણ એમના ડાયેટીંગ કાર્ડ પ્રમાણે જો ખાવાનું રાખે તો તેઓ કશું જ ના ખાઇ શકે. તેથી કેટલાક દર્દીઓ ડાયાલિસીસ કરાવવા આવે તેના એક કલાક પહેલાં ભાવતી વસ્તુઓ ખાઇને આવતા અને એમ કહેતા કે, '' ખાધેલું ડાયાલિસીસમાં નીકળી જાય. '' પણ આમ જીવ બધું ખાવા ટેવાયેલો હોય તો પોતાને ઘેર પણ ખાઇ લેતો અને તેથી મુશ્કેલી સર્જાય. જો કે કેટલીક વાર ડૉક્ટરો પણ જુદીજુદી માહિતી ધરાવતા હોવાથી અમુક ખવાય ને અમુક ન ખવાય તેવી સલાહ આપતા. જ્યારે બીજા ડૉક્ટર તેનાથી જુદી જ સલાહ આપતા.

પ્રોફેસર સુખદેવ વિચાર કરે છે કે, '' પોતાની રીતે જ ખોરાક અને પ્રવાહીમાં જો કંટ્રોલ મૂકી દીધો હોય તો જ પોતે લાંબુ ટકી શકે. '' એટલે તે પોતાની થીયરી પ્રમાણે ખોરાક અને પ્રવાહી પર કંટ્રોલ રાખે છે. જો કે જ્યાં જરૂર પડ્યે ત્યાં અમુક ખોરાક અને પ્રવાહી પણ તે લે છે. અત્યાર સુધી તે પોતાની રીતે જ જીવતો હતો. આ દર્દના પુસ્તકોના અભ્યાસ પરથી અને દર્દીઓની જુદી જુદી પરિસ્થિતિ જોતાં તે એક જ તારણ પર આવ્યો હતો કે આ દર્દના દર્દીઓએ પોતાની જાતે જ આ રોગ સામે લડવું જોઇએ. ઓળખીતાં, સગાં-વ્હાલાં કે મિત્રો આશ્વાસન જ આપશે. બહુ ઓછા માણસો સાચી હૂંફ આપતા મળી રહેશે. એના સંપર્કમાં આવતા દર્દીઓને,'' આત્મ વિશ્વાસથી જીવો અને દર્દની સામે લડો. મૃત્યુથી ગભરાશો નહિ. જે માણસો મૃત્યુથી ગભરાય છે, તે વહેલાં ખલાસ થઇ જાય છે. વ્યકિતનું દૃઢ મનોબળ તેને આ દર્દમાંથી બચાવી લેશે. બચાવવું એટલે દર્દ મટી જશે એમ નહિ. પણ

આયુષ્યને થોડું વધારવું. સાજા માણસો ક્યારેય ભવિષ્યની ચિંતા નથી કરતા તો કિડનીના દર્દીએ શા માટે ભવિષ્યનું વિચારવું જોઇએ નિયતિના નિર્માણ પ્રમાણે કોઇ આંચ આવવાની નથી.'' અને એ રીતે તે બીજા દર્દીઓને સમજાવતો ગયો. તે પોતે ક્યારેક કહેતો રહેતો કે, '' આ માંદગીના સમય દરમ્યાન વજન (વેઇટ)નું નિયંત્રણ, આહારનું (ડાયેટ) નિયંત્રણ અને નિયમિત ડાયાલિસીસ જે વ્યક્તિ કરાવે છે તેના આયુષ્યમાં થોડા વર્ષો વધી જાય છે. ''

અને આમ પ્રોફેસર સુખદેવ અને તેના સંપર્કમાં આવેલા સમજુ દર્દીઓ વેઇટ, ડાયેટ એન્ડ ડાયાલિસીસની થીયરી , સમજી બધુ જ ભગવાન ઉપર છોડી શાંતિથી દિવસો પસાર કરે છે. ''

# અઢાર

# રીટા સાથે શરત

રક્ષાબંધનના દિવસે મગનનું ડાયાલિસીસ હતું. તે જ દિવસે પ્રોફેસર સુખદેવનું પણ ડાયાલિસીસ હતું. રક્ષાબંધનની આગલી સાંજે લગભગ દસેક વાગ્યે દવાખાનાના સિનિયર ટેકનિશિયન ભૂપેન્દ્રભાઇનો પ્રોફેસર સુખદેવને ત્યાં ફોન આવે છે. ફોન પર તેઓ કહે છે, '' સાહેબ, કાલે સવારે જગ્યા છે. તમારે આવવું છે ? ''

સુખદેવ તરત જ '' હા '' કહી દે છે અને સવારે સાત વાગ્યે દવાખાનામાં પહોંચશે તેવું પણ કહે છે. પ્રોફેસરના મનમાં એમ કે રક્ષાબંધનનો દિવસ છે તેથી ડાયાલિસીસ વહેલું પતે તો તેની બેન સાથે થોડો સમય બેસી શકાય.

દવાખાનામાં તે છ-પિસ્તાળીસ વાગ્યે પહોંચી જાય છે. સાત વાગ્યે તેનું ડાયાલિસીસ શરૂ થઇ જાય છે.

ડાયાલિસીસ શરૂ થાય એના પછી અડધાએક કલાકમાં તે વોર્ડ બોયને બોલાવે છે. એને પૈસા આપે છે અને કહે છે, '' બધા માટે - જેને પીવાની ઇચ્છા હોય તે બધાને પૂછી ચા મંગાવી લો. ''

એટલામાં રીટા ત્યાં આવે છે. તે કહે છે, '' સાહેબ, એકલી ચા તો પેટમાં વાગે ! '' કહેતીકને પ્રોફેસર સુખદેવનું બી.પી. માપવા લાગે છે.

'' કેમ, ચા સાથે નાસ્તો પણ કરવો છે ? ''

'' ના, નાસ્તો મારે તો કરવો નથી, પણ આજે તમારી માટે હું નાસ્તો લાવી છું. બપોરે આવશો પછી હું આપીશ એવું નક્કી કરેલું પણ તમે તો સવારે આવી ગયા. ખેર ! થોડું કામ પતાવી નાસ્તો લઇને આવું છું. ''

પ્રોફેસર સુખદેવનું બી.પી માપ્યા પછી તે બીજા દર્દીઓનું બી.પી. માપવા ચાલી ગઇ.

દસેક મિનીટમાં તે પાછી આવી. તેના હાથમાં એક સ્ટીલનો ડબ્બો હતો. તે સુખદેવની ડાબી બાજુ ખોલીને મૂકે છે. અને કહે છે કે, '' આમાં ચેવડો અને પેંડા છે. બીજું આ સાથે બાંધેલું ખોખુ છે. તેમાં પણ ચેવડો અને મિઠાઇ છે. એ તમારે ઘેર લઇ જવા માટે છે. શાંતિથી નાસ્તો કરો. પછી હું ખાલી ડબ્બો લઇ જઇશ. ''

પ્રોફેસર સુખદેવ ટેબલ મંગાવે છે. વોર્ડબોયની મદદથી બેઠો થાય છે. જમણો હાથ જેના પર '' નીડલીંગ '' કર્યું છે તે હાથને વોર્ડબોયની મદદથી ટેબલ પર મૂકે છે. અને પછી ધીરે રહીને નાસ્તાનો ડબ્બો નજીક લે છે. ડાબા હાથે ચેવડાનો ફાકો મારે છે. તરત જ એને ખ્યાલ આવે છે કે આ પ્રકારનો ચેવડો તેણે ઘણીવાર ખાધો છે. સ્નેહી મિત્રોને પણ ખવડાવ્યો છે. પણ અત્યારે ક્યાંનો છે તે નક્કી કરી શકતો નથી. પણ પેંડો હાથમાં લેતા અને મોંમા મૂકતાં જ તેનો સ્વાદ ચાખતાં જ તેને ખ્યાલ આવી જાય છે.

અરે ! આ તો રાજકોટની દૂધની ડેરીના '' ગોપાલ પેંડા'' અને ચેવડો તો લીમડા ચોકનો રસિકભાઇનો .....

તો ..... શું ખરેખર રીટા રાજકોટ જઇ આવી. રીટાને પૂછ્યા સિવાય જ ખબર પડી ગઇ કે રીટા અને મગનભાઇ બંને રાજકોટ જઇ આવ્યા છે. આજે મગનભાઇ ડાયાલિસીસ માટે આવશે ત્યારે તેના ચહેરા પરથી બધુ જ ખબર પડી જશે.

તેણે રીટાને પૂછવાનું માંડી વાળ્યું. બી.પી.નો સમય હોવાથી રીટા આવેલી. સવારે મોટા ભાગે દવાખાનામાં દર્દીઓ ઓછા હોય છે. એટલે એક નર્સ અને એક ટેકનિશિયન નાઇટ ડ્યુટીવાળા જ હોય. આઠેક વાગ્યે બીજો સ્ટાફ આવે.

" સાહેબ, પેંડા અને ચેવડો કેવો લાગ્યો ? "કહેતાં રીટા પ્રોફેસરનું બી.પી. માપવા લાગી.

" કેવો એટલે ? મને કશી ખબર ના પડી. "

" મારું કહેવું એમ કે અમુક શહેરની કેટલીક વસ્તુઓ બહુ પ્રખ્યાત હોય છે. તમે ઘણે બધે ફર્યા હશો. તમે એક વખત કહેલું કે તમને જુદા જુદા શહેરોની પ્રખ્યાત વસ્તુઓ ખાવાની ટેવ છે. એથી મેં કહ્યું. "

" જો રીટા, ચેવડો અને પેંડા મોંમા મૂકતાં જ ખબર પડી ગઇ કે આ ક્યાંથી આવ્યા હશે ?"

" બોલો કયા શહેરના છે તે તમે કહી શકશો ? બોલો મારવી છે શરત ? "

" જરૂર, પણ શરતમાં શું ? "

" તમે જીતી જાવ તો તમે માંગો તે મારે આપવું અને ખોટા પડો તો હું માંગુ તે તમારે આપવું. "

" કબૂલ છે પણ પાછળથી શરત પ્રમાણે જ વર્તવું પડશે."

" જરૂર, તો કહો ક્યાંનો ચેવડો અને પેંડા છે ? "

પ્રોફેસર સુખદેવ જાણી ગયો હતો કે ચેવડો અને પેંડા કયા શહેરના છે. પણ રીટાને મોંએ જાણવા અને રીટા જીતે એવું કરવા માટે પ્રોફેસર જાણ્યા છતાં અજાણ્યા બને છે અને ખોટું કહે છે.

" જો રીટા, ચેવડો ભાવનગરનો અને પેંડા શિહોરના છે. બોલ, હું જીતી ગયો ને ? "

" તમે હારી ગયા. રાજકોટના લીમડાચોકમાં આવેલી રસિકભાઇની દુકાનનો ચેવડો છે. અને પેંડા રાજકોટની ડેરીના " ગોપાલ પેંડા " છે. તમે આટલા બધાં શહેરોમાં ફર્યા છો. પણ તમે પકડી શક્યા નહિ. " કહેતા રીટા હસી પડી.

" તો તો હું હારી ગયો એમ ને ? "

" તમે હારી ગયા પણ, હું તો જીતી ગઇને ! "

" શરત પ્રમાણે તું માંગે તે મારે આપવું પડે. બોલ તારે શું જોઇએ છે ? "

" અત્યારે હું કશું માંગતી નથી. પણ જ્યારે હું માંગું ત્યારે તમે આપેલા વચન પ્રમાણે તમારે આપવું પડશે. બરોબરને ? "

" કબૂલ, તું જ્યારે જે માંગીશ તે આપવા હું બંધાયેલો છું."

એટલામાં તો મગનનાં દર્શન થયાં. રીટા હસતી - હસતી ત્યાંથી વિદાય થઇ ગઇ.

મગન પ્રોફેસરને "કેમ છો ?" કહીને તેમની પથારીની પાસેની ખુરશીમાં બેસે છે. મગનને ખ્યાલ નથી કે રીટા સાથેની વાતચીતમાં પ્રોફેસર સુખદેવે જાણી લીધું કે રીટા રાજકોટ ગઇ હતી. રીટા એકલી નહીં હોય, સાથે મગન પણ હશે ! કદાચ મગને તેમની વાત પ્રોફેસર જાણે છે એટલે રીટાને કદાચ ઇશારો પણ કર્યો હોય અને તેથી જ રીટા પ્રોફેસર માટે રાજકોટનો નાસ્તો લાવી હશે અને પરોક્ષ રીતે રીટાએ કહી દીધું કે મગન સાથે બહારગામ જઇ આવી છે.

પણ સામે બેઠેલો મગન કેમ કશી વાત નથી કરતો. પ્રોફેસર કશું પૂછતો નથી. તે કશું બતાવવા પણ માંગતો નથી. મગનની તબિયત વિશે તે પૂછે છે.વાતચીત દરમ્યાન મગન કોઇ બાબતમાં ખોવાઇ જતો હોય તેવું પ્રોફેસરને લાગે છે, મગન જ્યાં સુધી વાત ન કરે ત્યાં સુધી પ્રોફેસર કશું જ પૂછવા માંગતા નથી.

ત્યાં તો ટેકનિશિયન ભૂપેન્દ્રભાઇ આવી પહોંચે છે અને કહે છે, " ચાલો મગનભાઇ તમારું " નીડલીંગ " કરી દઉં. "

તેથી મગન ઊભો થઇ " ફરી મળીશું " કહી પોતાની પથારીમાં ચાલ્યો ગયો.

# ઓગણીસ

# નવો દર્દી

પ્રોફેસર મહેતા કોલેજની નોકરી પતાવી પ્રાફેસર સુખદેવને એની ઓફિસમાં મળવા આવે છે. વાતવાતમાં તેમણે કહેલું કે, '' તેમની કોલેજના ભૂતપૂર્વ ફિઝિકલ ઈન્સ્ટ્રક્ટર શાહની પણ બંને કીડની નિષ્ફળ નીવડી છે. રમતગમતના અધ્યાપક તરીકે વર્ષો સુધી કોલેજમાં કામ કર્યા પછી ઉંમર થવાને કારણે તેઓ નિવૃત્ત થયા. અને હવે નિવૃત્તિ પછી આરામ કરવાનો સમય આવ્યો ત્યારે તેમની બંને કિડની નિષ્ફળ નીવડી છે. '' પ્રોફેસર સુખદેવને આ વાત જાણી દુઃખ થાય છે. જો કે પ્રોફેસર મહેતાએ, મિસ્ટર શાહને પ્રોફેસર સુખદેવની કિડની નિષ્ફળતાની વાત કરેલી ખરી.

વધુમાં પ્રોફેસર મહેતા કહે છે કે, '' તેમના મોં અને બંને પગે સોજા રહેતા હતા. આને કારણે તેમણે ડૉક્ટર પાસે શારીરિક તપાસ કરાવી. સ્થાનિક ડોક્ટરે તેમને સલાહ આપી કે તેમની બંને કિડનીમાં બગાડ છે. તેથી તેમણે મોટી હોસ્પિટલમાં બતાવવા જવું જોઈએ. જો કે આ વાત સાંભળતા જ શાહના હાંજા ગગડી ગયા. ઢીલા પડી ગયા. રડવા પણ લાગ્યા. પોતાનું શું થશે ? એની ચિંતામાં ગમે તેમ બડબડાટ કરવા લાગ્યા. ઘરમાં કંકાશ ઊભો થાય તેવું વાતાવરણ તેમણે સર્જી દીધુ. આ દર્દની તે ગંભીરતા સમજતા હતા. એટલે માનસિક રીતે ભાંગી પડ્યા. '' હવે મારું શું થશે ? '' એવું જ રટણ કરતા રહે છે. ડાયાલિસીસ વિભાગમાં તમને ભેગા થાય તો તમે થોડું આશ્વાસન આપજો. '' એમ કહી શાહના દર્દની કેટલીક વિગતો મહેતાએ કહી. પ્રોફેસર સુખદેવ મહેતાને કહે છે કે, '' મહેતા, એ મૂર્ખ માણસને સમજાવો કે એનું જે થવાનુ હશે તે થશે પણ આમ રોંદણાં રડવાથી એનાં ઘરવાળાનું શું થશે એમ એણે ન વિચાર્યુ ? '' સુખદેવની વાતમાં મહેતા સંમત થાય છે.

પછી તો કિડનીના નિદાન પછી પ્રોફેસર શાહ હોસ્પિટલમાં દાખલ થઈ જાય છે. અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસ કરાવવા પણ જતા થઈ ગયા. વહેલી સવારે પાંચ વાગ્યે દવાખાનામાં પહોંચતા હોય છે. તેમને સહાનુભૂતિ આપવા અને મદદ કરવા ગુજરાતીના પ્રોફેસર કાછિયા પણ તેમની સાથે આવે છે. ઘણી બધી વાત મહેતા દ્વારા પ્રોફેસર સુખદેવે જાણી હતી. અને તેથીજ પોતાના નિર્ધારીત સમય કરતાં એક કલાક વહેલો તે ડાયાલિસીસ માટે જાય છે. શાહ વિશેની તે માહિતી મેળવે છે. તપાસ કરતાં ખબર પડી કે તબિયત બગડતાં મિસ્ટર શાહને દવાખાનામાં દાખલ કર્યા છે અને એકાદ કલાક પછી તેનું ડાયાલિસીસ છે.

સુખદેવ વિચારે છે કે આજે પરીખની ખબર-અંતર પૂછી શકાશે. આજે એની પથારી એવી જગ્યાએ હતી કે જ્યાંથી આખો જનરલ વોર્ડ તે જોઈ શકતો. તેનું '' નીડલીંગ '' થયા પછી સૂતો સૂતો પુસ્તક વાંચે છે. આજે તે એ રૂમમાં એકલો જ દર્દી હતો. ઓચિંતી તેની નજર સામે જાય છે. કોઈને કશું પૂછતી એક યુવતી પર તેનું ધ્યાન ખેંચાય છે. એ આશ્ચર્ય પામે છે. આવું રૂપ દવાખાનામાં ક્યાંથી ભૂલું પડ્યું ? તે તેના તરફ તાકી રહે છે. પ્રોફેસર આશ્ચર્ય અનુભવે છે. બીજી ક્ષણે આવનાર યુવતી પ્રોફેસરની પથારીની બાજુમાં પડેલી ખુરશીમાં કોઈપણ જાતની ઔપચારિકતા દર્શાવ્યા વિના બેસી જાય છે. તે હાંફતી હતી. થોડો થાક ખાય છે. અને પછી, '' તમે જ પ્રોફેસર સુખદેવને ? '' પ્રોફેસર સુખદેવ કોઈ જવાબ આપે તે પહેલાં ફરી તે બોલી ઊઠે છે, '' મિસ્ટર શાહ મારા પપ્પા થાય. '' જો કે તે ગભરાયેલી હતી. શું કહેવું તે શબ્દો તેની પાસે નહોતા. તેની આંખોમાંથી આંસુ નીકળે છે. તે કશું જ કહી શકતી નથી. જો કે પ્રોફેસર મહેતાએ કહેલું કે, '' શાહ આ માંદગીને કારણે હતાશ થઈ ગયા છે. વારંવાર રડ્યા કરે છે. જીંદગીમાં ક્યારેય ન જોયું હોય એવું અનુભવે છે. '' પ્રોફેસર સુખદેવ શાહ વિશે ઘણું બધું જાણતો હતો. શાહની દીકરી તેની પાસે કેમ આવી હશે તે સમજી જાય છે. પેલી છોકરી સુખદેવ તરફ તાકી રહી છે.

સુખદેવ કહે છે કે, '' જો બેન, મને પ્રોફેસર મહેતાએ બધી વાત કરી છે. તારા પપ્પા આ માંદગીને કારણે ભાંગી પડ્યા છે. તારે અને તારા કુટુંબીજનોએ તારા પિતાની માનસિક વ્યથામાં આશ્વાસન ઊભુ થાય એવી વાતો કરવી જોઈએ. તારા પપ્પા વધુ લાગણીશીલ છે. પણ આ દર્દમાં લાગણી કામ કરતી નથી. દરેક દર્દીએ પોતાની જાત પર આત્મવિશ્વાસ રાખવો જોઈએ. દર્દીએ પોતાની જાતે જ પોતાના દર્દ સામે લડવું જોઈએ. બીજું તને એક ખાસ મહત્વની વાત કહું, કદાચ તને ખબર નહિ હોય, નાના કે મોટાં, સ્ત્રી કે પુરુષ જેને આ દર્દ થાય છે

એ લોકોએ અને એમના સગાં વ્હાલાંએ એટલું તો સમજી લેવું જોઇએ કે આ દર્દનો કોઇ ઉપાય નથી. સાજો માણસ પણ ક્યારેક અકસ્માત કે હૃદય રોગના હુમલાથી ઓચિંતો મૃત્યુ પામે છે. જ્યારે આ દર્દમાં તો મૃત્યુ હાથવેંત જેટલું જ દૂર હોય છે. દુનિયાની કોઇપણ દવા આ રોગના દર્દીને સાજો કરી શકતી નથી. એટલે મન મક્કમ કરી રોગની સામે લડવું એ જ હિતાવહ છે. એટલે તારા પપ્પાને સાજા કરવા હોય તો એમના મનમાંથી મૃત્યુનો ભય કાઢી નખાય એવું કંઇક કરો. અને તો જ તે લાંબુ આયુષ્ય ભોગવી શકશે. કદાચ આમ જ રડ્યા કરશે તો તે તો દુઃખી થશે પણ સાથો સાથ તમને બધાને દુઃખી કરશે. '' પ્રોફેસરની વાત મૂંગે મોંએ શાહની દીકરી સાંભળે છે. પ્રોફેસર મહેતાએ શાહની દીકરીને એમ પણ કહેલું કે, '' તું દવાખાનામાં જ્યારે જાય ત્યારે એક વખત તું પ્રોફેસર સુખદેવને મળીશ તો તને આ દર્દ વિશેની સાચી માહિતી તે આપશે. એ માણસ છેલ્લા પાંચ વર્ષથી આ દર્દની સામે ઝઝુમી રહ્યો છે. ''

પ્રોફેસર શાહ પોતાના દુઃખમાંથી છુટકારો મેળવવાનું ઇચ્છે છે. પણ એ શક્ય નથી. પ્રોફેસર સુખદેવે જાતે બે-ત્રણ વખત પ્રોફેસર શાહને આશ્વાસન આપેલું. છતાં શાહ પર કશી અસર થતી નથી. એમની સાથે કોઇ પણ વાત કરે ત્યારે એ રડી પડતા.

પ્રોફેસર કાછિયા શાહ સાથે દવાખાનામાં આવતા. એ પણ આવી આવીને કંટાળી ગયેલો. એને પણ શાહ સાથે આવવા માટે સવારે ચાર વાગ્યે ઊઠવું પડતું. તેની પણ ઊંઘ બગડતી. શાહનો મોટો દીકરો પણ બાપની સાથે આવતો નહોતો. તે પોતાના દીકરાને પણ કાંઇ કહી શકતા નથી. શાહે યુવાનીમાં એવું કંઇક કરેલું કે જેને કારણે આજે આ દર્દમાંથી મુકત થવાની ઇચ્છા કરે છતાં પણ એ શક્ય નથી. પ્રોફેસર કાછિયા શાહને ક્યારેક સલાહ આપતા કે, '' મનુષ્ય માત્રએ જેમ આવી પડેલા સુખને ભોગવવું જોઇએ, એમ આવી પડેલા દુઃખને પણ ભોગવવું જોઇએ -

સુખમા પતિતં સેવ્યમ્ દુઃખમા પતિતં તથા

ચક્રવત પરિવર્તન્તે દુઃ ખાની ચ સુખાનીચ.

આ મંત્ર બધા જ માનવીઓને કહે છે કે, જેમ ગાડાના પૈડાના આરા ફરતા રહે છે તે રીતે સુખ પછી દુઃખ, દુઃખ પછી સુખ આવતાં રહે છે. આવી પડેલા સુખને અને પછી આવી પડેલાં દુઃખને પણ સુખની માફક ભોગવવું જોઇએ. આ સંસારનો ક્રમ છે. '' પ્રોફેસર કાછિયાની આ વાત સમર્ગ માનવજાતને લાગુ પડે છે.

શું આ વાત શાહ નહીં જાણતા હોય ? બાસઠ વર્ષની ઉંમરે પહોંચેલા શાહ આ બાબતથી અજાણ છે, એમ ન કહી શકાય. બધું જ જાણતા હોવા છતાં મિત્રો કે સ્નેહીઓની સહાનુભૂતિ મેળવવા કદાચ આવું ન કરતા હોય ! એવું પણ બની શકે. વારંવાર રડ્યા કરવાથી શાહ તો દુઃખી થાય છે, પણ પોતાના ઘરના માણસોને પણ દુઃખી કરતા રહે છે. આમ, કેટલે સુધી ચાલશે. ખેર, સમજાવ્યા છતાં ન સમજે તો એમની વાત એ જાણે એવું પ્રોફેસર સુખદેવ વિચારે છે.

ત્યાં તો ટેકનિશિયન ભૂપેન્દ્રભાઇ આવીને કહે છે, '' સાહેબ, તમે આવતા શુક્રવારે વહેલી સવારે આવવાનું કહેતા હતા. એ રીતે તમારા માટે શુક્રવારે સવારનો સમય ગોઠવી દીધો છે. કેમ ? ક્યાંય બહાર જવાનો પ્રોગ્રામ છે ? ''

'' જુઓ ભૂપેન્દ્રભાઇ, શુક્રવારે ડાયાલિસીસ માટે હું આવીશ. અને ખાનગીમાં કહું તો પછીના મંગળવારે હું આવવાનો નથી. ધ્યાન રાખજો આવતા શુક્રવારે આવીશ. ડૉક્ટરને આની જાણ મેં કરી નથી. ''

'' કેમ ? એક ડાયાલિસીસ શા માટે 'મિસ ' કરવા માંગો છો ? ''

'' જુઓ ભૂપેન્દ્રભાઇ, શુક્રવારે શતાબ્દિમાં મારું રિઝર્વેશન થયેલું છે. મુંબઇ પહોંચી તે જ રાત્રે વહેલી સવારે હું આફ્રિકા જવાનો છું. અઠવાડિયામાં જ પાછો આવીશ. અહીં કોઇ મારા જવાનું જાણતા નથી. તેથી આ વાત ખાનગી રાખજો.''

બંને હસતા-હસતા છૂટા પડ્યા.

## વીસ

# આફ્રિકાની સફર

બિચારી વર્ષા, એને તો કશી જ ખબર નહોતી. આફ્રિકા આવ્યા પછી પહેલા જ દિવસે એની ભાણેજ વહુએ ખાનગીમાં એને કહેલું, '' માસી, પપ્પાને મીઠુ ખાવાનું નથી. પ્રવાહી પણ એમને ઓછુ લેવું પડે. મીઠાથી પાણી છૂટે અને પ્રવાહી લે તો વજન વધે. એટલે અહીંના રોકાણના દિવસોમાં એમને મીઠાવાળી રસોઇ આપશો જ નહિ અને પ્રવાહી પીવાનો આગ્રહ ના કરશો. '' એમ કહી એ તો એની ફરજમાંથી છૂટી થઇ ગઇ. પરણીને પહેલીવાર સાસરેથી પતિ પાસે જાય છે. એટલે નવા વાતાવરણમાં ગોઠવાય ત્યાં સુધી એના સસરા રહે અને ખાવાની વ્યવસ્થા એની માસીસાસુને કરવી પડે તેથી સાચી પરિસ્થિતિથી વાકેફ કરે છે. અને વધુમાં એ વર્ષાને એ પણ વાત કરે છે કે, '' અત્યારે પપ્પા અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસ માટે જાય છે. બે ડાયાલિસીસ વચ્ચેના સમય દરમ્યાન તેઓ જેટલું પ્રવાહી પીવે એનાથી એમનું જેટલું વજન વધે એ વજન ડાયાલિસીસ વખતે ઓછું થઇ જાય. મોટાભાગે ડાયાલિસીસ કરાવતા દર્દીઓને એમની પ્રકૃતિ પ્રમાણે ડૉક્ટરો ફિક્સ વજન રાખતા હોય છે. એમનું જેટલું વજન નક્કી કર્યુ હોય એનાથી જેટલું વધે એ ડાયાલિસીસમાં કઢાવી નાખે અને કિડનીના દર્દીએ સરેરાશ દિવસમાં સાતસોગ્રામ પ્રવાહી લેવું જાઇએ. (પાણી, ચા, કોફી, દાળ, કઢી કે દૂધ આ બધું પ્રવાહીમાં ગણાઇ જાય.) જો કિડનીનો દર્દી વધારે પડતું પ્રવાહી લે તો ડાયાલિસીસ વખતે દર્દીનું વજન વધતાં, વધુ વજન કાઢવું પડે. વધુ વજન કાઢતાં દર્દીના પગની નસો ખેંચાય. અને દર્દીને પીડા થાય. મશીન દ્વારા પાણી દર્દીના શરીરમાંથી ખેંચાવાને કારણે નસો ધીરેધીરે નબળી પડે. અને દર્દી મોતના મોં તરફ જતો રહે. માસી એટલે જ હું કહું છુ કે અહીં જેટલો સમય પપ્પા રહે એટલો સમય મીઠા અને પ્રવાહીમાં તમે કાળજી લેજો. અને આમેય દર્દીએ લાંબુ આયુષ્ય ભોગવવું હોય તો પ્રવાહીમાં કંટ્રોલ મૂકવો જ પડે. કેમ મારી વાત બરોબર ને ? હું બે-એક વાર પપ્પા સાથે હોસ્પિટલમાં ડાયાલિસીસ માટે તેમની જોડે ગઇ હતી. એટલે મેં બધી વાત તમને કહી. જો કે પપ્પા અઠવાડિયામાં જ પાછા જવાના છે. એટલે એમને કશી મુશ્કેલી તો નહીં જ પડે ! હવે તમે જાણો ને તમારા બનેવી જાણે. હું તો જેટલું જાણતી હતી એટલું મેં તમને કહી દીધું. '' આમ કહી તે છૂટી થઇ ગઇ હોય એવું અનુભવે છે.

છ-એક દિવસ માટે આફ્રિકા પહોંચેલો પ્રોફેસર સુખદેવ પોતાના દીકરા અને પોતાની સાળી સાથે રહે છે. જો કે વધુ પડતો તે વર્ષાને ત્યાં રહેલો. અને વર્ષાને ત્યાં એના ખાવા-પીવા ઉપર જાણે કે કંટ્રોલ આવી ગયો હોય એવું એને લાગ્યું. જો કે સુખદેવ એનું કારણ નહીં સમજી શકેલો. પણ વર્ષાએ એની ભાણેજ વહુ ની સૂચના પ્રમાણે એ જેટલા દિવસ આફ્રિકા રહ્યો એટલા દિવસ એને નામેય મીઠું રસોઇમાં આપ્યુ નહિ. ચા પણ ઘૂંટડા જેટલી જ આપે. પાણી પણ દવા લેવા પૂરતું જ આપે. જો કે વર્ષા એની રીતે સાચી હતી. પ્રોફેસર સુખદેવને નવું નવું ખાવાનુ તો મન થતું. પણ એ ખાઇ શકતો નહિ. તે પ્રવાહી ઉપર કંટ્રોલ ન રાખે તો આ દિવસોમાં તેનું વજન વધી જાય. આફ્રિકામાં પાંચેક દિવસ તો એને કાઢવાના હતા. આમ તો ઈન્ડિયામાં એક ડાયાલિસીસ ''મિસ'' કરીને આવવાનું એણે રાખ્યુ હતું. અને તેથી કદાચ વજન વધવાથી અને શરીરમાં તકલીફ ઊભી થવાથી કદાચ આફ્રિકામાં ડાયાલિસીસ કરાવવું પડે તો તો બહુ જ મોટો ખર્ચો આવી પડે ! અને આ બધો ખર્ચો એના દીકરાને ઊઠાવવો પડે ! અને કદાચ બે-એક વાર ડાયાલિસીસ કરાવવું પડે તો એના દીકરાનો એક માસનો પગાર એમાં વપરાઇ જાય. તેથી એણે, વર્ષાએ તો નક્કી જ કર્યુ હતું,પણ એણેય પ્રવાહી ઉપર કંટ્રોલ રાખવાનુ નક્કી કરી દીધું.

અહીં વતનથી દૂર દરિયાપારના આ દેશમાં શિક્ષણ અને મેડિકલ બહુ જ મોંઘુ હોવાથી દવાખાનાનો ખર્ચ બહુ આવે. દવા અને ડાયાલિસીસ અહીં પણ થઇ શકતું હતું. ભારત જેટલું સસ્તુ નહીં. દવાનો ચાર્જ વધુ હતો. અને તેમાંય કિડનીના દર્દી માટે તો બહુ મુશ્કેલી. એક વખત ડાયાલિસીસ કરાવવું હોય તો આફ્રિકાના ચલણમાં અંદાજે પાંત્રીસ હજાર રૂપિયા જેટલો ખર્ચ થાય. એ એક અઠવાડિયુ વધુ રોકાય તો ઓછામાં ઓછા ત્રણેક ડાયાલિસીસ કરાવવાં પડે. અને લગભગ એક લાખ રૂપિયા જેટલો ખર્ચ થાય. અને ખર્ચ મોટાભાગે પોસાય નહીં.

આફ્રિકા જતાં પહેલાં જ તેણે આ બધી માહિતી મેળવી લીધેલી. અને તેથી જ પ્રોફેસર સુખદેવે આફ્રિકા જતી વખતે જ જવાની ટિકિટની સાથે જ પાછા ફરવાની તારીખ પણ નક્કી કરી દીધેલી. એટલે બીજો કોઇ પ્રશ્ન

એને માટે નહોતો. એક અઠવાડિયા માટેનો પરદેશ જવાનો તે અનુભવ કરવા માંગતો હતો. એક ડાયાલિસીસ છોડી દે તો તેની તબિયત કેવી રહે છે તે પણ તે જોવા માંગતો હતો અને જો આમ લાંબા પ્રવાસમાં તબિયત સારી રહે તો ભવિષ્યમાં તે એકાદ સપ્તાહ માટે ઈઝરાઈલ જવા માટેનો પ્રોગ્રામ પણ ઘડે છે.

એના ટૂંકા રોકાણના દિવસોમાં તેના સાઢુભાઈ તેમની ગાડીમાં નૈરોબીની ગલીએ-ગલીઓમાં તેને ફેરવે છે. આશિષની સાથે અલ્પેશને ત્યાં, કીકીયુ પણ તે જાય છે. રાત ત્યાં રોકાય છે. કેટલાંક જોવા લાયક સ્થળો પણ આશિષ અને અલ્પેશ એને બતાવે છે.એક દિવસ તો બધા સાથે તે નકુરુ ના જલારામ મંદિરમાં પણ જાય છે. આ બધાં સ્થળોએ ફરતાં તેને આનંદ પણ થાય છે અને વધુ તો આનંદ એને સફારી હોટલમાં જયપ્રકાશ અને જીતુભાઈ તેને લઈ જાય છે ત્યાં થાય છે. જંગલ વિસ્તારની એક જાણીતી હોટલમાં તેણે એક ઓસ્ટ્રીચ પંખી જોયું. એક આખા માણસનું વજન એની ઉપર લઈ શકે એટલું તે જોરાવદાર હતું.

નૈરોબીનુ વાતાવરણ એટલું બધુ ખુશનુમા હતું કે ભારતથી આવેલા માણસો જાણે કે કોઈ હિલ-સ્ટેશન ઉપર ફરવા ના ગયા હોય ! ઘડીકમાં તાપ અને ઘડીકમાં વરસાદ પડતો દેખાતો. એક નવા પ્રદેશને સુખદેવે જોયો. હવે અહીંની પ્રજા સુધરતી ગઈ છે. ભારતથી આવેલા અને નૈરોબીમાં વસવાટ કરેલો છે એવા માનવીઓ ભૂતકાળમાં અહીં બહુ કમાયા હતા. જો કે હવે અહીંની સ્થાનિક પ્રજા સુધરતી ગઈ હોવાને કારણે ભારતીયોની કમાણીનાં સાધનો ઓછાં થતાં ગયાં છે. હવે અહીંની પ્રજા પોતાના હક્કો સમજતી થઈ ગઈ છે.

ભારતથી નૈરોબી જતાં પ્લેનમાં ખુલ્લે આમ બીયર પીરસાતો હોવાથી પ્રોફેસર સુખદેવે, એના દીકરાની વહુ ના, ના કહેતી રહી છતાં પણ એક નાના પ્યાલામાં બીયર લઈ બે-ચાર ઘૂંટડા મારી લીધેલા. ગુજરાતમાં નશાબંધી હોવાથી આમ ખુલ્લી રીતે પીવાનુ ન મળતું. કેટલાક માણસો ગુજરાત બહાર જ્યાં નશાબંધી નથી ત્યાં થોડુ પી લઈ પોતાના શોખ પૂરા કરી લેતા. પ્રોફેસર સુખદેવને યાદ આવ્યું, વર્ષો પહેલાં પોતાના વિદ્યાર્થીઓને લઈ દીવના પ્રવાસે ગયા હતા ત્યારે, પોતાના વિદ્યાર્થી ભાઈ-બહેનોને આઘા-પાછા કરી પોતાના સાથી અધ્યાપકોની સાથે તે પણ બીયર બારમાં પેસી ગયેલો. ને તે દિવસે મન મૂકીને અધ્યાપકો સાથે તેણે બીયર પીધેલો. અને આજે વર્ષો પછી વિમાનમાં બેઠા બેઠા નાસ્તાની ટ્રોલી સાથે એર હોસ્ટેસ તેની પાસે આવે છે ત્યારે તે પોતાના મન પર કાબૂ રાખી શકતો નથી. અને બે-ચાર ઘૂંટડા પી લે છે. તે પાછો આવશે ત્યારે તો એકલો હશે અને ત્યારે એ વધુ પીશે એવું પણ નક્કી કરી દે છે.

બહુ જ ટૂંકા સમયની નૈરોબીની મુલાકાત પછી ''કેન્યા એરવેજ '' ના વિમાનમાં તે પાછો ફરે છે. આ વખતે બારી પાસે તેની સીટ આવે છે. બારી પાસે બેઠેલો તે આકાશમાં જેમ જેમ વિમાન ઊંચુ જાય છે અને ચક્કર લેવા માંડે છે ત્યારે વિમાનમાંથી નૈરોબીની અલૌકિક સૃષ્ટિનું તે દર્શન કરે છે ને આનંદ અનુભવે છે.

જતી વખતે તેણે જરાક બીયર પીધેલું. પાછા ફરતી વખતે આખુ નાનુ ડબલુ પીવાનુ તે ઈચ્છે છે. ડૉક્ટરે બીઅર પીવાની ના કહી હતી. પણ અહીં ખુલ્લે આમ મન પર કાબૂ ન રાખવાથી નાસ્તાની સાથે ડબલુ મોંએ વળગાડે છે અને પછી ધીરે ધીરે આખુ બીયરનું ડબલુ તે ઘટઘટાવી જાય છે.

મનુષ્ય માત્ર જાણતો હોય છે કે અમુક કાર્યો તેને માટે નુકશાનકારક હોય છે. છતાંય એ કાર્યો માનવી કરતો હોય છે. અને તે કાર્યો થતાં શું નુકશાન થશે એની એ ચિંતા કરતો નથી. ડૉક્ટરની ના કહેવા છતાં તેણે બીયર પીધો. અતિશય આનંદ અનુભવ્યો. તેની નજર બારી તરફ ગઈ. તે જુએ છે કે રૂના ગોટેગોટા જેવા વાદળો વચ્ચેથી વિમાન પસાર થતું હતું. કુદરતી દૃશ્ય જોઈ તેણે આનંદ અનુભવ્યો.

નૈરોબીથી મુંબઈ સુધી આવતા '' કેન્યા એરવેજ '' માં તેની સાથે કોઈ પરિચિત વ્યક્તિ નહોતી. બારી પાસે સીટ હોવાથી, બારી બહારનાં પ્રાકૃતિક દૃશ્યો જોવામાં જ એનો સમય વીતવા લાગ્યો. જો કે વાદળના ગોટેગોટા સિવાય તેને કશું જ દેખાતુ નહોતું. મોટાભાગના પ્રવાસીઓ ઉંઘતા હતા. એ જાગતો બેસી રહ્યો હતો. એની નજર સમક્ષ નૈરોબીમાં પસાર કરેલા પાંચ દિવસ આવી જાય છે. આ દિવસોમાં એ ઘણુંબધું જોઈ શક્યો હતો.

આટલો ટૂંકો સમય પરદેશની સફરનો કોઈ માનવી જવલ્લેજ પસંદ કરે. પ્રોફેસર સુખદેવે આટલો બધો ટૂંકો ગાળો કેમ પસંદ કરેલો એનો તો એને પણ ખ્યાલ નહોતો. જો કે એક વસ્તુ હકીકત બનીને તેની નજર સમક્ષ હતી. તે બિમાર હતો. આફ્રિકામાં રહ્યો એ દિવસોમાં એણે જોયું અને માણ્યુ એ ઉપરથી એને લાગ્યુ કે એણે પાછા

ફરવાનો દિવસ જે નક્કી કરેલો એમાં બીજા ચાર-પાંચ દિવસ ઉમેરી શક્યો હોત. એક એવો ઠંડો પ્રદેશ કે જ્યાં થોડી-થોડી વારે વાતાવરણ બદલાતું જાય. ક્યારેક વરસાદ તો ક્યારેક તાપ. અને પવન પણ સુસવાટા ભેર વાતો હોય એવું મનને તરબોળ કરી દે એવું વાતાવરણ ઊભું થતું. ઈન્ડિયાથી નીકળતી વખતે જ પ્રોફેસર સુખદેવે નૈરોબીથી પાછા ફરવાની તારીખ અને તે જ દિવસે મુંબઈ આવી વતનમાં આવવા માટે શતાબ્દિ એક્સપ્રેસનું બુકીંગ પણ કરાવી રાખ્યુ હતું.

એક ટૂંકી મુસાફરી કરી તે વિમાન દ્વારા મુંબઈ પાછો ફરે છે. ત્યારે ભારતીય સમય મુજબ રાત્રિના સવા બે વાગ્યા હતા. એ એકલો જ હતો. સામાનમાં એક મોટી બેગ હતી. થાકેલો પણ હતો. માંદગીને કારણે વધુ સામાન ઉંચકી શકે તેમ નહોતો. આમ તો, વર્ષોથી મુંબઈ વિશે તે સાંભળતો આવેલો. ઘણી વખત તે મુંબઈ ગયો છે. દિવસોના દિવસો સુધી રહ્યો છે. મુંબઈ જેવા પચરંગી શહેરમાં કેટલાંય એવા ખરાબ તત્વો એકલ-દોકલ માણસને લૂંટી લેતા હોય તેવું ઘણું એણે સાંભળ્યુ છે. તેને થાય છે કે કોઈ અજાણ્યો ટેક્સીવાળો બોમ્બે સેન્ટ્રલને બદલે રસ્તામાં ગમે ત્યાં ઊતારી એને લૂંટી લે અને કદાચ મારી નાંખે તો ? જો કે મોતનો તેને ડર નહોતો. જ્યારથી તેની કિડની નિષ્ફળ ગઈ છે ત્યારથી તે હથેલીમાં મોતને લઈને જ ફરતો હતો ને ! છતાં તે બી ગયો. એને થયું કે હવે શું કરવું ? ત્યાં જ એની નજર એક કાઉન્ટર પર જાય છે. ત્યાંથી જ થોડા પૈસા વધારે થાય છતાં ટેક્સી ઉપલબ્ધ થઈ જાય. વધારે પૈસાની દરકાર ન કરતાં ત્યાંથી જ તેણે ટેક્સી ભાડે કરી લીધી. હવે તેની કોઈની બીક નહોતી. એરોડ્રામ પર તેને કોઈ લેવા આવવાનું નહોતું. એટલે રાહ જોવાની તેને જરૂર નહોતી.

રાત્રિના અંધકારને ભેદતી, ગલીગૂંચીમાંથી પસાર થતી, ક્યારેક નાનામોટા રસ્તાને આંબતી, શાંત કોલાહલની વચ્ચેથી ટેક્સી પસાર થઈ રહી હતી. ડ્રાઈવર અને એ બંને મૌન હતા. તે ટેક્સીની બહાર જોતો જ રહે છે. વિચારો પણ કરે છે. બોમ્બે સેન્ટ્રલ પહોંચ્યા પછી ત્રણેક કલાક તો તેણે બેસી રહેવું પડશે ને ? છેવટે સેન્ટ્રલ પહોંચે છે. એક કુલી પાસે સામાન ઊતરાવી પ્લેટફોર્મના બાંકડે તે બેસે છે. આફ્રિકાની સફર દરમ્યાન તે થાક્યો હતો. થોડોક માનસિક અસ્વસ્થ તે થયેલો. ગુસ્સે પણ ભરાયેલો. પણ ગુસ્સો કોની પર ઉતારે !

તેને યાદ આવે છે જતી વખતે મુંબઈ એરોડ્રામ પર બેગોનું વજન વધી જવાથી વજન ઘટાડવું પડે તેમ પરિસ્થિતિ સર્જાઈ. તેની અને તેના દીકરાના વહુની એમ બે મોટી બેગો અને બે નાના થેલા હતા. થોડુંક વજન ઓછુ કરવું પડે એમ હતું. ઘરેથી તો બેગનું વજન કરીને એ નીકળેલો. બધું બરોબર હતું તો પછી આ વજન વધ્યુ ક્યાંથી ? તેના દીકરાની વહુ થોડું વજન ઓછું કરે છે. એણે શું કાઢ્યુ એની તો પ્રોફેસરને ખબર નહોતી. કાઢેલી વસ્તુ એના ભાઈ સાથે પાછી મોકલાવે છે. આફ્રિકા પહોંચ્યા પછી એને ખ્યાલ આવે છે કે તેનાં એક જોડી કપડાં કાઢેલા વજનમાં પાછા ચાલ્યાં ગયેલાં. તેના દીકરાની વહુએ વજન ઓછું કરવા માટે સસરાનાં જ કપડાં પાછા મોકલી વજન ઓછું કરાવી દીધું ! આ દિવસો દરમ્યાન એક પહેરેલી જોડી અને બીજી એક કપડાની જોડીથી તે ચલાવી લે છે. એને ખ્યાલ આવે છે કે નક્કી બેગોનું વજન વધ્યું તે કદાચ રાત્રે બધા સૂઈ ગયા હશે ત્યારે કોઈ ના જાણે તેમ તેના દીકરાની વહુએ કેટલીક વસ્તુઓ મૂકી દીધી હશે ! આમ માનસિક રીતે પણ તે થાકી ગયેલો. બાંકડા પર બેઠો બેઠો તે પોતાનો થાક ઊતારવા માંગે છે. પણ તે તેમ કરી શકતો નથી. ઝોંકા પણ આવે છે. છેવટે એક હાથથી બેગનું હેન્ડલ પકડી તે ઉંઘવાના પણ પ્રયત્ન કરે છે. એને માટે એ પણ શક્ય ન બન્યુ. તે જ વખતે તેના પેટમાં કંઈક ગરબડ થતી તે અનુભવે છે. તે જ વખતે શતાબ્દિ પ્લેટફોર્મ પર આવે છે. કુલી એની બેગને ટ્રેનમાં મૂકી આપે છે. અને પછી છ-એક કલાકમાં એને નિર્ધારીત આનંદનગર સ્ટેશને ઉતારશે. તે પોતાની સીટ ઉપર બેઠોબેઠો આ વિચાર કરે છે. સફરના સંસ્મરણો એની નજર સમક્ષ તાજાં થાય છે. અને પાછી તે બેચેનીનો અનુભવ કરે છે. અને પછી થોડી થોડી વારે બાથરૂમના આંટા-ફેરા તેના ચાલુ થઈ જાય છે. શરીરમાં અશક્તિ આવતી અનુભવે છે. તેનું બ્લડ પ્રેશર ઘટવા લાગ્યું. બ્લડ પ્રેશર વધે તો તેને ઓછુ કરવાની ટેબ્લેટ તેની પાસે હતી. માંદગીના દિવસો દરમ્યાન ક્યારેય એનું બ્લડ પ્રેશર ઓછુ થયુ નથી. તેથી ઓછું થાય ત્યારે શું કરવું જોઈએ તેનો કશોય ખ્યાલ તેને નહોતો. પોતાની બાજુમાં બેઠેલા ભાઈ પણ આનંદનગરના સ્ટેશનેજ ઊતરવાના હતા. ધીરે રહીને તે તેમને કહે છે, '' આ મારું વીઝીટીંગ કાર્ડ છે. મારું સરનામું અને ફોન નંબર તેમાં લખેલા છે. મારું બ્લડ પ્રેશર લો થતું જાય છે. મને નક્કી કંઈક થશે એનો મને વહેમ છે. સામેની બધી સીટોની છેલ્લી સીટ પાછળ મારા નામના કાર્ડ સાથેની મારી બેગ મૂકેલી છે. મને કંઈક થાય તો મારી બધી વસ્તુઓ સાથે મને નિર્ધારીત

જગ્યાએ પહોંચાડવા વિનતી કરું છું. ''

બાજુમાં બેઠેલી વ્યક્તિ '' ચિંતા ના કરશો '' એવું કહી આશ્વાસન આપે છે.

બીજી ક્ષણે પેટના આંતરડા જાણે કે ચકરવકર ફરતાં હોય તેવું તેને લાગે છે. પાછો તે બાથરૂમમાં પહોંચી જાય છે. પૂરેપૂરી અશક્તિનો તે અહેસાસ કરે છે. નબળાઇ અનુભવે છે. મહાપરાણે ઊભો થવાનો પ્રયત્ન કરે છે. કપડાં ઠીક કરે છે. પાણીથી બેઝીનમાં કોગળા કરે છે. અને ....

બીજી ક્ષણે આકાશ આખું ઘેરાયેલુ હોય, વાદળો પાણીથી ભરેલા હોય, વીજળીના ચમકારા થતા હોય, નાના છોકરા બીકના માર્યા ઘરમાં પેસી ગયા હોય, જાણે કે શૂન્યાવકાશ ઊભો થઇ ગયો હોય તેવો સળવળાટ તેના આંતરડામાં થાય છે. ઓચિંતા બારે મેઘ તૂટી પડે અને વાદળો ચોખ્ખા થઇ જાય એમ વિમાનમાં આનંદ ખાતર પીધેલો બીયર આંતરડામાં રમણે ચઢ્યો છે. બીજી ક્ષણે આંતરડાનું દબાણ હોજરી પર થતાં બધું જ મોં વાટે બહાર નીકળી જાય છે. તે હાશ્કારો અનુભવે છે. નીચા દબાણવાલું બ્લડપ્રેશર કાબૂમાં આવી જાય છે. નબળાઇ દૂર થઇ હોય હોય તેવું તે માને છે. જીંદગીથી ત્રાસી ગયેલો, ચિંતાથી ઘેરાયેલા વાદળો જેના મોં પર આવી ગયા છે એવો તે બાથરૂમમાં પ્રવેશ કરતી વખતે વૃધ્ધ દેખાતો હતો. અને થોડીક ક્ષણો પછી બહાર આવે છે. ત્યારે એક યુવાન જેવી તાજગી તેના ચહેરા પર દેખાય છે.

પોતાની સીટ પર આવી બેસીને બાજુના ભાઇનો આભાર માની બ્લડપ્રેશર કંટ્રોલમાં આવી ગયુ છે તેવું કહે છે.

બાર અને વીસે શતાબ્દિ ટ્રેન આનંદનગર સ્ટેશનના પ્લેટફોર્મ પર આવીને ઊભી રહે છે. એણે અગાઉથી કહી રાખેલું એટલે બાલકૃષ્ણ સ્ટેશન ઉપર તેની રાહ જોતો હતો. માથુ ફાડી નાંખે એવી બપોરે ગરમી હતી. બાલકૃષ્ણ તેને લેવા આવેલો તેથી તે રાહત અનુભવે છે.

ઘેર પહોંચી તરત જ એણે ઠંડા પાણીએ નહાવાનો પ્રયત્ન કર્યો. આ તેણે મૂર્ખામી કરી હતી. કેમ કે વિમાનમાં અને શતાબ્દિમાં ઠંડકનો અહેસાસ એણે કરેલો. પ્લેટફોર્મ પર ઊતર્યો ત્યારે વધુ પડતી ગરમીને કારણે એના શરીરમાં ઘણા ફેરફાર થઇ ગયેલા. એમાંય પાછો એણે ઠંડા પાણીથી નહાવાનો પ્રયત્ન કર્યો. ઠંડક પછી ગરમી અને પાછી ઠંડક. પરિણામ એ આવ્યુ કે તે દિવસે તે ઊભો જ ના થઇ શક્યો. તેના કુટુંબના સભ્યો એમ માનવા લાગ્યા કે ઠંડી ને ગરમીને કારણે તે બીમાર પડી ગયો છે. એ બધાની સમક્ષ ખુલાસો કેવી રીતે કરી શકે કે, ડોક્ટરની સલાહ અવગણીને તબિયત સાચવવાને બદલે તે માંદો પડ્યો તેનું કારણ તો પ્લેનમાં પીધેલું બીયરનું ડબલું હતું.

# એકવીસ

# પ્રવૃત્તિમાં મગ્ન

આમને આમ એની માંદગીનાં અઢી વર્ષ પસાર થઇ જાય છે. આ સમય દરમ્યાન તેણે તેના બે સામાજીક કાર્યો બહુ શાંતિથી પતાવી દીધાં. અને ત્રીજું સામાજીક કાર્ય તે એકાદ માસમાં પતાવી દેશે. પ્રોફેસર સુખદેવ પોતાની માનસિક પરિસ્થિતિથી પૂરેપૂરો વાકેફ હોવા છતાં ઘરની કોઇપણ વ્યક્તિને આનો અણસારો આવવા દેતો નથી.

ગઇ કાલે તેનુ બસો એકાવનમું ડાયાલિસીસ હતું. આ માંદગીમાં ભલભલા દર્દીઓ નાણાંને કારણે નાસીપાસ થતા હતા એવું પણ તેણે જોયેલું. એણે એ પણ જોયેલું કે કેટલાક દર્દીઓ તેના જ સમયમાં આવતા અને જીવવાના ફાંફા મારતા અને એમની માનસિક વેદનાઓ પણ એણે જોઇ અને અનુભવી પણ ખરી. બીજા દર્દીઓની માફક માનસિક વ્યથા જ્યારે જ્યારે ડાયાલિસીસ માટે આવે ત્યારે તે અનુભવતો. પણ આ દર્દથી અસહ્ય પીડાઓ અને માનસિક વ્યથા તે અનુભવતો હોવા છતાં એણે એના મોં પર ક્યારેય વેદના દેખાવા દીધી નથી.

તે પોતે શિક્ષિત છે. કિડનીના નિષ્ફળ જવાના અને એનો અંત કેવો હોય તે તેણે જાણી લીધો છે. ગમે

તે દિવસે, ગમે તે સમયે અને ગમે તે સ્થળે આ દર્દીઓનું અસ્તિત્વ ન જ હોય એનો ખ્યાલ કોઇને નથી. તે બધું સમજી વિચારી ધીરેધીરે નાણાંકીય મુશ્કેલીમાંથી બહાર આવવા માટે, હજુ વર્ષો સુધી તે પોતાની નોકરીની ફરજો બજાવી શકે તેવી અતૂટ શક્તિ ધરાવતો હોવા છતાં નોકરીમાંથી નિવૃત્ત થઇ જાય છે. હવે તેના મોં પર કોઇપણ જાતનું ભારણ રહ્યું હોય એવું એને લાગતું નથી.

વર્ષો સુધી સતત પ્રવૃત્તિમય રહેલો તે આ નિવૃત્તિમાં થોડોક મૂંઝાશે તેવું તેને લાગે છે. તેથી જ તે ફરીથી પાછી પોતાની જૂની સાહિત્યિક પ્રવૃત્તિઓ માટે થોડો સમય ફાળવવા માંગે છે. જો તે આ નિવૃત્તિના સમયમાં ઘરની બહાર જ ન નીકળે તો કદાચ તે વહેલો આ દુનિયા છોડી જાય કે ગાંડો થઇ જાય તેવું તે માને છે. એટલે કેટલોક સમય ફરજીયાત ઘરની બહાર રહેવું તેવું વિચારીતે પોતાની જૂની પ્રવૃત્તિઓમાં મગ્ન બની જાય છે. આમને આમ સુખેથી તેના છ-એક માસ નીકળી જાય છે.

## બાવીસ

# મૃત્યુદેવીની કૃપા

આવતી કાલે માંદગીનાં ત્રણ વર્ષ એના પૂરાં થશે. ત્રણસો એકમું ડાયાલિસીસ તે આવતીકાલે કરાવશે. તે રાત્રિએ બીજા દિવસની સવાર પડે તેની રાહ જોતો, ઊંઘ ના આવવાને કારણે પથારીમાં સતત પાસાં ફેરવતો રહે છે. વહેલી સવારે તે ચાર વાગે જાગી જાય છે. દૈનિક ક્રિયાઓ પતાવી દે છે. વહેલો મહાદેવ પણ જઇ આવે છે. અને પછી આઠેક વાગ્યે ટેલિફોન પાસે બેઠો બેઠો નજીકના અને દૂરના મિત્રો, સ્નેહીઓ અને સગાં-સબંધીઓને ફોન કરી ખબર અંતર પૂછે છે. ઘરમાંની બધી જ વ્યક્તિઓ આટલા બધા ફોન એક જ દિવસે એણે કેમ કર્યા એ પૂછવાની ઇચ્છા છતાં પૂછી શકતાં નથી. દશ વાગ્યે તેને નીકળી જવાનું છે. બાર વાગ્યાનું ડાયાલિસીસ છે. આજનો દિવસ ત્રીજા વર્ષનો છેલ્લો દિવસ છે. તે બધું જ સમજે છે. પણ તે કોઇને સાચી વિગત આપી શકતો નથી.

ત્યાં જ દશ વાગ્યે એ ઘરની બહાર નીકળવાની તૈયારી કરતો હતો, ત્યાંજ ટેલિફોનની ઘંટડી વાગે છે. તે ફોન ઉઠાવે છે. ડાયાલિસીસ વિભાગના ભૂપેન્દ્રભાઇ કહે છે કે, '' સાહેબ, આજે થોડી મુશ્કેલી ઊભી થઇ છે. જે મશીન પર તમને લેવાના છે તે મશીન બગડ્યુ છે. એટલે તમારું ડાયાલિસીસ સાંજના સાડા ચાર કે પાંચ વાગ્યે ચાલુ થશે તો એ રીતે આવજો. ''

'' ભલે, હું પાંચ વાગ્યે આવી જઇશ.'' તેણે ફોન મૂક્યો. તે હસી પડ્યો. ત્રણ વર્ષ પહેલાં મૃત્યુદેવીએ તેને કહેલું, ''તારા ત્રણસો એકમા ડાયાલિસીસના દિવસે રાત્રે નવ વાગ્યે તને લેવા આવીશ. તું તૈયાર રહેજે. '' એ દિવસે તો એમણે કહેલું, તો શું ? આટલા દિવસોમાં મેં મારા ડાયાલિસીસનો ટાઇમ બદલ્યો નથી અને આજે ડાયાલિસીસ સાંજનું થાય અને મશીન બગડે એની ગોઠવણ પણ નિયતિએ જ કરી હશે ને !

હવે નિશ્ચિત થઇ ગયું કે આજે એના માટે જીવનનો છેલ્લો દિવસ છે. એની જીભ ચોંટી ગઇ છે એવું એણે અનુભવ્યું. સાચી માહિતી કોઇને આપી શકતો નથી. છેવટે પોતાની એક અંગત ડાયરી અને એક બેગ પત્નીના હાથમાં મૂકી થોડી વિગતોથી વાકેફ કરે છે. જો આજે જ અંતિમ ધ્યેય તરફ પહોંચવાનું હોય તો દુઃખ શા માટે અનુભવવું. અને તેથી જ તે ખૂબ આનંદમાં હોય તેવું વર્તન કરે છે. અને પછી તે બધાંયની હસતાં-હસતાં વિદાય લઇ રાજગઢ હોસ્પિટલમાં પહોંચવા માટે નીકળી જવાનું ઇચ્છે છે. ડાયાલિસીસ મોડુ છે. એવું ઘરના બધા કહે છે ત્યારે પણ ''રાજગઢમાં બધાની સાથે થોડીવાર બેસશે. શાંતિથી વાતો કરશે.'' એમ કહી નીકળી જાય છે. પોતાના મકાનમાંથી બહાર નીકળેલો અને થોડેક દૂર પહોંચેલો તે ધીરેથી પાછો વળીને મકાનને છેલ્લીવાર જોઇ લે છે. અને રસ્તા પરની રિક્ષાને ઊભી રાખી તેમાં બેસી જાય છે.

ત્રણ વર્ષની મહેતલ જેણે આપી છે તે નક્કી આજે આવશે. અને એણે પણ તૈયાર રહેવાનું વચન આપેલું. આજે તે મુદત નહીં પાડે તેવું મનથી વિચારે છે. આજે રાત્રે નવ વાગ્યા પછી જ્યારે બધાં સમાચાર જાણશે ત્યારે બધાંની કેવી પરિસ્થિતિ હશે ! તે વિશે કશું જ કલ્પી શકતો નથી. દુઃખની લાગણી તે અનુભવે છે. પણ જીવનનો આ જ ક્રમ છે ને, જેનું સર્જન થાય છે તેનું વિસર્જન પણ નક્કી જ છે, પણ ક્યારે ? એ કોઇ કહી શકે તેમ નથી.

આ માંદગીની એને જાણ થઇ તે દિવસે તે માનસિક રીતે ભાંગી પડ્યો હતો. એકાંતમાં એકલો ને એકલો કોઇ ના જાણે તેમ તે બહુ જ રડેલો. તે મૃત્યુથી ગભરાતો નહોતો. આ દર્દના દર્દીને કાયમ મશીન સાથે રહેવાનું હોવાથી મૃત્યુ ગમે ત્યારે ભરખી જાય તે વાત તે જાણતો હતો. આ દર્દનો બીજો કોઇ ઇલાજ નહોતો. ઘણો લાંબો સમય, દિવસો, મહિના કે કેટલાંક વર્ષો સુધી માનસિક અને શારીરિક યાતનાઓથી પીડાવાનું આ દર્દીઓ માટે અનિવાર્ય હતું. તેથી તે મૃત્યુને સ્વીકારવાની વાત જાણે સ્વીકારી લેતો હોય તે રીતે દિવસો પસાર કરે છે. તે દૃઢ મનોબળ ધરાવતો હતો. તેથી તેણે મૃત્યુની સામે ઝઝુમવાનું નક્કી કરી લીધું. જો કે કોઇપણ દર્દી અસહ્ય માનસિક અને શારીરિક યાતનાઓ ભોગવ્યા પછી ગમે તેટલો દૃઢ મનોબળવાળો હોવા છતાં મૃત્યુને પોતાનાથી કેટલું દૂર રાખી શકે ?

આવા અનેક વિચારો સાથે કદાચ આજનો દિવસ તેના માટે જીવનનો કદાચ છેલ્લો દિવસ હશે ! તેમ માની આનંદથી બીજા દિવસો કરતાં વધુ હરખ હોય તે રીતે ડાયાલિસીસ વિભાગમાં પ્રવેશ કરે છે. બારણામાં પેસતાં જ પહેલી પથારી તેના માટે ખાલી હતી. પોતાનું વજન કરાવી, ફાઇલમાં નંધાવી ડાયાલિસીસ માટે પથારીમાં પહોંચે છે. આજે તે બહુ આનંદમાં હતો. તે જાણતો હતો કે આજે આ પથારીમાંથી બારોબાર એને એવી ભૂમિ પર લઇ જશે કે જ્યાં ક્યારેક જ મનુષ્યો ભેગાં થતાં હોય !

તેણે એકવાર હસતાં-હસતાં મગન ગંજેરીને કહેલું કે, ''મગનભાઇ, ડાયાલિસીસના નેગેટીવ વિભાગમાં ડાયાલિસીસ કરાવતા દર્દીઓને કમળાની અસર થાય કે તરત જ તેમને પોઝીટીવ વિભાગમાં ટ્રાન્સફર કરવામાં આવતા. પણ કમળાની અસર પૂરી થયા પછી પણ ક્યારે પણ દર્દીને નેગેટીવ વિભાગમાં ક્યારેય પાછો લઇ જવામાં આવતો નથી. મગનભાઇ, પોઝીટીવ વિભાગમાં આવેલો દર્દી .... સમજી ગયા ને ? આ વિભાગમાંથી ડાયાલિસીસ માટે જે પથારીમાં સૂતો હોય ત્યાંથી બારોબાર 'એમ્બ્યુલન્સ' માં પહોંચી જવાનું.''

'' સાહેબ, તમે સાચી વાત કરો છો. મેં પણ આ બાબત નોંધી છે. પણ આપણે દર્દી તરીકે અહીં કાયમ આવવાનું હોય, એટલે કે કાયમ સતત પાણીમાં રહેવાનુ થાય ત્યારે મગર સાથે દુશ્મની કેવી રીતે કરી શકાય ? '' તે દિવસે મગને પ્રોફેસરની વાતમાં ટાપસી પૂરેલી.

આ વાત આજે પ્રોફેસર સુખદેવને એટલા માટે યાદ આવે છે કે ઘણા વખત પહેલાં એણે જે વિચારેલું એજ નિર્માણ આજે એના માટે થયું છે. આ ત્રણ વર્ષમાં કોઇ દિવસ એણે ડાયાલિસીસનો સમય બદલાવ્યો નથી. ને આજે જ મશીન બગડ્યું ? આજે નવ વાગ્યે તેનું ડાયાલિસીસ પુરું થશે .... ને ત્રણ વર્ષ પહેલાંનું ... અને આજે કદાચ એ ...

તેના હાથે '' નીડલીંગ '' કરવામાં આવે છે. ડાયાલિસીસ શરૂ થાય છે. અગાઉ તો તે ડાયાલિસીસ વખતે થોડો સમય સૂઇને પસાર કરતો. ટી.વી. પણ જોતો. થોડુ ઘણું વાંચતો પણ ખરો. અને પોતાની સાથે લાવેલાં ખાખરા કે વેફર્સ પણ ખાઇ લેતો. આજે તે નાસ્તા માટે કશું જ લાવ્યો નથી. જો કે તેને જરૂર જ નથી. તેનું દૃઢ મનોબળ આજે તૂટતું હોય એવું તે અનુભવે છે. ઘડિયાળનો કાંટો નવનો સમય બતાવશે ત્યારે? થોડો મૂંઝાઇ પણ ગયો છે. તે વિચારે છે, હવે ચાર જ કલાક ને પછી.... તે બધું જ જાણતો હોવા છતાં કોઇને કશું કહી શકતો નથી. માણસનો અંત નજીક હોય ત્યારે તે પોતાના અંતિમ સમયની વાત કોઇને કહી શકતો નથી. છ,સાત અને આઠ ઘડિયાળમાં થયા. હવે તે ચિંતા મુક્ત થઇ ગયો. જે વાત તેણે સ્વીકારી લીધી છે, તેનાથી ગભરાવવાની શી જરૂર ? મિનિટો પસાર થાય છે. તેમ તેમ તેના મોં માંથી '' મૃત્યુંજય '' મહામંત્ર ના જપ જપાતા રહે છે. એક કલાક સુધી તે મંત્રના જપ જપતો જ રહ્યો. તે જુએ છે સામેની દિવાલ ઘડિયાળમાં નવ થવાની તૈયારી છે. નવમાં એકાદ મિનિટ કદાચ બાકી હશે ! પાણી પીવાનું તેને મન થાય છે. પાણીની બોટલ ખોલી બોટલ મોં એ વળગાડે છે. પાણી થોડું મોંઢામાં જાય છે. અને બીજી ક્ષણે....

તે જાગ્યો. હર્ષદભાઇ તેનું ડીસકનેક્ટ કરતા હતા. તેના બહેન-બનેવી તેને લેવા આવ્યાં હતાં. તે તેની પથારી પાસે ઊભા છે. બધાના મોં પર તે આશ્ચર્ય જુએ છે. તેને કશો ખ્યાલ આવતો નથી. તે જાણે કે બહુ લાંબી ઊંઘમાંથી ઊઠ્યો હોય એવું અનુભવે છે. હર્ષદભાઇ ડીસકનેક્ટ કરતા હતા ત્યારે સામે ઊભેલા તેના બહેન-બનેવીની પાછળ તે એક તેજ લિસોટો જુએ છે. ત્રણ વર્ષ પહેલાં જોયો હતો તેવો જ. દૂરદૂર અદૃશ્ય થતો પેલો લિસોટો જાણે કે કહી રહ્યો ના હોય !

" પ્રોફેસર સુખદેવ, બની ગયેલી ઘટનાથી તું વાકેફ નથી. તે ઘેર પહોંચીશ ત્યારે તારાં બહેન-બનેવી તને વાત કરશે. પણ આજે હું તારી નિષ્ઠા ને પ્રામાણિકતાની કદર કરું છું. તેં જે વચન આપેલું તે પ્રમાણે તું મારી સાથે આવવા માટે પૂરેપૂરી તૈયારી કરીને આવેલો હતો એ મેં અનુભવેલું. આજે તે એકેય વિનંતી મને કરી નથી. હું તો તને લઇ જવા માટે આવેલી. અને તારા શરીરમાંથી મેં જીવ પણ ખેંચી લીધેલો. પણ પછી મને મારી ભૂલ સમજાઇ. તેં મારી પાસે અગાઉ પાંચ સામાજીક કાર્ય કરવા માટેની વિનંતી કરી હતી. જે મેં સ્વીકારી હતી.પૂરી નિષ્ઠાથી આ સમય દરમ્યાન તે પાંચેય સામાજીક કાર્યો કરવા માટે પ્રયત્ન કરેલા, પણ બહુ જ પ્રયત્નો કર્યા છતાં પણ તું તારા બે કાર્યો કરી શક્યો નહોતો. એનો ખ્યાલ આવતાં મારે તને મૂક્ત કરવો જોઇએ. મારી ભૂલ સ્વીકારી તારી વિનંતી ન હોવા છતાં આજે ફરીથી એ કાર્યો પૂર્ણ કરવાનો સમય તને આપું છું. આજે તને વચન આપું છું કે તેં મારા આગમનને સ્વીકારી લીધું હોવાથી જ્યારે તું એ કાર્યો પૂરાં કરશે ત્યારે જ હું તને લઇ જઇશ એની ખાતરી આપું છું. પણ એક વાત યાદ રાખજે એ કાર્યો પૂરા કરવામાં ખોટો સમય બરબાદ ના કરીશ. પાછો એવું ના વિચારીશ કે મારા વચન પ્રમાણે તું એ કાર્યો પૂરા ન કરે ત્યાં સુધી હું તને લેવા તો નહીં જ આવું ! તારી પ્રામાણિકતા પર મને વિશ્વાસ છે. મને છેતરવાનો પ્રયત્ન ના કરીશ. નહીં તો સમગ્ર મનુષ્ય જાત પરથી મારો વિશ્વાસ ઊઠી જશે. " અદૃશ્ય થયેલો તેજ લિસોટો એને ઘણું બધું કહી ગયો. પથારીમાંથી તે બેઠો થાય છે. હર્ષદભાઇ તથા તેના બહેન-બનેવી બધાં જ હજુ આશ્ચર્યથી એની સામું તાકી રહ્યાં છે. એ ત્રણેય જણ બની ગયેલી ઘટનાને જોઇ અચંબામાં પડી ગયા હતા. પેલા તેજ લિસોટાએ પ્રોફેસરને ઘણું બધું કહ્યું. પણ તે મૌન રહે છે. ધીરે રહીને તે ઊભો થાય છે. શરીરે ક્યાંક ભીનો સ્પર્શ થતો હોય તેવું તે અનુભવે છે.જો કે એને કોઇ ખ્યાલ આવતો નથી. બનેવીની ગાડીમાં ઘેર પહોંચે છે. આખા શરીરે જાણે કે ભિનાશ અનુભવતો હોય તેવું તે અનુભવે છે. બાથરૂમમાં જઇ શરીર પરના વસ્ત્રો પર હાથ ફેરવતાં તે જાણી લે છે કે 'સંડાસ' થઇ જવાને કારણે તેનાં કપડાં ભીનાં થઇ ગયેલાં અને દુર્ગંધ મારતાં હતાં.

બાથરૂમમાં સ્નાન કરીને તે બહાર આવે છે. પંખા નીચે સોફા પર તે બેસે છે. તેની સામે ખાવાનું મૂકવામાં આવે છે. ભૂખ લાગી હોવા છતાં તેનાથી બહુ ખવાતું નથી. બધાં જ તેની આજુબાજુ વીંટળાઇને બેઠાં હતાં. અત્યાર સુધી ડાયાલિસીસ કરાવ્યા પછી તે આવે ત્યારે આ બધાં તેને વીંટળાઇને ક્યારેય બેઠેલાં નથી. તો આજે કેમ ? એના બહેન-બનેવી, દીકરી-જમાઇ અને વેવાઇ બધાં જ એની સામે તાકી રહ્યાં છે અને આશ્ચર્યમાં પણ પડેલાં છે. છેવટે તેની નાની બહેન કહે છે, " મોટાભાઇ, તમને આજે ખબર નથી કે તમે કઇ અવસ્થા ભોગવી ચૂક્યા છો. અમે જ્યારે તમને લેવા આવ્યા ત્યારે ડાયાલિસીસ વિભાગમાંના ઘડિયાળમાં નવ વાગ્યા હતાં. દરવાજામાં પેસતાં જ અમે જોયું કે પહેલી જ પથારીમાં તમે હતા. તમે પાણી પીવા માટે બોટલને મોં એ વળગાડો છો. થોડું પાણી તમારા મોં માં જાય છે. થોડું પાણી મોંમાંથી બહાર નીકળી જાય છે. બોટલ તમારા હાથમાંથી પડી જાય છે. ને તમારું માથું એક બાજુ ઢળી પડે છે. હર્ષદભાઇ દોડતા જ તમારી પાસે આવે છે. કરુણ વાતાવરણ સર્જાય છે. હવે શું થશે ? એથી અમે ચિંતીત બન્યા હતા. અચેતન બનેલા તમારા શરીરમાં એક ક્ષણ પછી ચેતન આવતું અમે જોઇએ છીએ. ખરેખર આજે તમે જીવતદાન મેળવ્યું એમ કહી શકાય. હવે તમે ઘણું જ લાંબુ જીવવાના."

"તો તો પપ્પા, હવે તો તમે કદાચ તમારી નવલકથામાં આ આખું પ્રકરણ જ મૂકવાના કેમ ખરું ને ? પણ મારી એક વિનંતી, તમે જોયેલી એક ક્ષણ પૂરતી અનોખી સૃષ્ટિનું પણ વર્ણન કરજો. તમારો અનુભવ અમને પણ કહેશો ને ? " પ્રોફેસરની નાની દીકરી મીઠી ટકોર કરે છે. બધાં હસી પડે છે.

પ્રોફેસર સુખદેવ વિચારે છે કે શું આમ બન્યુ હશે ? કદાચ આ બધા ખોટી તો વાત નહીં કરતાં હોય ને ? પણ બીજી ક્ષણે અંતિમ અવસ્થામાં જીવ જ્યારે શરીર છોડી દે ત્યારે માણસને " સંડાસ " થઇ જાય છે. અને આ વાત તેણે ઘેર આવી અનુભવી પણ હતી. અને તેથી જ પેલા તેજ લિસોટાએ કહેલી વાતો તેને સાચી લાગે છે.

મૃત્યુદેવી એના સમયે આવી ગયાં. પરસ્પર વચનથી બંધાયેલા બંનેએ પોતાની વાત સ્વીકારી. તેને મુક્તિ મળી. હવે પછીનો સમય એવો આવશે કે ક્યારેય મૃત્યુદેવીની રાહ નહિ જોવી પડે. તેમણે કોઇ અવધિ બાંધી નથી. અને પ્રોફેસર પણ પોતાનાં બે સામાજીક કાર્યો પતાવીને તેમની રાહ જોતો બેસી રહેશે.

પ્રોફેસર સુખદેવ એક એક ડગલું આગળ ભરે છે અને મૃત્યુદેવીને પોતાની નજીકને નજીક આવતાં

કલ્પે છે. પોતાના સામાજીક કાર્યો પૂર્ણ થાય એ દિશામાં સુખદેવ પ્રયત્ન કરે છે. પણ ક્યારે પૂરાં થશે એ વિશે કંઇ કહી શકે તેમ નથી. હવે મૃત્યુદેવી અને પ્રોફેસર સુખદેવ એકબીજાની સાથે સંતાકૂકડી રમતાં હોય એ રીતે એકબીજાને પકડવા અને એકબીજાથી મુક્ત થવા પ્રયત્ન કરશે. સુખદેવને મૃત્યુદેવી ક્યારે પકડી શકશે એનો તો મૃત્યુદેવીને પણ ખ્યાલ નહીં હોય ! કેમ કે પ્રોફેસર સુખદેવ પોતે જો હવે મનથી મેલો બની જાય તો ? પોતાના બે સામાજીક કાર્યો પૂરા કરવાની અવધિ લંબાવતો જ જશે. જોઇએ, હમણાં તો થોડો સમય સુખદેવને મુક્તિ જ મળી. હવે એને કશી ચિંતા નથી.

# ત્રેવીસ

## ભાવનાબેનની વેદના

એક દિવસ વહેલી સવારે સાતેક વાગ્યે કોઇની ખાલી જગ્યા પડવાથી ડાયાલિસીસ કરાવવા માટે સુખદેવ હોસ્પિટલમાં પહોંચે છે. તે આનંદનગરમાંથી આવતો હોવાથી ત્યાંના પ્રમથેશભાઇ નામના એક યુવાન પોતાની યુવાન પત્નીને કાયમ ડાયાલિસીસ માટે લઇને આવે છે તેવું તેણે સાંભળેલું. પ્રોફેસરને તેમનો પરિચય નહીં થયેલો.

પ્રોફેસરની દીકરીએ એક વખત કહેલું કે, ''ભાવનાબહેન બહુ જ નાની ઉંમરે કિડની નિષ્ફળ જવાથી ડાયાલિસીસ માટે આવે છે. પ્રમથેશભાઇ કાયમ એમની સાથે હોય છે''. આવી માહિતી તેની પાસે હોવા છતાં ક્યારેય તે પ્રમથેશભાઇ અને ભાવનાબેનને ભેગો થયો નથી.

અને આજે વહેલી સવારે તેણે પ્રમથેશભાઇ અને ભાવનાબેનને દવાખાનામાં જોયાં. તેમને તે મળ્યો પણ ખરો. ઓળખાણ પણ થઇ અને પછી તો ધીરે ધીરે તેની નજર સમક્ષ પ્રમથેશભાઇ અને ભાવનાબેનની માહિતી બીજાઓ દ્વારા સાંભળેલી અને જોયેલી ચલચિત્રની માફક પસાર થતી ગઇ. ભાવનાબેનને લઇ પ્રમથેશભાઇ અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસ માટે આવતા. આનંદ નગરમાં જ એક જાહેર રસ્તા ઉપર તેમની ચશ્માની દુકાન પણ હતી. તેમના કુટુંબીજનો અમેરીકા હતા. ડોલરને કારણે પૈસાની કોઇ મુશ્કેલી સર્જાતી નહોતી. ડાયાલિસીસનો ખર્ચો એટલો બધો હતો કે સામાન્ય માણસને તો ન પોશાય. અરે ! પૈસાદારને પણ ખર્ચની ચિંતા રહે.

પતિ-પત્ની બંને સ્વભાવે હસમુખાં હતાં. પ્રોફેસરે ભાવનાબેનની વાત જાણી ત્યારથી એ વિચારતો કે, ભગવાન શા માટે નાની ઉંમરે કિડનીનું દર્દ આપી તેઓની સાથે આવા ખેલ કરતો હશે ? નાની ઉંમરની આ યુવતી જેના જીવનમાં કષ્ટ લખાયું છે તે ડાયાલિસીસથી દુઃખી દુઃખી થઇ જતી.

પ્રમથેશભાઇ પોતાની ગાડીમાં જ પોતાની પત્નીને લઇને આવતા. નાની ઉંમરમાં પત્નીને પડતા દુઃખમાં પડખે રહે તેવા પુરુષો ભાગ્યે જ જોવા મળે ! પણ પ્રમથેશભાઇ પત્નીના દુઃખને પોતાનું જ દુઃખ સમજી પત્નીની સેવા ચાકરી કરતા. ડાયાલિસીસના સમયમાં પણ પત્નીની પથારીપાસે જ બેસી રહેતા.

પ્રોફેસર ક્યારેક વિચારતો કે, આ દર્દ થયા પછી નાની ઉંમરની વ્યક્તિએ આખી જીંદગી કષ્ટમય ન વીતાવવી હોય તો કિડની ''પ્રત્યારોપણ'' કરાવી લેવી જોઇએ. ભાવનાબેનની કિડની બદલાવવાનું પ્રમથેશભાઇ કેમ વિચારતા નથી એવું એને થતું. જો કે કોઇની અંગત બાબતમાં તે માથું મારતો નહિ. ડાયાલિસીસ વિભાગના રૂટિનથી તે પૂરેપૂરો વાકેફ થઇ ગયો હતો અને એ જ્યારે જાણે છે કે થોડા દિવસ પછી ભાવનાબેનની કિડનીનું '' પ્રત્યારોપણ '' થવાનું છે. ત્યારે તેણે ખૂબ આનંદ અનુભવ્યો હતો. કેમ કે નાની ઉંમરના સ્ત્રી પુરુષોએ લાંબાગાળાની ડાયાલીસીસ પધ્ધતિમાં પડીને દુઃખી થવા કરતાં કિડની બદલાવી સુખી થઇ જવું જોઇએ. એવી માન્યતા એ ધરાવતો હતો.

મોટેભાગે કિડની ''પ્રત્યારોપણ '' થતાં ઓપરેશન સફળ નીવડતાં હોય છે. જો કે આ પ્રમાણ વધુ છે અને કેટલાંક ઓપરેશન નિષ્ફળ પણ જતાં હોય છે. તેનું પ્રમાણ ઓછું છે. જો કે, ક્યારેક તો ઓપરેશન થયા પછી, દર્દી ઓપરેશન થિયેટરમાંથી સાજો થઇ બહાર આવે તે પહેલાં જ ''પ્રત્યારોપણ'' કરેલી

કિડની નિષ્ફળ નીવડતી હોય છે અને ફરીથી પાછા એ દર્દીની ડાયાલિસીસની પ્રક્રિયા ચાલુ થઈ જતી હોય છે.

ભાવનાબેનનું કિડની '' પ્રત્યારોપણ '' ઓપરેશન સફળ ગયું. આઈ.સી.યુ. માંથી દર્દી તરીકે તેઓ બહાર આવે તે પહેલાં જ ઓપરેશન કરી મૂકેલી કિડની કામ કરતી બંધ થઈ ગઈ. ઘણી વાર એવું બને છે કે બીજાની કિડની દર્દીનું શરીર પ્રત્યારોપણ પછી ન પણ સ્વીકારે. ગમે તેટલું તોય ''કિડની પ્રત્યારોપણ '' મનુષ્ય-ડોક્ટર દ્વારા થતો પ્રયોગ છે. કુદરતી ક્રમ તો નથી ને ? મનુષ્ય ગમે તેટલો પ્રયત્ન કરે છતાં ક્યારેક કુદરત સામે નિષ્ફળ નીવડતો હોય છે.

ભાવનાબેનનું ભવિષ્યમાં શું થશે એ ચિંતાનો વિષય હતો. આ હોસ્પિટલમાં કિડનીની સારવાર માટે આવતા દર્દીઓ એક જ કુટુંબમાંથી આવતા હોય એવા પ્રકારની લાગણી અનુભવતા. એકબીજા પ્રત્યે હમદર્દી રહેતી. દર્દી બીજા દર્દીને આશ્વાસન પણ આપે. ભાવનાબેન પ્રત્યે ઘણાં બધાંને હમદર્દી જાગેલી. પણ જ્યાં બધા જ દર્દીઓ એક જ જાતના દર્દની અસહ્ય પીડા અને વ્યથા અનુભવતા હોય ત્યાં બીજા માટે શું કરી શકે ?

ભાવનાબેન જેવી યુવાન યુવતી બીજાની કિડની થકી પોતાનું ભવિષ્ય સુધારવાનો પ્રયત્ન કરે, પણ એ વિધાતાને મંજૂર નહોતું. ઓપરેશન પછી મૂકેલી કિડની-થોડા દિવસ પછી '' પ્રત્યારોપણ '' કરેલી કિડની-દ્વારા સતત દુખાવો થતો રહેતાં ભાવનાબેનને ફરીથી ઓપરેશન કરાવવું પડે છે અને મૂકેલી કિડની કાઢી લેવી પડે છે.

પ્રાફેસરને થતું કે, યુવાન સાલસ સ્વભાવવાળી આવી યુવતીઓને વિધાતા શા માટે પજવતી હશે ?

કિડની '' પ્રત્યારોપણ '' કર્યા પછી ઈંજેક્શનો અને દવાઓ લેવાને કારણે ફરીથી પાછાં ભાવનાબેન મુશ્કેલીમાં મુકાઈ ગયાં. તેમના જમણા હાથની આંગળીઓનાં ટેરવામાં લોહી જામી જવા લાગ્યું. આંગળીઓ ફુલવા લાગી. કાળુ ઘિબાંગ વાદળ હાથ પર આવી ચૂપચાપ બેસી ગયું હોય એવો હાથ થયો. આની ફરિયાદ સતત ડોક્ટરને કરી છતાં, '' તમને સારું થઈ જશે. ચિંતા કરવાની કોઈ જરૂર નથી. '' એમ ડૉક્ટરો કહેતા રહ્યા. ભાવનાબેન પ્રત્યે વધુ કાળજી તેમણે લીધી નહીં. પરિસ્થિતિ એવી સર્જાઈ કે તેમનું સમગ્ર શરીર ટકાવી રાખવા માટે જમણા હાથના પંજાને કાપી નાખવો પડ્યો અને એમ ન કરે તો એની સમગ્ર શરીર પર અસર પડે.

આજે પણ, પ્રોફેસર કાંડા સુધી કપાયેલા હાથ સાથે ડાયાલિસીસ કરવા આવતાં ભાવનાબેનને જુએ છે ત્યારે એની આંખોના ખૂણામાં આંસું આવી જાય છે અને વધુમાં પ્રોફેસર વિચારે છે કે, કિડની '' પ્રત્યારોપણ '' પછી પણ આવાં અસહ્ય દુઃખો સહન કરવાનાં હોય તો કિડની બદલાવવાનો શો અર્થ ?

પણ આ બધું વિચારવાનું ન હોય. પ્રાફેસર પણ ડાયાલિસીસ માટે આવે છે અને ભાવનાબેનની માફક પણ અસહ્ય પીડા, માનસિક વ્યથા અનુભવવા છતાં ડાયાલિસીસ કરાવતા દર્દીઓને માનસિક પીડામાંથી કોઈ જ છોડાવી શકવાનું નથી. તેઓને માટે તો જીવે ત્યાં સુધી ડાયાલિસીસનું ચક્ર ચાલતું જ રહેવાનુ છે. એનો અંત ક્યારે તે કોઈ જાણી શક્યુ નથી.

## ચોવીસ

## મમતા શર્મા

૨૫મી ડિસેમ્બર નાતાલના દિવસે ડાયાલિસીસ વિભાગમાં નર્સ બહેનોનો સ્ટાફ ઓછો હતો. તે દિવસે મગનનું ડાયાલિસીસ હતું. જ્યારે પ્રોફેસર સુખદેવને અગત્યનું કામ હોવાથી સિનિયર ટેકનિશિયનને વિનંતી કરી પોતાના ડાયાલિસીસનો દિવસ તેમણે બદલાવ્યો હતો. આખા વોર્ડમાં બે-એક ટેકનિશિયન હતા. ટ્રેનીંગમાં આવતી ચારેક સિસ્ટર હતી.

થોડા સમયથી ટ્રેનીંગમાં આવતી એક નવી જ શિખાઉ પણ સોળેક વર્ષની ઉંમરની નર્સ પ્રત્યે મગનનું ધ્યાન વિશેષ રહેતુ. આજે બપોરના સમયે મગનનું જ્યાં ડાયાલિસીસ ચાલતું હતું ત્યાં તે રૂમમાં બીજા દર્દીઓ જ્યારે જાગ્રત-અર્ધજાગ્રત અવસ્થામાં હતા ત્યારે મગનની પાસે પેલી નવી શિખાઉ નર્સ બી.પી. માપવા આવી.

મગનનું તે બી.પી. માપતી હતી ત્યારે, '' સિસ્ટર એક વાત મારે ઘણા સમયથી તમને કહેવી છે. પણ

કહેવાની હિંમત ચાલતી નથી. તમે કહો તો હું કહું ? ''

'' બોલો, શું કહેવા માંગો છો ? ''

'' પણ તમને ખોટું તો નહીં લાગે ને ? '' મગન ધીરેથી ત્રીજા કાને વાત ન જાય એ રીતે બોલે છે.

'' જે કહેવું હોય તે જલ્દી કહો. હજુ ઘણા દર્દીઓનું બી.પી. મારે માપવાનું છે. આજે સ્ટાફ ઓછો છે. ''

'' એક કામ કરો, બધાનું બી.પી. માપી પછી મારું બી.પી. માપવા આવશો ત્યારે કહીશ.''

આ નવી આવેલી સિસ્ટર શું સમજી હશે ! તેનો ખ્યાલ મગનને આવતો નથી. પણ તે હસતી - હસતી બીજા દર્દી પાસે પહોંચી ગઇ.

અડધા એક કલાક પછી મગન પાસે તે આવે છે. મગન કહે છે, '' આ શરીરને મગન ગંજેરી નામથી બધાં ઓળખે છે.''

'' હું મમતા શર્મા. ''

મારું એમ કહેવું હતું કે, '' તમારો સિમેટ્રીકલ ચહેરો, ગાલ પર પડતાં ખંજન, ગમી જાય તેવું રૂપ અને સુંદર યૌવનથી ભરપૂર શરીર. સાચુ કહું તો કોઇપણ વ્યક્તિને પહેલી નજરે તમારા પ્રેમમાં પડી જવાનું મન થાય !''

'' તમારો શો વિચાર છે ? '' એમ કહી બી.પી. માપી તે દૂર ચાલી ગઇ.

મગન એકીટશે તેને જતાં જોઇ રહ્યો. તે બોલી ત્યારે મગનના બોલવાના હોશ નહોતા. એની જીભ સિવાઇ ગઇ હતી.

## પચ્ચીસ

## નૃત્યાંગના કવિતા

સંતરામ મંદિર, રામગઢ મુકામે કિડનીના દર્દીઓ માટે એક નાની પિકનીક-એક દિવસની-રાખવામાં આવી હતી એ સમાચાર ડાયાલિસીસ વિભાગના બધા જ દર્દીઓએ જાણ્યા. દરેક દર્દી સાથે એમના ઘરની એક વ્યક્તિ પણ આવી શકે એવું પણ જાહેર થયેલું. આ પિકનીકનું આયોજન હોસ્પિટલે કવિતાબેનના કહેવાથી કર્યું હતું એવું પ્રોફેસરે જાણ્યું. કવિતા કોણ છે ? ડાયાલિસીસની દર્દી હોવાં છતાંય એનું આટલું બધુ માન ! તો તો એના વિશે જાણવું રહ્યું. ઘણું વિચારતાં એને ખ્યાલ આવ્યો કે બે એક વર્ષ પહેલાં એણે આ જ છોકરી વિશે એક દૈનિક પેપરની પૂર્તિમાં લેખ વાંચેલો. કિડનીની દર્દી હતી એવો લેખ વિસ્તૃત માહિતી આપનારો હતો. ત્યારે પણ કવિતાબેન વિશે જાણવાની તેને ઇચ્છા થયેલી. પણ પ્રયત્ન નહોતો કર્યો. અને એ જ યુવતી આજે હોસ્પિટલમાં દર્દી તરીકે આવે છે. ત્યારે તેને થયું. જો કે જુદા જુદા સમયે અને જુદા જુદા દિવસોએ ઘણા બધા દર્દીઓ આવતા હતા તેથી બધાનો સંપર્ક થઇ શકતો નહોતો, તો પરિચય ક્યાંથી થાય ? પિકનીકની જાહેરાત થયા પછી ઘણા બધાં દર્દીઓ દ્વારા તેણે કવિતા વિશે જાણ્યું. પહેલાં પેપરમાં વાંચેલુ અને એ જ અહીં દર્દી તરીકે આવે છે ત્યારે પ્રોફેસરને થાય છે કે કવિતામાં એવું તો શું છે કે કિડનીના દર્દી તરીકે આટલી બધી પ્રખ્યાત છે ?

નવાપૂરામાં રહેતી આ યુવતી એક વેપારીની દીકરી હતી. દસ વર્ષની ઉંમરે પિતાનું સુખ ખોયું. પંદર વર્ષની ઉંમરે કવિતાએ એસ. એસ.સી. ની પરીક્ષા પાસ કરી. ભણવામાં તે પહેલેથી જ હોશિયાર, તેજસ્વી હતી. એસ. એસ. સી. ની પરીક્ષા આપ્યા પછી તે પોતાના મામાને ત્યાં જાય છે.

એક દિવસની વાત છે. રમતી-કૂદતી કવિતાને થાક વર્તાવા લાગ્યો. તેના શરીરમાં અશક્તિ આવી ગઇ. મામા દ્વારા હોસ્પિટલમાં લઇ જવામાં આવી. ડોક્ટરના નિદાન પ્રમાણે કવિતાની બંને કિડની નિષ્ફળ ગઇ છે. તેવું તેના મામાએ જાણ્યું. પરિણામે ડોક્ટરોએ તાત્કાલિક કવિતાને કોઇપણ યુરોલોજીકલ હોસ્પિટલમાં લઇ જવાની સલાહ આપી. હોસ્પિટલમાં લઇ ગયા પછી તેનું કિડની '' પ્રત્યારોપણ '' કરવું જોઇએ એવી સલાહ

ત્યાંના ડોક્ટર આપે છે.

કવિતાની માતા મોનિકાબેને પોતાની યુવાન દીકરી પ્રત્યે મમતા દાખવી પોતાની સ્વસ્થ કિડનીનું દાન આપ્યું. કવિતા પરનું '' કિડની પ્રત્યારોપણ '' ઓપરેશન સફળ નીવડ્યું. પાછી કવિતા મામાના ઘરેથી નવાપૂરા ઘેર આવે છે.

માતાએ આપેલી કિડની થકી જીવન જીવતી, કવિતાએ આ પછી તો કોલેજનો અભ્યાસ કરીને બી.કોમ. ની ડિગ્રી પ્રાપ્ત કરી. સાત વર્ષ જેટલો સમય તેણે '' ભરત નાટ્યમ'' ની તાલીમ લેવામાં પસાર કર્યો. તે કુશળ નૃત્યાંગના બને તેવું તેનું સ્વપ્ન કદાચ કુદરતને મંજૂર નહોતું. દસ વર્ષ સુધી કાર્યરત રહ્યા પછી કવિતાની પ્રત્યારોપણ કરેલી કિડની પણ કામ કરતી અટકી ગઈ. કવિતા હવે બીજી વખત કોઇની કિડનીનુ દાન સ્વીકારવા તૈયાર ન થઇ. એના માટે '' હિમો ડાયાલિસીસ'' જીવનનો એકમાત્ર આધાર હવે રહ્યો. આમ કવિતા અઠવાડિયામાં ત્રણ વખત નવાપૂરાથી રાજગઢ હોસ્પિટલમાં ડાયાલિસીસ માટે આવે છે.

એકાંતરા દિવસે ડાયલિસીસ કરાવતી કવિતાએ આજે તેના નૃત્યશોખને જાળવી રાખ્યો છે. પોતાની નૃત્યકલાને સ્ટેજ પર રજૂ કરી તે દ્વારા પોતાની સેવા કિડનીના દર્દીઓ માટે આપે છે. કિડનીના આર્થિક રીતે મુશ્કેલી ભોગવતા દર્દીઓને ખર્ચમાં રાહત મળે તે માટે ચેરીટી શોનું પણ આયોજન કરે છે.

ડાયાલિસીસ દ્વારા લેવી પડતી સારવાર ખૂબ જ ખર્ચાળ હોય છે. ગરીબ અને સામાન્ય વર્ગના લોકો આવા મોટા ખર્ચા કરી શકતા નથી. કવિતા ચેરીટી શો દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓની સેવા કરે છે. નૃત્ય કરતી કવિતાને જે લોકો જુએ છે એમાંથી કોઇને પણ ખબર નથી પડતી કે આની બંને કિડની નિષ્ફળ નીવડેલી છે.

ધૂપસળીની માફક અન્યના કલ્યાણ અર્થે પોતાની જાત સમર્પી દેનાર કવિતા કહે છે કે, '' હું ક્યારેય નિરાશ થવામાં માનતી નથી. જીવન ભલે ટૂંકુ હોય પરંતુ જે લોકો મૃત્યુના ઉંબરે આવીને ઊભા હોય તે લોકો માટે મારાથી જેટલી સેવા થાય તે કરીને મારા જીવનમાં ખુશાલી લાવવા માંગુ છું.''

કવિતાની માતાએ જે કિડની આપી તે દસ વર્ષ પછી તો કામ કરતી બંધ થઇ ગઇ. મા એ પોતાની લાડકવાયી દીકરીને કિડની આપી તેને સુખી કરવાનો પ્રયત્ન કર્યો, પણ તે નાકામિયાબ થયો. આવા વખતે કવિ જગદીશ જોશીની એક પંક્તિ સહેજેય યાદ આવી જાય છે :

'' મને આપો ઊછીનું સુખ થોડું ''

પણ અંતે ઊછીનું એ ઊછીનું જને ! કેટલું ટકે ? પાછો વિધાતાનો ક્રમ શરૂ થઇ જાય. કિડનીના દર્દીની લાંબી હિમોડાયાલિસીસની સારવાર. કવિતા વિશેની ઘણીબધી વાતો ડાયાલિસીસ વિભાગમાં તેણે જાણી. પેપરમાં તો વાંચ્યુ હતું. અને પ્રથમવાર સંતરામ મંદિર રામગઢમાં પીકનીકના સમયે કિડનીની દર્દી તરીકે સુખદેવે પોતાની માફક જ કિડનીના દર્દી કવિતાને જોઇ. એ આશ્ચર્યમાં પડી ગયો કે આ વ્યક્તિની બંને કિડની નિષ્ફળ છે ? ત્રીસેક વર્ષની ઉંમર, ખભા ઉપર ફેલાતા ખુલ્લા વાળ, મોં ઉપરનું મોહક સ્મિત. ભગવાને રૂપ પણ ઠાંસીઠાંસીને આપ્યું છે. એવી સુંદર , દેખાવડી, કોડભરેલી યુવતીને ભગવાને શા માટેઆવો રોગ આપ્યો હશે ? પ્રોફેસર સુખદેવના મનમાં આવો વિચાર આવ્યો. પણ તે તેનો જવાબ ન શોધી શક્યો. અને પાછો મનમાં એક પ્રશ્ન ઊઠ્યો, '' નવાપૂરામાં પણ એક કિડનીની સારવાર કરતી સારી હોસ્પિટલ છે. છતાં આ યુવતી રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલ સુધી કેમ લાંબી થતી હશે !''

## છવ્વીસ

## મશીન સાથે ચેડાં

કોલેજમાં અભ્યાસ કરતો કેશવ અકસ્માતને કારણે મુશ્કેલીમાં મૂકાઇ ગયેલો, અને પરિસ્થિતિ એવી સર્જાઇ કે તેની પેશાબની નળી ચપ્પટ થઇ જવાથી તેની અસર કિડની ઉપર થતાં ડાયાલિસીસ માટે દવાખાનામાં દાખલ થાય છે. જો કે આને કારણે અને એમાંય ખાસ નાની ઉંમરે મુશ્કેલીમાં મૂકાઇ જવાને લીધે તેનું સમગ્ર જીવન અસ્ત-વ્યસ્ત થઇ જાય છે. દવાખાનામાં તેની સાથે તેની મમ્મી કાયમ આવતી. સરોજબેન એમનું નામ.

પાંત્રીસેક વર્ષની તેમની ઉંમર. દીકરાના દુઃખમાં સતત તે સહાયરૂપ બનતાં. સામાન્ય કુટુંબમાંથી આવતાં હોવાથી અને દવાખાનાનો ખર્ચ વધારે પડતો હોવાથી નાણાંકીય મુશ્કેલીમાં તે કાયમ રહેતાં હતાં. સ્ત્રી સામાન્ય રીતે પોતાના બાળકોની માંદગીમાં ગમે તે પ્રયત્ન કરીને પૈસા ઊભા કરી સંતાનોની સેવા ચાકરી કરે એ સ્વાભાવિક છે. સરોજબેનના પતિ લાકડાના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. લાકડાની વસ્તુઓ બનાવતી નાની દુકાન પણ હતી. એકબાજુ ઘરનો ખર્ચ ઉઠાવવો અને બીજી બાજુ દવાખાનાનો ખર્ચ, એક નાની દુકાનની આવકના નફામાંથી ક્યારેય આ શક્ય ના બને ! તેથી જ સરોજબેન કાયમ દીકરાના માંદગીના ખર્ચને પહોંચી વળવા હસતાં-હસતાં કોઈની પણ સાથે વાત કરતાં - પૈસાની માંગણી કરતાં. જો કે નાણાં ભીડ નાના કુટુંબોમાં વધુ રહેતી હોય છે. ઘરનો મુખ્ય માણસ એકલો જ કમાતો હોય અને એના આધારે જીવનાર ઘણા હોય તેથી નાણાંથી પહોંચી ના વળાય.

પ્રોફેસર સુખદેવ જોતો કે સરોજબેનનું માતૃત્વથી છલકાતું હૃદય દીકરાના દર્દને સહન કરી શકતું નથી. ગમે તે સંજોગોમાં દીકરો સાજો થાય એ રીતે સેવા ચાકરી કરતાં. જો કે સરોજબેન બહુ ચાલાક હતાં. વાત-વાતમાં, હસતાં-હસતાં કોઈની પાસેથી કામ કઢાવી લેવામાં તે નિપુણ હતાં. જો કે તેમના ઘરની આર્થિક પરિસ્થિતિમાં પહોંચી વળવા અને  દીકરાનો દવાખાનાનો ખર્ચ કાઢવા ગમે તે રીતે નાણાં ઊભાં કરતાં અને ક્યારેક મીઠું મીઠું બોલી કોઈની પાસેથી ઉછીના નહીં તો વ્યાજ આપવાનું કહીને પૈસા તો લાવતાં જ. બીજી તરફ પ્રોફેસર પણ એમના દીકરાના સમયમાં જ આવતા હોવાથી તેમની સાથે ઘરોબો સંબંધ બંધાઈ ગયો હતો. તેથી સરોજબેન પ્રોફેસર માટે પાણી કે ચા લાવવા માટે કાયમ ખડે પગે રહેતાં.

કિડનીનો દર્દી જ્યારે ડાયાલિસીસ પર આવે ત્યારે તેનું જે વજન નક્કી કર્યુ હોય તેના કરતાં જેટલું વધારે વજન લઈને આવે તે ડાયાલિસીસમાં કાઢી નાંખવું પડે. ઓછું વજન હોય તો આરોગ્ય સારું રહે. પણ, કાયમ ડાયાલિસીસ પર આવે ત્યારે કેશવ ચાર કિલો ઉપર જ વજન લઈને આવતો. ટેકનિશિયન ઘણીવાર સરોજબેનને કહેતા કે, " તમે આ ખોટું કરો છો. ક્યારેક તમારો દીકરો મુશ્કેલીમાં મૂકાઈ જશે. તમે એને ઓછું પ્રવાહી લે એની ટેવ પાડો. "

ટેકનિશિયનની વાત એક કાનેથી સાંભળી બીજા કાનેથી કાઢી નાંખતા. તે પોતે પણ દીકરો ઓછું વજન લઈને આવે તે મતનાં જ નહોતાં ! સરોજબેનની મોંની મીઠાશને કારણે ડાયાલિસીસ પુરું થવાના અડધા કલાક પહેલાં કોઈપણ નર્સને કહી દીકરાના " નેગેટીવ " માં પાંચસો ગ્રામ વધારો કરાવી દેતાં ને પાછા દલીલ પણ કરતાં, " વચ્ચે સોમવાર આવે છે ને! ત્યારે એનાથી વધુ પાણી પીવાઈ જાય." વાસ્તવમાં સરોજબેન બધું જ જાણે છે.  પરંતુ દીકરા પ્રત્યેની તેમની મમતા, દીકરાને શિખામણ આપવા માટે સમર્થ નથી તેમ કહીએ તો ખોટું નથી.

ને હવે તો સરોજબેને  પણ મશીન વિશે ઘણુબધું જાણી લીધુ છે. એટલે પોતાની જાતે જ મશીનમાં " નેગેટીવ " માં થોડો વધારો કરી દેતાં. આ  વાત તો કેટલાક ટેકનિશિયનો પણ જાણતા હતા. પણ, " અમારે શું ? " એમ વિચારી એમના તરફ ધ્યાન  ન આપતા.

ક્યારેક સરોજબેન મશીન સાથે ચેડાં કરતાં ત્યારે મગન જોઈ જતો અને બબડતો પણ ખરો, " ટેકનિશિયનોએ મશીન સાથે ચેડા કરતા આ બાઈને રોકવી જોઈએ. ગમે તેટલું તોય એ ટેકનિશિયન નથી. ક્યારેક કોઈના મશીનનું બજર વાગે તે વખતે તે પહોંચી જાય અને મશીનને અડે અને કંઈ વિપરીત પરિણામ આવે તો ? "મગન બબડતો રહેતો . પ્રોફેસરનું ધ્યાન તે તરફ દોરતો. ત્યારે સુખદેવ કહેતો, " જુઓ મગનભાઈ, આ બાઈમાં બહુ પડવા જેવું નથી. તે પોતાના છોકરાનું " નેગેટીવ "  વધારી દે છે. તે  સિનિયર ટેકનિશિયન ભૂપેન્દ્રભાઈ જાણતા હોવા છતાં પણ એમને કહી  શકતા નથી. આપણે એમાં ઊંડા ઊતરવાની જરૂર નથી. " એમ કહી પ્રોફેસર મગનભાઈને સમજાવી દેતા.

## સત્તાવીસ

## તરસની વાત

એક શુક્રવારે ડાયાલિસીસ વિભાગની બહાર પ્રોફેસર સુખદેવ અને મગનભાઇ ભેગા થઇ ગયા. તે દિવસે બે-એક મશીન બગડ્યા હોવાથી તે બંનેનુ ડાયાલિસીસ એકાદ-કલાક મોડું થશે તેવું જાણવાથી કેન્ટીનમાં જાય છે. તેઓ મોટેભાગે કિડની વિશેની જ તથા દર્દીઓને પડતી મુશ્કેલીની જ વાત કર્યા કરતા.

'' સાહેબ, મારે એક પ્રશ્ન તમને પૂછવો છે. '' મગન બોલી ઉઠ્યો.

'' મગનભાઇ. જ્યારે તમે કોઇ પ્રશ્ન પૂછો છો ત્યારે કેટલીક બાબતો તમારી પાસેથી જાણવાની મળે છે ખરી. જો કે તમે બધું જાણતા હોવા છતાં ક્યારેક તમે ન જાણવાનો દંભ કરતા હો એવું મને લાગે છે. ''

'' જુઓ સાહેબ, આખી દુનિયાને હું છેતરીશ. પણ તમારી પ્રત્યે મને માન છે. એટલે યાદ રાખજો કે જ્યારે જે બાબતથી હું અજાણ હોઇશ એ જ બાબત તમને પૂછીશ. તમને છેતરવાનો પ્રયત્ન નહીં કરું. ''

'' ભલે, બોલો શું પૂછવા માંગો છો ? ''

'' સાહેબ, મારો પ્રશ્ન તરસ બાબતમાં છે. તરસ છીપાતી નથી. તો તેને માટે શું કરવું એ માટે હું મૂંઝવણમાં રહ્યા કરું છું. '' મગને એની મૂંઝવણ વ્યક્ત કરી.

'' મગનભાઇ, તરસ તો બે પ્રકારની હોય છે. તમે કયા પ્રકારની તરસની વાત કરો છો ? એ બાબતમાં તમારે ખુલાસો કરવો પડે. તો જ એના વિશે ચર્ચા થઇ શકે. '' પ્રોફેસર સુખદેવ હમણાં કેટલાક સમયથી મગનભાઇ જે પ્રકારનું વર્તન કરતો હતો તેથી તે એની જાતીય તરસને છીપાવવાની વાત કરતો હશે એવું માની લે છે.

'' જુઓ, સાહેબ, તમે જે વિચારો છો એવી તરસની વાત મારે નથી કરવી. એ તરસ છીપાવવાનો પ્રયત્ન મેં કર્યો અને હવે પસ્તાવો પણ અનુભવવાનો વારો આવ્યો. એના વિશે ફરી ક્યારેક વાત કરીશું. પણ આજે હું જે તરસની વાત કરવા માંગું છું તે પાણી અંગેની છે. ''

'' હવે હું સમજ્યો. તમે આજે બહુ મહત્ત્વનો મુદ્દો મારી સમક્ષ રજૂ કર્યો. હું માનું છું કે કિડનીના દર્દીની પાણીની તરસ ક્યારેય તે છીપાવી નહીં શકે, જ્યાં સુધી તે સતત ડાયાલિસીસ કરાવતો રહેશે. કહેવાનો મતલબ એ મૃત્યુ સુધી કોઇપણ સંજોગોમાં તેની તરસ નહીં છીપાવી શકે. તમે તો વેપારી છો. ડાયાલિસીસના પાંચ કલાક દરમ્યાન દરેક દર્દી વિશે થોડું થોડું જાણી લો અને કાન ખુલ્લા રાખો તો તમને બધી જ ખબર પડી જાય. પણ મેં અત્યાર સુધી જોયું છે કે તમારી દૃષ્ટિ મોટેભાગે બીજી તરસ છીપાવવા તરફ જ રહી છે. કેમ ખરું ને ? ''

'' સાહેબ, એ બધી વાત જવા દો. મને પાણીની તરસ માટેનું માર્ગદર્શન આપો. હાલ પૂરતું તો મારું ધ્યાન એ તરફ જ છે. પાણી વગર બહુ મુશ્કેલી પડે છે. તરસ છીપાતી જ નથી. તો શું કરવું ? ''

'' મગનભાઇ, પાણીની તરસ તો કોઇ દર્દીની ક્યારેય છીપાશે નહીં. દર્દીને પાણી પીવું હશે છતાં તે પી નહીં શકે એવી પરિસ્થિતિ તેના માટે નિર્માણ થયેલી છે. એ તો તમે જાણતા જ હશો. દર બે ડાયાલિસીસ વચ્ચે જેટલું પાણી તમે પીવો તેટલું તમારું વજન વધે. ને બીજા ડાયાલિસીસ વખતે એટલા વજનને ( પ્રવાહીને ) શરીરની બહાર ખેંચી લેવું પડે. તમે જાણો છો કે કિડનીના મોટાભાગના દર્દીઓને ભાગ્યે જ બાથરૂમમાં જવું પડતું હોય છે. તેઓ જે પ્રવાહી લે તે બધું જ શરીરમાં જ ભેગું થઇ જાય. બહાર નીકળે નહિ. એટલે વજન ખેંચાવાથી શરીરની નસો તૂટે. અને લાંબાગાળે શરીરને પણ અસર કરે. એટલે પાણી ઓછુ પીવું પડે. તમે મારી સાથે કદાચ સંમત થશો જ. ''

'' તમારી વાત સાચી છે. પણ તરસ છીપાતી નથી એનું શું કરવું ? ''

'' મગનભાઇ, કુદરતે આપણા માટે જે નિર્માણ કર્યુ હોય એને સ્વીકારી લેવું જોઇએ. રહ્યો તરસનો પ્રશ્ન. તરસ છીપાશે નહિ. ઓછુ પાણી લેવું એ તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. અને તમને તો ખબર હશે કે એકલા પાણીથી જ નહિ બીજું પ્રવાહી લઇએ છીએ તેનાથી પણ વજન વધે. એટલે ધીરેધીરે શરીર ટેવાય રીતે પ્રયત્ન કરવો જોઇએ.''

'' તો સાહેબ આખી જીંદગી તરસે મરવાનું ? ''

'' હા, મગનભાઇ તમારો જે પ્રશ્ન છે તે મોટાભાગના દર્દીઓને લાગુ પડે છે. હું મારી જ વાત કરું તો આ દર્દ થયા પછી અત્યાર સુધી મારી પાણીની તરસ છીપાય એટલું પાણી હું પી શક્યો નથી. પીવાની તો બહુ ઇચ્છા

થાય છે. પણ વધુ " નેગેટીવ " હોય તો વધુ ખેંચાવાને કારણે પગની નસો ખેંચાવાથી એ ત્રાસમાંથી છૂટવા માટે પણ હું મારા મન પર કાબૂ રાખી પ્રવાહી ઓછુ લઉં છું. પણ ક્યારેક વધુ પાણી પીવાઇ જવાથી હું શરીરમાં પરસેવો વધુ થાય એ રીતે પણ પ્રયત્ન કરું છું. મગનભાઇ તમે જોયું હશે કે મોટા ભાગના દર્દીઓ બે ડાયાલિસીસ વચ્ચે ચારથી પાંચ કીલો અને કેટલાક દર્દીઓ તો છ કિલો પણ વજન વધારીને આવે છે. એનું કારણ એમની તરસ છે. અને આમેય શરીર ટકાવા માટે રોજ થોડું તો પાણી પીવું જ જોઇએ. જે લોકો વધુ પ્રવાહી લે છે એ લોકો ધીરે ધીરે પોતાના શરીરને નિર્બળ કરી મૂકતાં હોય એવું તે અનુભવતાં હોવા છતાં સાચી પરિસ્થિતિથી દૂર રહે છે. એટલે મારી સલાહ છે કે મન પર થોડો કાબૂ રાખવાનો પ્રયત્ન કરવો. "

" સાહેબ, આ ડૉક્ટરો જ્યારે આવે ત્યારે સૌથી પહેલાં એમ પૂછે છે " કેમ આટલું બધું પાણી પી આવ્યા ?" તેઓ આમ કેમ કરતા હશે ? "

"મગનભાઇ, ડૉક્ટરોની બાબતમાં આપણે બહુ પડવા જેવું નથી. કેટલાક ડોક્ટરો તો આપણે ભોટ હોઇએ તેવું માને છે. તેઓ પણ સાચી પરિસ્થિતિથી જાણકાર હોવા છતાં ક્યારેક આંખ આડા કાન કરતા રહે છે. "

" શું તેઓ આપણે વધું જીવીએ તેમ ઇચ્છે છે ? "

" ના, તેઓ કંઇ આપણા સગા નથી. તેઓ તો દર્દીને જાણ કે જીવાડવાનો પ્રયત્ન કરતાં હોય એવો દંભ જ કરે છે. અને કેટલાક તો પોતાની જાતને બહુ બુધ્ધિશાળી માને છે. "

" હું સમજ્યો નહિ. "

" મગનભાઇ, આમાં સમજવા જેવું કશું જ નથી. હું એક દાખલો આપું. મારું ફોસ્ફરસ ઓછું થતું નહોતું. ડોક્ટરે "લો-ફોસ" ટેબ્લેટ લેવાનું સૂચન કર્યુ. તો પણ ફોસ્ફરસ ઓછું ન થયું. અને પછી ડોક્ટરે સવારે ત્રણને બદલે બે, બપોરે બેને બદલે ત્રણ અને સાંજે ત્રણની ત્રણ ગોળી લેવાનું કહ્યું. હવે તમે જ વિચારો, પહેલાં પણ આઠ ગોળી હતી. અને પછી પણ આઠ જ લેવાની હતી. સવારની એક ગોળી ઓછી કરી બપોરે એક વધારે લેવાનું કહ્યું. આ નાની બાબતથી ડોક્ટરના જ્ઞાનનો વિચાર તમે કરી શકો છો. અને વધુમાં કહું તો દર મહિને ફરજિયાત રીપોર્ટ કરાવવાનું આ ડૉક્ટરો કહે છે. રીપોર્ટ આવ્યા પછી ક્યારેય દર્દીની સાથે રીપોર્ટની ચર્ચા જ કરતા નથી. રીપોર્ટ ફાઇલમાં પંચ થઇ જાય છે. રીપોર્ટ તો તેમની જાણકારી માટે જ હોય છે. તમે સમજ્યા ને ? "

" સાહેબ, મારે મારી બાબતમાં પણ આવું થયું. હિમોગ્લોબીન મારું વધ્યું ત્યારે ડોક્ટરે ઇન્જેક્શન લેવાના બંધ કરાવ્યાં. ઓછુ થયું ત્યારે પાછી સલાહ આપી " એપ્રેક્સ-૨૦૦૦ " ને બદલે " એપ્રેક્સ-૪૦૦૦ " લો તો લોહી વધે. મેં " એપ્રેક્સ-૨૦૦૦" લેવાનું જ ચાલુ રાખ્યુ. અને " આઇબરોલ" ટેબ્લેટ્સ લેવાનું પ્રમાણ વધારી દીધું. અને તમે માનશો ? નહીં જ માનો ! મારું હિમોગ્લોબીન ૧૦.૪ ને બદલે એક જ માસમાં ૧૨.૪ થઇ ગયું. રીપોર્ટ આવ્યો ત્યારે ડૉક્ટરતો ખુશ ખુશ થઇ ગયા. પણ લોહી વધવાનું કારણ " એપ્રેક્સ-૪૦૦૦" નહોતું. પણ "આઇબરલ" ની ગોળીઓ થકી વધ્યું. તમારી વાત સાચી છે. ક્યારેક ડોક્ટરો દર્દીને જે સલાહ આપે છે તેનો ખ્યાલ પણ એમને હોતો નથી. "

" તમે ડૉક્ટરને " આયબરલ " થી તમારું લોહી વધ્યું એવું તો કહ્યું હશે ને ? "

" સાહેબ, એમને તો કશું એવું કહેવાની જરૂર નથી. આપણે આપણી રીતે જ ક્યારેક વર્તવું જોઇએ. આપણે સતત કિડનીનું સાહિત્ય વાંચતા રહેવું જોઇએ. અને ક્યારેક આપણે આપણી રીતે જ આપણી દવા કરી લેવી જોઇએ. ડૉક્ટરો તો એમની ફરજ પ્રમાણે આવીને ચાલ્યા જાય. અને તમને તો ખબર હશે ડાયાલિસીસમાં કોઇ દર્દીને મુશ્કેલી પડે ત્યારે ડૉક્ટરો તો શોધ્યાય જડતા નથી. મોટો સમય તો આપણે ઘેર જ વીતાવવાનો હોય. અને આપણે અવનવા અખતરા કરવા પડે. એવી વાત ડોક્ટરોને ન કરાય. તેમની વિચારધારા અને આપણી વિચારધારામાં બહુ જ ફરક છે. એમને વધુમાં વધુ દર્દી આવે તેમાં રસ છે. મારી વાત સમજી ગયા હશો. "

" કહેવું પડે મગનભાઇ. એક બાબત સિવાય બીજી બધી બાબતોમાં સાચે જ મારે તમને મારા ગુરુ માનવા જોઇએ. તમારી પાસેથી ઘણીબધી જાણવા જેવી માહિતી મળે છે. " એમ કહી પ્રોફેસર સુખદેવ ડાયાલિસીસ વિભાગ તરફ પગલાં માંડે છે.

મગન એકદમ ઊભો થઇ જાય છે. '' ઊભા રહો સાહેબ. કઇ બાબતમાં તમે મને ગુરુ માનતા નથી એ તો તમારે કહેવું જ પડશે.''

'' જુઓ મગનભાઇ, તમે પોતે જ જાણો છો હું શું કહેવા માંગુ છું. જો કે મને તો એ બાબતમાં બહુ રસ નથી. એટલે એ બાબત સિવાય બધામાં તમને ગુરુ માનીશ. ''

'' સાહેબ, અને એ બાબત પણ હું છોડી દઉં તો ? એ મેળવવા મેં બહુ ફાંફા માર્યા છે. જે ઇચ્છતો હતો તે હાથવેંતમાં જ હતું. થોડું ઘણું મેળવ્યુ પણ ખરું. પણ એ ક્ષણિક સુખ મને બહુ મોંઘુ પડ્યુ. અને હવે ધીરે ધીરે એમાંથી મુક્ત થઇ જવા માંગુ છું. ''

'' જે દિવસે તમે એમાંથી મુક્ત થશો ત્યારે મગનભાઇ મને તો જેટલો આનંદ થશે તેનાથી વિશેષ આનંદ તમે અનુભવશો. ખેર બધી વાત જવા દો. ચાલો ડાયાલિસીસનો સમય થયો. ''

એમ કહી પ્રોફેસર સુખદેવ મગનભાઇનો હાથ પકડી ડાયાલિસીસ વિભાગમાં ખેંચી જાય છે. સુખદેવ સાથે વાત કરતાં એક નવી જ ચેતનાનો અનુભવ અને આનંદ થયો એ જલ્દીથી ઉપડતા તેમના પગ દર્શાવે છે.

## અઠાવીસ

## વ્યાજે પૈસા લાવી આપવા

એ દિવસ કદાચ શુક્રવાર હતો. પ્રોફેસર સુખદેવનું ડાયાલિસીસ ચાલુ હતું. તે જ રૂમમાં સામેની પથારી પર સરોજબેનના દીકરાનું પણ ડાયીલિસીસ ચાલતુ હતું. લગભગ ત્રણેક વાગ્યે સરોજબેન ચાના પૈસા લેવા આવે છે. મોટેભાગે જે પીતા હોય એ બધાંને માટે સરોજબેન ચા લાવતાં. ચા આવે છે. પીવાઇ પણ જાય છે. ધીરે રહીને સરોજબેન પ્રોફેસરને કહે છે કે, ''કાકા, હમણાં થોડી પૈસાની મુશ્કેલી છે. થોડા પૈસા વ્યાજે ન લાવી આપો. ''

'' જુઓ સરોજબેન, આ વ્યાજની બાબતમાં ન પડો તો સારું. ખાનગી ધિરધાર કરનારા ત્રણેક ટકા વ્યાજ લે છે અને એ પણ માસિક. કદાચ કોઇ ઓળખીતો હોય તો અઢી ટકા લે. આપણે પૈસા તાત્કાલિક પાછા ન આપીએ તો વ્યાજ ચઢતુ જ જાય. ''

'' કાકા, કોઇને પૂછી તો જોજો ને. થોડા પણ પૈસા લાવ્યા સિવાય ચાલે એમ નથી. '' એમ કહી એમના દીકરાની પથારી પાસે પહોંચી જાય છે.

ડાયાલિસીસ પતાવ્યા પછી ઘેર પહોંચી પ્રોફેસર ધીરધાર કરનાર પોતાના એક મિત્રને ફોન કરે છે. રૂપિયા દસેક હજાર એક ઓળખીતી પાર્ટીને વ્યાજે જોઇએ છે એવી વાત પણ કરે છે. સામી વ્યક્તિ, '' હમણાં પાંચ હજારની વ્યવસ્થા થાય એમ છે. તમારી પાસે અઢી ટકા વ્યાજ લઇશ.''

બીજા ડાયાલિસીસ વખતે પ્રોફેસર સુખદેવ સરોજબેનને આ વાતથી વાકેફ કરે છે. સરોજબેન સંમત થાય છે. અને ધીરે રહીને કહે છે, '' હમણાં વ્યાજ પણ તમે આપી દેજો ને ! બે-એક માસમાં મૂડી અને વ્યાજ તમને આપી દઇશ!''

જો કે સરોજબેનના બે માસ થતાં નથી. દર મહિને એકસો પચીસ રૂપિયા વ્યાજના પ્રોફેસર ચૂકવતો રહે છે. ને આમ સરોજબેનના દીકરાનું ડાયાલિસીસ થતું રહે છે.

## ઓગણત્રીસ

## ધરતીકંપની અસર

આમ તો કિડનીની બિમારીની શરૂઆતમાં પ્રોફેસર સુખદેવ અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસ માટે હોસ્પિટલમાં જતો. ધીરેધીરે તેણે કિડનીની નિષ્ફળતા અને આ રોગ વિશેની સારવાર વિશે ઘણું સાહિત્ય વાંચ્યુ. પછી એ તારણ ઉપર આવ્યો કે કાંતો કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવવું પડે કાં તો આજીવન ડાયાલિસીસ કરાવવું પડે. અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસનો માનસિક ત્રાસ ન ભોગવવો પડે એટલા માટે તેણે ઓછા ડાયાલિસીસ કરાવવાં પડે એવું વિચારેલું. અઠવાડિયામાં ત્રણ વખત જવું એટલે બે ડાયાલિસીસની વચ્ચે એક જ દિવસ ફાજલ મળે અને પાછું ત્રીજા દિવસે જવું પડે. બે વખત જવાથી થોડીક માનસિક શાંતિ મળે. પીડા ઓછી સહન કરવી પડે. અને કિડનીના દર્દીનું ભવિષ્ય કેટલું હોય ? એ નક્કી ના હોવાથી તેણે આયુષ્યના જેટલા દિવસો મળે એમાં કંઇક કરવું જોઇએ એમ પણ માનેલું. અને પછી ડોક્ટરની સાથે વાત થયા પછી તેના બે ડાયાલિસીસ નક્કી થયા. સમય બપોરનો રાખ્યો. અને આ નિશ્ચિત દિવસોમાં જવું તેવો મક્કમ નિર્ધાર કર્યો. ડાયાલિસીસના દિવસે તહેવાર હોય ત્યારે પણ તે જતો. તેથી જ ક્યારેક બેસતા વર્ષે, ભાઇબીજે અને ઉત્તરાયણના દિવસે પણ તેણે ડાયાલિસીસ કરાવ્યુ હતું.

તે કોલેજની નોકરીમાં જોડાયો ત્યારથી જ એક સારા અધ્યાપક તરીકે કોલેજની તમામ પ્રવૃત્તિમાં તે ઊંડો રસ દાખવતો. છવ્વીસમી જાન્યુઆરી અને પંદરમી ઓગસ્ટ આ બે દિવસે એના સાથી અધ્યાપકોમાંથી કેટલાક ન આવે તો પણ તે પોતે ધ્વજવંદનમાં અચૂક હાજર રહેતો.

આવી જ એક છવ્વીસમી જાન્યુઆરીએ ગુજરાતના મોટા ભાગના શહેર ને ગામડાઓમાં સવારે નવેક વાગ્યાના અરસામાં ધરતી કંપની અસર વરતાઇ. આ જ દિવસે તેનું ડાયાલિસીસ હતું. ધ્વજવંદન પતાવી કોલેજના મેદાનમાંથી કોલેજમાં પ્રવેશ કરે છે ત્યારે એક મોટો અવાજ તે સાંભળે છે. ઓફિસના ખંડમાંની તિજોરીઓ ને બીજી વસ્તુઓ એકબીજા સાથે અથડાતી હોય તેવો મોટો અવાજ તે સાંભળે છે. કોલેજનું મકાન હાલતું હોય તેવું તે જુએ છે. તે જ ક્ષણે કોલેજ ઓફિસના ક્લાર્ક નટુભાઇ, બાબર અને લાલજીભાઇને તે દોડતા બહાર આવતા જુએ છે, અને નટુભાઇ, “ સાહેબ, જલ્દી ભાગો ધરતીકંપ થયો છે. ” એમ કહેતો કોલેજના ગેટની બહાર દોડી જાય છે. તે કોઇપણ જાતની ચિંતા સિવાય કોલેજના મેદાનમાં શાંતિથી ઊભો રહે છે. માણસ માત્રને પોતાના જીવ વહાલો હોય છે. દરેકને મૃત્યુથી દૂર ભાગવું છે. ક્યારેક તો ભયનો માર્યો માણસ મૃત્યુથી દૂર ભાગતો હોય છે. પણ એ મેદાનમાં જ્યાં ઊભો હતો ત્યાં શાંતિથી ઊભો છે. તેના શરીરનું એક અંગ નિષ્ફળ નીવડ્યુ હતું. તે જાણતો હતો કે તેના દર્દથી ગમે ત્યારે તે મૃત્યુની નજીક પહોંચી શકે તેમ હતો. મૃત્યુ તો તેની સામે ઊભું છે. પણ તેને ક્યારે ભરખી લે ? તે એક પ્રશ્ન છે. એટલે જ હવે તે કશાયથી ડરતો નથી.

થોડીક ક્ષણોમાં અવાજ બંધ થાય છે. સમગ્ર ભારતના જુદા જુદા વિસ્તારોમાં ધરતીકંપના તીવ્ર આંચકા આવેલા તેવું તે પાછળથી જાણે છે. પૃથ્વીના પેટાળમાં રહેલો લાવારસ જ્યાં જ્યાં ખાલી જગ્યા હોય ત્યાં વહેવાને કારણે એના કંપનના આંચકાથી ધરતીને ધ્રુજાવી દે છે. તે દિવસે આખો દિવસ સમાચાર કે ટી.વી માં ક્યાં ક્યાં ધરતીકંપની અસર થઇ તે વિશેની ચર્ચાઓ થતી રહે છે. તે જ દિવસે તેનું ડાયાલિસીસ હોવાથી તે સીધો જ હોસ્પિટલમાં પહોંચે છે. ત્યાં પણ ધરતીકંપની ચર્ચાઓ થતી હતી. અને વધુમાં બપોરે સાડા અગિયારના અરસામાં ફરીથી ધરતીકંપ થવાનો છે એની ચેતવણી નગરપાલિકા તરફથી બધેય પહોંચાડવામાં આવેલી તે વિશે તે સાંભળે છે. બપોરે ધરતીકંપ થવાનો છે એમ જાણી સવારે ડાયાલિસીસ માટે આવેલા દર્દીઓ હાજર રહેલા ટેકનિશિયનને, “પહેલું મારું ડિસકનેક્ટ કરો ” એમ બૂમો પાડી પાડીને કહેતા હતા. ટેકનિશિયન બધાને શાંતિ રાખવાનું કહેતા હતા. વધુમાં તે કહે છે, “ તમારું બધાનું વારાફરતી ડિસકનેક્ટ હું કરું છું. ચિંતા કરશો નહિ અને જો આમ જ બૂમો પાડતા રહેશો તો હું ચાલ્યો જઇશ. તો પછી કોણ તમારું ડીસકનેક્ટ કરશે ? ” તેમની વાત સાચી હતી. મોતનો ભય દર્દી એકલાને નહિ ટેકનિશિયનને પણ હોય છે. બધાને બહાર નીકળી જવાનુ ગમતું હતું. પણ આ સંવાદ સાંભળતા બધાં જ દર્દીઓ ચૂપ થઇ ગયા.

ખરેખર ટેકનિશિયન બધાને મૂકીને ચાલ્યા જાય તો બધા જ દર્દીઓનું ડીસકનેક્ટ થતુ રહી જાય. પોતાના હાથ પરની નિડલને જાતે જ દૂર કરવાનો પ્રયત્ન થાય તો તે નિડલ વાટે દર્દીના શરીરનું લોહી બહાર નીકળી જાય. અને વધુ પડતુ લોહી બહાર નીકળે તો ? દર્દી પોતે જ પોતાના જીવને જોખમમાં મૂકી દે. ટેકનિશિયને

બહુ ઝડપથી બધા દર્દીને છૂટા કરી દીધા. આ તો સવારના દર્દી હતા. પણ બપોરે આવેલા દર્દીઓનું શું ?

સવારના દર્દીઓ બહાર નીકળી ગયા પછી ટેકનિશિયને ડાયાલિસીસ વિભાગ બંધ કરી દીધો. ટેકનિશિયન અને નર્સ વિભાગ ચાલુ કરવાના મૂડમાં નહોતા. દૂરદૂરથી આવેલા દર્દીઓ ત્યાં બેસીને ચર્ચાઓ કરતાં હતાં. બાર વાગ્યે જે દર્દીઓનું ડાયાલિસીસ થવાનું હતું તે બધાં જ દર્દીઓને સૂચના આપવામાં આવી નહોતી કે તેઓ ક્યારે આવે. લગભગ બે વાગી ગયા હતા. થાકીને પ્રોફેસર સુખદેવ દવાખાનાના મુખ્ય સર્જનની ઓફિસમાં જાય છે. વિનંતીના સ્વરમાં કહે છે, '' સાહેબ, તમે નિર્ણય લઈ લો કે આજે ડાયાલિસીસ વિભાગ ચાલુ રાખવાનો છે કે કેમ ? અમને કહો કે અમારે ક્યારે આવવાનું છે ? અમારે અહીં બેસી રહેવું ન પડે. અમે અમારે ઘેર પહોંચી જઈએ. કહેશો ત્યારે આવીશું. ''

દવાખાનાના મુખ્ય સર્જન અચંબામાં પડી જાય છે. દર્દીઓનું ડાયાલિસીસ તો થવું જ જોઈએ. તેવું તે માને છે. તેથી ડાયાલિસીસના સિનિયર ટેકનિશિયનને બોલાવે છે. ને, ''કોના કહેવાથી વિભાગ બંધ કર્યો ? '' એમ કહી સિનિયર ટેકનિશિયનને ખખડાવે છે. અંતે બપોરે ડાયાલિસીસ કરાવવા આવતા બધા જ દર્દીઓનું કામ થઈ ગયું. પ્રોફેસર સુખદેવે મુખ્ય સર્જનને વાત ન કરી હોત તો બધાં જ દર્દીઓ સાંજ સુધી બેસી રહેત. અને તેમને કોઈ માહિતી પણ ન આપત કે ફરીથી તેમણે ક્યારે આવવું ? અહીં આ દવાખાનામાં તમને પડતી મુશ્કેલીની વાત મુખ્ય સર્જનના કાન સુધી પહોંચાડો તો જ તમારુ કામ થઈ શકે.

ધરતીકંપના દિવસે કેટલાક હાસ્ય જન્માવનારા બનાવો પણ બની ગયા. ઈસ્માઈલ નામનો પંદર વર્ષનો મુસ્લિમ છોકરો કિડનીના દર્દથી પીડાતો હતો. થોડો સમય પહેલા દવાખાનામાં દાખલ થયેલો. પેશાબ માટે તેના શરીરમાં નળી મૂકેલી. પેશાબ ભેગો થવાની પ્લાસ્ટિકની કોથળી નળીના છેડે હતી. ધરતીકંપ થયો એવું જાણતાં જ બે હાથે પેશાબની કોથળી પકડી ત્રણ ત્રણ પગથિયાં એક સાથે ઊતરતો દોડતો દોડતો હોસ્પિટલની બહાર નીકળી ગયો. એટલી જ ઉંમરનો બીજો એક છોકરો કે જેનું ડાયાલિસીસ તે દિવસે હતુ તે ડાયાલિસીસ કરાવવા કેમેય તૈયાર ન થાય. હમણાં ધરતીકંપ થશે અને મકાન તૂટી પડશે એવી એ ચિંતા કરતો હતો. પ્રોફેસર સુખદેવ તેને સમજાવે છે અને કશુ જ નહિ થાય એમ કહી ડાયાલિસીસ માટે એને તૈયાર કરે છે.

એક મોટી ઉંમરનો વૃધ્ધ કેટલાંય દિવસથી દવાખાનામાં હતો. દર્દને કારણે કણસતો હતો. પથારીમાંથી બેઠો થઈ શકે તેમ પણ નહોતો. તેના સગાં વ્હાલા પણ તેનાથી કંટાળી ગયેલા. જુવાન કે વૃધ્ધ દરેકને પોતાનો જીવ વહાલો હોય છે. ધરતીકંપે તો ચમત્કાર સર્જ્યો. તે વૃધ્ધ પુરુષ ધરતીકંપનું નામ સાંભળી પથારી બહાર નીકળી દોડતો હોસ્પટલના પગથિયા ઊતરી ગયો. અને હાંફતો હાંફતો દવાખાનાની બહાર જઈ ટટ્ટાર ઊભો રહી દવાખાનાને જોતો હતો. એનું દર્દ ગાયબ થઈ ગયું. એક ડૉક્ટર દર્દીને તપાસતા હતા. ધરતીકંપનું નામ સાંભળી દર્દીને તપાસવાનું છોડી હોસ્પિટલની બહાર નીકળી ગયા.

ધરતીકંપે તો ચમત્કાર સર્જ્યો. પેલો વૃદ્ધ ડોસો તે જ દિવસે સાજો થઈ દવાખાનામાંથી રજા લઈ ઘેર પહોંચી જાય છે.

આજે પણ જ્યારે ધરતીકંપની વાત ડાયાલિસીસ વિભાગમાં થાય છે ત્યારે પેલો ટેકનિશિયન કયો દર્દી કેટલો ગભરાયો હતો તેની વાત પ્રોફેસરને કહે છે.

# ત્રીસ

# 'શિવ પ્રોટોકોલ' પદ્ધતિ

આમ તો જ્યારે જ્યારે સમય મળે ત્યારે મગન પોતાને મૂંઝવતો પ્રશ્ન પ્રોફેસર આગળ રજૂ કરતો. અને મગનના પ્રશ્નોને કારણે પ્રોફેસરને પણ નવું નવું જાણવાનું મળતું. એક દિવસે આમ તો બંનેનું ડાયાલિસીસ નહોતું. ત્યારે મગન પ્રોફેસરને ઘરે પહોંચી ચા-પાણી કર્યા પછી કહે છે કે, ''સાહેબ મને એક પ્રશ્ન મૂંઝવે છે. અને એ જવાબ મેળવવા માટે જ આજે તમારી પાસે આવ્યો છું. તમે તો ઘણું બધુ કિડની પરનું સાહિત્ય વાંચો છો એટલે કદાચ તમે મારા પ્રશ્નનો જવાબ આપી શકશો. ''

'' બોલો મગનભાઈ, શી બાબતમાં તમારે જાણવું છે ? ''

'' સાહેબ, મારે એ જાણવું છે કે ''બ્રેઇન ડેડ'' વ્યક્તિની કિડનીનું અન્યના શરીરમાં સફળ પ્રત્યારોપણ કરી શકાય ? ''

'' મગનભાઇ, તમે બહુ જ મહત્વનો પ્રશ્ન કર્યો. તો સાંભળો : ''

'' નવાપૂરાની કિડની ઇન્સ્ટીટ્યુટના નિયામક ડૉક્ટર ભટ્ટે કિડની પ્રત્યારોપણની એક નવી પધ્ધતિ અપનાવી છે. તેમણે આ પધ્ધતિને '' શિવપ્રોટોકલ '' નામ આપ્યુ છે. આ પ્રકારનો ટેકનિકલ પ્રયોગ સર્વપ્રથમ નવાપૂરાની કિડની ઇન્સ્ટીટ્યુટે કર્યો છે એવું ડૉક્ટર ભટ્ટ દાવો કરે છે. આ પધ્ધતિનો વિકાસ શિવરાત્રિના દિવસે થયો હોવાથી ''શિવપ્રોટોકલ'' એવું નામ તેમણે આપ્યુ છે.''

શરીરની અંદર પ્રવેશવા મથતા કોઇપણ પ્રકારના બહારના તત્વોને નકારવાનું કામ કરતી અને હૃદયની ઉપર આવેલી બદામ જેવડી '' થાઇમસગ્રંથિ '' માં દર્દીના શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કરવાની કિડનીનો એક નાનો ટુકડો રોપીને દવાની જરૂર વિના કિડનીના પ્રત્યારોપણ કરવાના ઓપરેશન થઇ શકે છે. એવાં સફળતાપૂર્વક ઓપરેશન ડૉક્ટર ભટ્ટે પાર પાડ્યાં છે. અને આ પ્રકારના લગભગ ચોપન જેટલાં ઓપરેશનો તેમણે કર્યા છે.

''બ્રેઇન - ડેડ '' વ્યક્તિની બંને કિડની તેમના સગાં સંબંધીની મંજૂરીથી લઇને કિડનીની જરૂરિયાતવાળા બે દર્દીના શરીરમાં એક- એકનું પ્રત્યારોપણ કરીને તેમને નવજીવન બક્ષ્યુ છે.

દાખલા તરીકે કોઇ એક વ્યક્તિને અચાનક માથામાં દુઃખાવો ઉપડ્યા બાદ '' બ્રેઇન-હેમરેજ '' થઇ જતાં તેમનું ''બ્રેઇન ડેડ '' થઇ જાય છે. બ્રેઇન સ્ટેમ્પ ખલાસ થાય તો જ તેને '' બ્રેઇન-ડેડ'' નહી પણ '' બ્રેઇનડેડ '' હોઇ શકે. કોઇપણ માણસના મગજમાં ગંભીર ઇજા થઇ હોય અને '' વેન્ટી લેટર'' પર હોય અને મગજ સિવાયના ભાગો કામ કરતા હોય તે વખતે ન્યુરો સર્જનને લાગે કે હવે આ વ્યક્તિનું મગજ સાજુ નહિ થાય એ વખતે ન્યુરોસર્જન એને '' બ્રેઇનડેડ'' વ્યક્તિ જાહેર કરી શકે. આ વ્યાખ્યા ૧૯૯૬ માં સંસદમાં અને ૧૯૯૮ માં ગુજરાતમાં સ્વીકારાઇ છે. '' બ્રેઇન ડેડ'' નો મૂળ સંદર્ભ પશ્ચાતાપ છે. જેને હવે આપણે અહીં સ્વીકૃતિ મળી છે.

આવા બ્રેઇન ડેડના કિસ્સામાં દર્દીના નજીકના સગાની સંમતિથી તેના અવયવો જરૂ રિયાતવાળા દર્દી માટે લઇ શકાય. જેમાં મુખ્યત્વે આંખ અને કિડની છે. કોઇપણ દર્દીની નજીકની વ્યક્તિ તેના શરીરના અંગોનું દાન કરવાની સંમતિ આપે તો તેની બંને આંખો અને બંને કિડની કોઇને આપી શકાય. એની બંને કિડની બે જુદી જુદી વ્યક્તિઓને પ્રત્યારોપણ કરી મૂકી શકાય.

હાલ જોવા જઇએ તો મોટાભાગની કિડની હોસ્પિટલમાં ઘણાં કિડનીના દર્દીઓ જરૂરિયાતવાળા હોય છે. વેઇટીંગ લીસ્ટમાં પણ પચાસેક જેટલા દર્દીઓ હોય તે સ્વાભાવિક છે. ને ડાયાલિસીસ પણ સો એક જેટલા દર્દીઓનું નિયમિત થતુ રહે છે.

સામાન્ય રીતે કિડનીની જરૂર હોય તેમને તેમના જ કોઇ સગા સબંધી અથવા સમાન લોહી ગ્રુપવાળી કોઇ વ્યક્તિ ક્યારેક કિડની આપતી હોય છે. આ પ્રક્રિયાને '' લીવીંગ ટ્રાન્સપ્લાન્ટ'' પણ કહેવામાં આવે છે. પરંતુ હવે '' બ્રેઇન ડેડ '' ટ્રાન્સપ્લાન્ટ પણ શક્ય બન્યુ છે. આવા કેસમાં નિષ્ણાત ન્યુરો સર્જનોની ટીમના છેલ્લા અભિપ્રાય બાદ બ્રેઇન ડેડ દર્દીના સગા જો કિડની જેવા અંગો આપવાની ઉદારતા બતાવે તો ઘણાની જીંદગી બચી શકે એમ છે. આ ઉપરાંત બીજા કિસ્સામાં જો મૃતકના સગા તૈયારી બતાવે તો કોઇની જીંદગી બચી શકે. એ '' એસ્કી ડેન્ટલ ડેથ '' છે. મૃતકના શરીરમાંથી કિડની લેવા માટે પાંચ મિનિટની સમય મર્યાદા છે. '' બ્રેઇન ડેડ '' અને આવા કેસમાં તેમના સંબંધીઓ જો તૈયારી બતાવે, તો ઘણાં લોકોને નવી જીંદગી મળે અને આના કારણે ક્યાંક ચાલતો કિડનીનો વેપાર પણ અટકી જાય.

'' શિવ પ્રોટોકોલ '' પધ્ધતિ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરાયેલી એક પણ કિડની દર્દીના શરીરે રિજેક્ટ કરી નથી. ભારતમાં લગભગ દર દસ લાખે સો વ્યક્તિમાં કિડની નિષ્ફળ જવાનું પ્રમાણ છે. જે પશ્ચિમના દેશો કરતાં દસ ઘણું વધારે છે. તેના કારણોમાં વધુ ડાયાબિટીસ, ટી.બી., ઊંચુ બ્લડ પ્રેશર, બ્લડ પ્રેશર સાથેની પ્રેગ્નેન્સી, પથરી વગેરે છે. અશુધ્ધ પાણીથી પણ કિડની નિષ્ફળ નીવડતી હોય છે'' . આમ લાંબી વિગતો આપી પ્રોફેસર સુખદેવ મગનભાઇએ પૂછેલા પ્રશ્નાનું યોગ્ય સમાધાન કરવાનું વિગતો આપી જણાવતા રહે છે.

'' સાહેબ આજે તમે મારા મનમાં ઉદ્દ્ભવતા પ્રશ્નનું નિરાકરણ કરી આપી વાત કરી તેથી હું બહુ ખુશ

છું. તમે બેસો, હું હવે જાઉં. તમારે પણ કામ હશે '' એમ કહી મગન ચાલ્યો જાય છે.

## એકત્રીસ

## બાળકને કિડનીના રોગ થાય ?

એક દિવસે પોતાની ઓફિસમાં બેઠો બેઠો કિડની ઉપરના જુદાજુદા લેખકોના લેખો વાંચતો હતો. એટલામાં જ મગનભાઈનું આગમન થાય છે.

'' અરે ! મગનભાઇ તમે ક્યાંથી ભૂલા પડ્યા. ?'' મગનને આવેલો જોઈ પ્રોફેસર સુખદેવ આશ્ચર્ય અનુભવે છે.

'' સાહેબ, તમને ખબર નહીં હોય કે આ જ રોડ ઉપર મારા એક મિત્રની ફાઈનાન્સની ઓફિસ છે. તેમની સાથે મારે કાયમનો નાણાંની લેવડદેવડનો વ્યવહાર ચાલે છે. આજે ત્યાં આવેલો. તમે એક દિવસે વાત વાતમાં તમારી પુસ્તકોની દુકાનની વાત કરેલી અને સરનામું પણ મને કહેલું. આજે અહીં આવ્યો ત્યારે મને તમારી યાદ આવી અને તમને શોધતો-શોધતો અહીં આવી પહોંચ્યો. '' મગન એકી શ્વાસે બોલી ગયો.

'' બોલો, શું લેશો ? ગરમ કે ઠંડુ ? ''

'' સાહેબ, તમારી સાથે જ્યારે વાત કરું છું ત્યારે તમે મને ઠંડો પાડી દો છો એટલે આજે હું ગરમ જ લઈશ. '' એમ કહેતો મગન પ્રોફેસર સુખદેવની ઓફિસની જુદાજુદા વિષયની ચોપડીઓ ફેંદતો રહે છે. એટલામાં બંને માટે ચા આવે છે. ચાની સાથે, પ્રોફેસર પોતાના ટેબલ પરના એક ડબ્બામાંથી બિસ્કીટ કાઢી મગનને આપે છે. ચા અને બિસ્કીટ ખાતાં-ખાતાં બંને વાતોએ વળગે છે. ચા પીધા પછી બંને જણ કિડની વિષયક ચર્ચાઓ પણ કરે છે. એમ ચર્ચા કરતાં મગન પ્રોફેસરને કહે છે કે,

'' સાહેબ, ઘણા વખતથી એક પ્રશ્ન મને મૂંઝવતો હતો. આપણા જેવા મોટા માણસની કિડની નિષ્ફળ જાય એ તો સ્વાભાવિક છે. પણ મારો એક પ્રશ્ન છે બાળકને કિડનીના રોગો થાય ? આના વિશે તમારી પાસે કોઈ માહિતી ખરી ? હોય તો મને આપો . ''

'' જુઓ મગનભાઈ, તમારો પ્રશ્ન મને મૂંઝવણમાં મૂકે છે. મને અત્યાર સુધી એમ જ ખબર હતી કે કિડની મોટે ભાગે મોટા માણસોની નિષ્ફળ જાય. તમે જે પ્રશ્ન પૂછ્યો એના વિશે હું પણ વિચારતો હતો જ. હવે બાળકને કિડનીના રોગો થાય એના અનુસંધાનમાં હું તમને કંઈ વાત કરું તે પહેલાં આજના જ ''ગુજરાત સમાચાર'' માં મૌલિક બક્ષીનો એક લેખ છપાયેલો છે અને એ લેખ તમે વાંચી જાવ તો તમારા પ્રશ્નનો જવાબ તમને મળી રહે. '' એમ કહી પ્રોફેસર સુખદેવ મૌલિક બક્ષીના લેખનું કટીંગ મગનભાઈને આપે છે. આ લેખનું મથાળું '' બાળકને કિડનીના રોગો થાય ? '' એવું હતું. મગન ધીરે ધીરે લેખ વાંચતો જાય છે.

'' હા, બાળકને પણ કિડનીના રોગો થઈ શકે છે. બાળકોના કિડનીના રોગો ધીમા ક્યારેક સ્પષ્ટ નિદાન ન કરી શકાય તેવા અને લાંબાગાળાનું શરીરને નુકશાન કરી શકે તેવા હોય છે. બાળકોમાં જોવા મળતી જન્મજાત ખોડમાં કિડની ખોડનું પ્રમાણ વિશેષ હોય છે. ચેપી રોગોમાં ઈન્ફેક્શન બાળકોને વિપુલ પ્રમાણમાં થઈ શકે છે. ''

**શું લક્ષણો હોય ?**

કિડનીના રોગોના લક્ષણો ઘણાં અસ્પષ્ટ હશે. અરે ! નવજાત બાળકને કોઈપણ લક્ષણ ન હોય. પણ દાક્તરી તપાસમાં કિડનીનો રોગ માલૂમ પડે ! નવજાત બાળકને સોજા રહે, ફુલાઈ જાય, પેશાબ ઓછો થાય, પેટ ફુલેલું રહે, પેશાબની ધાર અટકી જાય કે ખૂબ તૂટક-તૂટક થાય, પેશાબની ધાર સીધી રહેવાની જગ્યાએ નીચેના ભાગમાં જાય-ધ્યાન રાખવું. આવા બાળકોને કિડનીનો કોઈ રોગ હોય તો નવાઈ નહીં ! એક વર્ષ સુધીના બાળકને કોઈપણ બીજાં લક્ષણો વગર તાવ રહે. પેશાબ કરતાં ખૂબ રડે કે ટકીને થાય. પેશાબમાં ઈન્ફેક્શન, પરૂ હોવાની શક્યતા રહેલી છે. તમારા બાળકને પેશાબ કરતી વખતે આગળનો ભાગ ફુલી જાય છે ? શક્ય છે તેનો માર્ગ સાંકડો હોઈ શકે. બાળકની આંખો પર સોજા રહે, સવારના સમયે સોજો વધે, પેશાબ ઓછો થઈ જાય,

આંખોમાં ઝાંખુ દેખાય, ખેંચ આવે કે તપાસ દરમ્યાન વધારે બ્લડ પ્રેશર નોંધાય. આવા કેસને કિડની પરનો સોજો, ગ્લોમરુલનો નેફ્રાઇટીશ કહેવાય. બાળકને પેશાબમાં લોહી આવે તો ધ્યાન આપવું જરૂરી છે. પેશાબનું પરૂ, કિડની પરના સોજો કે લોહી ગંઠાવવાને પરિણામે આવું થઇ શકે છે. ધ્યાન રહે : કોઇ એક લક્ષણ પરથી જ રોગની ગંભીરતા કે તેનું નિદાન હોતુ નથી, તે નિર્ણય તમારા ડોક્ટરને લેવા દો.

**ટેસ્ટ કેવી રીતે :**

નવજાત બાળકનો યુરિન ટેસ્ટ માટે ભેગો કરવા માટે સ્પેશ્યલ પ્લાસ્ટિક બેગ મૂકી રાખવી પડશે. કેટલાક કેસમાં પેટમાં કાણુ પાડી '' સુપરાવ્યુ બીક પંક્ચર '' દ્વારા યુરિન લેવામાં આવે છે. બાળકને ટેસ્ટ કરવા માટે સવારનો પ્રથમ યુરિન લેવો સારો. પરંતુ બધા સમયે એવું જરૂરી નથી. તમારી જૂની દવાની બાટલીને ગરમ પાણીથી સાફ કરી કોરી કર્યા પછી તેમાં યુરિન ભેગો કરી શકાય. કલ્ચર ટેસ્ટ કરવા માટે સ્પેશ્યલ ટેસ્ટ ટ્યુબ લેબોરેટરીમાંથી મંગાવવી પડશે. સોનાગ્રાફી કિડનીના રોગોનું સચોટ નિદાન કરી શકે છે. તે દ્વારા પેશાબ માર્ગમાં ક્યાં અને કેટલા પ્રમાણમાં અટકાવ થાય છે તે જાણી શકાય. ખાસ પરિસ્થિતિઓમાં કિડનીના અભ્યાસ માટે રેડિયો એક્ટીવ દવા નાખી '' રીનલ સ્કેમ '' કરી શકાય. કે વર્તમાન સમયમાં અદ્યતન સાધનો દ્વારા સચોટપણે કિડનીના રોગનું નિદાન થઇ શકે છે. કિડનીમાં પેશાબના પ્રવાહના અભ્યાસ માટે '' એમ. સી. યુ. '' નામનો ટેસ્ટ લેવાય છે. જેમાં પેશાબ માર્ગમાં નાની ટેથેટર નાખી ચઢાવી દેવામાં આવે છે.

**શું સાચવશો ?**

કિડનીના રોગો માટે સજાગ રહેવું જરૂરી છે. ડૉક્ટરી તપાસ અને સલાહ મુજબ જ સારવાર લેવી, જાતે જાતે દવાઓ ક્યારેય ન લેવી. ચેપનો કોર્સ અવશ્ય પૂરો કરવો. બધા રિપોર્ટ સાચવી રાખવા. પ્રવાહી પુષ્કળ આપતા રહેવું. જેથી પેશાબની છૂટ રહે. કિડની શરીરનું અમૂલ્ય અંગ છે. કિડની ફેઇલ ગઇ હોય અને ડાયાલિસીસ પર રહેવું પડે તેવા દર્દીની જીવનની કલ્પના કરશો તો તમારા બાળકની તંદુરસ્ત કિડનીની કિંમત સમજાશે. દવા લેતાં ધ્યાન રાખજો કે અમુક દવાઓ કિડનીને નુકશાન કરશે. પ્રેગનન્સી દરમ્યાન સોનોગ્રાફી દ્વારા બાળકના રોગનું નિદાન શક્ય છે. રોગનું નિદાન જેટલું વહેલું તેટલું સારું. તમારી સજાગતા અને તમારા ડૉક્ટરનું માર્ગદર્શન કિડનીના રોગોથી બાળકને દૂર રાખશે.''

આખો લેખ વાંચીને મગનનો ઘણા સમયથી મૂંઝવતા પ્રશ્નનો હલ થઇ ગયો હોય એમ તે અનુભવે છે. અને, '' વાહ સાહેબ વાહ ! તમે તો બહુ બુધ્ધિશાળી નીકળ્યા. કોઇ લેખકના લેખ દ્વારા તમે મારી શંકાનુ સમાધાન કરી આપ્યુ. મને બહુ આનંદ થયો. અને આજે તમારી ઓફિસે આવ્યો તો આટલી જાણકારી મેળવવાનો ફાયદો પણ થયો. ચાલો, હું જાઉં ? '' એમ કહી મગન પ્રોફેસરથી વિદાય લે છે. જો કે પ્રોફેસરને લાગે છે નક્કી મગન આટલા જ કામ માટે ન આવ્યો હોય. એને બીજુ પણ કામ હોઇ શકે. પ્રોફેસર સુખદેવ રસ્તા ઉપર જતા મગનને તાકી રહે છે. થોડેક દૂર જઇ મગન અટકે છે. પ્રોફેસર તેનું ધ્યાન રાખતા હશે એનો એને ખ્યાલ નથી. એટલામાં જ દૂરથી આવતી એક સ્ત્રીને મગન હાથ ઊંચો કરી કંઇક બોલતો હોય તેવું પ્રોફેસર સુખદેવ જુએ છે. બાજુની ગલીમાં મગન ચાલ્યો જાય છે. દૂરથી આવનાર સ્ત્રી પણ મગન જે ગલીમાં વળ્યો તે તરફ જાય છે. જનાર સ્ત્રીને જોતાં જ પ્રોફેસર આશ્ચર્ય અનુભવે છે. આ અને અહીં ? પ્રોફેસરને ઘણા બધા વિચારો આવી જાય છે. જનાર સ્ત્રી બીજું કોઇ નહીં પણ સરોજબેન હતાં. તો શું મગન અને સરોજબેનને ... ? આ શક્ય ખરું ? વિચારતો પ્રોફેસર પોતાની ઓફિસમાં ચાલ્યો જાય છે.

## બત્રીસ

## દવાખાનાઓની દુનિયા

બે-એક માસ સુધી પ્રોફેસર સુખદેવ અને મગનભાઇ એક જ સમયે આવતા હોવાથી અને એક જ રૂમમાં પથારી હોવાથી મળતા રહે છે. સુખદુઃખની વાતો કરે છે. ક્યારેક દર્દીઓની માનસિક યાતના અને વ્યથાની પણ ચર્ચાઓ કરતાં રહે છે. આમને આમ દિવસો વીતતા જાય છે. એક દિવસે ડાયાલિસીસ વિભાગની બહાર તેઓ

બંને બેઠા હોય છે ત્યારે મગન તેણે છેલ્લો જે લેખ લખ્યો હતો એની માહિતી પ્રોફેસરને આપે છે. પોતાના એ લેખની વાત કરતાં કરતાં મગન કહે છે, '' સાહેબ, આ લેખ આ હોસ્પિટલ અને બીજી હોસ્પિટલોને પણ લાગુ પડે એમ છે. તમે એકવાર વાંચી જુઓ. જો કે મેં કોઇની ટીકા કરવા માટે-એમાંય ખાસ કરીને ડૉક્ટરોની - આ લેખ લખ્યો નથી. પણ મોટેભાગે બધેય સરખુ ચાલતુ હોય એવી તો ચર્ચાઓ થતી જ રહે છે. ''

પ્રોફેસર સુખદેવ મગનભાઇનો લેખ વાંચે છે.

''રાજગઢની યુરો લોજીકલ હોસ્પિટલ સમગ્ર ભારતની હોસ્પિટલોમાં અગ્રસ્થાન ભોગવે છે. કિડનીના તમામ રોગોનું અહીં નિદાન થાય છે. જેમ કે, કિડનીમાં સોજો આવવો, કિડનીમાં પથરી કે કિડની નિષ્ફળ જવી. આ હોસ્પિટલનું સંચાલન એક પ્રાઇવેટ ટ્રસ્ટ દ્વારા થાય છે. હોસ્પિટલમાં કિડનીના નિદાન માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. દર્દીઓને મુશ્કેલી ન પડે તે માટે અને તેમના સગાં-સબંધીઓને હોસ્પિટલની બહાર દવા લેવા ન જવું પડે તે માટે કમ્પાઉન્ડમાં જ દવાઓનો મોટો સ્ટોર છે. લોહી કે યુરિન તપાસવા માટેની લેબોરેટરી પણ અંદર જ છે. કહેવાનો મતલબ એ કે દર્દીને કોઇપણ તપાસ માટે દવાખાનાની બહાર ન જવું પડે. સમગ્ર ભારતમાં ઉત્તમ સગવડ ધરાવતી આ હોસ્પિટલ છે. તેવું બહારથી આવનાર હોસ્પિટલની મુલાકાતે આવે ત્યારે ખબર પડે છે. પરંતુ કોઇપણ જાતનો રોગ ન થયો હોય છતાં જો તમે દર્દી તરીકે બતાવવા જાવ ત્યારે સાચો ખ્યાલ તમને આવે છે.

જે ઉત્તમ આદર્શો સાથે આ ટ્રસ્ટે ભૂતકાળમાં આ હોસ્પિટલનું સંચાલન કર્યુ હતું તે અને અત્યારના સંચાલન વચ્ચે ઘણો ફરક પડી ગયો છે. આના સંચાલનમાં કાંઇક ખામી છે તેવું તમને લાગ્યા વગર ન રહે. સુવિધાઓ ઉપલબ્ધ છે. પણ પલટાતાં સમયમાં દાનનો પ્રવાહ ઓછો થવાના કારણે કે નાણાંની લાલસાને કારણે નાણાંનો બોજ દર્દીઓ પર પડતો રહે છે.

એકવાર આ હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીને જરૂર હોય કે ના હોય છતાંય દવાખાનાના બધા જ વિભાગોમાં નિરીક્ષણ માટે લઇ જવામાં આવે છે. અને દાખલ થતી વખતે જ એડવાન્સમાં દર્દીએ અમુક રકમ જમા કરાવવી પડે છે. ક્યારેક તો દર્દીને ખબર પણ પડતી નથી કે જેની જરૂરિયાત નથી તે વિભાગમાં તેને તપાસ માટે કેમ લઇ જવામાં આવે છે બધો જ ચાર્જ તેના બીલમાં ઉમેરાય છે. દર્દી પોતાના દર્દની પીડાના કારણે આ તરફ ધ્યાન આપતો નથી. તેના સગાં-સબંધીઓ પણ ડૉક્ટરોની આગળ કશું બોલી શકતા નથી. તેમને તો ગમે તેટલા પૈસા ખર્ચીને દર્દીને સાજો કરવો છે.

હસતાં-હસતાં એક દિવસ બીજા દર્દી સાથે વાત કરતી વખતે પાંચેક વર્ષથી દવાખાનામાં આવતા એક જૂના દર્દીએ એમ કહેલું કે, '' અહીં હોસ્પિટલમાં બધા જ વિભાગો ચાલુ રહે, બધા સ્ટાફનો પગાર વ્યવસ્થિત ચૂકવાય એટલા માટે બધા જ દર્દીઓને બધા જ વિભાગમાં નિરીક્ષણ માટે લઇ જાય છે. '' દર્દીની વાત સાચી હતી. કોઇપણ સંસ્થા પોતે ચાલુ કરેલા બધા વિભાગો કેવી રીતે બંધ કરી શકે ? અંદરો અંદર દર્દીઓ પણ એવી વાત કરતા હતા કે, '' અહીં જુદા જુદા વિભાગમાં થતાં ઓપરેશનની આવકના થોડા ટકા કદાચ ડોક્ટરને પણમળતા હશે. ''

દર્દીઓ અને તેમના સગાં-સબંધીઓ તેમને મુશ્કેલીઓ કે અગવડો વધુ પડે ત્યારે ખણખોદ કરવાનું શરૂ કરતાં હોય છે. દર્દીઓ અને તેમના સગા-સબંધીઓ જ તેમના મનગમતા દવાખાનાનો પ્રચાર-પ્રસાર કરતાં હોય છે. ક્યુ દવાખાનુ દર્દી માટે, ક્યા દવાખાનાનો ડોક્ટર સારો છે, ક્યા ડોક્ટરના હાથે કેટલા દર્દી મૃત્યુ પામ્યા એ પણ સમાજના લોકો જોતાં જાણતાં હોય છે.

વર્તમાન સંજોગોમાં મનુષ્ય માત્રને ઓછી મહેનતે વધુ પૈસા મેળવવામાં રસ હોય છે. અત્યારનો યુવાવર્ગ સિનેમા અને ટીવી સિરીયલોમા કરોડોની વાત કરતાં અને રાતોરાત માલદાર થતાં માણસોને જુએ છે અને તેથી તેમને પણ વધુને વધુ પૈસા મેવવવાનો રસ જાગે છે. તો પછી હોસ્પિટલોમાં કામ કરતા કે પોતાનું દવાખાનુ ચલાવતા ડોક્ટરો શા માટે રહી જાય ! અહીં ડૉક્ટરોને એ જ્યારે દવાખાનામાં દાખલ થાય છે ત્યારે પરોક્ષ રીતે કેટલીક મહત્વની સૂચનાઓ આપવામાં આવે છે. જેમ કે, સંસ્થાનું અસ્તિત્વ હશે તો જ તમારા ખાતામાં પગાર ઉપરાંત વધારે નાણાં જમા થઇ શકે છે.

વર્ષો પહેલાં જ્યારે આટલી બધી મોંઘવારી ન હતી ત્યારે સમાજસેવાના આદર્શ સાથે ઊંચી ડિગ્રી પ્રાપ્ત

કરનારા ડૉક્ટરો પોતાના વતનમાં કે આજુબાજુના ગામડાંઓમાં જઈને સેવા કરતા અને પોતાની કારકિર્દી ઘડતાં. અને આજે ? ગામડા તરફ કોઈ દોટ મૂકવા તૈયાર નથી. ભારતીય સંસ્કૃતિની સાથો સાથ પશ્ચિમી સંસ્કૃતિ તરફ દોટ મૂકતા આપણા યુવાનો ગ્રામીણ સમાજમાં સેવા કરવા જવાના બદલે હવે શહેરી વિસ્તાર તરફ દોટ મૂકતા થઈ ગયા છે.

વર્તમાન સમયે મનુષ્ય માત્રને પૈસાનુ વળગણ એટલું બધું થઈ ગયુ છે કે સેવા કરવા માટે કોઈ તૈયાર થતુ નથી. અને મોટી હોસ્પિટલોમાં દાખલ થયેલા મોટાભાગના ડૉક્ટરો મર્યાદિત સમય માટે નવું નવું જાણવા માટે જ રહેતા હોય છે. અને પછી જાણકારી મેળવ્યા પછી નોકરી છોડી આજ શહેરમાં કે અન્ય જગ્યાએ પોતાનું ખાનગી દવાખાનુ ચાલુ કરી દે છે.

અહીં દાખલ થનાર દર્દીને અમુક પ્રકારનો રોગ છે તે ઠસાવવાનો પ્રયત્ન કરતા માનવતાવાદી ડૉક્ટરો દર્દીને જીવાડવાને બદલે દર્દી આર્થિક રીતે કેટલો બધો ચૂસાય તે તરફ તેમનું ધ્યાન રહે છે અને તેમને વધુમાં વધું કમિશન શામાંથી મળે તે વિચારે છે. મોટાભાગના દવાખાનાઓમાં દર્દીને તાત્કાલિક દાખલ થવાનું તેમના સગાં-સબંધીઓને સમજાવવાનું કામ ડૉક્ટરો કરે. દર્દી જલ્દી સાજો થાય તે માટે સગાં પ્રયત્ન કરે અને ડૉક્ટરના કહેવાથી તાત્કાલિક દર્દીને દવાખાનામાં દાખલ કરી દે.

હાલના તબક્કે ટ્રસ્ટના દવાખાનાં નહીં, ખાનગી દવાખાનાં પણ ખૂબ વિકાસ પામ્યા છે. ડૉક્ટર લખી આપે એ જ દવા દર્દીને આપવાની. રોગની ગંભીરતા સમજાવી દર્દીને ગભરાવી નાખવાનો અને કોઈપણ ભોગે વધુમાં વધુ નાણાં મળે તે તરફ તેમનું લક્ષ રહેતું. જૂની એક કહેવત છે,

" કન્યા મરો, કન્યાનો બાપ મરો,
પણ ગોરનું, તરભાણું ભરો. "

એ જ રીતે અત્યારે એક નવી કહેવત ઊભી કરી શકાય

" દર્દી મરો, દર્દીના સગાં મરો,
પણ ડોક્ટરનું, તરભાણું ભરો."

બધા જ દવાખાનાઓમાં ઝીણવટથી નિરીક્ષણ કરશો તો મોટાભાગના ડૉક્ટરો દ્વારા ખેલાતી પ્રપંચલીલા તમે જાણી શકશો. એક સામાન્ય માણસ સારી રીતે નોકરી કરી ઘણાં વર્ષો પછી પણ સ્વતંત્ર મકાન બાંધી શકતો નથી. એ જ્યાં નોકરી કરે છે ત્યાં તેના પગારમાંથી એડવાન્સ ઈન્કમટેક્ષ કપાઈ જતો હોય છે. જ્યારે નવોસવો ડૉક્ટર એકાદ વર્ષમાં પોતાનું નવું દવાખાનું, ગાડી અને પોતાનો બંગલો વસાવી દેતો હોય છે એની ગમે તેટલી આવક થાય પણ ઈન્કમટેક્ષ તો ઓછો જ ભરવાનો. મોટાભાગના ખાનગી દવાખાના ચલાવનાર ડૉક્ટરો તો દર્દીને દાખલ થતી વખતે એ જે પૈસા ભરે તેનું બીલ પણ આપતા નથી. આમ હવે ડૉક્ટરોમાં માનવતા જેવું કશું જ રહ્યુ નથી."

" વાહ ! મગનભાઈ બહુ જ સુંદર લેખ તમે લખ્યો. જો આવા લેખ વાંચી કેટલાંક ડૉક્ટરો જાગે તો તો કેટલાંય દર્દીઓ મુશ્કેલીમાંથી બહાર આવે. " એમ કહી મગનભાઈની પીઠ થાબડે છે. અને તે બંને હસતાં-હસતાં ડાયાલિસીસ વિભાગમાં દાખલ થાય છે.

# તેત્રીસ

# ઢાંકણાનું પાણી

આજે પ્રોફેસર સુખદેવનું મશીન ખાલી નહીં હોવાથી ડાયાલિસીસ અડધો કલાક મોડુ થાય તેમ હતું. તે ત્યાં જ બેસી રહે છે. એટલામાં એક ચાલીસેક વર્ષનો ભરાવદાર શરીરવાળો દર્દી બબડતો-બબડતો ડાયાલિસીસ વિભાગમાં દાખલ થતો હોય એવું પ્રોફેસરે જોયું.

થોડી વાર પછી પ્રોફેસર સુખદેવ અને પેલા દર્દીને ડાયાલિસીસ માટે બાજુ-બાજુના બેડ પર લેવાય છે. તેનું ડાયાલિસીસ ચાલુ થયું ત્યારથી જ પાણી માટેની તે બૂમો પાડતો હતો. તેની સાથે આવેલી તેની પત્નીને

પણ, તેઓ પાણી નથી આપતા તેથી તે ગાળો બોલવા લાગે છે. પ્રોફેસર જુએ છે કે તે દર્દી છ કિલો વજન લઈને આવેલો છે અને છતાંય તે પાણી માટે પોકાર મારતો રહે છે. તેની બૂમા-બૂમને કારણે ત્યાં હાજર રહેલી નર્સ તેનાં સગા-સબંધીઓને બહાર મોકલી દે છે.

નર્સ સમજાવે છે કે, '' જુઓ ભાઈ, આજે છ કિલો વજન વધારીને તમે આવ્યા છો અને તેથી આટલું વજન નીકળી જાય ત્યાં સુધી તમે વધારે પાણી ન પીવો તો તમારે માટે સારું રહેશે. '' પોતાના સગાં-સંબંધીની ગેરહાજરીમાં નર્સનું તે માની લે છે અને ચૂપચાપ પથારીમાં પડ્યો રહે છે. અડધા એક કલાક પછી ફરી પાછો તે જાગે છે. પાણી પીવાની બૂમ પાડે છે. તેના સગાં-સંબંધી તેની પાસે નથી. પેલો કહે છે કે, '' સિસ્ટર, એક ઘૂંટડો તો પાણી પીવડાવો. પાણી વગર રહેવાતું નથી. હું તરસે મરું છું. આ લોકો (એના સગાં-સંબંધી) ઘેર પણ તડપાવી - તડપાવીને પાણી આપે છે. તરસ છીપાતી જ નથી. પાણી વગર રહેવાતું નથી. મહેરબાની કરી થોડું પાણી આપો ને ! '' એમ કહી પથારીમાંથી ઊભો થવાનો પ્રયત્ન કરે છે. પેલી નર્સ એને શાંતિથી સુવડાવી દે છે ને પછી કહે છે , '' હું તમને થોડું પાણી આપું પણ તમારે કોઈની પાસે ફરી પાણી માંગવાનુ નહીં અને ડાયાલિસીસ ચાલુ રહે ત્યાં સુધી શાંત થઈ જવાનું. બોલો કબૂલ છે ? તો હું પાણી આપું. '' પેલો ડોકુ હલાવી હા કહે છે. બીજી ક્ષણે નર્સ તેની પથારી પાસેથી તેની બેગમાંથી પાણીની બોટલ કાઢે છે. પ્રોફેસર જુએ છે તો પેલો ખુશખુશ થઈ ગયો હતો અને પછી જે દૃશ્ય જોયું એ દૃશ્ય જોતાં પ્રોફેસર તો આશ્ચર્યમાં ડૂબી ગયો અને મનોમન બોલી ઊઠ્યો, '' આવું બની શકે ખરું ? ''

નર્સ ધીરે રહીને પાણીની બોટલનું ઢાંકણુ ખોલે છે. કદાચ એક પ્યાલો ભરીને પાણી આપશે એવું પેલો દર્દી વિચારે છે. પણ બીજી ક્ષણે પાણીની બોટલના નાના ઢાંકણમાં પેલી નર્સ પાણી રેડી તેને આપે છે. ઢાંકણમાં કેટલું પાણી સમાઈ શકે ? પણ એટલા પાણીથી પેલો સંતોષ પામે છે. અને બીજી ક્ષણે ઘસઘસાટ ઊંઘી જાય છે. કિડનીના દર્દીની પાણી પીવાની જીદ સામે એક સામાન્ય નર્સ કેટલો સારો નુસખો બતાવે છે. પાણી આપ્યું પણ ખરું અને ન આપ્યું પણ ખરું . ઢાંકણામાંના પાણીથી સંતોષ ન થાય પણ પાણીની સતત ઝંખના રાખતો માણસ ક્યારેક હોઠ પલળે એટલા માટે , એટલા પાણીથી પાણી સંતોષ અનુભવતો હોય છે.

પ્રોફેસરે તે દિવસે તે નર્સને ધન્યવાદ આપેલા અને જ્યારે જ્યારે તે ડાયાલિસીસ કરાવવા જાય ત્યારે પેલી નર્સને પાણીના ઢાંકણાની વાત કરતો.

એ જ નર્સે એક વખતે એના ચાલુ ડાયાલિસીસ વખતે આવીને તેને કહ્યું,

'' સાહેબ તમે જાણ્યું ? કદાચ નહીં જાણતા હો. પેલા સિંધી યુવકનું '' કિડની પ્રત્યારોપણ '' પૂરું થઈ ગયું. સાજો પણ થયો. ગયા અઠવાડિયામાં એક દિવસ સાત મિનિટ માટે તેનું હૃદય પણ બંધ પડી ગયેલું. પાછો તે જીવી ગયો. પણ કુદરતને કરવું કે તે ગઈ કાલે પ્રભુ પાસે પહોંચી ગયા. '' આટલી વાત કહેતાં તે દુઃખી દુઃખી થઈ જાય છે. પ્રોફેસરને પણ દુઃખ થાય છે.

હવે જ્યારે પ્રોફેસર સુખદેવ ડાયાલિસીસ કરાવવા જાય છે ત્યારે પેલી નર્સ પૂનમ તેને સામી મળે ત્યારે એની નજર સમક્ષ ઢાંકણાના પાણીથી પોતાની તરસ છીપાવતો અને આનંદ પામતો પેલો દર્દી દેખા દે છે.

## ચોત્રીસ

## એક ભાવતો દર્દી

મંગળવારનો દિવસ હતો. પ્રોફેસર સુખદેવનું આજે ડાયાલિસીસ હતું. મગનભાઈએ દિવસ બદલાવેલો. તેથી મગનભાઈ આવવાના નહોતા. મોટેભાગે તો મગનભાઈ બાજુના જ ખાટલામાં હોવાથી પ્રોફેસરનો સમય પસાર થઈ જતો. આજે તે જુએ છે કે એની બાજુમાં બીજો નવો દર્દી આવેલ છે. પ્રોફેસર તેના વિશે વાત જાણી લે છે કે તે દર્દી પણ આનંદ નગરમાંથી જ આવે છે. ચંપક એમનું નામ. પૈસાદાર માણસ. લગ્નની એક મોટી વાડી પણ છે. દવાનો એક મોટો સ્ટોર પણ છે. આ બધી વિગતો તેમની સાથે આવેલા માણસ દ્વારા તે જાણે છે. અજાણ્યા હોવાને કારણે તે દિવસે તો તેમની વચ્ચે બહુ વાત થતી નથી. પછી તો અવારનવાર પહેલાં અઠવાડિયામાં

ત્રણ વખત અને વચ્ચે-વચ્ચે એક ડાયાલિસીસની ગાપચી મારી બે વખત આવતો એ માણસ બહુ જ મોજીલા સ્વભાવનો હતો.

એક દિવસે એક જ રૂમમાં તે બધા હતા. તે બધા વાતો કરે છે ત્યાં જ ડૉક્ટર આવી ચઢે છે. ને પેલી વ્યક્તિને એમ કહે છે, ''કેમ તમે હમણાં વચ્ચે-વચ્ચે એક દિવસની ગાપચી મારો છો ? ''

'' જુઓ ડૉક્ટર સાહેબ, આમ અઠવાડિયામાં ત્રણ વખત આવવુ પોષાતુ નથી. અમારે પણ કેટલાંક કામ હોય ને ? ડાયાલિસીસમાં આવવા માટેના પૈસા તો ભેગા કરવા પડે ને ? ''

'' તમે તો પૈસાદાર છો ને. તમારે ક્યાં પૈસાની ખોટ છે. અઠવાડિયામાં ત્રણ વખત આવો એ તમારા લાભનું છે. પછી જેવી તમારી મરજી. '' એમ કહી ડૉક્ટર ચાલ્યા જાય છે.

'' આ ડૉક્ટર આવું કેમ બોલી ગયા ? મને સમજ ના પડી. '' પ્રોફેસર સુખદેવ પૂછે છે.

'' જુઓ સાહેબ, અહીં હું દાખલ થયો ત્યારે આ લોકોએ મને ઘણું પૂછી લીધેલું. અને મેં પણ આટલી મિલકત છે એમ કહેલું. ને તે વખતે કહેલું એ મારી ભૂલ હતી. આ લોકોને આવું બધું ના કહેવાય. આ લોકો તો પૈસાનુ ઝાડ જુએ અને ઝુડવા મંડી પડે. અને એટલે જ મને ત્રણ ડાયાલિસીસનું કહે છે. ''

પ્રોફેસરને આ માણસમાં રસ પડ્યો. ફરીથી જ્યારે ભેગા થાય ત્યારે બહુ જ વાતો કરતા. ક્યારેક તો કોઈ ના સાંભરે તે રીતે દવાખાનામાં ચાલતી કેટલીક બાબતોની જાણ પ્રોફેસરને કરતા.

તેમનો પોતાનો મેડીકલ સ્ટોર હોવા છતાં ક્યારેક ડૉક્ટર કહે તે દવાઓ ન લેતાં બીજી જ દવાઓ લેતાં. અને પોતાની રીતે દવાઓનો ઉપયોગ કરતા. ખાનગીમાં હોમિયોપેથીની દવાઓ પણ કરતા. કોઈપણ દર્દી કિડનીની દવાની વાત કરે તો તે શાંતિથી સાંભળતા. દવા કયા ડૉક્ટર આપે છે એની જાણકારી પણ મેળવી લેતા. અને ખાનગીમાં દવા પણ લઈ આવી ઉપયોગ કરતા. પાછા એ કાયમ કહેતા '' સાહેબ, આ ડૉક્ટરોના ભરોસે રહીએ તો વહેલા મરી જઈએ એવું તમને નથી લાગતું ? આ લોકોને તો પૈસામાં જ રસ છે. દર્દી જીવે કે મરે એનું કોઈ મહત્વ એમને હોતુ નથી. સાહેબ, કદાચ તમને ખબર નહીં હોય, આ દરેક ડૉક્ટર ડાયાલિસીસ કેમ વધારવાનું કહે છે એ તમે જાણો છો ? નહીં જ જાણતા હો. એક ડાયાલિસીસનો સુપરવીજન ચાર્જ સો રૂપિયા લેખે એમના યુનિટમાં જમા થાય છે. અને તેથી જ આપણે બે ડાયાલિસીસ કરાવીએ તો તેમને ખોટ જાય ને ? ડૉક્ટરો તો વધુ ડાયાલિસીસ માટેનો આગ્રહ આપણા આરોગ્ય માટે કરે છે એમ કહે છે. પણ વાસ્તવમાં તો વધું ડાયાલિસીસ થાય એટલો વધારે સુપરવીઝન ચાર્જ ચઢે. ''

'' હુંતો આમાંનુ કંઈ જાણતો નથી. આજે તમે બહુ સાચી માહિતી આપી. હવે ખબર પડી કે બેને બદલે ત્રણ ડાયાલિસીસ કરાવવા માટે ડૉક્ટરો કેમ આગ્રહ રાખે છે ? '' એમ કહેતાં પ્રોફેસર એક બીજી વાત પણ કહે છે,

'' હું માનુ છુ કે અઠવાડિયામાં ત્રણ ડાયાલિસીસ કરાવવાં જોઈએ. કારણ કે એક દિવસને આંતરે ડાયાલિસીસ કરાવવાથી શરીરમાં વધેલુ '' નેગેટીવ '' ઓછુ ખેંચવું પડે. જેટલું '' નેગેટીવ'' ઓછુ વધે તેટલો આપણને ફાયદો થાય. શરીરમાંથી વધારે પાણી ખેંચાવાથી વખત જતાં શરીરનો ઘસારો વધતો જાય, નસો ખેંચાતી જાય અને એના કારણે ભવિષ્યમાં ક્યારેક મુશ્કેલી ઊભી થાય. ''

જો કે પ્રોફેસરની વાત તે સ્વીકારતો હોવા છતાં પેલી સો રૂપિયાવાળી વાત તો એ પકડી જ રાખે છે. એનો ડાયાલિસીસનો સમય પૂરો થવાથી તે બહાર નીકળી જાય છે.

## પાંત્રીસ

## સરોજબેનનો ભવાડો

હમણાં હમણાંની ડાયાલિસીસ વિભાગમાં સરોજબેન વિશેની ઘણી વાતો થવા માંડેલી. જો કે તેમની રૂબરૂમાં કોઈ કશુ કહેતું નહોતું.

સરોજબેન તેમના દીકરાને સાથે લઈને ડાયાલિસીસમાં આવતાં. આર્થિક સ્થિતિએ પહોંચી ન વળાય એવા કુટુંબમાંથી આવતાં હોવાથી નાણાંની સખત ખેંચ અનુભવતાં. ગમે તેમ કરીને પણ આ ચાર વર્ષથી

નિયમિત પણે પોતાના દીકરાનું ડાયાલિસીસ કરાવવા આવતાં. બધાં કહે છે તેમ તેમનો પગ એક ઠકાણે ટકતો જ નહીં. તેમના દીકરાનું ડાયાલિસીસ માટેનું '' નીડલીંગ '' થયા પછી થોડી થોડી વારે બધે આંટો માર્યા કરતાં. પાંચેક મિનિટ દીકરા પાસે બેસે અને પાછો એમનો આંટો ચાલુ જ હોય. જો કે બીજા દદીઓના નાના-મોટા કામ કરી આપતા. તે તેમનો સદ્દ્ગુણ હતો. પણ સ્ટાફમાં અને ક્યારેક દર્દીઓમાં પણ તેમના વિશે વાત થતી તેનો ખ્યાલ પ્રોફેસર સુખદેવને ક્યારેય આવ્યો નહોતો.

પણ એક દિવસે સરોજબેન વિશે એમની પાસે ઘણીબધી વાતો આવી. આ ચારેક વર્ષના સમયમાં સરોજબેનને મુશ્કલી પડી ત્યારે થોડા પૈસા ઘરના ને થોડા પૈસા ફરી જરૂર પડી ત્યારે તેણે વ્યાજે લાવી આપેલા. પ્રોફેસર સુખદેવ આમ તો છેતરાય એવો નહોતો. પણ સરોજબેનની વાણીને કારણે એ છેતરાઇ ગયેલો. સરોજબેનને વ્યાજે લાવી આપેલ પૈસાનું વ્યાજ પણ એણે દોઢ વર્ષ સુધી ભર્યું.પણ જ્યારે એક દિવસે તે ઘેર નહોતો ત્યારે જ્યાંથી તે પૈસા લાવેલો તે વ્યક્તિ વ્યાજ લેવા ઘેર આવેલો ત્યારે આ વાતની ઘરમાં બધાને ખબર પડી. તેણે સાચી વાત ઘરમાં કહી. અને તેથી પછીના ડાયાલિસીસે સરોજબેનને તે કેટલા પૈસા માંગતો હતો તે અને કેટલા વ્યાજના આપવાના છે તે બધુ લખીને એક ચબરખી પકડાવી દીધી. પંદર દિવસમાં પૈસા પહોંચાડજો એવી પણ એણે વાત કરી દીધી. સરોજબેને પૈસાની આ વાત હસવામાં કાઢી. પણ પ્રોફેસરનો સતત આગ્રહ હોવાથી તેમણે આ નાણાંની વાત ત્યાંના સ્ટાફને કરી. પણ આ સ્ત્રી જૂઠું બોલતી હતી તેનો ખ્યાલ પ્રોફેસરને આવી ગયેલો. પ્રોફેસરે જે પૈસા આપેલા તે વાત બીજું કોઇ જાણતું નહોતું. પણ જ્યારે એને લેવાના થયા ત્યારે સરોજબેને જાતે જ,

'' સાહેબ મારી પાસે પૈસાની પઠાણી ઉઘરાણી કરે છે.'' એમ ઘણા બધાને રડતાં રડતાં જાણ કરી. ગમે તેમ કરીને પ્રોફેસરને સરોજબેને પૈસા તો ચૂકવી આપ્યા. અને પછી પ્રોફેસર સાથે સંબંધ રાખવા માંગતા હતા છતાં પ્રોફેસરે,

'' સરોજબેન, મેં પૈસા આપ્યા અને અપાવ્યા ત્યારે આપણે બંને જ જાણતાં હતાં. અને મેં જ્યારે માંગ્યા ત્યારે તમે આખા ગામમાં ભવાડો કર્યો. મને જૂઠુ બોલે એ માણસો પસંદ નથી. એટલે આજથી આપણી બેની વચ્ચે કોઇ સંબંધ રહેશે નહિ.'' એમ કહી સરોજબેન સાથેનો સંબંધ તોડી નાંખ્યો. ''આવું ના કરશો. મારી લાવેલી અડધી ચા તો પીવીજ પડશે.'' એમ એ કહેતાં રહ્યાં. પણ એ દિવસથી પ્રોફેસર સાથેના સરોજબેનના સંબંધો તૂટી ગયા.

આ બનાવ બને પંદરેક દિવસ થયા હશે ને એક દિવસે આનંદનગરની બાજુમાં જ રહેતા એક દર્દી પ્રોફેસર સુખદેવને ત્યાં પહોંચે છે. પ્રોફેસરને વાત કરે છે,

'' સાહેબ, સરોજબેન સાથે પૈસાની લેવડદેવડ તમારે થઇ છે એવી વાત સાંભળી હું આવ્યો છું. ''

'' જુઓ દોઢેક વર્ષ પહેલાં મેં એમને પૈસા આપેલા. થોડા વ્યાજે પણ લાવી આપેલા. વ્યાજ પણ મેં ભર્યું. અને જ્યારે પૈસા માંગ્યા ત્યારે આ બાઇએ આવું કર્યુ જો કે હવે મારે એમની પાસે કશું લેવાનુ નથી. ''

'' સાહેબ, મારે પૈસાની જ વાત તમને કરવી છે. ડાયાલિસીસના એક ટેકનિશિયનની ભલામણથી મેં દસ હજાર રૂપિયા સરોજબેનને આપ્યા છે. ને આજે ત્રણ વર્ષ થઇ ગયાં. એમનો કોર્ટનો કેસ પતે ત્યારે મને આપવાનું કહેલું. તેથી મેં હમણાં માંગ્યા તો મને દીવાળી પછી ફિક્સ પાકશે તો હું આપીશ એવું કહેલું. એનો પણ હવે દોઢ મહિનો થઇ ગયો. તો હવે શું કરવું ? ''

બંને વાતોએ વળગે છે પછી તે ચાલ્યા જાય છે. સરોજબેને આડીઅવળી વાતો કહી કોઇને છોડતાં નથી. દર્દી હોય કે ટેકનિશિયન ને નર્સ જે ઝપટમાં આવ્યુ, તે બધાંની પાસેથી જુદા જુદા સમયે પૈસા લીંધા છે. એમનું તો ગાડુ ગબડી ગયુ. પણ બીજાનું શું ? એ બાબત સરોજબેન ક્યારેય વિચારતી નથી. વાસ્તવમાં એ પોતાની જાતને બહુ બુધ્ધિશાળી માને છે. રડી રડીને આર્થિક બાબતના રોંદણા રડવા અને પૈસા મેળવવા એ તો એમના જેવું બીજા કોઇને ન આવડે !

## છત્રીસ

# રાજગઢમાં કિડની કૌભાંડ

રાજગઢમાં આવેલી યુરોલોજીકલ હોસ્પિટલમાં બહારના દલાલો દ્વારા, બનાવટી સંબંધીઓ બનાવી પૈસાની લાલચમાં કિડનીનું એક મોટું કૌભાંડ ચાલ્યુ છે. તેવી જાણ યુરોલોજીકલ હોસ્પિટલમાં મુખ્ય ડોક્ટર શ્રી સુબ્રમન્યમને થાય છે. તેમને ખ્યાલ આવે છે કે પોતે જે હોસ્પિટલના વડા છે ત્યાં કંઈ આવુ થઈ રહ્યુ છે, અને આમાં કેટલાક માણસો સંડોવાયેલા છે. તે તેઓ પકડી શકે તેમ નહોતા. એથી તેઓ રાજગઢ પોલીસ સ્ટેશને આ અંગેની ફરિયાદ નોંધાવે છે. એના અનુસંધાનમાં પી. એસ. આઈ. મિસ્ટર પટેલ ઊંડી તપાસ કરાવે છે. આવા પાંચેક જેટલા કિડની દાતાઓની ધરપકડ કરી તેઓ તેમને કોર્ટને હવાલે કરે છે. આ કિડનીના ગેરકાયદેસર વેપારમાં સંડોવાયેલા દલાલ ગીરીશ વાઘેલાની પણ ધરપકડ થાય છે.

ભારતના બીજા રાજ્યોમાં આ પ્રકારનું કૌભાંડ ચાલે છે. એવી વાતો તો અવારનવાર થતી હતી. પણ ગુજરાત રાજ્યમાં આ પ્રકારના કિડનીના ગેરકાયદેસર વેચાણનું મોટું કૌભાંડ જાહેર થતાં તબીબીક્ષેત્રે ચકચાર મચી જાય છે. રાજગઢના પી.એસ.આઈ. મિસ્ટર પટેલ, દલાલ વાઘેલાને કોર્ટ સમક્ષ રજૂ કરી દસ દિવસના પોલીસ રિમાન્ડ મેળવી પૂછપરછ હાથ ધરે છે.

આ સમાચાર સ્થાનિક રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલમાં ચર્ચાનો વિષય બને છે. પ્રોફેસર સુખદેવ પણ આ સમાચાર વાંચે છે. તે જ દિવસે તેનુ અને મગનભાઈનું ડાયાલિસીસ સાથે હતું. ડાયાલિસીસ વિભાગમાં પણ આની જ ચર્ચાઓ ચાલે છે. ચર્ચાઓમાં વધુ તેઓ જાણે છે કે આ જ હોસ્પિટલના એક સિનિયર કર્મચારી આમાં સામેલ છે. એવુ પણ એ જાણે છે.

પ્રોફેસર સુખદેવ અને મગનભાઈ વાતો કરે છે ત્યાં જ સિસ્ટર રીટા જેની ડ્યુટી તે દિવસે હતી તે આ વાતોમાં સામેલ થાય છે. રીટા ચબરાક છે. વાણી ચાતુર્યતા એની જ. આખાબોલી પણ ખરી. પ્રોફેસર આ બધું જાણે છે. રીટાના મગનભાઈ સાથેના સંબંધોની પણ એમને જાણ છે. રીટા એ વાત જાણતી નથી કે મગનભાઈ સાથેના તેના સંબંધો પ્રોફેસર જાણે છે. રીટાને આવેલી જોઈ મગનભાઈ ખુશ થાય છે. તે પૂછે છે, '' રીટા, આ કિડની દલાલી કૌભાંડનું તને શુ લાગે છે ? હોસ્પિટલના જ કોઈ કર્મચારી સામેલ હોય એવું અમે માનતા નથી. ''

'' હું પણ માનતી નથી. '' રીટા કહે છે.

'' જુઓ પ્રોફેસર, રીટા તું પણ સાંભળ. બે એક દિવસમાં આ હોસ્પિટલમાં કંઈક નવા-જુની થશે. કોઈ કર્મચારી આટલી લાંબી હિંમત ન કરે. અને જો અહીં આવું જ થયુ હોય તો જરૂર આમાં કોઈ મોટુ માથું સંડોવાયેલુ હશે.''

પ્રોફેસર અને રીટા મગનભાઈની વાત શાંતિથી સાંભળે છે. ત્રણેક દિવસમાં એક ઉડતી - ઉડતી વાત આવી. પોલિસ સ્ટેશને જે દિવસે મુખ્ય ડૉક્ટરે ફરિયાદ નોંધાવેલી તે જ દિવસે એક ડૉક્ટર બે દિવસ માટે રજા પર ઉતરી ગયા અને ત્રીજે જ દિવસે સારી આવકવાળી અને સ્થિર વ્યવસાયની ડૉક્ટરની નોકરી છોડવા માટે તેમણે રાજીનામું પણ આપી દીધું. અને તાત્કાલિક અસર થાય તે રીતે નોકરી પણ છોડી દીધી.

કિડની કૌભાડમાં દલાલ તરીકે અટકમાં લીધેલો ગીરીશ આમ તો લગભગ ચાલીસેક વર્ષની ઉંમરનો હતો. મૂળ સુરેન્દ્રનગર ભણીનો રહેવાસી હતો. છેલ્લાં કેટલાંય વર્ષોથી રાજગઢમાં એ સ્થાયી થયેલો. અને '' રૂપાલી '' સિનેમાના વિસ્તારમાં જ તેણે કરિયાણાની એક નાનકડી દુકાન પણ ખોલી હતી. આ ગીરીશ રાજગઢમાં રહેતો હોવાથી, શરૂઆતમાં સુરેન્દ્રનગરથી અહીં આવ્યો ત્યારે એક નાની દુકાનમાં તે નોકરી કરવા લાગે છે. એને લાગે છે કે બેઠાડું જીવન ગુજારવું એના કરતાં હરતા-ફરતા રહેવું એ ઉત્તમ છે. એટલે એ એક મેટાડોર પણ વસાવે છે. મોટેભાગે તેણે રાખેલી મેટાડોર ભાડે ફેરવતો. રાજગઢમાં આવેલી યુરોલોજીકલ હોસ્પિટલના દર્દીઓને - તેમના સગા સંબંધીઓને લઈ જવા માટે મેટાડોરનો ઉપયોગ કરવામાં આવે તો ? એવો વિચાર તેને આવ્યો. તેની વાત સાચી હતી. રાજગઢની આ હોસ્પિટલમાં કિડનીની સારવાર માટે દૂર દૂરથી માણસો આવતા. અને તેનો વ્યવસાય ધમધોકાર ચાલે એમ હતો. હવે તે મેટાડોર ભાડે ફેરવવાને બદલે હોસ્પિટલની નજીક મેટાડોર ઊભી રાખી હોસ્પિટલમાં અવર-જવર કરતો. જરૂરિયાતવાળા દર્દીઓ અને તેમના માણસોને તે શોધી કાઢતો. પરિણામ એ આવ્યુ કે કિડનીના દર્દીના સગાં સંબંધીઓ મેટાડોર ભાડે કરવાનું વિચારે ત્યારે કિડનીના વોર્ડબોય

કે બીજા કર્મચારીઓ-ગીરીશને જાણતા હોવાથી-તેની જ ભલામણ કરતા. અને ગીરીશની મેટાડોર હાથવગી હોવાને કારણે દર્દીઓના જવાના પ્રશ્નો તાત્કાલિક હલ થઇ જતા.દસેક વર્ષ પહેલાં તેણે પોતાના દૂરના સગાને પોતાની એક કિડનીનું દાન કરેલું. ત્યારે જ તેને ખબર પડી કે આ હોસ્પિટલમાં આવતા કેટલાંક દર્દીઓ ''અન-રીલેટીવ '' કિડની મેળવીને ''પ્રત્યારોપણ'' કરાવી શકે છે. તેણે બીજુ એક તારણ શોધી કાઢ્યુ કે કિડની મેળવનાર દર્દીઓ કે તેમના સગા-સંબંધીઓ માં માંગી કિંમત આપવા તૈયાર થાય છે. ગીરીશના ધ્યાનમાં એક વાત ચોક્કસ આવી ગઇ કિડનીના વ્યાપારમાં ગમે એટલા રૂપિયા કમાઇ શકાય છે. તેણે ચારેક જેટલી કિડનીનો વેપાર કરી દલાલી પણ ખાધેલી.

પોલીસ ગીરીશ સિવાય બીજા કોઇ આમાં સંડોવાયેલા છેકે કેમ એની પણ તપાસ કરે છે. આ તપાસના અંતે એક સિનિયર કર્મચારી મિસ્ટર સોલંકીની ધરપકડ કરવામાં આવે છે. એક ચોંકાવનારો નવો વળાંક એ આવે છે કે રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલનો જ એક સિનિયર કર્મચારી આમાં સંડોવાયેલો છે. કિડની દાન કરવા માગતા વ્યક્તિના દર્દી સાથે કેવા સંબંધો છે એની ઊંડી તપાસ કરી પ્રમાણપત્ર તૈયાર કરવાની જવાબદારી મિસ્ટર સોલંકી નિભાવતા હતા. આ જવાબદાર વ્યક્તિએ કિડનીઓ વેચવાની દલાલી કરતા કૌભાડકારો સાથે ભળી જઇને ગેરકાયદેસર ધંધો વિકસાવ્યો. હોય એવો તેમની ઉપર આક્ષેપ થયો છે. પણ ડાયાલિસીસમાં આવતા મગનભાઇ અને પ્રોફેસર સુખદેવ આજે પણ ચોક્કસ માને છે કે મિસ્ટર સોલંકી આવું કરી જ ના શકે ! તેનો તો તેમને પૂરેપૂરો વિશ્વાસ છે. કોઇ મોટા માથાને બચાવવા માટે પણ મિસ્ટર સોલંકીએ પોતે સંડોવાયા છે, તેવી કબૂલાત પણ કરી લીધી હોય ! જો કે આ જ હોસ્પિટલના એક વોર્ડબોય પરમારની પણ ધરપકડ કરવામાં આવી છે. મિસ્ટર સોલંકી અને પરમાર કોઇના હાથા બન્યા હોય એવું આ હોસ્પિટલમાં નોકરી કરતાં ઘણાં બધાં માને છે.

આ હોસ્પિટલમાં લોહીનો સંબંધ ધરાવતા હોવાનુ જણાવી કિડની દાનમાં આપી પૈસા મેળવવાનું કૌભાંડ ક્યાંથી શરૂ થયુ તે ચર્ચાનો વિષય બની રહે છે. આર્થિક મુશ્કેલીને કારણે કેટલાંક નવ યુવાન દંપતી મુશ્કેલીમાં પણ મુકાઇ જતા હોય છે. નોકરી માટે પ્રયત્ન કરતાં હોય છતાં નોકરી ન મળે. ગમે તે રીતે દિવસો પૂરા કરવા પડે. અને તેથી પૈસા મેળવવા માટે અવનવા રસ્તા અખત્યાર કરે. એવું જ મેઘનગરનું એક સામાન્ય સુથારીકામ કરતું એક દંપતી આમાં સપડાય છે અને તે પતિ-પત્ની બંને પોતાની એક-એક કિડની ગીરીશ દ્વારા બીજા સંબંધીઓના નામે વેચે છે. જો કે તેમને બહુ ઓછા નાણાં મળ્યા હશે. મોટાભાગના નાણાં તો ગીરીશે દલાલીમાં જ લઇ લીધાં હશે. કોર્ટમાં કેસ ચાલતો રહે છે. ક્યારે પૂરો થશે એ કોઇ કહી શકે તેમ નથી અને પછી બધું જ થાળે પડી જશે.

## સાડત્રીસ

## જીવતું હાડપિંજર

એક દિવસે બપોરે ડાયાલિસીસ માટે મગન આવે છે. ત્યારે તે જુએ છે કે દાદરા પાસે એક વીસેક વર્ષની સુંદર, યુવાન છોકરી ત્યાં બેઠી છે. મગન ત્યાં અટકી જાય છે. મગનની ખાસિયત એ હતી કે ડાયાલીસીસ વિભાગમાં જે કોઇ દર્દી આવતા એમની સાથે કોઇ યુવાન છોકરી આવે તો તેના વિશે બધુ જાણી લેતો. આ સુંદર, યુવાન છોકરીને એકલી જોતાં તેના હૃદયમાં ઊથલ-પાથલ થવા લાગી. છોકરીની નજીક જઇ કંઇક પૂછવા મગન જાય છે ત્યાં જ પ્રોફેસર સુખદેવને આવતો જોતાં જ મગન અટકી જાય છે. સુખદેવની નજીકના ગામમાંથી ફાતિમાબેન નામના એક દર્દી ત્યાં આવતાં. તેમની દીકરી અસ્મા કાયમ તેમની સાથે આવતી. પ્રોફેસરને તેમના કુટુંબ સાથે સારો પરિચય હતો. તેથી તે અસ્માને બોલાવે છે. અસ્મા એકદમ ઊભી થઇ જાય છે. અને કહે છે, ''અંકલ, એક સારા સમાચાર આપું. મમ્મીનું '' ટ્રાન્સપ્લાન્ટ'' કરવાનુ નક્કી કરી દીધું છે. '' પ્રોફેસર સુખદેવ આ સમાચાર સાંભળતા ખુશ થાય છે. અસ્માને એની મમ્મીને યાદ આપવાનું કહે છે. ત્યાં ઊભેલા મગનને જોતાં જ અને મગનની દાનત પારખી જતાં, '' ચાલો, ડાયાલિસીસનો સમય થયો. '' એમ કહી મગનનો હાથ પકડી

ખેંચી જાય છે. મગન પ્રોફેસરનો હાથ દાબે છે. પ્રાફેસરને લાગે છે કે મગન અસ્મા વિશે કંઇક કહેવા માંગે છે. પ્રોફેસર મગનને, “ સણખો રહેજે ” એમ ચેતવણીના સૂરમાં કહે છે. મગન સમજી જાય છે અને માફી માંગે છે. મગનને ખબર નથી કે આ મુસ્લિમ કુટુંબ સાથે પ્રોફેસરને સારા સંબંધો હશે.

અસ્માના મમ્મી કિડનીના દર્દી તરીકે છેલ્લા ત્રણેક વર્ષથી આ દવાખાનામાં ડાયાલીસીસ માટે આવે છે. અસ્માના પપ્પા એસ.ટી. વિભાગમાં કામ કરે છે. સુખી કુટુંબ ખરું . તેમનાં પત્ની દર્દી તરીકે દાખલ થયા એના કારણે આર્થિક મુશ્કેલીમાં પણ મૂકાઇ ગયેલા. કોઇપણ વ્યક્તિ ડાયાલિસીસનો ખર્ચ ઊઠાવી શકે એવી પરિસ્થિતિમાં રહેતો નથી. બહુ જ લાંબો સમય સુધી એટલે કે જીવનના અંત સુધી ડાયાલિસીસ કરાવવું પડે અને તેથી બહુ જ મોટો ખર્ચ થાય. ખર્ચને પહોંચી વળવુ બહુ જ મુશ્કેલ હતું.

અસ્માના પપ્પા અને પ્રાફેસર સુખદેવ બંને સરકારી કર્મચારી હતા. બંનેનાં મેડિકલ બીલ સરકારી ધારાધોરણ મુજબ પાસ થતા હતાં. પણ સરકારી તંત્રમાં કામ કરનારા કર્મચારીઓ આવા મેડિકલ બીલોમાં પણ “ કટકી ” કરવાનું ઇચ્છતા હોય છે. મોટેભાગે મેડિકલ બીલો મોડા પાસ થવાથી નાણાં ઊછીના પણ લાવવાં પડતાં. એક વખત એવો આવ્યો કે ભ્રષ્ટ સરકારી તંત્રને કારણે બંનેના બીલ કેટલાય લાંબા સમય સુધી સરકારી કચેરીઓમાં અટવાતાં રહ્યા. પૈસાના અભાવે વહેલુ મૃત્યુ ન થાય એટલા માટે પ્રોફેસર સુખદેવ સરકારી કર્મચારી તરીકે નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લે છે. પેન્શન ચાલુ થયે હવે તેનાં મેડિકલ બીલ પાસ થવા લાગ્યાં. પણ જૂની મેડિકલ બીલની મોટી રકમ હજુ પણ તેને પાછી મળી નથી. સરકારી તંત્રમાં એ બીલો તો એક ઓફિસરથી બીજા ઓફિસરના ટેબલ ઉપર આજેય ફર્યા કરે છે. પેન્શન ઉપર ઉતરવાથી પ્રોફેસરને મેડિકલ બીલોમાં હવે થોડી રાહત થવા માંડી . પણ આસ્માના પપ્પા જે બીલો એસ.ટી. ઓફિસમાંથી પાસ થતા હતા. એ બીલો અટવાવાને કારણે હજુય પાસ થયા નથી. પરિણામ એ આવ્યુ કે નાણાં ઊભાં કરવા માટે એમને જુદીજુદી જગ્યાએ વ્યાજ આપવું પડતું. પરિણામે વ્યાજનું ભારણ વધતુ ગયું. અને વ્યાજ પણ કેવું ? ત્રણ ટકાથી ઓછા વ્યાજે ભાગ્યે જ નાણાં મળે.

વ્યાજે નાણાં લાવીને ફાતિમાબેનનું પ્રત્યારોપણ તો તેમણે કરાવ્યું અને પછી જો કે ઓપરેશન તો સફળ ગયું. પણ ઓપરેશનના એકાદ મહિના પછી ફાતિમાબેનને તાવ આવવાનો શરૂ થયો. તાવ ઊતરવાનું જ નામ લેતો નથી. લગભગ એક માસ અને પંદર દિવસ સુધી ફાતિમાબેન તાવમાં અટવાતાં રહ્યા. અને પછી કુદરતનું કરવું કે તાવ ઊતરી ગયો. એક દિવસે અસ્માના પપ્પા દવાખાનામાં આવે છે. પ્રોફેસરની શોધ કરતા હતા. આવીને પ્રોફેસરની પથારી પાસેની ખુરશીમાં બેસે છે. પ્રોફેસર ફાતિમાબેનના સમાચાર જાણવા માંગે છે. ધીરે રહીને તે કહે છે, “સુખદેવભાઇ, શું વાત કરું ? મારી પત્નીનો તાવ મને એક લાખ પાંસઠ હજાર રૂપિયામાં પડ્યો. પત્નીનો તાવ ઉતારવા માટે મેં મોંઘામાં મોંઘા ઇન્જેક્શન લાવી ડોક્ટરોને આપ્યા. પત્નીનો તાવ તો ઉતર્યો પણ ... ” આગળ એ કશુ બોલી શક્યા નહિ. પ્રોફેસર જુએ છે કે એમની આંખમાંથી આંસુ ટપકી પડે છે. ત્રણ ટકા અને પાંચ ટકા વ્યાજે લાવેલી મૂડીની ચાદર એટલી બધી લાંબી થતી ગઇ કે એને વાળવી મુશ્કેલ થઇ પડે. તેમની માનસિક સ્થિતિનું વર્ણન કરી શકાય એવા શબ્દો પણ શોધવા પડે !

હમણાં થોડા દિવસ પહેલાં પ્રોફેસરને મળતાં કહે છે, “મારા બીલ માટે એસ.ટી. સત્તાવાળાઓ એમ કહે છે કે, અહીં મૂકી ગયા છો તે વારંવાર આંટા માર્યા કરો છો. જાવ, બીલ પાસ થશે ત્યારે તમને ટપાલથી જાણ કરીશું. ” એક તો વ્યાજનો ભાર. સરકારી કર્મચારીને માંદગીમાં બીલ પાસ કરવાનુ ગોઠવાયું હોવા છતાં માણસને એની હયાતીમાં બિલનાં નાણાં ન મળે અને દર્દી કે દર્દીના સગાં-સંબંધી વેદનાઓમાંથી પસાર થઇ માંડમાંડ સાજા થવાનો પ્રયત્ન કરે તે પછી નાણાં મળે તો શો અર્થ ? આવી માનસિક વેદનાઓમાંથી કિડનીના દર્દીના સગાંસંબંધીઓ ક્યારે મૂક્ત બનશે એ પ્રશ્નનો જવાબ તો કોઇપણ વ્યક્તિ આપી શકે તેમ નથી.”

અસ્માના પપ્પા સરકારી નિયમોનુસાર બીલો મૂકતા હોવા છતાં ભ્રષ્ટ સરકારી તંત્રને કારણે નાણાં ન મળતાં અસહ્ય માનસિક વેદના અનુભવે છે. આજે પણ પ્રોફેસર ક્યારેક રસ્તે ચાલતા અસ્માના પપ્પાને જુએ છે ત્યારે એક જીવતું હાડ પિંજર ધીરે ધીરે અસહ્ય વેદના અમે માનસિક વ્યથાનો ભાર વેંઢારતું જતું હોય એવું અનુભવે છે.

# આડત્રીસ

## સંશોધન કાર્ય

માંદગીના શરૂઆતના દિવસોમાં ઘરમાં લગ્ન હોવાને કારણે હોસ્પિટલના ડૉ. કુલકર્ણીને સુખદેવે એક ડાયલિસીસ છોડવાનું કહેલું.અને ત્યારે ડૉક્ટર કુલકર્ણી સાથે તેને બોલાચાલી થયેલી.પ્રોફેસર સુખદેવના પ્રશ્નોના ઉત્તર પણ ડૉક્ટર કુલકર્ણી આપી શક્યા નહોતા. ડૉક્ટર કુલકર્ણી ચાલ્યા ગયેલા.પછી સુખદેવ ડાયલીસીસ માટે જાય છે.તેનું ડાયાલીસીસ ચાલુ થાય છે.

અડધા એક કલાક પછી ડૉક્ટર કુલકર્ણી ડાયલિસીસ વિભાગમાં આવે છે અને ત્યાંના ટેકનશિયન વિનોદભાઈને કહે છે કે, ''આ દર્દી માથા ફરેલ છે. તેનાથી ચેતતા રહેવું સારૂ.તે કદાચ કોઈને મુશ્કેલી માં પણ મૂકી દે!'' ડૉક્ટર કુલકર્ણીની વાત સાંભળી ટેક્નિશિયન કહે છે કે, ''સાહેબ, તમને કોઈએ ખોટી માહિતી આપી છે.આ દર્દી શિક્ષિત છે.જ્યારથી તે અહીં આવે છે ત્યારથી તેમણે કોઈની સાથે બોલાચાલી કરી હોય તેવું મારી જાણમાં નથી.મોટેભાગે ચાલુ ડાયાલિસીસે કાં તો તે વાંચતા હોય કે ઉંઘતા હોય!''

ટેક્નિશિયનની વાત સાંભળતા ડોક્ટર કુલકર્ણી ચાલ્યા જાય છે.આ વાતને ચારેક માસ વીતી ગયા. એક દિવસે ટેક્નિશિયન એને કહે છે કે, ''સાહેબ, તમને શોધવા ડૉક્ટર કુલકર્ણી આવ્યા હતા. તમે એમને મળી આવજો.''

પોતાનું ડાયાલિસીસ પુરૂ થયા પછી પ્રોફેસર સુખદેવ કુલકર્ણીની ચેમ્બરમાં પ્રવેશ કરે છે.બહુ જ પ્રેમથી - મીઠા આવકારથી ડૉક્ટર સુખદેવ ને બેસાડી ''મારે થોડુંક તમારૂં કામ છે, મને કરી આપશો?''. એમ કહી પોતાના ટેબલના ખાનામાંથી એક મોટી ફાઈલ-પ્રશ્નોતરીના રૂપમાં ડૉક્ટર સુખદેવ ને આપે છે. સુખદેવને ખ્યાલ આવી જાય છે કે ડૉક્ટર કુલકર્ણી કદાચ કોઈ સંશોધનની વાત કરતા હશે.સુખદેવની વાત સાચી પડે છે.

''ઊતાવળ નથી.પણ શાંતિથી થોડો સમય વધું લાગે તો પણ આ પ્રશ્નોના સચોટ જવાબ આપજો.'' એવો આગ્રહ ડૉક્ટર કુલકર્ણી પ્રોફેસર સુખદેવ પાસેથી રાખે છે.અને સુખદેવ ફાઈલ લઈ ડૉક્ટર ની ચેમ્બરમાંથી બહાર નીકળે છે.

ડૉક્ટરે પોતાને જ કેમ પસંદ કર્યો તે અંગે તે વિચાર કરે છે. જો કે એનો ખ્યાલ એને આવતો નથી.પણ જ્યારે ઘેર આવીને બધા પ્રશ્નો વાંચી જવાનું વિચારે છે ત્યારે તેનું અનુમાન કંઈક સાચું નીકળે છે.ફાઈલમાં પંચોતેર ટકા પ્રશ્નો દર્દીના કિડની સાથે - ડાયાલિસીસ કે પ્રત્યારોપણ - જોડાયેલા હતા.પચીસ ટકા પ્રશ્નો ''સેક્સ'' સાથે જોડાયેલા પ્રશ્નો હતા. આ પચીસ ટકા પ્રશ્નો વાંચતા પહેલી નજરે પ્રોફેસરને સામાન્ય લાગે છે.એને લાગે છે કે ''સેક્સ'' ના પ્રશ્નો વિશે પૂરૂં સંશોધન કરવા જેવું છે.એક અઠવાડિયા સુધી દરરોજ સમગ્ર ફાઈલના પ્રશ્નો તે વાંચતો રહે છે. છેવટે એક દિવસે જવાબો તૈયાર કરવાનું તે વિચારે છે. છેવટે કિડની સાથે સંકળાયેલા પંચોતેર ટકા પ્રશ્નોના જવાબ તે સમજી - વિચારીને આપે છે.પણ ''સેક્સ'' અંગેના પ્રશ્નોના જવાબ આપતા તે મૂંઝવણમાં મૂકાય છે. એક દર્દી તરીકે દર્દીના જીવનમાં ''સેક્સ'' સંબધી ઊભી થતી વાસ્તવિક પરિસ્થિતિની જાણ ભાગ્યે જ કોઈ માણસ બીજાં કોઈને થાય એવું ન જ સ્વીકારી શકે.પ્રોફેસર સુખદેવ છેવટે આ પ્રશ્નોના જવાબ આપવા તૈયાર થાય છે.મન મક્કમ રાખી ''સેક્સ'' સંબંધીના નાનામાં નાના ક્ષણેક્ષણેનો અનુભવ અને વાસ્તવિકતાની જાણ જવાબ દ્વારા તે કરે છે. ફરીથી તે જવાબ વાંચી જાય છે.પંદરેક દિવસ પછી ડાયાલિસીસમાં જતી વખતે તે ડૉક્ટરની ઓફિસમાં ગયો ત્યારે ડૉક્ટર નહોતા. તેથી તે ફાઈલ ટેબલ ઉપર મૂકી આવે છે. તેના ચાલુ ડાયાલિસીસે ડૉક્ટર કુલકર્ણી એને શોધતા આવે છે. તે ઊંઘતો હોવાથી તેને જગાડતા નથી.પલંગ પાસે બેસીને તેના માથા પર હાથ ફેરવતા રહે છે.પોતાના માથા પર કોઈનો હાથ ફરે છે એવો સ્પર્શ થતાં પ્રોફેસર સુખદેવ જાગી જાય છે.ડૉક્ટર કુલકર્ણી સુખદેવનો ડાબો હાથ પકડી આભારની લાગણી વ્યક્ત કરે છે અને કહે છે.

''મારે દર્દીઓની સેક્સ સંબંધી વિસ્તૃત માહિતી જોઈતી હતી.તમારા જવાબોમાં દર્દીની ક્ષણેક્ષણનું સૂક્ષ્મ નિરૂપણ થયેલું મેં જોયું છે.એ મારા માટે આનંદનો વિષય બને છે.તમારી ઉપર મને વિશ્વાસ હતો .એટલે

આ ફાઇલ મેં તમને આપી હતી.તમે મારા સંશોધન કાર્યમાં ખૂબ ઉપયોગી નીવડ્યા છો.તમારો જીંદગી ભર આભારી રહીશ'' એમ કહી કુલકર્ણી ચાલ્યા જાય છે.

ચાલ્યા જતાં કુલકર્ણીને જોઇ પ્રોફેસર વિચાર છે કે ''સેક્સ'' ની બાબતમાં કિડનીનો દર્દી જાણતો હોવા છતાં પોતાની વાસ્તવિક પરિસ્થિતિ થી કેમ કોઇને વાકેફ કરતો નહીં હોય? મોટાભાગના દર્દીઓ પોતાની સાચી પરિસ્થિતિ જો કબૂલી શકતા ન હોય તો બીજાંને ક્યાંથી કહી શકે?પ્રોફેસર સુખદેવને લાગે છે કે એણે ''સેક્સ'' સંબંધી સાચી માહિતી આપી એક ડૉક્ટરના સંશોધન કાર્યમાં મદદ કરવાનો પ્રયત્ન કર્યો છે.એનો એને સંતોષ છે.

# ઓગણચાલીસ

# વેઈટ, ડાયેટ એન્ડ ડાયાલિસીસ

એક શુક્રવારે મગન અને પ્રોફેસર સુખદેવનું ડાયાલિસીસ બપોરે હોવા છતાં બે-એક મશીન બગડેલ હોવાથી તે બંનેને ત્રણેક કલાક બેસી રહેવું પડે તેમ હતું.ટેક્નિશિયન દ્વારા આ જાણતાં મગન પ્રોફેસર સુખદેવને કહે છે, ''સાહેબ, બે કલાક અહીં બેસી રહેવું એના કરતાં ચાલોને,નીચે કેન્ટીનમાં શાંતિથી બેસીએ.''

સુખદેવ એમાં સંમતિ આપે છે.બંને કેન્ટીનમાં પહોંચે છે.

કેન્ટીનમાં પહોંચ્યા પછી મગન બંને માટે આઇસ્ક્રીમ મંગાવે છે.

''સાહેબ, ઘણા સમયથી એક પ્રશ્ન મને મૂંઝવે છે.તમે મને હસતાં-હસતાં એક વખત કહેલું કે વેઇટ, ડાયેટ અને ડાયાલિસીસ જે નિયમિત કરાવે તે બીજા કરતાં થોડું વધુ ખેંચી શકે.તો મને આ બાબતમાં વિગતવાર કહો તો આનંદ થશે.'' એમ કહી મગન પોતાની વાત કરે છે.

''જુઓ મગનભાઇ, તમારા પ્રશ્ન વિશે હું વિગતે વાત કરીશ.તે પહેલાં આ આઇસ્ક્રીમને ન્યાય આપીએ તો કેવું?''

''એ તો આપણા માટે જ મંગાવ્યો છે ને?પહેલાં એને પતાવીએ પછી વાતો કરીએ.''

કેન્ટીનના ખૂણાના ટેબલ ઉપર બેઠાં-બેઠાં મગન અને પ્રોફેસર સુખદેવ શાંતિથી આઇસ્ક્રીમ ખાય છે. ડાયાલિસીસની ઊતાવળ નથી. બે કલાકનો સમય પસાર કરવાનો છે. એથી થોડી ધીરજ છે. પ્રોફેસર સુખદેવ કહે છે કેઃ

''મગનભાઇ, પહેલાં આપણે વેઇટ (વજન) ની ચર્ચા કરીશું. તમને તો ખબર હશે કે દવાખાનામાં દાખલ થયા ત્યારે તમારૂં વજન હતું એટલું અત્યારે નહીં હોય. ડાયાલિસીસ વખતે દર્દીનું શરીર સ્વીકારી શકે તેમ હોય એટલું જ વજન ડૉક્ટર રાખવાનું નક્કી કરે છે.તમને ખ્યાલ હશે કે આપણે ડાયાલિસીસ વખતે પહેલાં વજન કરાવીએ છીએ. ડાયાલિસીસ પુરૂં થયા પછી ફરી વજન કરાવીએ છીએ. આપણે ડાયાલિસીસ પહેલાં જેટલું વજન લઇને આવ્યા હોય તે વજનમાંથી દર્દીનું નક્કી કરેલા વજનમાં કેટલું વજન વધ્યુ છે તેનો તફાવત જોવામાં આવે. આપણે જેટલું વજન લઇને આવ્યા છીએ, એટલે કે આપણા નક્કી થયેલા વજન કરતાં વધારે, એટલું વજન દર્દીની ડાયાલિસીસ પ્રક્રિયાના સમય દરમ્યાન હોસ્પીટલના કર્મચારીઓ ઓછું થાય એવા પ્રયત્ન કરશે. આખરે તો મશીન પાસે કામ લેવાનું હોવાથી નિર્ધારિત કરેલું વજન ક્યારેય ઓછું થતું નથી. કેટલીકવાર વજન રહી પણ જાય છે. બીજું મગનભાઇ તમે જોયું હશે કે છેલ્લા કેટલાક સમયથી તમે જે વજન લઇને આવો છો એમાંથી એક ચોક્કસ નીકળતા વજન પછી તમારા પગ ખેંચાવા લાગે છે. એનો મતલબ એ થયો કે આપણે આ મશીનની ક્ષમતા કરતાં વધુ વજન લઇને આવીએ છીએ.અને આપણે તેનાથી મુશ્કેલીમાં મૂકાઇ જઇએ છીએ.

મગનભાઇ દરેક દર્દીએ પોતાની જ રીતે પોતાને લેવાના પ્રવાહીમાં નિયંત્રણ રાખવું જોઇએ.જ્યારે સાજા હતા ત્યારે ખાવા-પીવામાં આપણે કંટ્રોલ રાખ્યો નહોતો. હવે જ્યારે આ દર્દમાં પીડાઇએ છીએ ત્યારે પીવાના પ્રવાહીમાં આપણે પૂરેપુરો કાબૂ રાખવો જોઇએ.બે ડાયાલિસીસની વચ્ચે દર્દીએ તેને માટે નક્કી કરલું હોય તેટલું જ પ્રવાહી લેવું જોઇએ.દર્દી જે પ્રવાહી લે છે એ પ્રવાહી પંચાણુ ટકા દર્દીના શરીરમાં જ સંગ્રહ થાય છે. લાંબાગાળે

કિડનીના દર્દીઓનું યુરીન બંધ થઈ જાય છે.યુરીન થકી શરીરનો કચરો બહાર ફેંકવાનું કાર્ય કિડની કરે છે.પણ કિડની કાર્યરત ન હોવાથી પ્રવાહી બહાર ફેંકાતું નથી. શરીરમાં જ રહે છે અને લોહીમાં ભળી જાય છે. કિડનીના દર્દીઓ વજનમાં નિયંત્રણ રાખે તો કોઈ મુશ્કેલી તેમને માટે સર્જાતી નથી. ડૉક્ટર તો કાયમ પ્રવાહી ઓછું લેવાની સલાહ આપે છે.પણ એ સલાહની અવગણના મોટાભાગના દર્દીઓ કરે છે.એટલે જ મારું મંતવ્ય છે કે આ રોગના દર્દીઓએ પોતાનું વજન નિયંત્રિત રાખવું જોઈએ.તો એમને ડાયાલિસીસ વખતે પણ બીજું કોઈ કષ્ટ ન આવે.''

આટલું કહી પ્રોફેસર અટકે છે.

''સાહેબ, વજન વિષેની તમારી વાત મને ગળે ઊતરી ગઈ.તમે કહો છો તેમ વજન વધારે લઈને આવવાથી હું ઘણીવાર મુશ્કેલીમાં મૂકાઈ ગયો છું. હવે હું શક્ય હોય તો ધીરે ધીરે મારા વજનને નિયંત્રિત રાખીશ.વજનની તો તમે વાત કરી.હવે મને ડાયેટની વાત કરો.''

''મગનભાઈ, વજનની માફક જ ભોજનને પણ નિયંત્રિત કરવું જોઈએ.એટલું યાદ રાખજો ડાયેટ (આહાર) ગમે તેટલો લો એનાથી મુશ્કેલી થવાની નથી. કિડનીના દર્દીએ આહાર કેવો લેવો જોઈએ અને કેવી રીતે લેવો જોઈએ એ હોસ્પીટલના ડાયેટ વિભાગના માર્ગદર્શન હેઠળ લેવો જોઈએ.જો કે મનુષ્યના જીવનનું અસ્તિત્વ ખોરાકથી જ શક્ય બને છે.ઉચિત પ્રકાર અને પ્રમાણમાં લીધેલા ખોરાક દ્વારા તંદુરસ્તી મેળવી શકાય છે.આપણે જે ખોરાક જમીએ છીએ તેનું પાચન થાય છે.ખોરાકની જે પાચન પ્રક્રિયા થાય છે એના દ્વારા ઉત્પન્ન થતો હાનિકારક રાસાયણિક બગાડ સામાન્ય રીતે આપણી કિડની દ્વારા બહાર ફેંકાય છે. સામાન્ય રીતે કિડની આપણા શરીરમાં પાણી અને ક્ષારના પ્રમાણને જાળવી રાખે છે અને આ બધું કામ કાર્યરત કિડની દ્વારા થ ાય છે. અને જ્યારે કિડનીના કાર્યમાં અડચણ ઊભી થાય ત્યારે હાનિકારક રાસાયણિક બગાડ બહાર કાઢવાની ક્ષમતા, શરીરમાં પાણીનું નિયંત્રણ કરવાની પ્રક્રિયા અને શરીરના આંતરિક વાતાવરણ પર અસર થાય છે અને આને પ્રમાણે શરીરમાં અનેક ફેરફારો થાય છે અને એટલા માટે આહારનું નિયંત્રણ મોટે ભાગે દર્દીએ રાખવું જોઈએ.પરિણામે યુરેનિક રસાયણોની ઝેરી અસર ઓછી કરવા માટે આહારનું નિયોજન જાળવવાનું જરૂરી છે.''

''મગનભાઈ, કિડનીના દર્દીઓએ આહારમાં ફેરફારો કરવા જોઈએ અને આહારનું નિયંત્રણ પણ કરવું જોઈએ. આપણા શરીરમાં જે આહાર રાસાયણિક ક્રિયા વધુ કરી શકે એવો આહાર વધારે પડતો લેવો જોઈએ અને એને માટે વિશેષ પ્રમાણમાં પ્રોટીન જેમાંથી પ્રાપ્ત થાય એવો ખોરાક લેવો જોઈએ.અને બીજું મહત્વનું કિડની નિષ્ફળ જવાથી દર્દીએ આવશ્યક વજન જાળવવા માટે કેલેરીની માત્રા જાળવવી જરૂરી છે. ક્યા આહારમાંથી કેટલી કેલેરી પ્રાપ્ત થાય છે એ મોટેભાગે દર્દીએ જોવું જોઈએ.પોટેશિયમની માત્રા વધી ન જાય એ રીતે પણ આહારનું નિયંત્રણ રાખવું જોઈએ.જો કે અમુક પ્રકારના ખાદ્ય પદાર્થો અને ફળફળાદિ ડૉક્ટરની સલાહ પ્રમાણે લેવા એ ખાસ જરૂરી બને છે.દર્દીનું શરીર જે ખાદ્ય પદાર્થો સ્વીકારતું હોય તેનો ઉપયોગ કરી વધુમાં વધુ કેલરી શામાંથી મળે છે એ પણ જોતા રહેવું જોઈએ.એક મહત્વની વાત દર્દીએ સમજવી જોઈએ કે ખોરકનું નિયંત્રણ રાખવું જોઈએ.સાજા હતા ત્યારે હોજરીનો વિચાર કર્યા સિવાય ઘણું બધું ખાધેલું.તેવું ખવાઈ ના જાય એ વિશે ખાસ વિચારવું જોઈએ.ખોરાક લેવાથી વજન વધતું નથી.પણ પ્રવાહી લેવાથી વધે છે.એનું ધ્યાન દર્દીએ રાખવું જોઈએ.અને બીજું મહત્વનું ખોરાક નિયમિત લેતા રહેવું જોઈએ.જો ખોરાક લેવાનું બંધ થશે કે ઓછું થશે તો એ દર્દી માટે હાનિકારક ગણાય. તેથી ખોરાકનું પણ નિયંત્રણ દર્દીએ કરવું જોઈએ.''

''એટલે સાહેબ, આપણે ગમે તે ખાઈએ તો વાંધો નથી ને ?''

''મગનભાઈ તમે મારી વાત સમજ્યા નથી.આપણે જે ખોરાક લઈએ છીએ તે ખોરાકમાંથી જરૂરીયાત પૂરતી કેટલી કેલરી પ્રાપ્ત કરી શકીએ છીએ એ પહેલું વિચારવું જોઈએ. ક્યા શાકભાજી ખાવા અને ક્યા શાકભાજી ઓછા ખાવા એની માહિતી પણ ડાયેટીશીયન વિભાગ આપણને આપે છે.ખોરાક તે એ રીતે જ લેવો જોઈએ.''

''પણ સાહેબ, ડૉક્ટર ના કહે છતાંય અમુક વસ્તુ ખાવાનું મન થાય ત્યારે શું કરાય?''

''જુઓ મગનભાઈ, કિડનીના દર્દીએ થોડું લાંબુ જીવવું હોય તો 'મનને મારવાની વાત' ક્યારેય કરવી નહિ.ક્યારેક અમુક ખાવાનું મન થાય ત્યારે ડાયાલિસીસના અડધા કલાક પહેલાં તે બધું ખાઈ લેવું જોઈએ.તે દિવસે તેની વિપરીત અસર મોટેભાગે થતી નથી.જો કે આ રીતે આપણે આપણી જાતને પણ છેતરીએ છીએ ખરા. ક્યારેક થોડી માત્રામાં કોઈ ખાવાની વસ્તુ ખવાઈ જાય તો તેનો વાંધો આવતો નથી. કિડનીના દર્દીને

ડૉક્ટરની સલાહ મુજબ જ ખોરાકમાં મીઠું લેવું જોઇએ. મોટેભાગે ઓછા મીઠાથી તૈયાર થયેલો ખોરાક લેવો જોઇએ.''

''પણ સાહેબ, અમુક વસ્તુ ખાવી જ પડે તેમ લાગે ત્યારે શું કરવું જોઇએ?''

''તો ખાઇ લેવી જોઇએ.પણ મગનભાઇ ધારો કે મઠિયુ ખાવાનું મન થયું હોય પણ ડૉક્ટરે તૈલી પદાર્થ ઓછા કહ્યા હોય તો તે વખતે ઘરમાં જ મઠીયા બનાવી -ખારા અને મીઠા વગરના બનાવી- તેલમાં તળવાને બદલે શેકીને ખાઇ લેવું જોઇએ.અને બીજું આ દર્દમાં મહેરબાની કરીને બજારમાંથી કોઇપણ વસ્તુ લઇને ખાવી નહીં જોઇએ.જે કંઇ ખાવી હોય તે બધી જ વસ્તુઓ ઘરમાં જ બનાવી ખોરાકમાં લેવી જોઇએ.જેને કારણે ખાવાની ઇચ્છા પૂરી થાય અને ઘરમાં જ બનાવેલી ઉત્તમ વસ્તુ પ્રાપ્ત થાય.''

''સમજી ગયો બાપા.તમે તો ખરા ગજબના છો.જાતે ને જાતે જ ઘણા નુસખા કરતા હશો. કેમ ખરૂં ને?''

''હા મગનભાઇ, મેં અગાઉ એક વખત તમને કહેલું કે,'ઊંટ કરે ઢેકા તો માણસ કરે કાઠા'. એ પ્રમાણે જ વર્તવું જોઇએ.''

''પણ સાહેબ, અહીં દર છ મહિને બદલાતા ડૉક્ટર એની રીતે જ આપણને જોવાનો પ્રયત્ન કરે છે.અને નવા આવે ત્યારે શિખામણનો ઢગલો કરી દે છે.એ લોકોનું શું કરવું?''

''મગનભાઇ તમને તો ખબર છે ને કે 'નવો બાવો ચીપિયો વધુ ખખડાવે ' એના જેવું જ.... ''

''એટલે હું સમજ્યો નહીં''

''મગનભાઇ, સમજવાની જરૂર નથી.આપણે આપણી રીતે રસ્તો કાઢી લેવો જોઇએ. એ લોકોનું સાંભળીએ તો અને એમના કહ્યા પ્રમાણે અમલમાં મૂકીએ તો વહેલા મરવું પડે. હજુય ના સમજ્યા? ''

''સમજી ગયો, બધું જ સમજી ગયો.એમને તો ખરા.પણ તમનેય સમજી ગયો.હવે જ મને ખબર પડે છે કે અમારા કરતાં તમારૂં સ્વાસ્થ્ય કેમ સારૂં રહે છે.સદાય તમારા મોં ઉપર હાસ્ય કેમ છવાયેલું હોય છે.ભલે સાહેબ એ વાત ફરી કરીશું.પણ મને ડાયાલિસીસ વિશે થોડી વાત કરો.''

''મગનભાઇ કીડનીના દર્દીઓ માટે ડાયાલિસીસ કરાવવું એ મહત્વની ભૂમિકા બની રહે છે. તમે જુઓ છો કે પચાસ ટકા જેટલા દર્દીઓ હસતાં-હસતાં ડાયાલિસીસ માટે માટે આવે છે.અને હસતાં-હસતાં જ પાછા જાય છે અને પચાસ ટકા દર્દીઓને કોઇના સહારાની જરૂર પડે છે. કેટલાકદર્દીઓ ક્યારેક એકાદ-બે ડાયાલિસીસ વચ્ચે છોડી પણ દે છે.જો કે મગનભાઇ આ ડાયાલિસીસની પ્રક્રિયામાં ઘણો બધો ખર્ચ થાય છે. સામાન્ય માણસ એને ન પહોંચી શકે. છતાંય નિયમિત ડાયલિસીસ કરાવવું પડે. મેં અગાઉ કહ્યું તેમ ડાયાલિસીસ વખતે દર્દીનું વજન ઓછું થાય છે.આ પ્રક્રિયામાં લોહીના શુધ્ધ થવાની સાથોસાથ દર્દીના શરીરમાં નક્કી કરેલા વજન કરતાં વધુ જે થયું હોય તે બહાર કાઢવામાં આવે છે. મોટાભાગના દર્દીઓ ચાર કીલોની આસપાસ વધારે વજન લઇને આવતા હોય છે. હવે ધારો કે એક દર્દી વચ્ચે એક ડાયાલિસીસ કરાવવા ન આવે તો એનું વજન વધારે થઇ જાય. ડાયાલિસીસના સમયે વજન કાઢવાની ક્ષમતા લગભગ મશીનની નક્કી જ હોય છે.એનો મતલબ એ કે ડાયાલિસીસ થાય પણ વજન નિશ્ચ્વત જ ઓછું થાય.એટલે કેટલુંક વજન શરીરમાં જ રહી જાય અને આમ દર્દી મુશ્કેલીમાં મૂકાઇ જાય.ડાયાલિસીસ પધ્ધતિમાં દર્દીના શરીરના લોહીનું શુધ્ધિકરણ અને વધેલા વજનને ઓછું કરવાનું હોય છે. મનુષ્યે જો લાંબો સમય જીવવાનું ઇચ્છયું હોય તો તેણે નિયમિત નક્કી કરેલા દિવસે ડાયાલિસીસ કરાવવું જોઇએ.તો જ એ થોડું લાંબુ ખેંચી શકે.''

''એનો મતલબ......''

''એનો મતલબ એ કે મગનભાઇ, વેઇટ, ડાયેટ અને ડાયાલિસીસમાંથી જે વ્યવસ્થિત પસાર થાય એ માણસ જ થોડાં વર્ષો જીવનના વધુ ખેંચી શકે.આપણે ક્ડિનીના દર્દીઓ ઘણીવાર આ બધું જાણતા હોવા છતાં દરકાર રાખતા નથી.''

''સાહેબ, તમારી વાત તો હું માનું છું.અને એ રીતે જ જીવન જીવવાનો પ્રયત્ન કરૂં છું.પહેલાં તો આ દર્દ થી હું ગભરાતો હતો, હવે જરા પણ ગભરાતો નથી.તમારી માફક જ મૃત્યુ સામે લડી લેવાનો દ્રઢ નિશ્ચય કરી લાંબુ આયુષ્ય પ્રાપ્ત કરવાની દિશા તરફ હું જાઉં છું.''

મગનભાઈ અને પ્રોફેસર સુખદેવની વાતો હજુય લંબાતી જાત પણ ત્યાં તો વોર્ડબોય આવી 'એમને બંનેને ડાયાલિસીસ માટે બોલાવે છે 'એવું કહી ગયો.

અને બંનેના પગલાં ડાયાલિસીસ વિભાગ તરફ મંડાતા રહ્યાં.

## ચાળીસ

## માટલા ઉંધિયું

મગન પ્રોફસર સુખદેવની ઓફિસે આવેલો અને પછી જ્યારે પાછો ગયો ત્યારે ખાંચામાં વળતાં સરોજબેનને મગનની પાછળ જતાં જોયેલાં.સુખદેવ પોતાની ઓફિસમાં કામ કરતા રમેશને બોલાવી તેના કાનમાં કંઇ કહે છે.રમેશ ઉતાવળો-ઉતાવળો એ ખાંચામાં વળી જાય છે.દસેક મિનીટમાં પાછો આવે છે.

''એ લોકો ક્યાં અલોપ થઇ ગયા એની મને ખબર ના પડી.એટલામાં બધે શોધી વળ્યો.પણ બેમાંથી કોઈ દેખાયું નહી.'' એમ કહી રમેશ શ્વાસ ખાય છે.

પ્રોફેસર મનમાં વિચારે છે કે ગમે ત્યારે મગનના પેટમાં આ વાત નહીં રહે.તે ગમે ત્યારે બોલી ઉઠશે.

અને બન્યું પણ એવું જ.એક દિવસે ડાયાલિસીસ વખતે બાજુમાં મગનની પથારી હોવાથી મગન કંઇક કહેવા ઉંચો-નીચો થતો હતો.એની નોંધ પ્રોફસર સુખદેવ લે છે.જો કે તે મગનને કશું પૂછતો નથી.મગનને કહેવું છે છતાં પણ કહી શકતો નથી.

ડાયાલિસીસ પૂરું થયા પછી, 'સાહેબ એકાદ દિવસ ફાર્મ પર આવો તો માટલા ઊંધિયા નો પ્રોગ્રામ રાખીએ.'મગન ધીરેથી કહે છે.

'કેમ મગનભાઈ કેટલાં માણસ આવશે?આપણે બેને માટે જ ઊંધિયું બનાવવાનું હોય તો ચાલોને બજારમાં જઇને ખાઇએ.'

''ના સાહેબ, આપણે બે નથી.આમ તો મારે એક જ વ્યક્તિને ખાસ બોલાવવી હતી.પણ એક જ વ્યક્તિને બોલાવું તો બધાં મારી વાત કરે.એટલે હું બીજી કેટલીક વ્યક્તિને પણ બોલાવીશ.અહીં ડાયાલિસીસ વિભાગના બધા ટેક્નિશિયનો ને પણ આમંત્રણ આપવાનું છે.આ બધી સિસ્ટરો પણ આવશે.બધાં દર્દીઓ અને તેના સગાં-સંબંધીને પણ નિમંત્રણ આપીશ.આપણો ફાર્મ મોટો છે.ઘણાં બધાં માણસો સાથે આવે છતાં વ્યવસ્થા જાળવી શકાય.''

''ભલે, ક્યારે પ્રોગ્રામ રાખો છો?''

''સાહેબ, પ્રોગ્રામ તો રવિવારે જ રખાય. ડાયાલિસીસ વિભાગ રવિવારે બંધ હોય છે ને એટલા માટે.જેને આવવું હોય તે પછી રજાનું બહાનું ન કાઢી શકે.કેમ મારી વાત બરોબર છે ને?''

''મગનભાઇ, તમારી વાત સાચી છે.તો પછી આજે મંગળવાર થયો.રવિવારનું જ ગોઠવી દો ને !''

''તમારી વાત સાચી છે.આજે જ રવિવારનું નક્કી કરી એક પરિપત્ર પાઠવી દઉ છું.''

રવિવારની બપોર પછી મગનભાઇના ફાર્મ પર ઘણાં બધાં માણસો એક પછી એક આવવા લાગ્યાં.મગનભાઈએ બધાંને રાજગઢ સુધી પહોંચાડવા વાહનની જવાબદારી લીધેલી એટલે કોઇ પ્રશ્ન નહતો.અને એકાદ-બે જણ કદાચ દૂરનાં હશે તો એ ગાડી લઇ મૂકી આવશે,એમ પણ એમણે કહેલું.અને રવિવારની સાંજ મગનભાઇના ફાર્મ પર આનંદ-કિલ્લોલ કરતાં કિડનીનાં દર્દીઓ, એમનાં સગાં-સંબંધી અને સ્ટાફ માટલા ઊંધિયાની મોજ માણે છે.અને તે દિવસે મોડેથી પ્રોફેસર મગનભાઇની વિદાય લે છે ત્યારે પ્રોફેસર જુએ છે કે મહેમાનોમાં છેલ્લે સરોજબેન એકલાં જ હતાં !

# એકતાલીસ

# ફંટાતો રસ્તો

રવિવારે સાંજે માટલા ઊંધિયું ખાઇ બધાં છૂટાં પડ્યાં. પ્રોફેસર સુખદેવ મગનભાઇના ફાર્મમાંથી ઘેર જવા નિકળે છે ત્યારે ફાર્મમાં છેલ્લા મહેમાન તરીકે એ સરોજબેનને જુએ છે. મગનભાઇ કદાચ પોતાની ગાડીમાં તેમને મૂકી આવશે તેમ તે માને છે.આજે તો તે પણ એક મિત્રની ગાડી લઇને આવેલો.એની ગાડીમાં જગ્યા હતી.સરોજબેને ધાર્યું હોત તો આનંદનગર સુધી તેની ગાડીમાં આવી શક્યાં હોત. આનંદનગરથી સરોજબેનને એમને ઘેર જવા માટે દર અડધા કલાકે બસ મળી જાત. સરોજબેન કેમ રોકાયા તે વિશે કશું વિચાર્યા સિવાય તે પોતાને ઘેર પહોંચી ગયો. મંગળવારે ડાયાલિસીસ વખતે મગનભાઇ અડધો એક કલાક મોડા આવેલા. તેની બાજુમાં જ તેમની પથારી હતી. મગનભાઇનું 'નીડલીંગ' થઇ ગયું પછી ધીરેથી પ્રોફેસર કહે છે.

''મગનભાઇ, માટલા ઊંધીયામાં બહુ મજા આવી.અને તમે પણ ઊંધિયા સાથે ચટણી પણ સ્વાદિષ્ટ આપી.ચટણી તો કદાચ તમે જ બનાવી હશે તેવું મને લાગે છે.''

''સાહેબ, ચટણીનાં તો બધાંય વખાણ કરતાં હતાં.પણ ખરી રીતે ચટણી મેં બનાવી નથી.ચટણી તો સરોજબેને બનાવેલી. અને માટલા ઊંધીયું તો તેમની દેખરેખમાં જ બન્યું હતું. એટલે આભાર તો આપણે બધાંએ એમનો જ માનવો રહ્યો !''

એ બંને વાતો કરે છે એટલામાં જ સરોજબેન ખારીશીંગના બે પડીકાં લઇને આવે છે. મગનભાઇના ઓશિકા પાસે એક પડીકું મૂકે છે. અને પછી સામે એમના દીકરાની પથારી પાસે જઇ ખોલીને દીકરાને ખવડાવે છે.રોજ તો ખારીશિંગ પડીકામાં લાવી એક પડીકું પ્રોફેસરના ઓશિકા પાસે મૂકતાં પણ આજે ? ઓશિકું બદલાઇ ગયું ! એમ કેમ ? એનો જવાબ સુખદેવ પાસે નહોતો.

આમેય તે ક્યારેક ન ખાવી હોય છતાંય ચાલુ ડાયાલિસીસે ખારીશિંગ ખાઇ લેતો.જો કે વચ્ચે ડૉક્ટરની સલાહ પ્રમાણે ખારીશિંગ દર્દીના હિતમાં નથી એટલે એ ખાતો નહીં. સરોજબેનને પણ તેણે આ વાત કરેલી.એણે ના કહેલી એટલે કદાચ એના ઓશિકા પાસે એમણે ખારીશિંગનું પડીકું નહીં મૂક્યું હોય.પણ મગનભાઇને? ચાલુ ડાયાલિસીસે ક્યારેય મગનભાઇએ ખારીશિંગ ખાધી નથી.એમના ઓશિકા પાસે કેમ પડીકું મૂકાયું હશે? એનો જવાબ પ્રોફેસર પાસે નહોતો. પ્રોફેસર જુએ છે કે મગનભાઇ હોંશે હોંશે ખારીશિંગ ખાતા ખાતા સરોજબેન તરફ જોઇ લેતા હતા.

પ્રોફેસરનો સ્વભાવ એવો હતો કે તે ક્યારેય કોઇની વાતમાં પડતો નહીં.જે કંઇ ઘટનાઓ બનતી તે વિશે કોઇને કોઇ એને માહિતી આપી દેતા.તે મગનભાઇ સામે જુએ છે.મગન પ્રોફેસર સામે આંખ મિલાવી શકતો નથી.અને એથી પ્રોફેસર મગનભાઇ વિશે અને એમની માનસિક સ્થિતિનો ક્યાશ કાઢી લે છે. મગનભાઇની ભટકવાની વૃતિ હજુપણ ગઇ નથી તેવું તે માની લે છે.

ચાલુ ડાયાલિસીસે મોટેભાગે મગન ચા બહુ ઓછી લેતો.પણ આજે મગનભાઇએ કમાલ કરી દીધી.બે-ત્રણ વખત બધાંને માટે ચા મંગાવી. સુખદેવને નહોતી પીવી છતાં પણ ત્રણવાર એણે ચા પીવડાવી.એકાદ -બે વાર મગનભાઇએ પોતાની સાથે લાવેલી બોટલને સરોજબેનને આપી ઠંડુ પાણી મંગાવ્યું.ડાયાલિસીસ વિભાગના ઘણાં બધાંને મગનમાં આવેલા પરિવર્તનની જાણ નથી.અને સતત ડાયાલિસીસ વખતે દીકરાની પથારી પાસે બેસવાને બદલે અહીં તહીં આંટા માર્યા કરતી સરોજબેન આજે દીકરાની પથારી પાસેથી ખસતી જ નહોતો.થોડી થોડી વારે મગનભાઇને કંઇ જોઇએ છે એવું પૂછી પણ જતી.સુખદેવ આ પરિવર્તનની નોંધ કરે છે.સહજ આ બનતું હશે તેવું તે માને છે. પણ એને ખબર નથી કે મગનનો રસ્તો સરોજબેનના ઘર સુધી લંબાઇ ગયો છે.

# બેંતાલીસ

# વ્યોમેશભાઈ સાથે ચર્ચા

એક શુક્રવારે પ્રોફેસર સુખદેવની બાજુની પથારીમાં વ્યોમેશ શાહનું ડાયાલિસીસ ચાલતું હતું.વ્યોમેશભાઈ કાયમ પાંચ કીલોની આસપાસ નેગેટીવ લઈ આવતા.સાડાત્રણ કીલો નેગેટીવ ઓછું થાય ત્યારે તેના પગ ખેંચાવા માંડતા.જ્યારે એ એકલા આવે અને પગ ખેંચાવા લાગે ત્યારે પગ ઉપર પગ ચઢાવી દેતા અને નેગેટીવ શૂન્ય કરાવી દેતા. પ્રોફસર સુખદેવ કાયમ તેમને સલાહ આપતા, 'જેટલું ઓછું વજન લઈને આવો એટલું દર્દી માટે સારું' પણ વ્યોમેશભાઈ કાયમ કહેતા, 'જુઓ સાહેબ, પ્રવાહી તો હું ઓછું લઉ છું પણ મારે મીઠાવાળુ વધુ ખાવા જોઈએ તેથી વજન વધે છે.'છેલ્લા દસ વર્ષથી તે ડાયાલિસીસ કરાવવા આવતા હતા.સૌથી જૂના દર્દી તરકે તેમનો ત્રીજો નંબર હતો.જ્યારે પ્રોફેસર સુખદેવનો દસમો નંબર હતો.

ખાવાની બાબતમાં ક્યારેક પ્રોફસર સુખદેવ અને વ્યોમેશ વાતોએ ચઢી જતા.શું ખવાય અને કેવી રીતે ખવાય તેની પણ ચર્ચા કરતા.વ્યોમેશભાઈ કહેતા, ''જુઓ સાહેબ, હું કાયમ જોઉં છું કે તમે ડાયાલિસીસ વખતે ખાખરા જ ખાવા માટે લાવો છો.બીજું તમે કેમ ખાતા નથી ? તમે જાણો છો કે હું તો અહીંની કેન્ટીનના બટાકાપૌવા અને ભજીયાં પણ ખાઈ લઉ છું.''

''વ્યોમેશભાઈ, અહીં હોસ્પિટલમાં થી અપાતા ચણા તો હું ક્યારેક ખાઈ લઉ છું ને ? ''

''એ તો વાત સમજ્યા ! સાહેબ, એક વાત કહું?સાચું બોલો તો તમારી ખાવાની વ્યવસ્થા તમારે ત્યાં કેવી રીતે થાય છે ?''

''વ્યોમેશભાઈ, મારા ઘરની તમને વાત કરું તો મેં આ પાંચ વર્ષમાં બહારનું ખાવાનો પ્રયત્ન કર્યો નથી.પહેલાં તો કોઈના લગ્નમાં પણ જતો.ત્યાં પણ જમતો.લગ્નનું ખાવાથી થોડી મુશ્કેલી વધતી.હવે તો લગ્નનું પણ ખાવાનું બંધ કરી દીધું છે. તમે ઘરની બાબત પૂછો તો સાંભળો, અમે બધું જ ઘેર બનાવીએ છીએ. ક્યારેક બે-ત્રણ જાતનાં ભજીયાં, દહીંવડાં, મસાલા ઢોંસા,ઈડલી -સંભાર,કટલેસ, જે બજારમાં ન ખાઈ શકીએ એ બધું જ ઘેર બનાવી ખાઈએ છીએ.''

''આ બધું ખાવાથી તમારું નેગેટીવ વધતું નથી?''

''જુઓ વ્યોમેશભાઈ, આ બધામાં નહીવત્ મીઠું, ખારો તો બિલકુલ નહીં,તેલ અને બીજાં તીખા મસાલા ભાગ્યે જ વપરાય અને એ રીતે આ બધું ખાવાથી નેગેટીવ ઓછું વધે.તમને તો ખ્યાલ હશે અહીં ડાયેટીશીયનબેન તમને અમુક જ વસ્તુ ખાવાનું કહે છે.એ બેન કહે છે એ રીતે અમુક જ વસ્તુઓ બનાવીને ઘેર જમી શકાય.''

''સાહેબ, પાપડી કે મઠીયું ખાવાનું મન થાય ત્યારે તમે શું કરો?''

''જુઓ વ્યોમેશભાઈ, મારા ઘરે પાપડી કે મઠીયાં મારા માટે જુદા થાય. મીઠાનો ઉપયોગ ભાગ્યે જ થાય. મઠીયામાં વધુ તેલ વપરાય એટલે હું કાયમ મઠીયા શેકીને ખાઉં છું.બહુ મજા પડે છે.''

''સાહેબ, એનો મતલબ એમ કે તમે આ બધું રોજ ખાવ છો નહીં ?''

''વ્યોમેશભાઈ, આપણે કિડનીના દર્દીઓ છીએ. અમુક જ પ્રકારનો આહાર ખાવો જોઈએ એ સાચું છે.પણ આપણે પણ આખરે મનુષ્ય જ છીએ.આપણને પણ અમુક વસ્તુ ખાવાનું મન થાય.અને એટલે આપણે પણ કોઈ રસ્તો ખાવા માટેનો શોધવો જોઈએ.શરીરને કષ્ટ ન પડે એ રીતે આરોગ્ય પણ સચવાય, ડાયાલિસીસ વખતે પણ મુશ્કેલી ન થાય એટલે થોડું થોડું ખાઈ લેવું જોઈએ.પણ, અતિશય પ્રમાણમાં નહીં''

''એટલે?''

''મારો કહેવાનો મતલબ એ કે મનને મારવું નહીં.છતાંય વિચારોને કંટ્રોલમાં રાખવા જોઈએ.જરૂર પડ્યે થોડું ખાઈ લેવું જોઈએ!''

''સાહેબ તમારી વાત સાચી છે.પણ પોટેશિયમ વધે એવી વસ્તુ ખાવાનું મન થાય ત્યારે એ વખતે શું કરવું જોઈએ?''

''જુઓ મે ક્યાંક વાંચ્યુ છે.ડાયાલિસીસના અડધા કલાક પહેલાં જે કોઈ વસ્તુ તમે ખાવ તેની અસર શરીરમાં થવાને બદલે એ અસર ડાયાલિસીસ વખતે દૂર થઈ જાય છે.એટલે ક્યારેક આ રીતે પણ ખાઈ લેવું જોઈએ.''

''તમારી વાત સાચી છે.પેલા ઘનશ્યામભાઇ ડાયાલિસીસ કરાવવા આવે ત્યારે ક્યારેક કહેતા કે હું તો તરબૂચ અને શક્કરટેટી પણ ખાઇને આવું છું.''

''એમની વાત સાચી છે.ઘણાં બધાં દર્દીઓ આ રીતે કોઇ ન જાણે તેમ થોડી થોડી વસ્તુઓ ખાઇને આવતા હોય છે.અંતે તો આપણે બધાં એવા દર્દમાં ફસાયા છીએ કે આમાંથી બહાર નીકળવું મુશ્કેલ છે.આપણી જીવાદોરી ભગવાનના હાથમાં છે.તેથી શરીરને મુશ્કેલી પડે તેવું ખાવાથી થોડું દૂર રહેવું જોઇએ.પણ ક્યારેક કોઇ વસ્તુ ખાવાનું મન થાય ત્યારે, જીભને સંતોષ આપી  દેવો જોઇએ. અને માનસિક રીતે સ્વસ્થ બની રહેવું જોઇએ.તો જ લાંબુ ખેંચી શકાય. ''

આવી તો ઘણી બાબતો પ્રોફેસર સુખદેવ અને વ્યોમેશ શાહ ચર્ચતા.અને તે જ રૂમમાં ડાયાલિસીસ માટે મગનભાઇ જ્યારે હાજર હોય ત્યારે તેમની સાથે પણ ઘણી બધી વાતો થતી.એમની આ વાતો બીજા દર્દીઓ પણ સાંભળતા. ડાયાલિસીસના પાંચ કલાકનો સમય આમ જુદી જુદી વાતો અને આનંદથી દર્દીઓ પસાર કરતા.એ રીતે ડાયાલિસીસ વિભાગ જીવંત રહેતો.

## તેંતાલીસ

## વ્યાજે આપનાર વ્યાજે પૈસા લે છે

પંદરેક દિવસ સુધી સુખદેવ જુએ છે કે મગનને કંઇક કહેવું છે છતાં કંઇ કહી શકતો નથી.અને તે પૂછતો પણ નથી.એક શુક્રવારે પ્રોફેસરના આવવાના સમય પહેલાં મગન ડાયાલિસીસ વિભાગની બહાર બાંકડા પર આવી બેસી જાય છે.થોડી જ વારમાં ત્યાં સરોજબેન પણ એમના છોકરાને લઇ આવી જાય છે.દૂરથી આવતો પ્રોફેસર આ બેને વાતો કરતાં જુએ છે. સરોજબેન કંઇક મગનને કહે છે.પ્રોફેસર તે સાંભળી શકતો નથી.તે નજીક આવે છે. પ્રોફેસરને આવતો સરોજબેન જુએ છે. સરોજબેન ધીરેથી કોઇ ન સાંભળે તેમ, ''ભૂલો નહીં. મંગળવારે લેતા આવજો.'' એમ કહી ચાલી જાય છે. સરોજબેને જે  મગનને કહ્યુ તે પ્રોફેસર સાંભળી જાય છે. મગનને કશું પૂછતો નથી. સુખદેવને આવેલા જોઇ મગન ઊભો થાય છે.કહે છે, ''સાહેબ થોડી મુશ્કેલી છે.મંગળવારે કદાચ દસેક હજારની જરૂર પડે એમ છે.તમે આપશો ને?''

''મગનભાઇ, હમણાંની પૈસાની તો મારે પણ ખેંચ છે.છતાં કોઇ શાહુકારને વાત કરું તો વ્યાજે રકમ મળી રહે.કેટલા મહિને પાછી આપશો?''

''સાહેબ, બે ચાર મહિના તો આમેય નીકળી જશે.વ્યાજ હું જરૂર આપીશ.''

''મગનભાઇ, તમે વ્યાજે પૈસા આપનાર વ્યાજે પૈસા લેવાની વાત કરો છો. તમારા માટે આમ કેમ બને છે એનો ખ્યાલ મને આવતો નથી. એક સલાહ આપું. મહેરબાની કરીને આ વ્યાજના લફરામાં ન પડો તો સારું.''

''જુઓ સાહેબ, પૈસા તો મારી પાસે છે.પણ મારે બીજા કોઇને આપવા છે. કોઇનું રખડી પડેલું કામ આપણા જેવા કાઢી નહીં આપે તો પછી કોણ આપશે?''

''મગનભાઇ, તમે કોને પૈસા આપવા માંગો છો એ વ્યક્તિનું નામ મારે જાણવું નથી પણ મુદતે નાણાં પાર્ટીને આપવાં પડશે. હું તો તમને ઓળખું.તમે જેને આપવાના છો એને ન ઓળખું-''

''ભલે સાહેબ.ત્રણ માસમાં નાણાં હું પાછા આપી દઇશ.પણ તમે મંગળવારે લાવી આપશોને ? ''

''મંગળવારે હું આપીશ.પૂરા દસ હજાર.વધુ જોઇએ તો પણ કહો.''

''ના સાહેબ.એટલા બસ છે.''

મગન કોને માટે નાણાં મંગાવે છે તે કહેતો નથી.સરોજબેનના કહેલા શબ્દો તેણે સાંભળ્યા છે. પણ કેવી રીતે મગનને કહી શકે કે .''સરોજબેનમાં  પડવા જેવું નથી.''

''મગનભાઇ  ચાલો આપણો સમય થયો.''

એમ કહી પ્રોફેસર સુખદેવ મગનભાઇ સાથે ડાયાલિસીસ વિભાગમાં પ્રવેશ કરે છે.

## ચુમ્માલીસ

## પ્રોફસરની વ્યથા

એક શુક્રવારે મગન અને પ્રોફેસર સુખદેવ ડાયાલિસીસની બહાર બાંકડા પર બેઠા-બેઠા કિડનીના દર્દીઓની વાત કરતા હતા. મગન પૂછે છે, ''સાહેબ, ચાલુ ડાયાલિસીસ વખતે કેટલાક દર્દીઓ અસહ્ય દુઃખથી પીડાતા હું જોઉં છું, ક્યારેક કોઇ વજન વધારે લઇને આવે ત્યારે તેમનું વજન ઓછું થવાથી પગની નસો ચઢી જવાથી દુઃખી થતા પણ જોઉં છું.તમારી પાસે કેટલીક વાત કરવાથી મન હળવુ બને છે.જો કે હું તો આ ડાયાલિસીસના ત્રાસથી ખરેખર થાકી ગયો છું.સાહેબ, કોઇ દુઃખની વાતથી તમે ક્યારેય દુઃખી થતા નથી? આજે મારે તમારી વાત જાણવી છે.તમે તમારી વાત મને કહો તો જ મને સંતોષ થશે.'' એમ કહી મગન પ્રોફેસરની સામે તાકી રહે છે.

''જુઓ મગનભાઇ, તમે ઘણો મહત્વનો પ્રશ્ન આજે ચર્ચ્યો.તમે જે રીતે ડાયાલિસીસથી થાકી ગયા છો તેમ ખરેખર તો હું થાક્યો નથી.પણ ખાનગીમાં કહું તો ડાયાલિસીસ વખતે પડતી માનસિક વ્યથા અને દુઃખ તો બીજાં દર્દીઓની માફક જ મને થાય એ સ્વાભાવિક છે. મગનભાઇ ડાયાલિસીસ માટે તૈયાર થઇએ ત્યારે અને ખાસ તો 'નીડલીંગ' '' વખતે ટેકનિશિયન અને બે-એક નર્સો આપણી પથારીની આસપાસ આવી ઊભાં હોય છે તે જોતાં જ મને પણ કમકમાં આવી જાય છે.બે જુદી જુદી જગ્યાએ 'નીંડલીંગ' કરવા માટે - બહેરી ચામડી કરવા માટે -બે ઇંજેક્શન લેવા પડતાં હોય છે તે વખતે અતિશય વેદના થાય તે સ્વાભાવિક છે અને પાછું બે જુદી જુદી જગ્યાએ નીડલ નંખાય અને તેમાંય ક્યારેક કોઇ ઉતાવળિયો ટેકનિશિયન હોય ત્યારે અતિશય દુખાવો થાય તે પણ સાચું છે.પહેલાં ચાર કલાક અને હવે પાંચ કલાક સુધી નજરકેદીની માફક જ એક જ પથારીમાં સૂઇ રહેવું પડે.પાસાં તપવા માંડે, બહુ પડખાં ન ફેરવાય. તે વખતે પણ કષ્ટ થાય.આ બધું કોને કહેવું? અને પાછું ડાયાલિસીસ પૂરૂં થાય ત્યારે લોહી વધવા માટેનું 'એપ્રેક્ષ-૨૦૦૦' લેવાનું થાય ત્યારે પણ કદાચ અણઘઢ અને ઉતાવળી કોઇ નર્સ ઇંજેક્શન આપે ત્યારે પણ દુઃખ તો થતું જ હોય છે.આમ મોટેભાગે ચાર અને લોહીનું ઇંજેક્શન લે તેને પાંચ, એમ પાંચ વખત તીણી ધારવાળી પેલી નીડલ શરીરમાં પ્રવેશ કરે ત્યારે દુઃખ તો થાય જ ને ? મારી વાત બરોબર સમજો છો ને? ''

''પણ સાહેબ......તમે પણ....આવા દુઃખની વાત તો ક્યારેય કરતા નથી. એમ કેમ?''

''મગનભાઇ, આપણે કિડનીના દર્દી છીએ. મેં જે કહી એ પ્રક્રિયામાંથી પસાર થવું જ પડે અને તે વખતે આપણને પડેલું દુઃખ આપણા સગા-સંબંધીઓને કહીએ ત્યારે પણ આપણાં કરતાં તે વધારે દુઃખી થાય.આ દર્દમાં આપણે જાતે જ દુઃખી થવાનું છે.આપણા દુઃખની વાત ક્યારેય કોઇને કરવાની જરૂર નથી. આ તો તમારી સાથે મારો ઘરોબો સંબંધ છે એટલે તમને સાચી વાત કહું છું.બીંજા દર્દીઓની માફક હું પણ અસહ્ય યાતના અને માનસિક વ્યથાથી પીડાઉ છું.પણ હું કોઇનેય ક્યારેય મારી વાત કરતો નથી.બીજી એક મહત્વની વાત, કિડનીના દર્દીએ આ બધા ડૉક્ટરો વારંવાર આગ્રહ કરે છે તેમ ત્રણ ડાયાલિસીસ કરાવવાં જોઇએ તે હું માનું છું, પણ આ તીક્ષ્ણ સોય અઠવાડિયામાં ઓછી ખાવી પડે એટલા માટે અને મૃત્યુ પહેલાં જેટલું સારું કાર્ય થઇ શકે એ માટે થોડો વધારે સમય મળે માટે જ હું બે ડાયાલિસીસ કરાવવા આવું છું.''

''હવે તમારી વાત હું સમજ્યો. સાહેબ, તમે વ્યથા અને દુઃખની યાતના સહન કરતાં-કરતાં અહીંના કેટલાંક દર્દીઓને સાચી સલાહ આપી મોતની સામે ઝઝૂમતા કર્યા છે તેનું આજે મને ખરું રહસ્ય જાણવા મળ્યું.પોતે દુઃખી થવું પણ બીજાંને દુઃખનો અણસારો ન આવવા દેવો એ જ મનુષ્યનો સાચો ધર્મ છે. મેં આજે જાણ્યું. '' એમ કહી મગન ઊભો થઇ પ્રોફેસર સુખદેવના ચરણમાં પોતાનું માથું મૂકી દે છે.

## પિસ્તાળીસ

## રીટાનું હાસ્ય

એક દિવસે પ્રોફેસરનું ડાયાલિસીસ ચાલતું હતું.કોઇ કામ માટે એક ટેકનિશિયન તેની પથારી પાસે આવેલા. મોટેભાગે તો પ્રોફેસર સુખદેવ પોતાની દુનિયામાં જ મસ્ત રહેતો.તેથી તેને બધાં સાથે સારું ફાવતું.પેલા ટેકનિશિયન કહે છે કે, ''હમણાં અહીંના એક ડૉક્ટર ની ગાડીને અકસ્માત થયો હતો.અને અકસ્માતમાં ગાડીનું બારણું ઠોકાયું.પણ ગાડીનો વીમો એટલે ખર્ચ કરતાં વધુ પૈસા મેળવવાનું સાધન.'' એમ કહી એ હસી પડે છે.

ડૉક્ટરોની ગાડીની વાત થતી હતી ત્યારે પ્રોફેસરનું બી.પી. રીટા માપતી હતી.પ્રોફેસર પૂછે છે, ''બધા જ ડૉક્ટરને હોસ્પિટલ ગાડી આપે છે? ''

રીટા બોલકણી હતી. તે બોલી ઊઠે છે :

''અરે, શી વાત કરો છો ! કેટલાક ડૉક્ટર સાઇકલ ઉપર પણ આવે છે. પહેલાં સાઇકલ પર, પછી સ્કૂટર પર, પછી દવાખાનાની ગાડી અને પછી પોતાની પ્રાઇવેટ ગાડી તેમના હાથમાં હોય છે.''

''હું સમજ્યો નહીં.''

''આમાં સમજવા જેવું કશું નથી.થોડું વિચારશો તો સમજાઇ જશે.'' કહીને હસતી-હસતી રીટા બીજા દર્દીનું બી.પી. માપવા ચાલી ગઇ.

પરોક્ષ રીતે રીટાએ ડૉક્ટરોની વાસ્તવિકતા તરફ ઘણું બધું કહી નાખ્યું.

## છેંતાલીસ

## ભારતી સાથે પ્રત્યારોપણની ચર્ચા

એક દિવસે પ્રોફેસર સુખદેવ તેમનું ડાયાલિસીસ પત્યા પછી રીક્ષામાં રાજગઢથી આનંદનગર ઘેર જવા નીકળેલો. રસ્તામાં બસ સ્ટેન્ડ આગળ બસની રાહ જોતી કિડની હોસ્પીટલની નર્સ ભારતીને તે જુએ છે. રીક્ષા ઊભી રખાવે છે.

''આનંદનગર સુધી આવવું હોય તો આવી જાવ.'' એવું સુખદેવ કહે છે. નર્સ તેને ઓળખે છે ડાયાલિસીસના દર્દી તરીકે.

''મારે તો ઠેઠ આનંદનગર જવું નથી.રેલ્વે ફાટક સુધી જ જવું છે.'' એમ કહી તે રીક્ષામાં બેસી જાય છે.

ડાયાલિસીસ વખતે ક્યારેક આ નર્સ પણ ત્યાં હોતી.સુખદેવ લગભગ પાંચેક વર્ષથી ડાયાલિસીસ માટે જાય છે. એક મજાના માણસ તરીકે પેલી નર્સ તેમને ઓળખે છે.આમ તો ડાયાલિસીસ પૂરતો જ તેમનો સંબંધ.ક્યારેક ડાયાલિસીસ વખતે જ્યારે તે ફ્રી હોય ત્યારે અને ડ્યુટી હોય ત્યારે સુખદેવ સાથે ઘણી બધી વાત થતી. મોટેભાગે તે દર્દીઓ સાથે 'કિડની પ્રત્યારોપણ' ની ખાસ વાત કરતી. પ્રોફેસર સુખદેવને પણ તેણે સમજાવેલા.

આજે સુખદેવ સાથે વાત કરવાનો તેને મોકો મળી ગયેલો.

''સાહેબ, તમે આ ડાયાલિસીસના ત્રાસમાંથી મૂક્ત કેમ થઇ જતા નથી.''

''હું તમારી વાત સમજ્યો નહીં.''

''તમે અઠવાડિયામાં બે વખત ડાયાલિસીસ માટે આવો છો.તમે તો સમજુ છો.'નીંડલીંગ' વખતે માનસિક ત્રાસ તો અનુભવતા હશો. એટલે જ હું કહું છું કે આ ત્રાસમાંથી છૂટી જવું જોઇએ.''

''એટલે?''

''તમે કેમ કિડની પ્રત્યારોપણ કરાવી લેતા નથી? શું તમને કોઇ કિડની આપવા તૈયાર નથી?''

''જો , હું પોતે મારા સગાં સંબંધીઓની કિડની લેવા તૈયાર નથી. મારી સાથે લોહીના સંબંધે જોડાયેલા ઘણાં બધાં તેમની કિડની આપવા માટે તૈયાર થયા હતાં.મારે જીવવા માટેબીજાનું જીવન બગાડવા હું માંગતો નહોતો.''

''તો પછી અનરીલેટીવ વ્યક્તિની કિડની લઇ લો ને થોડો ખર્ચ થાય, એ તો ભોગવી લેવો પડે.''

''તારી વાત સાચી છે.પહેલાં તો હું પ્રત્યારોપણ કરવાનું વિચારતો હતો. પણ પછી મેં આ વિચાર માંડી વાળ્યો.''

''તો શું કોઇ કિડની આપવા તૈયાર ન થયું એટલે?''

''ના, ના એમ નથી.બે-એક વ્યક્તિ મારી માંદગીના સમાચાર જાણી મને કિડની આપવા તૈયાર પણ થઇ ગયેલી. એમાંના એક હતા પ્રિન્સિપાલ કનુભાઇ સુણાવકર. વર્ષો સુધી ગુજરાતીના અધ્યાપક રહી ચૂકેલા અને છેવટે ગુજરાતી વિષયના અધ્યક્ષ અને કોલેજના પ્રિન્સિપાલ.તેમણે તો મારી ગેરહાજરીમાં, મારી જાણ બહાર તેમના બધા રિપોર્ટ કરાવી લીધેલા. તેમની કિડની મને માફક આવે તેમ હતી.એમ તેઓએ મને કહેલું.બીજી એક મારી વિદ્યાર્થીની, ગુજરાતી જ વિષયની. મારા નજીકના ગામની પટેલ જ્ઞાતિની. આરતી એનું નામ. એ પણ તૈયાર થયેલી.હું સંમત નહીં થયેલો. મેં જોયું છે કે કિડની લેનાર કરતાં કિડની આપનારને વધુ કષ્ટ પડે છે. ડૉક્ટરો તો કહે છે. 'શરીરમાં એક કિડની હોય તો ચાલે.'પણ જે વ્યક્તિ એની બે કિડનીમાંથી એક મને આપે અને સંજોગોવસાત્ એમની બાકી રહી ગયેલી કિડની નિષ્ફળ નીવડે તો તેમને મુશ્કેલી થાય ને? અને છેવટે મેં મારા જીવનને બદલે બીજાંના જીવનને મુશ્કેલીમાં ન મૂકવું એમ વિચારી કિડની પ્રત્યારોપણ કરવાને બદલે કાયમ ડાયાલિસીસ કરાવી જ્યાં સુધી ડાયાલિસીસ સાથે જીવાય ત્યાં સુધી જીવવું એ ધ્યેય સાથે અત્યારે ડાયાલિસીસ કરાવું છું.''

''સાહેબ, અમે તો તમારા વિશે જુદું જ વિચારતાં હતાં.પૈસા ખર્ચીને કદાચ બહારની કિડની ન લેવી એવું તમે વિચારતા હશો. એમ અમે માનતાં અને આજે તમારી આ ઉમદા વિચારસરણી જોતાં હું બહુ ખુશ થઇ છું.તમારા જેવા બહુ ઓછા માણસો આ જગતમાં મળે ! બસ સ્ટેન્ડ આવતાં ડાયાલિસીસ વખતે મળીશું.'' એમ કહી તે ચાલી જાય છે.

ડાયાલિસીસ વિભાગની સિસ્ટરો અને ટેકનિશિયનો પણ જુદાં-જુદાં દર્દીઓ વિશે કંઇકને કંઇક વિચારતાં હશે ! તેનો આજે તેને ખ્યાલ આવે છે.પડદા પાછળની વાત તો ડાયાલિસીસ વિભાગમાં કોઇ નોકરી કરતું મળી આવે ત્યારે જ જાણી શકાયને ? આવું બધું રીક્ષામાં બેઠોબેઠો પ્રોફેસર સુખદેવ વિચારતો રહે છે.

## સુડતાલીસ

## ઈન્જેકશન કંપનીનો પ્રચાર

આજે પ્રોફેસર સુખદેવનું ડાયાલિસીસ હતું.આમ તો મોટેભાગે તે બપોરે જાય છે.પણ શુક્રવારે ડાયાલિસીસ પત્યા પછી સીનીયર ટેકનિશિયને કહેલું કે, 'સાહેબ, મંગળવારે સવારે કવિતાબેનને મુંબઇ જવાનું હોઇ તે બપોર પછી આવવાના છે. તેથી સવારે જગ્યા ખાલી પડશે.તમારે આવવું છે?' ''

''કેટલા વાગ્યે?''

''સવારે સાતથી સાડાવાગ્યે.''

''ભલે હું આવીશ.''

એથી તે આજે સવારે આવેલો.

તેનું ડાયાલિસીસ ચાલુ થઇ ગયું.એકાદ કલાક પછી બાજુની પથારીમાં વ્યોમેશ શાહનું ડાયાલિસીસ ચાલું થાય છે. પ્રોફેસર સુખદેવ અને વ્યોમેશ વાતચીતે ચઢે છે. નાસ્તો પણ મંગાવે છે. તે બંને અને બીજાંઓ પણ નાસ્તો કરે છે. નાસ્તામાં દાળવડાં, મેથીના અને બટાકાના ભજીયાં હતાં.

એ ખાઇ રહે છે ત્યાં જ સમાજસેવા વિભાગના વડા ડૉક્ટર મુનશી નીચા નમીને કોઇ બીજું ન સાંભળે એ રીતે વ્યોમેશભાઇ જોડે વાતો કરે છે.પ્રોફેસર સુખદેવના કાને તૂટક- તૂટક વાક્યો અથડાય છે.પણ તે પૂરેપૂરું સાંભળી શકતો નથી.

ડૉક્ટર મુનશીના ગયા પછી પ્રોફેસર સુખદેવ પૂછે છે, ''વ્યોમેશભાઇ, ડૉક્ટર મુનશી શાની વાત કરતા હતા?'' ''તેઓ લોહી વધવા માટેમાં ઇન્જેક્શન CERRITONE ની વાત કરતા હતા અને કહેતા હતા કે તમે એક

લો તો કંપની સામે એક ફ્રી આપશે.પણ મેં તેમને ના કહી દીધું. છેલ્લા દસ વર્ષથી ડાયાલિસીસ માટે આવું છું.મને કોઇ મુશ્કેલી પડી નથી.અને હિમોગ્લોબીન પણ ૧૦.૪ છે.તેથી ઇન્જેક્શન લેવાનો શો અર્થ?''

''વ્યોમેશભાઇ, ગયા મહિને તો અહીં ડાયાલિસીસ વિભાગના ડૉક્ટર જે લોહી વધવા માટેનું ઇન્જેક્શન નથી લેતાં તેવા દર્દીઓને કહેતા હતા, 'ત્રણ માસ સુધી દવાની કંપની આ લોહી વધવા માટેનું ઇન્જેક્શન દર્દીને મફત આપશે. ''

''જુઓ સાહેબ, આવું ઘણું બધું અહીં ચાલ્યા કરે છે. એકવાર ઇન્જેક્શનથી શરીરમાં લોહી વધવાનું ચાલુ થઇ જાય.અને પછી લોહી વધારવા માટે ફરજીયાત આપણે ઇન્જેક્શન લેવાં પડે. લાંબેગાળે તો કંપનીને ફાયદો જ ને! ''

''તમારી વાત સાચી છે વ્યોમેશભાઇ.''

''અરે સાહેબ, એક વાત તો ડૉક્ટર મુનશીને કહેવાનું હું ભૂલી ગયો. એક ઇન્જેકશનની સામે એક ઇન્જેક્શન ફ્રી આપે તેજ રીતે એક ડાયાલિસીસની સામે એક ડાયાલિસીસ ફ્રી ગણે તો? પણ આ લોકો એવું કરે ખરાં?ના જ કરે !'' એવું કહેતાં વ્યોમેશ શાહ હસી પડે છે.અને ત્યાં રૂમમાં બીજાં દર્દીઓને નર્સ પણ વ્યોમેશ શાહની વાત સાંભળી ખડખડાટ હસી પડે છે.

## અડતાલીસ

## ખંભાતનું હલવાસન

એક દિવસે બપોરે ડાયાલિસીસના સમયે સવારે આવેલો વ્યોમેશ શાહ કે જેનું ડાયાલિસીસ પત્યું ન હતું તેની સાથે પ્રોફેસર સુખદેવ વાતોએ વળગે છે.ભાવનાબેનને લઇને આવેલા પ્રમથેશભાઇ પણ ત્યાં હોય છે.આમ ક્યારેક આ બધાં ભેગાં થાય ત્યારે ડાયાલિસીસનો રૂમ જાણે કે જીવંત હોય એવું લાગતું.આમ તો વ્યોમેશભાઇના ગામનું હલવાસન અને સુતરફેણી બહુ જ પ્રખ્યાત.

''સાહેબ, ઘણીવાર વ્યોમેશભાઇ મને એમના ગામ ખંભાત હલવાસન અને સૂતરફેણી ખાવા બોલાવે છે આપણે જઇશું? '' એમ પ્રમથેશભાઇ કહેતા.

''એના કરતાં તો એક-એક કિલો બંને વસ્તુઓ તે લાવે એના પૈસા આપણે આપી દ ઇશું.અને....''

''અને શું?'' પ્રમથેશભાઇ પૂછતા.

''જુઓ બંને વસ્તુ એક-એક કિલો આપણને આપે એના તો પૈસા આપણે આપવા જ પડે. કેમ ખરું ને?''

''હા પૈસા તો આપવા પડે.''

''કિલો-કિલોનાં પેકેટના પૈસા તો આપણે આપીશું. પણ વ્યોમેશભાઇ પણ આપણા બધાંની માટે બીજાં એક-એક કીલો હલવાસન અને સુતરફેણી ભેટમાં આપશે. બરોબર ને?''

''ના, ભાઇ ના'' એમ કહેતાં વ્યોમેશ હસી પડતો.

જ્યારે જ્યારે પ્રોફેસર, પ્રમથેશભાઇ અને વ્યોમેશ ડાયાલિસીસ વિભાગમાં ભેગા થઇ જતા ત્યારે હલવાસન અને સુતરફેણી યાદ કરતાં અને એ રીતે વાતાવરણ જીવંત બની જતું.

વ્યોમેશભાઇ એકલા આવતા. ક્યારેક તેમનો ભાઇ પણ સાથે આવતો. એક દિવસે વ્યોમેશ, પ્રોફેસર સુખદેવ અને ગૌતમભાઇનું ડાયાલિસીસ લગભગ એક જ સમયે હતું.વાતમાં ને વાતમાં દર્દીઓના નંબર વિશે ચર્ચાઓ થાય છે.ગોતમભાઇ કહે છે, ''સાહેબ, તમારો નંબર તો દસમો આવે છે.બરોબર છે ને?''

અને પછી પહેલા/બીજા નંબરની ગણતરી થાય છે.જેટલાં જેનાં ડાયાલિસીસ વધારે એટલો એનો નંબર આગળ. આમ હસી મજાકનું વાતાવરણ ઊભું થાય છે. પ્રોફેસર વિચારે છે કે દસમા નંબરેથી તેને આગળ જવું નથી.તેને માટે આ જ નંબર સારો છે.દસમા નંબરથી આગળ નવ એમ એને ઉપર ચઢવું નથી.એને ખ્યાલ આવી જાય છે કે જેમ એ ઉ પર નંબર ચઢે તેમ તેમ એ ઉપરના દર્દીની ખાલી જગ્યાએજ આગળ વધતો જાય અને

એ એવું કરવા માંગતો નથી.એ તો એની માફક બીજાં દર્દીઓ પણ લાંબુ આયુષ્ય ભોગવે એવું સતત વિચારતો રહે છે.

મૃત્યુની નજીક ધકેલાતાં માનવીઓ પણ પોતાના સાથી દર્દીઓની સુખાકારી જોવાનો સતત પ્રયત્ન કરતાં હોય છે.અને આ બધાં દર્દીઓ આનંદિત વાતાવરણમાં જીવતાં હોય છે.જો કે દરેક જણ પોતાના દર્દની વાસ્તવિકતા સમજતાં જ હોય છે.અને પોતપોતાની રીતે આ દર્દમાં લાંબુ ટકવાના પ્રયત્નો કરતાં હોય છે અને એકબીજાને સલાહ-સૂચનો આપતાં રહે છે.

## ઓગણપચાસ

## મગન સાથે રીટા

એક મંગળવારે ડાયાલિસીસ પત્યા પછી સુખદેવ રીક્ષામાં પોતાના ઘર તરફ જવા નીકળે છે.રસ્તામાં આવતા બસ સ્ટેન્ડ પાસે રીટા ઊભી હતી. રીટાને જોતાં સુખદેવ રીક્ષાને ઊભી રખાવે છે.રીટા ઊભેલી રીક્ષા અને અંદર બેઠેલા પ્રોફેસર સુખદેવને જોતાં જ રીક્ષામાં બેસી જાય છે.

''સાહેબ ક્યાં સુધી જવાના?''

''હું તો મારે ઘેર જવા નીકળ્યો છું.પણ અહીં રાજગઢની બજારમાં થોડું કામ છે તે પતાવી પાછો વળીશ.''

''મને સ્ટેશને ઊતારી શકશો?''

''જો રીટા, તું રીક્ષામાં બેસી જ ગઇ છું તો પછી મારે તું કહે ત્યાં તને ઊતારવી જ પડે.પણ સ્ટેશન કેમ?''

''જુઓ સાહેબ, આજે મારે રજા હતી.અને બે-ત્રણ દિવસની મેં રજા લીધી છે.થોડું કામ હોવાથી બહાર જઇ રહી છું.''એમ કહી સ્ટેશન આવતાં જ રીટા રીક્ષામાંથી ઊતરી પડે છે.રેલ્વે-સ્ટેશન તરફ તે પગલાં માંડે છે.રીક્ષા ચાલે છે ત્યાં જ ઓચિંતી નજર સ્ટેશન તરફ સુખદેવની જાય છે.અને એની નજરમાં જે દ્રશ્ય જોવાય છે એનાથી તે આશ્ચર્યચકિત થાય છે.ત્યાં ઊભેલી વ્યક્તિમાં સુખદેવ મગનનું સામ્ય જુએ છે.

અને પછી તે હસી પડે છે.રીક્ષામાં ઘેર પહોંચે છે ત્યાં સુધી મગન અને રીટામાં જ તેનું મન લાગેલું હતું.

## પચાસ

## મમતા તરફ મગનનાં પગલાં

મગનને મળે દસેક દિવસનો સમય થઇ ગયો.બે-એક ડાયાલિસીસ તેણે સમય બદલીને રાત્રે આવી કરાવી લીધાં. મગનને ન જોતાં પ્રોફેસર ઘણું-બધું વિચારે છે.અને એક શુક્રવારે બપોરના ડાયાલિસીસ વખતે બંને ભેગા થઇ જાય છે.બાજુબાજુમાં જ પથારી હતી.સુખદેવને તો કશું પૂછવું નહોતું. કોની સાથે તે ગયો છે એ પણ સુખદેવ જાણે છે.મગન ચૂપ છે. ધીરે રહીને સુખદેવ પૂછે છે,

'મગનભાઇ, બહારગામ જઇ આવ્યા કે શું ? હમણાં દેખાતા નહોતા એટલે પૂછવું પડ્યું.'

''જુઓ સાહેબ, તમારી વાત સાચી છે.બે-એક ડાયાલિસીસ મેં રાત્રે કરાવ્યા.અને તે પહેલાં ચારેક દિવસ બહારગામ જઇ આવ્યો.આ ચાર દિવસમાં માનસિક રીતે મેં બહુ જ સાંત્વના પ્રાપ્ત કરી.જો કે અમે....''

''અટકી કેમ ગયા મગનભાઇ?''

''સાહેબ, હું એમ કહેવા માંગતો હતો કે હું તમને લઇ ગયો હોત તો અમે એટલે આપણે બંને ઘણીબધી ચર્ચા કરી શક્યા હોત.''

સુખદેવ જાણ છે કે મગનભાઇ બોલતા તો બોલી ગયા પણ પકડાઇ ના જાય એટલા માટેવાતને ફેરવી

લીધી. સુખદેવ મગનને બહુ જ બુધ્ધિશાળી માને છે.

"મગનભાઇ, મને તો હમણાં પ્રવાસે જવાનું મન થતું નથી.પણ આ દિવસોમાં તમને બહુ યાદ કરતો હતો. અધૂરામાં પુરુ તમારી માહિતી આપનાર અહીં કોઇ ન હતું. હમણાંની તો રીટા સિસ્ટર પણ દેખાતી નથી."

"એનું તો એવું છે કે સાહેબ....." મગન આગળ બોલી શકતો નથી.

"જુઓ મગનભાઇ, વાતમાં મોવણ નાખ્યા સિવાય જે કહેવું હોય તે કહી દો. મને કહેવા જેવી કોઇ વાત તમારા પેટમાં અમરાતી હશે એમ મને લાગે છે."

"જુઓ સાહેબ, હું જે દિશામાં જવા માગતો હતો.એ દિશામાં હું પહોંચી ગયો છું. મને એમાં સંતોષ છે.આ વાતની તમારી સાથે ચર્ચા ના કરાય. તમે આપોઆપ સમજી જશો. " એમ કહી મગન આંખો મીંચી પડી રહે છે અને ત્યાં જ પ્રોફેસર જુએ છે કે મગનભાઇ માટે સરોજબેન ચા લઇને મગનની પથારી પાસે આવીને ઊભાં રહે છે.

સરોજબેન મગનભાઇને ઊઠાડી ચા આપે છે.અને જાણે કે જગજીતી ગયાં હોય એ રીતે ત્રાંસી નજરે પ્રોફેસર સામે જોઇ પાછા વળી જાય છે.ચા પીતાં-પીતાં મગન સુખદેવ સામે તાકી રહે છે.સુખદેવ ચૂપ છે. ધીરે રહીને કંઇક યાદ આવ્યું હોય એ રીતે મગનભાઇને પૂછે છે

"મગનભાઇ, તમને મેં પૈસા આપ્યા હતા તે દસ હજાર રૂપીયાનું વ્યાજ, બીજાં મહિનાનું પાર્ટીને ચૂકવવાનું છે.ફરી ડાયાલિસીસ વખતે આવો ત્યારે વ્યાજના પૈસા લેતા આવજો."

"પ્રોફેસર સાહેબ, તમે તો બહુ ઉતાવળા.મેં જેને પૈસા આપ્યા છે એમને મેં વ્યાજની વાત કરી જ છે.એમને હું વાત કરીશ.અને થોડું મોડુ થાય તો તમે આપી દેજો તમે કંઇ પારકા છો ? "

"મગનભાઇ, તમે કોને પૈસા આપ્યા છે, એ વિશે તો હું કંઇ જાણતો નથી.પણ અનુમાન કરી શકું કે તમે જેને પૈસા આપ્યા છે, એમની પાસેથી પૈસા કઢાવતાં તમારો બીજો જન્મ ન થઇ જાય એટલું જરૂર વિચારી લેજો. "

"સાહેબ, તમારો કહેવાનો મતલબ હું સમજી ન શક્યો."

"જુઓ મગનભાઇ, મે અગાઉ પણ તમને કહ્યું હતું કે તમે વેપારી માણસ છો.નફા-ખોટનું વિચારીને જ ધંધો કરો. કોઇપણ રીતે મૂડી ન જાય તેવું તો તમે વિચારીને જ ધંધો કરો.મારી સલાહ છે કે જેને પૈસા આપ્યા હોય એને સમય સમયે યાદ દેવડાવતાં રહેવું જોઇએ.નફાની લાલચમાં ક્યારેક મૂડી ગુમાવવાનો પણ પ્રસંગ બને જ.જો કે મારી દ્રષ્ટિએ તમે મૂડી નહીં ગુમાવો. છતાંય આતો સલાહ આપવાનું મન થયું એટલે સલાહ આપી."

"સાહેબ, તમારો આભાર.તમે કહો છો તેમ હું નફા નુકસાનનું વિચારીને જ નાણાંની લેવડ-દેવડ કરૂં છું. જો કે ક્યારેક એવું પણ બને કે મૂડીનો નફો ન મળે પણ નફા જેટલું વળતર તો હું મેળવી જ લઉં . છતાંય તમે મારી આંખ ઊઘાડી તે બદલ હું તમારો આભાર માનું છું."

"કોનો આભાર માનો છો મગનભાઇ?" કહેતી નવી શિખાઉ નર્સ મમતા શર્મા આવી પૂછે છે.

મગનભાઇ મમતાને જોતાં જ ખુશ થઇ જાય છે. મગનભાઇ પૂછે છે, "તારાં તો દર્શન હમણાં થતાં નથી. મેં તારી બે-ત્રણ વખત તપાસ કરી હતી.પણ તું હોઉં ત્યારે મળે ને ? "

"મગનભાઇ, આપણે પહેલી વખત મળ્યાં ત્યારે તમે મને જોતાં જ પાણી-પાણી જેવા થઇ ગયા હતા. એટલે જ કશું કહેવા માટે ખોળતા હતા."

"ના એમ નથી. આ તો રીટા સિસ્ટરે એક દિવસે તારી વાત કરી હતી એટલે જ હું તને યાદ કરતો હતો."

"જુઓ મગનભાઇ, કેટલાક સમયથી મારી ટ્રાન્સફર આઇ.સી.યુ. માં થઇ હતી. હવે પાછી મને અહીં મૂકી છે. રીટાબેન સાથે તમારે શી ચર્ચા થઇ હતી?"

" તે તો તને રીટા સીસ્ટર કહેશે."

"ભલે જેવી તમારી મરજી" કહેતી મમતા મગનભાઇનું બી.પી.માપે છે. તે ધાર્યા કરતાં વધારે નીચી નમે છે.બી.પી. મપાય છે. ઘણા વખત પહેલાં બી.પી. માપતી વખતે રીટા સાથે થયેલું તેવું જ મમતા સાથે થાય છે.જાણે કે અજાણે થઇ ગયેલો સ્પર્શ બંનેના મનમાં કેવો વિચાર લાવશે એ તો કોઇ કહી શકે તેમ નથી.

સુખદેવ મગન અને મમતાની વાત સાંભળે છે. મગનનું બી.પી. માપતાં મમતા વધુ સમય લે છે એની

પણ તે નોંધ લે છે.બી.પી. માપતી વખતે મમતા અને મગનભાઈની આંખો ટકરાય  છે એ પણ એ નોંધે છે.તો શું? મગનભાઈ રીટાની માફક મમતા ને પણ......પ્રોફેસર આગળ કશું વિચારી શકતો નથી.

તેને ખ્યાલ આવે છે  કે મગનભાઈની લીલાનો વિસ્તાર વધતો જાય છે.રીટા સિસ્ટર, સરોજબેન અને સિસ્ટર મમતા પણ....મગનભાઈ ને સલાહ આપવી પડશે કે આમાં વધારે ઊંડા ન ઊતરે તો સારું. નહીં તો ક્યારેક પૈસાની સાથે સાથે એમને આબરું ખોવાનો પણ કદાચ વારો આવશે.

## એકાવન

## સરોજબેનમાં થયેલ ફેરફાર

હમણાં હમણાં, કેટલાય દિવસથી જાણે કે હવામાં ઉડતા હોય એમ સરોજબેન આખા ડાયાલિસીસ વોર્ડ માં મોટા ભાગના દર્દીઓની મુલાકાત લેતાં રહે છે. અને પોતાના દીકરાનું 'નીડલીંગ' પતી ગયા પછી મગનભાઈની પથારી પાસે આવીને ખાસો સમય વીતાવે છે. જયારથી પ્રોફેસર સાથે અણબનાવ થયો ત્યારથી અને મગનભાઈ સાથે નજીક આવવાનું થયું ત્યારથી સરોજબેન પ્રોફેસરની સામે ઉપેક્ષા ભરી નજરે જોતાં હોય છે.

મગનની નાની મોટી બધીજ જવાબદારીઓ જાણે કે તેમણે સ્વીકારી હોય તે રીતે મગનભાઈ પાસે વધુ સમય વીતાવે છે. તેમના દીકરાને કોઈ વસ્તુની જરૂર હોય ત્યારે તે પોતાની મમ્મીને બૂમ પાડતો હોય ત્યારે પણ સરોજબેન મગનની પથારી આગળ જ હોય !

સરોજબેનમાં થતો ફેરફાર બીજાં કોઈ જાણે કે ન જાણે પણ પ્રોફેસર તો જાણી જ ગયો છે.     રૂ પિ ય ા દસ હજારની આર્થિક  મદદ મગનભાઈએ કરેલી ને ? નાણાં મળતાં કોઈપણ માણસ હવામાં ઉડવા માંડે ! કેમ કે નાણાં પાછા આપવાના હોય ત્યારે ચિંતા થાય ને ? લીધેલાં નાણાં આમેય સરોજબેન ક્યારે પાછાં આપવાનાં હતા ? જો કે એ ચાલક બાઈમાં એક ગુણ તો હતો જ . બીજાંના કામ કરી આપવાં. જો કે કામના બદલામાં ગમે તે રીતે વળતર મેળવી લેતી હતી. એની કોઈને પણ ક્યારે ખબર ન પડે !

પ્રોફેસરને યાદ આવે છે એક દિવસે મગનભાઈએ સરોજબેનને જોતાં જ કહેલું કે 'સાહેબ, આ બાઈને ગાં...... ભમરો લાગે છે.'

'જો મગનભાઈ, તમારુ નિરીક્ષણ મને સાચુ લાગે છે. પણ મોટે ભાગે હું કોઈના વિશે આવું વિચારતો નથી. પણ તમે જે નિરીક્ષણ કર્યું એ સોએ સો ટકા સાચું છે. તમારી માફક ઘણા બધા દર્દીઓ અને એની સાથે આવનાર પણ આ બાઈ વિશે એવું જ વિચારે છે.'

''સાહેબ, આ તો મને લાગ્યું તે મેં તમને કહ્યું. તેના દીકરાના ડાયાલિસીસના સમયમાં ભાગ્યે જ અડધો કલાક એ બાઈ એના દીકરા પાસે બેસતી હશે અને એ બાઈ અમુકજ જ્ઞાતિના માણસો સાથે વધારે પડતો સંબંધ રાખે છે. ગમે ત્યાંથી ઓળખાણ હોય કે ન હોય છતાં સ્ત્રી-પુરૂષોને લાવી તેના દીકરાનું ડાયાલિસીસ કેવી રીતે થાય છે  એની માહિતી આપી મશીન વિશે પણ કહે છે. સાહેબ, આવી બાઈથી દૂર રહેવું જોઈએ. એમ હું માનું છું. આવા માણસો ક્યારેક આપણને ફસાવી પણ દે ખરાં. એમના વિશે કશુ કહી શકાય નહી.''

'જુઓ મગનભાઈ, મેં તમને અગાઉ કહ્યું હતું કે અહીં આવતી કોઈપણ વ્યકિતમાં મને રસ નથી. હું ખપ પૂરતું જબધાની સાથે સંબંધ રાખું છું. અને તમે જેના વિશે કહો છો એ ચાલાક બાઈને હું સારી રીતે ઓળખું છું. ગમે તેમ દીકરા માટે રોદણાં રડીને પણ તે પૈસા પેદા કરતી રહે છે અને એના દીકરાનું ડાયાલિસીસ થયું રહે છે. એટલે મારે તમને વિનંતી કરવાની કે એનાથી તમે દૂર રહો તો સારું.'

તે વખતે મગન સમજેલો. પણ તેણે  પ્રોફેસરની વાતને કદાચ હસવામાં કાઢી નાખી હશે. જે માણસ આવી ચાલાક બાઈથી દૂર રહેવાનું સ્વીકારતો હોય એ જ એની સાથે નજીકના સંબંધો બાંધી બેસે તો એમાં વાંક કોનો ?

સુખદેવ આગળ કશું વિચારી શકતો નથી. કયારેક તો સાચી પરિસ્થિતિની જાણ મગનભાઇ તેને જાતે જ કરશે. જો કે તે દિવસે બહુ જ મોડું થઇ ગયું હશે.

## બાવન

# રીટાની માગણી

એક શુક્રવારે પ્રોફેસર સુખદેવનું ડાયાલિસીસ બે-એક કલાક મોડુ ચાલુ થયેલું. ડાયાલિસીસ પૂરું થયું તેજ સમયે રીટાનો છૂટવાનો સમય હતો. રીટા સુખદેવને કહે છે, ‘સાહેબ, મારે તમારું થોડું કામ છે આજે મારે ત્યાં આવી શકશો ?’

‘જો રીટા આજે તો હું આવી શકું તેમ નથી. ઘેર જવા માટે હું ઉતાવળો છું. ઘેર મહેમાનો આવી ને બેઠા હશે. જો અહીં કહી શકાય એવું હોય તો તારા કામથી મને વાકેફ કર.’

‘સાહેબ કામ તો અગત્યનું છે પણ એકાદ-બે દિવસ પછી થાય તો પણ વાંધો નથી. એવું કરી શકો, આ રવિવારે તમે મારે ઘેર ન આવી શકો ?’

‘જો રીટા, મારે ખાસ તારા કામ માટે આવવું પડે. એટલે તું મંગળવારે ડાયાલિસીસમાં આવું ત્યારે કહી ન શકે ?’

‘ના સાહેબ, આ કામ અહીં કહી શકાય એવું નથી. રવિવારે તમે આવો તો તમારો આભાર માનીશ.’

‘સારું રવિવારે હું તારે ત્યાં આવીશ.’

‘રવિવારે મારે ત્યાં તમે જમશો તો મને બહુ આનંદ થશે.’

‘જેવી તારી મરજી.’ રવિવારે સવારે તારે ત્યાં હું આવી પહોંચીશ.

પ્રોફેસર સુખદેવ તે દિવસને બદલે રવિવારે આવવાનું કહે છે. તેથી રીટા પોતાના ઘરના સરનામાની એક ચિઠ્ઠી સુખદેવને આપે છે.

અને...

રવિવારે સવારે સુખદેવ રીટાને ત્યાં પહોંચે છે. પોતાના આંગણે આવી મોટી વ્યકિત આવેલી જાણી રીટા આનંદિત થાય છે. પ્રોફેસરને આવકાર આપે છે. પોતાની મમ્મીની સાથે પરિચય કરાવે છે. પ્રોફેસર અને તેની મમ્મીને વાતો કરતાં છોડી તે રસોડામાં પહોંચી જાય છે. આમતો મોટા ભાગની તેણે રસોઇ કરી દીધી હતી. કેટલીક વસ્તુઓ બહારથી લાવીને ફ્રીજમાં પણ મૂકી દીધી હતી. તે પ્રેમથી પ્રોફેસર સુખદેવને જમાડવા માંગતી હતી. આમ તો એનેય ખ્યાલ નથી એણે કેમ પ્રોફેસરને બોલાવ્યા છે ? પણ ઘણા સમયથી તે કેટલીક મુંઝવણમાં હતી. જો કે તેની મુંઝવણનો રસ્તો નીકળી શકે તેમ નહોતો. ઘણીવાર તે વિચારતી કે જે રસ્તે તેણે પગલાં માંડયા છે તે રસ્તે પોતાની ઇચ્છાથી જ તે ચાલેલી. જે રસ્તા ઉપર માણસ પગલાં માંડે છે. એ રસ્તા ઉપરથી પાછા પગલાં પણ તે માણસ જરૂર માંડી શકે, પણ રીટા જે રસ્તે જઇ રહી છે એ રસ્તામાં તે ઉંડેને ઉંડે ઉતરતી જાય છે. બહાર નીકળવાનો કોઇ રસ્તો તેને દેખાતો નથી.

સહજ રીતે પ્રોફેસર સુખદેવને કોઇ કામે ઘેર આવવાનું નિમંત્રણ તે આપી બેસે છે. અને પ્રોફેસર આવી પણ પહોંચે છે. કયા કામની વાત કરે ? તે વિચારી શકતી નથી. ઓચિંતું જ તેને રાજકોટનો રસિકભાઇનો ચેવડો અને ગોપાલ પેંડા યાદ આવે છે. અને એક સુંદર કારણ તેને મળી જાય છે !

બપોરે જમ્યા પછી રીટાનાં મમ્મી આરામ કરવા પહોંચી જાય છે ત્યારે રીટા પ્રોફેસર સુખદેવ સાથે બેઠકરૂમમાં બેસે છે. અને પછી પેંડા અને ચેવડાની વાત કરી, હાર-જીતના પ્રસંગનો ઉલ્લેખ કરે છે.

‘સાહેબ, તે દિવસે હું જીતી ગઇ હતી. હારે તે, જીતે તે વ્યકિત જે કાંઇ માગશે તે આપે એવું નકકી થયેલું. મેં તે વખતે તમારી પાસે કશું માંગ્યુ નહોતું’

‘મને ખબર છે. હું હાર્યો હતો, તું જીતી હતી. તુ જે માંગે તે આપવાનું મેં કહેલું. તો બોલ તારે શું જોઇએ છે ? હું મારા વચનમાંથી ફરી નહીં જાઉં’ તું જે માંગશે તે હું આપીશ.’

'હું માંગુ તે આપશો ને ?'

'જરૂર આપીશ'

'મારે એટલું જ જોઈએ છે કે તમે મને મગનભાઈના ત્રાસમાંથી છોડાવો. સાહેબ, તમે કદાચ નહીં જાણતા હો પણ હું થાકી થઈ છું. તમને કશું કહી શકું તેમ નથી. કદાચ તમે મગનભાઈને પૂછી જુઓ તો ?'

'જો રીટા, કોઈપણ બાબત વિશે હું જાણતો ન હોઉં ત્યારે તે વિશે હું સલાહ આપી શકું નહી. હવે રહી વાત મગનભાઈની , તે પણ મારી માફક ડાયાલિસીસ કરાવતો દર્દી. કેવી રીતે ત્યાંના સ્ટાફને ત્રાસ આપી શકે એ મારી સમજમાં આવતું નથી. હવે તું વિગતે વાત કરે તો જ હું તને સલાહ આપી શકું. તારા અને મગનભાઈ વિશે હું કશુ જાણતો નથી અને મારે મગનભાઈને પણ કેવી રીતે પૂછી શકાય. '

'સાહેબ, તમને સાચી વાત મારાથી કહી શકાય તેમ નથી. મારી વાતનો તમારે જે મર્મ કાઢવો હોય તે તમે કાઢી શકો છો. મારે એટલું જ કહેવાનું કે તમે મગનભાઈને સમજાવી મારે ત્યાં આવતા બંધ કરી દો તો તમારી હું આભારી થઈશ. ' એટલું કહી રીટા નીચું જોઈ જાય છે.

સુખદેવ પણ જાણે કે સમજી ગયો હોય તેમ રીટાને આશ્વાસન આપે છે અને કહે છે, 'જરૂર તારી આ માંગણીનો હું સ્વીકાર કરું છું. તું કહેશે તેમ જ થશે.'

અહીં રીટાની વાતનો પડદો પડી જાય છે. ત્યાર પછી ઘણી બધી ચર્ચાઓ કરે છે. છેવટે સુખદેવ રીટાને ત્યાંથી ઘેર જવા નીકળી જાય છે.

## ત્રેપન

## મમતા સાથે મગન

એક દિવસે ઓચિંતો મગન સુખદેવની ઓફિસે પહોંચે છે. સુખદેવ એને અવકાર આપે છે. તે પહેલાં જ 'સાહેબ, દસેક મિનીટ માટે જ આવ્યો છું.'' ત્યાં સુધી ચા આવી જાય તો સારું. ખાસ તો તમારી ચા પીવા જ આવ્યો છું. તમે જાણો છો ને ? હું ચાનો બહુ શોખીન છું. ' એમ કહી મગન ખુરશીમાં બેસે છે.

'મગનભાઈ, તમે તો ચા અને ચાહ બંનેના શોખીન છો. મારાથી કેમ ભૂલાય ?'

'આ ચાની સાથે વચ્ચે ચાહને કયાં લાવ્યા એ મને સમજાયું નહી.'

'જુઓ મગનભાઈ, ચા એ ગરમ પીણું છે અને ચાહ ઠંડી છે. કેમ કે મનુષ્ય જેને ચાહતો હોય તેની આગળ ક્યારેક તે ઠંડો પણ પડી જતો હોય છે. હવે બોલો ચા પીશો કે ચાહની વાત કરું .'

'સાહેબ આજે તો ચા જ પીશ. મારી ચાહની વાત તો કરવી જ છે. પણ તે આજે નહીં કરું. ફરીથી કયારે એની વાત કરીશ.'

એટલામાં રમેશ ચા લઈને આવે છે. અને ગરમાગરમ ચા ના ઘુંટડા મગન ભરે છે. અને 'ફરી મળીશું' એમ કહેતો ચાલ્યો જાય છે.

સુખદેવને ઓફિસ બંધ કરવાનો સમય થતાં રમેશને કેટલીક સૂચનાઓ આપી તે પણ ચાલ્યો જાય છે. ઘેર જવા માટે એસ. ટી. સ્ટેન્ડે તે પહોંચે છે. ત્રણ નંબરના પ્લેટફોર્મ આગળ તે ઉભો રહે છે. એની નજર ઓચિંતી પાંચ નંબરના પ્લેટફોર્મ ઉપર પડે છે. અને તે ચમકે છે. મગન મમતા સાથે વાત કરી રહયો છે.

તો શું મગન ?....સુખદેવ કશું વિચારતો નથી. પ્લેટફોર્મ પર બસ આવતાં તેમાં બેસી જાય છે.

## ચોપન

## મગનને સલાહ

પછીના શુક્રવારે મગન હસતો હસતો ડાયાલિસીસ વિભાગમાં દાખલ થાય છે. પ્રોફેસર સુખદેવ વહેલો આવે છે. આવીને તે ટેકનિશિયન અશોકભાઇને કહીને પોતાની પથારી બીજી રૂમમાં રહે એવી વ્યવસ્થા કરે છે. એના મનમાં કે મગનથી આજે જુદો પડી ડાયાલિસીસ કરાવે. તેવું જ મગનભાઇએ કરેલું. મગન સુખદેવની સાથે આજે વાત કરવાના મૂડમાં ન હતો. તેથી એણે પણ આ રૂમમાંથી પેલી રૂમમાં જવાનું ઇચ્છેલું. ફોન કરી તેણે એ રીતે પોતાની વ્યવસ્થા કરી લીધેલી. આ બંને જણ એકબીજાથી દૂર જવા માંગે છે પણ બંને જણે કરેલો પ્રયત્ન અંતે તો બીજી એક રૂમમાં બાજુ બાજુની પથારીનો જ થઇ ગયો. એની તો મગન આવ્યો ત્યારે સુખદેવને ખબર પડી !

મગન એ જ રૂમમાં પ્રોફેસરની બાજુમાં જ પોતાની પથારી જોતાં ચમકે છે, પરંતુ કશું બોલતો નથી.

‘મગનભાઇ, આવો. મજામાં તો ખરાને ?’

‘સાહેબ, તમારા રાજમાં મજા જ મજા છે.’

‘એમ કેમ બોલો છો’ ? મને કંઇ ખબરના પડી. તમે શું કહેવા માંગો છો ?

‘સાહેબ, મને એમ લાગે છે કે જે રસ્તે હું જઉં છું એ રસ્તામાં મારા માટે તમે કદાચ કાંટા વેરતા હોય એવું મને લાગે છે’

‘મગનભાઇ, તમે ખોટું માનો છો. મે તો અગાઉ પણ તમને કહેલું છે કે તમે જે રસ્તે જાવ છો તે રસ્તો મને પસંદ નથી.’

‘સાહેબ એ બધી વાત છોડો. તમે મને કહો ! રીટાને ત્યાં ગયેલા કે નહીં ? તેની વાત તમે મને કરી ખરી ? તમે ગયા ત્યારથી જ રીટા મારાથી દૂર ભાગતી હોય એવું મને લાગે છે.’

‘જુઓ મગનભાઇ, હું ક્યાં જઉ છું અને કોને મળું છું તે બધી વાત મારે તમને કહેવાની ના હોય. અને બીજું મેં આ પહેલાં પણ તમને કેટલીક શિખામણ આપેલી છે. પરોક્ષ રીતે મેં ઘણું બધુ તમને કહેલું છે. એકના એક રસ્તે વારંવાર જવુ એ હિતાવહ નથી. એવી એક સામાન્ય વાત તમારા જેવો વેપારી માણસ ન સમજે તો એ વેપારી માણસ માટે જીંદગીની મોટામાં મોટી ભૂલ છે એમ કહી શકું અને રહી રીટાને ત્યાં જવાની વાત. તેણેજ મને બોલાવેલો. તમારી વાત કરવા. તમારાથી છુટકારો મેળવવાનો પ્રયાસ તે કરે છે. અને એમાં હું તેને મદદ પણ કરું એવું પણ તેણે કહેલું. જો કે મેં આ વિશે કશું જ તમને કહ્યું નથી. હું કહેવા પણ માગતો નથી. તમે જાતેજ કદાચ એના ઘરનો રસ્તો ભૂલી જશો. હવે તો રીટાના ઘરનો રસ્તો ખાડા-ટેકરાવાળો થઇ ગયો છે. નગરપાલિકા રીપેર કરાવે ત્યારે જ કદાચ એ રસ્તા ઉપર જઇ શકાય.’

‘સાહેબ, તમે શું કહેવા માંગો છો એ વિશે મને કશો ખ્યાલ આવતો નથી.’

‘મગનભાઇ, તમે સમજુ છો. બધુ વિચારી શકો એમ છો. હમણાં તો તમે બીજા બે રસ્તા પસંદ કર્યા છે. એક તાજા જ બંધાયેલા રોડ પરથી પસાર થવાનું તમને બહુ ગમે છે. અને બીજો રોડ ઘણા સમયથી બનેલો છે. એટલે મગનભાઇ એક કરતાં વધુ રસ્તા ઉપરથી એકી સાથે માણસ ચાલી ન શકે. ’

‘એટલે ?’

‘જુઓ મગનભાઇ, એક જ તીર કામઠાથી ઘણા બધા પક્ષીઓ એકી સાથે પાડવાની જે તમારી ટેવ છે તે કેવી રીતે તમે વિકસાવી શકો છો એનું આશ્ચર્ય મને થાય છે. મગનભાઇ મારી સલાહ છે કે ડાબા હાથ કરેલું કામ જમણા હાથને પણ ખબર ના પડે એ રીતે ખાનગી રાખવું જોઇએ અને એવું જે માણસ કરી શકે તેજ જગતને જીતી શકે.’

‘સાહેબ, તમે કહો છો એની ચોખવટ કરો તો સારું, તો હું તમારી સલાહ પ્રમાણે વર્તી શકું.’

‘મગનભાઇ, હું કોણ સલાહ આપનારો ? સલાહ આપવાનો મેં ઇજારો રાખ્યો નથી. પણ એટલું તો કહીશ કે તમે હમણાંના જે કંઇક રસ્તે ફંટાતા જાવ છો તે રસ્તા ઉપર લાંબા ગાળે તમે કશુંક મેળવશો ખરા. પણ એ મેળવવા પાછળ તમારે કદાચ ઘણું બધુ ગુમાવવું પડશે. ખાસ કરીને મારી સલાહ માનો તો મારી પાસેથી લઇને રૂપિયા દસ હજાર જેને આપ્યા છે એ પૈસા એની પાસેથી કઢાવી લઇને એનાથી દૂર થઇ જાવ, એ તમારા ભલામાં

છે, નહીં તો પછી તમે એ વ્યકિતને કારણે તમારી આબરૂનું લિલામ કરશો અને ત્યારે તમને કોઈ નહી બચાવી શકે '

'તમારી આ વાત તો હું સમજ્યો,પણ રીટાની બાબતમાં શું ? '

'મગનભાઈ, રીટા એ મને કહેલું કે તમે એને ત્યાં જતા બંધ થાવ. જો કે એની વાત વ્યાજબી હતી. તમે અવારનવાર તેને ઘેર જાવ તો એના વિશે સોસાયટીમાં બધાં વાત કરે ને ? એનો ખ્યાલ કદાચ તમને નહીં હોય. તમારે જેની સાથે નજીકનો સંબંધ છે એવાં પાત્રો વિશે પણ વિચારવું રહ્યું. મારી તો સલાહ છે કે તમે આ બધા રસ્તા છોડી દો. '

'પણ મારા રોકેલા પૈસાનું શું ?'

'મગનભાઈ, નફો કરવાને બદલે મૂડી આવી જતી હોય તો લઈ લેવી સારી અને કદાચ મૂડી થોડી તૂટે છતાં પણ જેટલા પાછા આવ્યા આનાથી સંતોષ માની લેવો જોઈએ ?'

'સાહેબ હું તમને વચન આપું છું કે ધીરે ધીરે હું આ બધા રસ્તાઓ છોડી દઈશ.'

'મગનભાઈ તમે શું છોડો કે શું ના છોડો એનું મહત્વ મને નથી. તમને મેં મિત્ર ગણ્યા છે અને તેથી જ કોઈની સાથે ફસાઈ ન જાવ એટલા માટે જ હું વખતો વખત તમને શિખામણ આપતો રહું છું. તમે તો કદાચ જાણતા નહીં હો કે હું તમારે વિશે કેટલું જાણું છું.'

'મારા વિશે શું જાણો છો ?'

'મગનભાઈ એ તો તમારે જ સમજી લેવાનું હોય. તમે પહેલાં રીટાને અને પછી સરોજબેન અને છેલ્લે મમતાને પણ તમારા રસ્તે લઈ જવાનો પ્રયત્ન કર્યો છે. કોઈ કહે કે ના કહે છતાંય આ ત્રણેય વ્યકિત તમારા ચીંધેલા માર્ગે ગઈ છે. તમારે જે પ્રાપ્ત કરવાનું હતું તે તમને મળ્યું છે. આ ત્રણેય વ્યકિતને તમે નાણાંથી ખરીદેલ છે. રીટા અને મમતા પાછળ કરેલો ખર્ચ તો ઉગી નીકળશે કેમ કે એ લોકો પ્રામાણિક છે. એ લોકોએ તમારી માંગણી સ્વીકારી. એના બદલામાં ફકત યોગ્ય જ વળતર મેળવ્યું હશે. પણ સરોજબેને તમને દસ હજારમાં જ નહીં. એના કરતા વધુ પૈસામાં નવડાવ્યા હશે. એમ હું માની લઈ છું, એથી મગનભાઈ જાગ્યા ત્યારથી સવાર માની જેમ બને તેમ આ બધાંમાંથી બહાર નીકળી જાવ તો સારું.'

સુખદેવ મગનને શિખામણ આપે છે. અને ત્યાં જ સરોજબેન મગનને માટે ચા લઈને આવે છે. સરોજબેન મગનના હાથમાં ચા આપે છે અને મગનના ઓશિકા પાસે ખારીશિંગનું પડીકું ધીરેથી મૂકી દે છે.

## પંચાવન

## નિષ્ફળ નિવડેલાં અંગ કાર્યરત ન થઈ શકે

'જુઓ સાહેબ, અત્યાર સુધી જુદા જુદા સમયે મને મુંઝવતા ઘણા બધા પ્રશ્નો મેં તમને કર્યા.' મારા પૂછેલા પ્રશ્નોના જવાબ સંતોષકારક રીતે તમારા તરફથી મને મળ્યા. તમારી સાથેના લાંબા સહવાસથી મને ઘણું બધુ જાણવાનું મળ્યું. મને કેટલાય સમયથી એક પ્રશ્ન મૂંઝવી રહ્યો છે. તમને કહું-કહું ને કહી શકતો નથી.

'મગનભાઈ, મેં અગાઉ પણ તમને કહેલું કે મનની મૂંઝવણ સામી વ્યકિતને કહેતાં યોગ્ય રસ્તો મળી રહે છે. તમારી વાત મને કરશો તો હું જેટલું જાણતો હોઈશ તેટલાની માહિતી તમને આપીશ.'

'મારે એ જાણવું છે કે કિડનીના દર્દમાંથી ક્યારે છૂટકારો મેળવી શકાય. ? ભારતભરમાં ઘણી બધી જગ્યાએ કિડનીના દર્દની સારવાર કરતા માણસો છે. દૈનિક પેપરોમાં પણ એમના સમાચાર આવે છે. ક્યારેક કેટલાક દર્દીઓ પણ આ વિશે વાત કરે છે. તો શું તેમની પાસેથી સારવાર લઈ શકાય ?'

'મગનભાઈ, તમે જે વાત કરો છો તેના વિશે થોડીક જાણકારી મારી પાસે છે. મેં પણ આ વિશે ઘણું બધું સાંભળ્યુ છે . ગુજરાત અને ગુજરાત બહાર બીજા રાજ્યમાં કિડનીનું દર્દ મટાડવાની ઘણા બધા ખાતરી આપે છે. લોકો પણ આ દર્દથી અસહ્ય યાતના ભોગવતા દર્દીઓને સારવાર માટે પણ લઈ જાય છે. કેટલાક દર્દીઓ આ લોકોની દવાથી પોતાને રાહત છે એવું પણ કહે છે. પરંતુ એ વાતને હું સાચી માનતો નથી.'

'તમે કેમ સાચી માનતા નથી ?'

'મગનભાઇ, એક દાખલો તમને આપું. મારી કિડની નિષ્ફળ ગઇ છે એવું નિદાન થતાં મને પણ મારા કુટુંબીજનો એકાદ-બે જગ્યાએ ગુજરાતમાં જ મને લઇ ગયેલા. એક તાલુકાના સ્થળે એક બ્રાહ્મણ દ્વારા કિડનીના દર્દની સારવાર કરતા દર્દ મટી જાય તેવી વાત સાંભળી અમે ત્યાં ગયેલા. તેમણે અમને કહેલું કે, 'મેં ઘણા બધા કીડનીના દર્દીઓનું દર્દ ઓછું થાય તેવા પ્રયત્નો કર્યા છે. જુઓને ગુજરાતના એક જાણીતા સંત પણ કિડની નિષ્ફળ જવાથી અસહ્ય યાતના ભોગવે છે. હું તેમની દવા કરવા કાયમ તેમની પાસે મંદિરમાં પહોંચી જાઉં છું.'

ગુજરાતના જાણીતા સંતની વાત સાંભળતાં મને લાગેલું કે જો સંત પુરૂષ આની સેવા લેતા હોય તો જરૂર આ માણસ સાચું કહેતો હશે. તેથી એની પાસેથી એક અઠવાડિયાની દવા લીધેલી. પૈસા તો તે લેતા નહોતા. ત્યાં મૂકેલી એમની થાળીમાં તમે જેટલા ઇચ્છો તેટલા પૈસા મૂકી શકો. આમ પરોક્ષ રીતે તેઓ નાણાંની પ્રાપ્તિ કરી લેતા. મને તે માણસની વાત પર વિશ્વાસ બેઠો. બીજા અઠવાડિયે દવા લેવા આવીશ એવું કહી હું બહાર નીકળી ગયો.

આ વાતને ત્રણેક દિવસ વીતી ગયા. ઓચિંતું જ સંત પુરૂષના નજીકના સ્વામીનો મંદિરમાં ભેટો થઇ ગયો. હું સંતપુરૂષના દર્શન કરવા ગયેલો. વાતચીતમાં સંતપુરૂષના રોગની ચર્ચા નીકળી અને પેલા સંતની દવા કરવા આવતા બ્રાહ્મણની વાત નીકળી. તો જાણવા મળ્યું કે, 'પેલા બ્રાહ્મણ સંતની કોઇ દવા કરતો ન હતો. સંતના દર્શને જ આવતો હતો. પણ તે સાચો હતો. તે સંતની દવા કરવા નહિ પણ સંતના દર્શન કરવા આવતો પણ લોકોને જુઠું જ કહેતો. લોકો ભોળવાઇ જતા.'

આ વાત જાણ્યા પછી હું એ બ્રાહ્મણને ત્યાં દવા માટે ગયો જ નથી.

'તો સાહેબ, મેં બીજુ સાંભળ્યુ છે કે ગુજરાતમાં બીજા એક સન્યાસી પણ આ પ્રકારની દવા આપે છે. તેમાં સાચું શું'?

'મગનભાઇ, એ સન્યાસીની દવા મેં પણ લીધી. મારા એક નજીકના સંબંધીના સંપર્કથી કિડની નિષ્ફળ નીવડેલી એવા સંતપુરૂષને ત્યાં પણ પેલો સન્યાસી દવા પહોંચાડતો રહ્યો. મારા બધા રિપોર્ટ જોતાં એ સન્યાસીએ મને છ માસમાં જ ક્રિયેટીન ઓછુ કરી દેવાની બાંહેધરી આપેલી. પરંતુ મેં દોઢેક વર્ષ સુધી તેની પણ દવા ખાધી. કશો પણ ફેર પડયો નહી.'

'એનો મતલબ એ કે આ બધા લે-ભાગુ દવા આપનાર માણસો કહેવાય. એમ જ ને ?'

'મગનભાઇ એવું નથી. એ લોકો લે-ભાગુ નથી. પરંતુ જેનું ક્રીએટીન ૧.૫ જેટલું થઇ ગયું હોય અને એ વ્યકિત આવી વ્યકિતની દવા કદાચ કરાવે તો ફેર પડે ખરો. પેલા જે સન્યાસીની મેં વાત કરેલી એ સન્યાસી જે ગામમાં આશ્રમ બાંધીને રહે છે, તે ગામના એક ખેડૂતના દીકરાને શરૂઆતની કિડનીની બિમારી હતી અને આ સન્યાસીની દવાથી સારું થયેલું. એટલે એ છોકરાના બાપે સન્યાસીને પોતાનું એક નાનું ખેતર આશ્રમ બાંધવા આપેલુ અને ત્યારપછી એ સન્યાસી આશ્રમમાં રહી કિડનીના દર્દની દવાઓ આપતા થઇ ગયેલા. પણ મોટાભાગે આ દવાઓ કારગત નીવડતી નહોતી.'

'તો શું સાહેબ, આપણે આખી જીંદગી આજ રીતે ડાયાલિસીસ પર રહેવાનું ?'

'તમે કિડની પ્રત્યારોપણ કરાવો તો આમાંથી મૂક્ત થઇ શકો. નહીં તો જયાં સુધી જીવો ત્યાં સુધી ફરજીઆત ડાયાલિસીસ કરાવવું પડે. મગનભાઇ, હું માનું છું કે દુનિયાના કોઇ ડૉકટર પાસે એવું કોઇ સંશોધન નથી કે જે ડૉકટર કોઇ પણ દર્દીની નિષ્ફળ નીવડેલી કિડની કાર્યરત કરી શકે. એટલે મગનભાઇ જીવવું હોય તો શાંતિથી ડાયાલિસીસ કરાવતા રહેવું જોઇએ.'

'પણ સાહેબ, હમણાં પેપરમાં એક મોટી જાહેરાત આવેલી કે ગુજરાત બહારના કોઇ રાજ્યમાં એક વ્યકિત વગર શસ્ત્રક્રિયા કર્યા સિવાય શરીરમાં પ્રવેશેલા કોઇપણ રોગને મીટાવી શકવાની શકિત ધરાવે છે. તો તે સાચું ?'

'મગનભાઇ, સાચા કે ખોટા નો કોઇ પ્રશ્ન નથી.. મનુષ્યની પોતાની કેટલીક માન્યતા હોય છે. કેટલાક ભોટ માણસો અસહ્ય દર્દથી પીડાતા હોવાથી દર્દમાંથી મુક્તિ પામવા માટે સહેલો રસ્તો અજમાવતા હોય છે. એટલે એ લોકો સ્વાભાવિક રીતે જ આ પ્રકારની દવા આપનારા માણસો પાસે પહોંચી જાય છે. જો કે હું તેમાં તેમનો વાંક જોતો નથી. દર્દની અસહ્ય યાતના અને આર્થિક મુશ્કેલી, આમાંથી મૂકત થવા કોઇ પણ દર્દી વિચારે

તો તે ખોટું નથી. પણ જો કે માણસે કોઇની ઉપર આંધળો વિશ્વાસ મૂકવો જોઇએ નહિ. કુદરતે કરેલી શરીરની રચનામાં શકય હોય તો ક્યારેય કોઇ ફેરફાર કરી શકતું નથી.'

'મેં તો એવું સાંભળ્યું છે કે ગુજરાતમાંથી ઘણીબધી લકઝરી બસોમાં બીજા રાજ્યમાં, જાહેરાતો વાંચીને માણસો પહોંચી ગયા.'

'જુઓ મગનભાઇ, મે પણ આ સાંભળ્યું છે. પણ હું તો અટલું જ કહીશ કે કોઇપણ વ્યકિત કુદરત દ્વારા નિષ્ફળ નીવડેલા અંગને ફરીથી કાર્યરત કરી શકતો નથી. તેમાંય ખાસ કરીને નિષ્ફળ નીવડેલી કિડનીને ફરીથી કાર્યરત ન કરી શકે.'

'એનો મતલબ એ કે આ બધી જાહેરાતો ખોટી જ છે ને ?'

'મગનભાઇ, આપણે બીજા કોઇની ચર્ચામાં નહીં પડીએ. જયાં જ્યાં લોભિયા હોય ત્યાં ત્યાં ધૂતારાઓ ભૂખે નથી મરતા. આવી જાહેરાતના અનુસંધાનમાં લોકો સાચી વાત સમજે છે છતાંય ત્યાં પહોંચી જાય છે અને અંતે પસ્તાય છે. છેલ્લે ફરી હું તમને કહું કે, સાંભળેલી અને ક્યારે જોયેલી વાત કરી એ વ્યકિત દ્વારા દર્દનો ઇલાજ કરતી સીડી - કેસેટ મેં પણ જોઇ છે. ઘડી ભરતો સાચું જ લાગે. બીજો કોઇ જે કાંઇ માને એમાં મને વાંધો નથી. પણ મગનભાઇ હું એટલું જ તમને કહીશ કે નિષ્ફળ નીવડેલી કિડનીને કોઇપણ કાર્યરત કરી શકે તેમ નથી. એટલે જે અવસ્થા ભોગવવાની છે ભોગવેજ છૂટકો.'

'સાહેબ, તમે મને આ બધું ના કહ્યું હોય તો હું આવતી કાલે જ પેલા માણસ પાસે પહોંચી જવાનો હતો ! હવે કદાચ હું એમ નહી કરું.' આમ કહેતાં મગન ગંભીર બની જાય છે.

પ્રોફેસર સુખદેવ મગનના મોં પર માનસિક વ્યથાઓની અને આ દર્દમાંથી ન છૂટવાની લેવાયેલી નોંધ જોઇ રહે છે.

પ્રોફેસરને યાદ આવે છે , એક ડાયાલિસીસ પત્યા પછી રીક્ષા મોડી આવવાથી સમય પસાર કરવા બેઠા હતા ત્યારે મગનભાઇ સાથે ઉપર મુજબની ચર્ચા થઇ હતી.

## છપ્પન

# રડાય એટલું રડી લેજે...

એને યાદ આવે છે તે દિવસ, જયારે તેણે વધુ પડતા પાણી પી જવાથી તરફડિયાં મારતા દર્દીને જોયો હતો.

વાત એમ બની હતી કે તેના નીડલીંગ થયા પછી કોઇ પુસ્તક ન લાવ્યો હોવાને કારણે તે ઉંઘતો હતો. ઓચિંતો રૂમમાં શોરબકોર થવા લાગ્યો. કોઇ માણસની ચીસો તેણે સાંભળી. ઉંચા અવાજે વાત કરતા બે-ત્રણ પુરૂષોને પણ તેણે સાંભળ્યા. તેની ઉંઘ ઉડી ગઇ. જોયું તો બાજુના ખાટલામાં એક દર્દીને લાવવામાં આવ્યો છે. ગાગર જેટલું તેનું પેટ છે. બૂમાબૂમ કરે છે. તેના સગા સંબંધીઓ તેની સાથે હતા. તે આશ્વાસન પણ આપે છે. પાણી વગર જેમ માછલી તરફડિયાં મારે તેવાં તરફડિયાં તે મારતો હતો. પેટની પીડા સહન કરી શક્તો નહોતો. ટેક્નિશિયન તેના હાથે નીડલીંગ કરે છે. પેલો દર્દી પથારીમાં આઘોપાછો થાય છે. ટેકનિશિયન તે હાલે નહીં એટલા માટે તેની પત્નીને હાથ પકડી રાખવાનું કહે છે. પણ એની બૂમો તો ચાલુ જ હતી.

અસહ્ય દુઃખ અને પીડા સહન ન થવાથી તે બૂમો પાડતો હતો. એટલામાં ડૉકટર આવે છે. તે ધીરે રહીને કહે છે, 'મેં જે કહ્યું તે પ્રમાણે કરો. મેં તમારા લાભની વાત કરી છે' એમ કહી ટેકનિશિયનને કેટલીક સૂચનાઓ આપી ડૉકટર ચાલ્યો જાય છે.

પ્રોફેસર સુખદેવને આ દર્દીમાં રસ પડે છે. તપાસ કરતાં ખબર પડે છે કે છેલ્લા ચાર મહિનાથી તેની બંને કિડની નિષ્ફળ ગઇ છે. પરંતુ નાણાંના અભાવે, જયારે નાણાં ભેગાં થાય ત્યારે પંદર દિવસ કે મહિને ડાયાલિસીસ કરાવવા તે આવતો.

પ્રોફેસર સુખદેવ ધીરેથી, 'આ ડૉકટર હમણાં કહી ગયા તે વાત શી છે કે તે તમારા લાભમાં છે ?'

દર્દીની પત્ની કહે છે કે, 'આ મૂવો ડૉક્ટર કેટલાય દિવસથી પાછળ પડ્યો છે અને કહે છે 'અઠવાડિયામાં ત્રણ વખત આવો એ અમારા લાભમાં છે '

'જુઓ બેન, આમ તો, નિયમિત ડાયાલિસીસ કરાવો તે તમારા પતિ માટે સારું છે.'

'પણ બાપલા, પૈસા ક્યાંથી લાવીએ ? જયારે પૈસા ભેગા થાય ત્યારે એમને લઇ આવીએ છીએ. પૈસાની વાત ડૉક્ટરને કરીએ છીએ ત્યારે 'અમે ન જાણીએ, તમારે પૈસાની વ્યવસ્થા કરવી જ જોઇએ' અમે કહી ચાલ્યા જાય છે. હવે તમે જ કહો, પૈસા ના હોય તો કેવી રીતે આવી શકીએ ?'

'તમારી વાત સાચી છે, પણ આ ડૉક્ટરો સમજે ત્યારે ને ! તેમને તો દર્દી વધારે વખત આવે એમાં જ રસ છે. ડૉક્ટરોમાં માનવતા જેવું કંઇ જ નથી.'

'જુઓને આજે એક મહિને એને લઇને આવ્યા. કેટલા બધા તે પીડાય છે. ? એમનું દુઃખ જોયું જતું નથી.' એમ કહી એ સ્ત્રી ખુરશીમાં બેસી ગઇ.

અને પ્રોફેસર સુખદેવ વોર્ડબોય ચા લાવ્યો હોવાથી ચાના ઘુંટડા ભરે છે.

એકાએક તેને ડૂસકું સંભળાય છે. કદાચ આ દર્દીની પત્નીનું હશે તેમ માની લે છે. અને બીજી ક્ષણે દર્દી તરફ ફરેલી અને રડતી દર્દીની પત્નીને તે જુએ છે. ત્યાં તો એક ધીરો પણ મકકમ અવાજ સંભળાય છે. પેલો દર્દી એની પત્નીને કહે છે, 'રડવાનું થાય ત્યારે જેટલું રડાય એટલું રડી લેજે, પણ અત્યારે શું કામ રડે છે ?'

દર્દીની વાત સાચી હતી. દર્દી જ્યાં સુધી જીવતો હોય ત્યાં સુધી એના સગાં સબંધીઓએ આશ્વાસન આપવાનું હોય. દર્દીની હાજરીમાં રડીને એને ચિંતા કરાવવાની ન હોય.

સાજો કે માંદો કોઇપણ માણસ મૃત્યુ પામે ત્યારે એની સાથે નજીકનો જેનો સંબંધ હોય એ વ્યકિતઓ સંબંધ પ્રમાણે રડતી હોય છે.

ચાનો ઘૂંટડો ભરતાં પ્રોફેસર સુખદેવને ચા કડવી લાગે છે. પ્યાલામાં રહેલી ચા વોર્ડબોય ને બોલાવી ઢોળી દેવાનું કહે છે. આખરેતો એ પણ કિડનીનો દર્દી હતો ને ? પેલા દર્દીએ એની પત્નીને કહેલું એ વાક્ય એ પણ પોતાની પત્ની તે કહી શકેને ? એને બાજુની પથારીમાં સૂતેલા દર્દીને આશ્વાસન આપવાનું મન થાય છે.

ધીરેથી તે ચશ્મા ઉતારે છે. હાથરૂમાલ વડે આંખના ખૂણામાં બાઝી ગયેલાં આંસુને લૂછવાનો પ્રયત્ન કરે છે. જાણે કે બાજુના દર્દીમાં એને ઘણાબધાં કિડનીના દર્દીઓની માનસિક પીડાઓ દેખાય છે. અને તે પડખું ફેરવી જાય છે.

## સત્તાવન

# દર્દી જનુભાઇ

અઠ્ઠાવન એક વર્ષની ઉંમરે પહોંચેલા જનુભાઇ પૈસે ટકે તો સુખી હતા. પૈસો ક્યાં મૂકવો એ પ્રશ્ન તેમને માટેહતો. બે-બે પેઢીઓ ચાલતી, આવક તો ઘણી બધી હતી. પત્ની અને સંતાનોથી પૂરેપૂરા સુખી. પણ એક દિવસ તેઓ થાક અનુભવે છે, તેમના પગે સોજા આવી જાય છે. મોં ફૂલી જાય છે, ખોરાક બરાબર લેવાતો નથી. પરિણામે લોહી અને પેશાબની તપાસ કરાવે છે. ડૉક્ટર સલાહ આપે છે કે તેમની બંને કિડનીમાં બગાડ થયેલો છે. જેથી એ ધીરેધીરે કામ કરતી બંધ થઇ જશે. ડૉક્ટરની સલાહને કારણે યુરોલોજીકલ હોસ્પિટલમાં દાખલ થાય છે. અને એક દિવસમાં ડાયાલિસીસ ચાલુ થાય છે. આમને આમ ત્રણેક માસ સુધી ડાયાલિસીસ ચાલુ રહે છે. જનુભાઇ માનસિક રીતે ભાંગી પડે છે.

પ્રોફેસર સુખદેવની દીકરીની બાજુમાં જનુભાઇનો બંગલો હતો. જનુભાઇના પત્ની કુમુદબેનના સગા પ્રોફેસર સુખદેવના ગામમાં હોવાથી તેઓ સુખદેવને ઓળખે છે. અને એક દિવસે સુખદેવ આવીને જનુભાઇને સલાહ આપે એવું પણ ઇચ્છે છે.

મોટાભાગે બંગલાના એ.સી. રૂમમાં જનુભાઇ સૂતા રહેતા. બંગલાની આગળના ભાગમાં ખુલ્લુ મેદાન પણ ખરું. વૃક્ષોનો છાયો પણ ખરો. પોચા દિલના હોવાથી ડાયાલિસીસનો માનસિક ત્રાસ વેઠી શકતા નહોતા.

તેથી આમાંથી છુટવાનો વિચાર કરે છે.

જનુભાઈની મુલાકાતે ગયેલ પ્રોફેસર સુખદેવ દર્દી તરીકે ભોગવેલા દિવસોની વાત કરે છે. પોતાની વ્યથાની પણ જનુભાઈનુે જાણ કરે છે. અને આ દર્દમાં પોતાની જાતે જ દર્દમાંથી છુટકારો મેળવવાનું કહે છે. બીજી કોઈ વ્યકિત હૂંફ આપશે પણ દર્દ લઈ શકશે નહી. પીડા તો દર્દી એજ ભોગવવાની રહેશે. કેટલીક બીજી પણ સલાહ આપે છે. જનુભાઈને આ અસર કરી જાય છે. બે-એક માસમાં તો તે હરતા ફરતા થઈ જતા હોય એવું અનુભવે છે. જો કે હવે માનસિક રીતે જનુભાઈ સ્વસ્થ થયા હોવા છતાં ડાયાલિસીસની પીડામાંથી છુટવા માટે કિડની પ્રત્યારોપણ કરાવવાનો વિચાર કરે છે. અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસ કરાવવું પડે એ માનસિક ત્રાસમાંથી છુટવા માટે પ્રત્યારોપણ માટે તૈયાર થાય છે. લોહીના સંબંધે બંધાયેલી કોઈ વ્યકિત તેમની કિડની આપે તો તે લેવા તૈયાર હતા. તેમની પત્નીનો ભાઈ જે આજીવન કુંવારો છે, તેની આગળપાછળ કોઈ નથી. મોટા ભાગે બનેવીને ત્યાંજ રહેતો. તે સ્વેચ્છાએ પોતાની એક કિડની આપવા તૈયાર થાય છે. પણ જનુભાઈના પત્ની કુમુદબેન પોતાનો ભાઈ કિડની આપે, તે લેવા તૈયાર નથી. અને તે જનુભાઈ કિડની પ્રત્યારોપણ કરાવે તે પણ ઈચ્છતા નથી. છતાંય જનુભાઈ કિડની પ્રત્યારોપણ માટે એક દિવસે ડાયાલિસીસ પત્યા પછી હોસ્પિટલના મુખ્ય ડૉકટરની સલાહ લે છે. તેમના બધા રીપોર્ટની ફાઈલ જોતાં ડૉકટર સલાહ આપે છે કે ''તેમનું શરીર કિડની પ્રત્યારોપણ સહન કરી શકે તેમ નથી'' ડૉકટરની સલાહ માની જનુભાઈ અને તેમનાં સગાસંબંધીઓ ડાયાલિસીસ જ છેલ્લો રસ્તો છે એવું નકકી કરી દે છે. આમને આમ થોડા દિવસ વીતી જાય છે.

પણ એક દિવસે એક મૃત વ્યકિતની બંને કિડની એમના સગાસંબંધી આપવા તૈયાર થયાં છે, એવો ફોન હોસ્પિટલમાં આવે છે. અડધા એક કલાકની વાતચીત પછી ડૉકટર પેલી 'ડેડ બોડી' લેવા માટે માણસ મોકલે છે. લગભગ બાર વાગ્યે જનુભાઈને આની જાણ થાય છે. તેઓ ઓપરેશન માટે તૈયાર થાય છે. જનુભાઈ તો કિડની બદલાવવા માટે થનગની રહ્યા હતા. તેમને આજ ગમતુ હતું. ચારેક કલાક બાદ મૃત વ્યકિતની બોડી લાવવામાં આવે છે. સામાન્ય રીતે મૃત વ્યકિતની કિડની જેમ બને તેમ વહેલી તકે આપવામાં આવે તો જ લાંબો સમય ટકી હકે. છેવટે જનુભાઈ અને બીજી એક વ્યકિતને કિડની પ્રત્યારોપણ કરવામાં આવે છે. ''કાગનું બેસવું અને ડાળનું ભાગવુ'' એ અનુસાર પ્રત્યારોપણ કરેલી આ બંને કીડીનીઓ ફેઈલ જાય છે.

જનુભાઈ એક અઠવાડિયા સુધી I.C.U. માં હોય છે. પણ ત્યાં તેમને ગમતું નથી. તેથી દવાખાનાની સ્પેશિયલ રૂમમાં પોતાને ટ્રાન્સફર કરે તેવી વિનંતી કરે છે. છે. પ્રત્યારોપણ કરેલો દર્દી I.C.U. માંથી સ્ટ્રેચર દ્વારા બીજે ખસેડાય ત્યારે બહારના વાતાવરણને કારણે તેના શરીરને અસર થાય એ સ્વાભાવિક છે. જનુભાઈ દસેક કલાક સ્પેશ્યિલ રૂમમાં રહે છે. ધીરેધીરે તેમનું બોલવાનું બંધ થાય છે. એક તબકકે તો તે કોઈને ઓળખી ન શકે તેવી પરિસ્થિતિમાં મૂકાઈ જાય છે. લગભગ વહેલી સવારે સાડાચાર વાગ્યે જનુભાઈ આ લોક ત્યાગી પર લોકમાં પહોંચી જાય છે.

જનુભાઈ કિડની પ્રત્યારોપણ કરાવે તો તેમનું શરીર નહી સ્વીકારે એવું કહેનાર ડૉકટરો જ થોકાક જ દિવસોમાં એ વ્યકિતને પ્રત્યારોપણ કરાવવા સમજાવી લે છે. ડૉકટરો જાણતા હોય છે કે એમનું શરીર કિડની સ્વીકારવાનું નથી. જનુભાઈ તો એમના સગાં વહાલાને નિરાધાર છોડી ગયા. તે તો પૈસાદાર હતા. મોટે ભાગે પ્રત્યારોપણ પહેલા જ દર્દીના ઓપરેશનના પૈસા ભરાવી દેવામાં આવે છે. જનુભાઈના કેસમાં ડૉકટરોએ આમ કેમ કર્યુ હશે તે પ્રશ્ન તો પ્રત્યારોપણની વાત આવે ત્યારે કિડનીના દર્દીઓ આપસમાં ચર્ચા કરતાં રહે છે.

## અઠ્ઠાવન

## વસવસો

પ્રોફેસર સુખદેવને આજેય યાદ આવે છે કે એ જયારે જનરલ વોર્ડમાં હતો ત્યારે એ જ વોર્ડમાં પ્રોફેસર દલવાડીના પિતા પણ કિડનીની સારવાર અર્થે દાખલ થયેલા. પાસંઠ વર્ષ જેટલી ઉંમરે પહોંચેલા આ દર્દની વાત સાંભળતા જ માનસિક રીતે ભાગી પડેલા અને આ દર્દની ચિંતામાં જ ખાઈ પણ શકતા નહોતા. ડૉકટરોની સલાહ

હતી કે મોટે ભાગે મોટી ઉંમરે પહોંચેલી વ્યકિતનું કિડની પ્રત્યારોપણ થાય તો પણ તે લાંબો સમય ટકી શકતા નથી. તેથી મોટી ઉંમરની વ્યક્તિઓએ છેલ્લા ઉપાય તરીકે, જીવનના છેલ્લા શ્વાસ સુધી ડાયાલિસીસ પધ્ધતિનો ઉપયોગ કરવો જોઇએ.

પ્રોફેસર દલવાડી સાથે પણ પ્રોફેસર સુખદેવને વાતો થતી. દલવાડીના પિતાને કિડની બદલાવવાનો વિચાર આવતો. પ્રોફેસર દલવાડી એ વાત જાણતો હતો કે એના પિતા માનસિક રીતે ભાંગી પડ્યા છે. ખાવા-પીવાનું બહુ ઓછુ કરી દીધું છે. કિડનીનો દર્દી પ્રવાહી ઓછું લે તો ચાલે પણ ખોરાક તો ક્યારેય ઓછો ન કરવો જોઇએ. પીધેલા પ્રવાહીથી વજન વધે પણ ગમે તેટલો ખોરાક લો તેનાથી વજન વધતું નથી. શરીર લીધેલા ખોરાકના બધા તત્વો સ્વીકારી લેતું હોય છે. તેથી વજન વધવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી.

પ્રોફેસર દલવાડીના માતાએ તેમના પતિને કિડની આપવાની તૈયારી બતાવી. થોડા વર્ષો પહેલાં તેમણે એક નાનું ઓપરેશન દક્ષિણ ગુજરાતના એક મોટા શહેરમાં કરાવેલું. એ વાતને તો ઘણો સમય વીતી ગયો. ઓપરેશન પછી તો એ સ્વસ્થ પણ બની ગયેલા.

પોતાન પતિને પોતાની કિડની આપવાનું તે નકકી કરે છે. કિડનીદાતા તરીકે મેડિકલ તપાસ કરાવે છે. મેડિકલ રીપોર્ટના આધારે તેઓ જાણે છે કે તેઓ એક જ કિડનીથી જીવે છે. તેમની બીજી કિડની શરીરમાંથી કાઢી લેવામાં આવી છે. દલવાડીના માતા મહામહેનતે પોતાના પતિને જીવતદાન આપવા માટે તૈયાર થાય છે. ત્યારેજ તેમને ખબર પડે છે કે તેમના શરીરમાં તો એક જ કિડની છે. વર્ષો પહેલાં ઓપરેશન વખતે પેલા ડૉકટરે કિડની કાઢી લીધી હશે. અને એ કિડનીથી કોઇને જીવતદાન પણ મળ્યું હશે ! પણ આજે ? પોતાની એક ડિકની પોતાના પતિને ન આપી શકવાનો વસવસો તેમને થાય છે. માનવતાનું કામ કરનાર ડૉકટરો નાના ઓપરેશન વખતે માનવતા નેવે મૂકીને દર્દીઓના કેટલાંક અંગો કાઢી લેતા હશે,
તેનો ખ્યાલ દર્દીને કેવી રીતે આવે ! જયારે સમય આવે અને દર્દીના શરીરની તપાસ કરાવવામાં આવે ત્યારે જ આવી વાતો જાણવામાં આવે છે. જો કે દલવાલાડીના મમ્મીને ચિંતા કરવાનું ન રહ્યું ! કેમ કે માનસિક રીતે થાકી ગયેલા દલવાડીના પિતાના શરીરમાં બીજા પણ અનેક રોગોએ પગ પેસારો કરી દીધો. અને છેવટે અસહ્ય વેદના અનુભવતા પરલોક પહોંચી જાય છે.

## ઓગણસાઇઠ

## એક મજાનો માણસ

નામ તો એમનું રાધેશ્યામ. એન્જીનીયરીંગ કોલેજમાં પ્રોફેસર. છેલ્લા બે-એક વર્ષથી ડાયાલિસીસ માટે આવતા. જ્યાં નોકરી કરતા હતા તે સંસ્થાને સરકારી ગ્રાન્ટ સીધી મળતી હોવાથી મેડિકલ બીલ મૂકે તે બીજે કે ત્રીજે દિવસે પાસ થઇ જતું.

મજાના માણસ. દીકરી એમરિકા રહે. અમેરિકા ઓપરેશન કરાવવા જાય તો મોઘું પડે. ડોનરને પણ સાથે લઇ જવો પડે. એટલે ઓપરેશન અહીં જ કરાવવાનું રાખ્યુ.

આમ તો કિડનીના દર્દીઓને આહારનો પૂરેપૂરો કાબુ રાખવો પડતો. એનો મતલબ એ કે આ દર્દનું નિદાન થતાં પહેલા જે ખાવાની ઇચ્છા થાય તે ખાધેલું તે હવે ન ખાઇ શકાય. તો જીવાય કેવી રીતે ? આનો રસ્તો પ્રોફેસર રાધેશ્યામે પ્રોફેસર સુખદેવને બતાવ્યો અને એ રસ્તે ઘણા બધા દર્દીઓ પછી જતા થઇ ગયા. અને દર્દીઓનું સૂત્રપણ એ ''ખુશીથી જીવો, ડાયાલિસીસ કરાવતાં રહો અને આયુષ્યના છેલ્લા વર્ષો આનંદથી વીતાવતા રહો.''

''હું કશુંય ખાવાનું છોડતો નથી. પણ આ બધુ ડાયાલિસીસના અડધા કલાક પહેલાં જ ખાવાનું. ડૉકટરે જે વસ્તુ ખાવાની ના કહી છે તે બધી પણ હું ખાવાની છોડતો નથી. ડાયાલિસીસના અડધા કલાક પહેલાં ખાધેલું શરીરને નુકશાન ન કરે તેથી. તેથી જીભે ચટાકો રહે અને શરીરને કોઇ મુશ્કેલી ન થાય.'' આવું કહેનાર રાધેશ્યામભાઇ જે ખાઇને આવતા તેની વાત કોઇની આગળ સંતાડતા નહી.

કિડની પ્રત્યારોપણ કરાવી અમેરિકા એક આંટો પણ મારી આવે છે.

જાયરે જ્યારે રસ્તામાં પ્રોફેસર સુખદેવને ભેગા થઇ જાય ત્યારે જરૂર કહેતા, ''પ્રોફેસર, અગાઉથી ફોન કરી, ડાયાલિસીસને દિવસે ઘેર આવોતો સાથે બેસી પેટ ભરીને ભજીયાં ખાઇએ'' એમ કહી હસી પડતા. ભજીયાં ખાવાનું નિમંત્રણ આપી જવાબની રાહ જોયા સિવાય સ્કૂટર હંકારી મૂકતા.

## સાઇઠ

## આપઘાત કરવાની દિશા તરફ

પ્રોફેસર સુખદેવ મહાદેવ જવા તૈયાર થાય છે. ત્યાં તો ડોરબેલ વાગે છે. બારણું ખોલે છે. સામે નટુભાઇ ઊભા હતા.

'નટુભાઇ, મહાદેવ જઇ આવ્યા ? હું જવા જ તૈયાર થતો હતો. આવો થોડીવાર બેસીએ '

'મહાદેવ જઇને આવું છું. પંદરેક દિવસથી મળ્યા ન હતા. એટલે તમને મળવા આવ્યો.'

'નટુભાઇ પછી તમારા મેડિકલ બીલનું શું થયું ?' 'જુઓને મેં જુદા જુદા સમયે સીવીલમાં બીલ મૂકેલા. એ લોકોએ એક સાથે જ પાસ કરી દીધાં. બધા બિલની રકમ લગભગ લાખ ઉપર થઇ. અમારી કોલેજની ગ્રાન્ટ મંડળમાં આવે અને મંડળ બીલ ચૂકવે. એકી સાથે બીલ મૂકયાં. રકમ પણ મોટી થઇ ગઇ. ઓછી રકમ હોય તો મંડળ તાત્કાલિક પાસ કરી દે અને એમને પણ ગ્રાન્ટ વહેલી મોડી આવે તેથી આ વખતે બીલ પાસ થયા નથી.'

'જુઓ નટુભાઇ, મારી વાત તો તમે જાણો છો. મારી કોલેજે સરકારી પરિપત્ર મુજબ એકબીલનો ચેક મને આપ્યો. મને ચેક આપ્યા પછી નિયમ અનુસાર સરભર ગ્રાન્ટની માંગણી સરકારમાં કરવી જોઇએ. મારી કોલેજના કલાર્ક અને પ્રિન્સીપાલ બંનેએ આ ચેકની ગ્રાન્ટ માંગણીનો કોઇ પત્ર લખ્યો નહોતો. પરિણામે પછી મારી મૂકાતી ફાઇલો સરકારમાંથી પાછી આવતી ગઇ. નાણાંકીય મુશ્કેલીને કારણે મેં વહેલી નોકરી છોડી દીધી. જો કે ડાયાલિસીસના દિવસે પ્રિન્સીપાલ તથા કોલેજના સ્ટાફની મમતાને કારણે કોલેજમાંથી વહેલો નીકળતો અને આમ મારું ગાડુ ગબડી જતું હતું.'

'પછી તમારા પૈસાનું શું થયું ? '

'ટ્રસ્ટના ચેરમેને મને ખાનગીમાં બોલાવી કહેલું કે, 'મારે તમને પૈસા આપવા જોઇએ. પણ તમને આપું તો બીજાને પણ આપવા પડે !' ટ્રસ્ટ સાથે આટલો બધો ઘરોબો સંબંધ હોવા છતાં ટ્રસ્ટીઓએ પૈસા આપવાના હાથ ઊંચા કરી દીધા. કોલેજ વારંવાર ભૂલ કરતી હતી. એ ભૂલોને કારણે કયારેક ગાન્ટ પણ અટક્તી હતી. નટુભાઇ, હમણાં જ ત્રણ વર્ષ પછી એ બીલનો થોડો હિસ્સો મને મળ્યો. સાચી વાત કહું, નાણાંકીય મુશેકલીને કારણે જ મેં કોલેજમાંથી સ્વેચ્છિક નિવૃત્તિ લઇ લીધી. નટુભાઇ આપણે તો હજુ સારી સ્થિતિમાં છીએ. સરકારી નોકરી હોવાને કારણે નિયમોઅનુસાર કેટલીક રકમ પાછી મળે છે. તમને ખબર નહી હોય, કિડનીનો દર્દી માનસિક ત્રાસ અને નાણાંકીય સ્થિતિ સારી ન હોવાને કારણે વહેલું મૃત્યુ આવે તેવું ઇચ્છે છે. જેથી તેના ઘરવાળા તો સુખેથી જીવી શકે ને ?'

'સુખદેવભાઇ, તમારી વાત સાચી છે. આપણને તો થોડા ઘણા પૈસા પણ મળે છે. પણ મેં ઘણીવાર આપઘાત કરવાનો વિચાર કરેલો. બીલ માટે લોકોના ઓશિયાળા કયાં સુધી બનવું ?'

'નટુભાઇ, તમારી વાત સાચી છે. પણ આમ ગભરાયે ન ચાલે, આજે સાચી વાત કહું, જો મને સરકાર તરફથી મેડિકલ બીલનાં નાણાં ન મળતા હોત તો મારા કુટુંબીઓને જીવતાં રાખવા માટે મેં પણ આપઘાત કરી લીધો હોત. પણ આજે નટુભાઇ, તમને કહુ, મેડિકલ બીલનાં નાણાં વહેલા મોડા તો આવે છે ને ?'

'હા, એટલી તો રાહત છે.' નટુભાઇ ધીરેથી કહે છે. નટુભાઇ વાત કરતા જાય છે. વાત કરતા કરતાં એમને ડૂમો ભરાઇ આવે છે. વારંવાર રૂમાલ વડે ચશ્મા ઊતારી આંખના આંસુ લૂછતાં રહે છે.

પ્રોફેસર સુખદેવ નટુભાઇને કહે છે, 'નટુભાઇ, મહેરબાની કરીને કુદરતે આપેલું આયુષ્ય જયાં સુધી ટકે ત્યાં સુધી એ ભોગવી લો. કયારેય આપઘાત કરવાનો વિચાર ના કરશો. અને તમે તો નસીબદાર છો. તમેજ

મને કહેલું કે, 'આ મારા દીકરાનું લગ્ન થઇ જાય એની મને બહુ ચિંતા છે.' દીકરો પણ પરણી ગયો. એટલે હવે ક્યારેય જીંદગી ટુંકાવી નાખવાનું વિચારશો નહીં. અને બીજું આપણને પડતી અસહ્ય વેદના મને ડાયાલિસીસ વખતની અને તમને કીડની પ્રત્યારોપણ પછીની જેનો અનુભવ થાય છે એને પ્રેમથી ભોગવી લેવી જોઇએ. જુઓને મેં આમ પાંચ વર્ષ કાઢી નાખ્યા. છઠ્ઠા વર્ષના ત્રણ માસ પણ પૂરા થયા અને હજુ તો હું કદાચ પાંચેક વર્ષ કાઢી શકીશ. જો કે અત્યારે મૃત્યુ આવે તો હું ગભરાતો નથી. નટુભાઇ મારા નામે કશી જ મિલ્કત નથી. મારી પત્ની અને દીકરીના નામે બધું કરી દીધું છે.'

'સુખદેવભાઇ, દીકરાના નામે કેમ નહીં ?'

'જુઓ નટુભાઇ, દીકરો ભારત બહાર છે. એ એની રીતે કમાય છે.' મેં ક્યારેય મારા દીકરા પાસે પૈસા માગ્યા નથી. પણ હું મારી દીકરીને કહેતો રહું છું કે જયારે સમય મળે ત્યારે પત્રમાં કે ફોનમાં તારા ભાઇને તારે જણાવવું કે 'પપ્પાની પાસે પૈસા નથી. બધુ જ ખર્ચ ડાયાલીસીસમાં થાય છે.'

'તો તો કદાચ દીકરો નાણાં મોકલતો હશે.'

'અવારનવાર મોકલતો પણ રહે છે. જો કે મારી પાસે અત્યારે કેટલી રકમ છે એની એને જાણ નથી. મારી દીકરી વહીવટ કરે છે એનો એને ખ્યાલ છે.' નટુભાઇ માંદગીના સમયમાં ઘણા બધા મિત્રોએ મદદ કરવાનું કહેલું. મેં ક્યારેય તેમની પાસે પૈસા માગ્યા નથી. ડાયાલિસીસમાં પૈસા તો ખર્ચાતા રહ્યા. ચાર-છ મહિને બીલ આવતાં રહ્યા અને આ માંદગી પછી એકી સાથે લાખ રૂપિયા પહેલીવાર જોયા. અત્યારે હું સુખી છું. એટલે જ નટુભાઇ તમને કહું છું કે તમે કશી ચિંતા કર્યા સિવાય મારી માફક જીવવાનું રાખશો તો થોડું આયુષ્ય વધારે ભોગવી શકશો.'

'સુખદેવભાઇ, તમારી પાસે બેસતાં જીવન જીવવાનો ઉમંગ પ્રાપ્ત થતો હોય એવું મને કાયમ લાગ્યા કરે છે. ચાલો ત્યારે હું જાઉ ?' એમ કહેતાં કહેતાં મારા મકાનની બહાર તેઓ નીકળે છે. એમની સાથે હું નીચે આવુ છું. જાહેર રસ્તા પર હું ઉભો રહું છું. દૂર ચાલ્યા જતા નટુભાઇ રૂમાલ વડે આંખના આંસુ લૂછતા હોય તે હું જોઉ છું. અને આપો આપ ઇષ્ટદેવને પ્રાર્થના કરું છું કે, 'હે દૈવી પુરુષ દુશ્મનને પણ આવું દર્દ ના આપતો.'

નટુભાઇની માફક મારી આંખમાં પણ આંસુ ટપકી પડે છે.

## એકસઠ

# પ્રવૃત્તિમય રહો

એક દિવસે મગન ઓચિંતો રવિવારના દિવસે પ્રોફેસર સુખદેવની ઓફિસે આવી પહોંચે છે. તે એકલો જ ન હતો. મગનની પાછળ પાછળ મમતા શર્મા પણ ઓફિસમાં પ્રવેશ કરે છે. મમતા અને મગનના સંબંધો પ્રોફેસર જાણે છે. છતાં અજાણ હોવાનો દંભ કરી મમતાને પણ પોતાની ઓફિસમાં આવકારે છે.

રમેશ બંનેને ઠંડુ પાણી આપે છે. અને પછી તેમના માટે ચા કહેવા જાય છે.

મગન કહે છે, 'સાહેબ, અમારે એક વાત તમને પૂછવી છે. તમને મોટાભાગનાં મેડિકલ બીલના નાણાં સરકારી નિયમ અનુસાર પાછાં મળે છે તો પછી હવે જયારે જીંદગીનો અંત નજીક છે તે સંજોગોમાં આ બધી પ્રવૃત્તિ શા માટે કરો છો? ' મને આ સમજાતું નથી કે તમારા જેવા શિક્ષિત માણસ આ માંદગીમાં આરામ કરવાને બદલે શા માટે આ બધી પ્રવૃત્તિ કરે છે ? '

'જુઓ મગનભાઇ, તમે આ એક મહત્વની વાત કરી. કિડનીના દર્દીનો જીવવા માટેનો એક માત્ર સહારો ડાયાલિસીસને હું ગણતો નથી. ડાયાલિસીસ તો એક ક્રમ છે. સતત એ ક્રમને પકડી રાખવાથી મનુષ્ય લાંબુ જીવી શકતો નથી. પણ કિડનીનો દર્દી પોતાની માનસિક વેદના અને વ્યથાને ભૂલવા માટે પ્રયત્ન કરી પોતાના મનને બીજી પ્રવૃત્તિમાં વાળે તો એ પ્રવૃત્તિ દરમ્યાન તે પોતાના રોગને ભૂલી જાય છે. પ્રવૃત્તિ કરવાથી, ઘરની બહાર નીકળતાં તે પોતાના પરિચિતોને મળે છે. શરીર કસાય છે. પરસેવો થતાં શરીરનો કચરો બહાર પણ નીકળે છે. અને ધીરે ધીરે પ્રવૃત્તિમય જીવન દર્દીને લાંબા આયુષ્ય તરફ દોરી જાય છે. મગનભાઇ, કિડનીના દર્દીએ ફક્ત ડાયાલિસીસ કરાવવું અને એનાથી જીવાશે એવું ક્યારેય માની ન લેવું જોઇએ. ઘરની ચાર દિવાલની

વચ્ચે બેસી રહેવા કરતાં ઘરની બહાર નીકળી અન્ય પ્રવૃત્તિમાં રસ લેવા માંડવો એજ આવા દર્દીઓ માટે હિતાવહ છે. દર્દી જેટલો સમય પોતાના મનને બીજી પ્રવૃત્તિઓ તરફ લઈ જાય એટલો સમય એ પોતાની માનસિક વ્યથાને દૂર ને દૂર ધકેલતો રહે છે. કહેવાનો મતલબ એ કે કિડનીનો દર્દી આટલા સમય પૂરતું મૃત્યુની માનસિક ચિંતાથી દૂર રહે છે. દર્દીએ દર્દની ચિંતા કર્યા સિવાય અન્ય પ્રવૃત્તિ કરતા રહેવું એવી સલાહ ક્યારેક વિદ્વાનો પણ આપતા રહે છે.'

'તો સાહેબ, તમે આટલા માટે જ પ્રવૃત્તિશીલ રહો છો ને ? ' મમતા કહે છે.

'જો મમતા અન્ય પ્રવૃત્તિમાં મનવાળીને જીવનના અંતિમ ધ્યેય તરફ માણસે પગલાં માંડતા રહેવું જોઈએ. હું તો ડાયાલિસીસને 'રૂટીન વર્ક' માનું છું અને ધીરે ધીરે પણ મક્કમપણે મારા ધ્યેય તરફ પગલાં માંડતો રહું છું. જો કે મારા માંડેલાં પગલાં ક્યાં જઈને અટકશે એ તો હું પણ જાણતો નથી.'

'સાહેબ તમે બહુ સારી વાત કરી. હું તો એવું માનતી થઈ ગઈ કે, ગમે તે માણસ રસ્તે ચાલતો હોય અને સામે કોઈ કિડનીનો દર્દી ભેગો થઈ જાય, એને કદાચ કશુંય ન આપી શકીએ અને એકલી હુંફ આપીયે તો પણ કદાચ ! આપણી એ હુંફને કારણે એના જીવનના આયુષ્યના દિવસો આપણે થોડા વધારી શકીએ. કેમ મારી વાત બરોબર છે ને ?'

મમતા અને મગનભાઈની વાત સાચી હતી. કોઈપણ દર્દીએ પ્રવૃત્તિશીલ રહેવું જોઈએ. એ થકી જ પોતાના દર્દને એટલો સમય એ ભૂલી જાય છે.

તેની ઓફિસે આવેલા મગનભાઈ અને મમતા ચાલ્યાં જાય છે. હવે દવાખાનામાં પ્રોફેસર સુખદેવ પોતે અને કિડની નિષ્ફળ જવાથી ડાયાલિસીસ કરાવતા મિત્રો સાથે ક્યારેક ટોળે વળીને ઉભો હોય છે, ત્યારે જાણે કે બધાંને કહેતો ન હોય !

'ચાલોને, આપણે બધાં કોઈ એવું સંશોધન કરી દઈએ કે આ ડાયાલિસીસના ત્રાસમાંથી આપણે છૂટકારો મેળવી શકીએ.'

આજે પણ પ્રોફેસર સુખદેવ, મગનભાઈ અને અન્ય બીજાં દર્દીઓ સતત ડાયાલિસીસ વિભાગમાં આવતાં રહે છે. તે ક્યાં સુધી આવશે એ પ્રશ્નનો જવાબ તો એમની પાસે પણ નથી.

## બાસઠ

# સુશાનબેન સાથે ટ્રેનમાં મુલાકાત

એક દિવસે આનંદનગરથી નવાપુરા જવા માટે પ્રોફેસર સુખદેવ ગુજરાત ક્વીન પકડે છે. આમ તો તે ભાગ્યેજ ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરતો. પણ કિડનીની બિમારી પછી મોટે ભાગે તે ફર્સ્ટક્લાસમાં જ મુસાફરી કરતો. તેની પહેલી નવલકથા છપાવવા માટે તે નવાપુરાના પ્રકાશકને મળવા માટે જઈ રહ્યો હતો. આમ તો મોટે ભાગે તે ટ્રેનમાં પોતાની પાસે વાંચવાનું સાહિત્ય હોવા છતાં આંખો બંધ કરીને બેસી રહેતો. આજે પણ તે ચૂપચાપ બેઠો હતો. એટલામાંજ ગુજરાત ક્વીન રાજગઢના સ્ટેશને આવીને ઉભી રહે છે. રાજગઢથી તે પૂરેપૂરો પરિચિત છે. કેમકે રાજગઢની કિડની હોસ્પિટલમાં તે કાયમી ડાયાલિસીસ કરાવવા આવતો. રાજગઢના સ્ટેશનેથી એક સાઈઠેક વર્ષની પ્રૌઢ બાઈ એના ડબ્બામાં ચઢે છે. આવનાર સ્ત્રીને જોતાં સુખદેવને લાગે છે કે તેણે આ સ્ત્રીને ક્યાંક જોઈ છે, પણ યાદ આવતું નથી. તેને લાગે છે કે આ સ્ત્રી સાથે તેના બહુ નજીકના સંબંધો છે. પણ કેમ યાદ આવતું નથી ? ડાયાલિસીસમાં મુશ્કલીઓ થવાને કારણે ડૉક્ટરોએ તેનું વજન બહુ ઓછું કરાવી દીધેલું તેથી હવે સુખદેવ ઓળખાય તેવો પણ રહ્યો નહોતો. પેલી બાઈ એની બાજુમાં જ આવીને બેસે છે. ધીરે ધીરે ટ્રેન ચાલે છે. અને ત્યાં જ એક આંચકા સાથે ટ્રેન પાછી ઊભી રહે છે. કોઈએ સાંકળ ખેંચી હશે તેવું તે માની લે છે. બાજુમાં બેઠેલી સ્ત્રી એકદમ પ્રોફેસરને જોતાં –

'અરે સુખદેવભાઈ, તમે ? કેમની તબિયત છે ?'

'મને ઓળખાણ ના પડી'

'મને ના ઓળખી ? હું સુશાન.'

‘હવે મેં તમને ઓળખ્યાં સુશાનબેન, કેમ ખરુંને ?’

ગાડી એક આંચકો આપી ચાલી. પૈડાનો ખટ્ખટ્ અવાજ આવવા લાગ્યો. એ અવાજની સાથે જ સુશાનબેનનો અવાજ પડઘાતો હોય એવું સુખદેવે અનુભવ્યું.

તે ચમક્યો, અરે ! આ તો, નમસ્તે બેન. હવે તેને બધું જ સ્પષ્ટ યાદ આવવા માંડ્યું.

તેનું ડાયાલિસીસ ચાલે છે. ડાયાલિસીસ વખતે તે ઊંઘતો હોય છે. અને એના કાન પર નમસ્તે અવાજ આવે છે. તે જાગી જાય છે. તે જુએ છે તો એક સ્ત્રી બાજુના દર્દીને ‘નમસ્તે’ કહેતી હોય છે. પછી તો તે સંવાદ સાંભળે છે.

‘નમસ્તે’

સામેથી ‘નમસ્તે’ અવાજ સંભળાય છે.

‘કેમની તબિયત છે ?’

‘સારું છે’

‘જમીને આવ્યા ?’

‘હા’

‘ટ્રાન્સપ્લાન્ટનું શું વિચાર્યુ ?’

‘જુઓ બેન, ટ્રાન્સપ્લાન્ટ તો કરાવવું છે. પણ થોડી પૈસાની મુશ્કેલી છે. હોસ્પિટલ થોડી રાહત આપે તો ટ્રાન્સપ્લાન્ટ કરાવી લેવાય.’

‘તમે તમારી વાત ડૉ. મુનશીને કરજો. કોઇ રસ્તો કાઢી આપશે.’

‘જો કે પૈસાની વાત તો આમ પતી જાય. પણ બીજી એક મુશ્કેલી છે. જે તમે જ દૂર કરી શકો.’

‘બોલો મારે શું કરવાનું છે ?’

‘તમારી એક કિડનીનું દાન આપો તો, ટ્રાન્સપ્લાન્ટ કરાવી દઉં.’

‘ભલે ભલે’ એમ કહેતાં સુશાનબેન બીજા દર્દીની પથારી પાસે પહોંચી જતાં.

આવોજ સંવાદ પ્રોફેસર સુખદેવ સાથે પણ થતો. પ્રોફેસર ડાભીનાં પત્નીનાં બહેનપણી સુશાનબેન થાય. એટલે પ્રોફેસર સુખદેવ સાથે સુશાનબેન આત્મીયતાથી વાત કરતાં. પ્રોફેસર સુખદેવને સુશાનબેન પૂછે ત્યારે ‘સ્ટાફ ઓછો છે’ એવી ફરિયાદ કાયમ કરતો. એની ફરિયાદનો જવાબ ક્યારેય સુશાનબેને નહીં આપેલો.

સુશાનબેન મજાનાં માણસ. દર્દીઓ સાથે આત્મીયતાથી વાતો કરતાં. દર્દીઓનું દુઃખ ઓછુ થયુ છે એવું પણ માનતાં. સુશાનબેન કાયમ નવાપુરાથી રાજગઢ ડ્યુટી માટે આવતાં.

ઘણા દિવસ સુધી સુશાનબેનને ન જોતાં પ્રોફેસર સુખદેવ સુશાનબેન વિશે જાણવા ઇચ્છે છે. અને પછી એને માહિતી મળે છે, ‘તેઓ નિવૃત્ત થઇ ગયાં છે.’ પ્રોફેસર સુખદેવનું ડાયાલિસીસ ચાલે છે. તે કેવી રીતે નિવૃત્ત થઇ શકે? તેણે તો આજીવન ડાયાલિસીસ કરાવવું પડશે !

લગભગ ચારેક વર્ષ પછી આમ ટ્રેનમાં સુશાનબેન ભેગાં થઇ જાય છે. ટ્રેનની ગતિ છે. ખટ્ખટ્ - ખટ્ પૈડાનો અવાજ આવતો રહે છે. અને જાણે કે પૈડાંનો અવાજ ‘નમસ્તે નમસ્તે’ ના પડઘા પાડે છે. આમ ચાલુ ટ્રેને સુશાનબેન એક મીઠી મધુરી યાદ મૂકી જતાં હોય એવું પ્રોફેસર સુખદેવ અનુભવે છે.

## ત્રેંસઠ

## સરોજનું શરણે જવું

એક રવિવારે ઓફિસનાં કેટલાંક અગત્યનાં કામ હોવાથી પ્રોફેસર સુખદેવ બપોરે જમ્યા પછી ઓફિસ જાય છે. બે-એક કલાક ઓફિસના કામમાં વ્યસ્ત રહે છે. ત્યાં તો ઓફિસનો ટેલિફોન રણકે છે. સુખદેવ રિસીવર હાથમાં લે છે.

‘હલો....’

'કાકા, એકાદ કલાક ઓફિસમાં જ છો ને ?'

'હા' એ આગળ પૂછે છે ત્યાં તો સામેથી ફોન કપાઇ ગયો. કોઇ સ્ત્રીનો અવાજ હતો. આ અવાજ તેને પરિચિત લાગ્યો. પણ તે નક્કી ન કરી શક્યો કે કોણ હશે ? અને પાછો તે પોતાના કામમાં લાગી ગયો.

અડધા-એક કલાકમાં તેની ઓફિસના બારણા પાસે એક સ્ત્રી આકૃતિ આવી ઉભી રહી જાય છે. એ સ્ત્રીને જોતાં તે આશ્ચર્ય અનુભવે છે. એ સ્ત્રીએ અહીં આવવાની હિંમત કેમ કરી હશે તે પણ તે વિચારે છે.પણ પોતાને ત્યાં આવેલા મહેમાનને જાકારો ન આપી શકાય તેવું માનનારો તે ઇચ્છા ના હોવા છતાંય સહજ રીતે 'આવો' એમ કહી બેસે છે. અને પાછો તે લખવા માંડે છે.

ધીરે પગલે સરોજબેન પ્રોફેસરની સામે -ખુરશી નજીક ખેંચી-બેસવાનો પ્રયત્ન કરે છે. એકાદ મિનીટ પ્રોફેસર કામ કરી લે છે. અને પછી લખવાનું બંધ કરે છે. આવનારની સામે જુએ છે. પણ કશું બોલતો નથી.

'જુઓ કાકા, તમે મારી સાથે સંબંધ તોડી નાખ્યો છે એટલે મારે તમારે ત્યાં ન આવવું જોઇએ. મેં ઘણી બધી ભૂલો કરી છે. તમે મોટા મનના છો. કદાચ મને માફ કરી દીધી હશે. મારે ના છૂટકે તમારી પાસે આવવું પડ્યું છે. ભૂલ મારી છે છતાં વડીલ તરીકે માર્ગદર્શન લેવા માટે તમારી પાસે આવી છું. મારી મુશ્કેલીમાંથી તમે એકલા જ મને બચાવી શકો એમ છો.'

'જો સરોજ, મેં તારી સાથેનો સંબંધ તોડી નાખ્યો છે એ તું જાણે છે અને જે સ્ત્રીઓ પોતાનું જ વિચારતી રહે છે એવી સ્ત્રીઓ સાથે હું સંબંધ રાખતો નથી. તને તો ખબર છે, તારી મુશ્કેલીમાં મેં જ તારો હાથ પકડ્યો હતો. અને તેં જ મને મુશ્કેલીમાં મૂકવાનો પ્રયત્ન કર્યો હતો.'

'જુઓ કાકા, એ બધી વાત જવા દો. તમે તો મારા અને મારા દીકરા માટે ઘણું બધું કર્યુ છે. પણ હું જ તમને સમજી શકી નહોતી. એ મારી ભૂલ હતી એનો હું સ્વીકાર કરૂ છું. તમે એ બધી વાતો ભૂલી જાવ. મને માફ કરો. અત્યારે જે મુશ્કેલીમાં હું મૂકાઇ છું, તેમાંથી મને બચાવવાનો પ્રયત્ન કરો.'

પ્રોફેસર સુખદેવે ભૂતકાળમાં સરોજને મદદ કરેલી. પણ એ મદદ સરોજ જીરવી શકી નહી. સરોજ પોતાની જાતને બહુ બુધ્ધિશાળી માનતી હતી. અને પોતાની બુધ્ધિ પ્રમાણે ચાલવાથી એની કેટલીક અંગત બાબતો જે લોકો જાણતા નહોતા એ પણ જાણી લે છે. પરિણામે તે ઉપેક્ષિત પાત્ર બની રહે છે. પરિણામે પ્રોફેસર સુખદેવ સાથે સરોજના સંબંધો પૂરા થઇ જાય છે. મોડે મોડે સરોજને ખ્યાલ આવે છે કે એણે પોતાની નાસમજને કારણે પ્રોફેસર સુખદેવ જેવી 'એક દૂઝણી ગાય' છોડી દીધી છે. ત્યાર પછી તો સરોજે બહુ પસ્તાવો કરેલો. પણ હવે શું ? બે-એક વર્ષના સમય પછી સરોજના જીવનમાં એવી મુશ્કેલીઓ સર્જાવા માંડી કે આમાંથી પ્રોફેસર સિવાય કોઇ તેને ઉગારી શકે તેમ નથી. અને તેથી જ તે પ્રોફેસરને શરણે આવે છે.

સરોજના આવતાંની સાથે જ સુખદેવને તો ખ્યાલ આવી ગયો છે, 'સરોજ કેમ આવી હશે ?' પણ તે સરોજના મોંએ જાણવા માગતો હતો. તે ચૂપ છે. સમગ્ર ઓફિસમાં મૌન છવાઇ જાય છે. સામસામે બેઠેલાં બંને જણ બોલતાં નથી.

દશેક મિનીટના મૌન પછી ઓફિસ જાણે કે જાગતી હોય એવું પ્રોફેસર અનુભવે છે. પ્રોફેસરના કાન પર કરૂણાસભર સરોજનો અવાજ અથડાય છે.

'કાકા, એક કામ ના કરો ? મગનભાઇને એકાદ મહિના માટે સમજાવી ન શકો ? એકાદ માસમાં હું તેમનાં આપેલાં નાણાં વ્યાજ સાથે પાછાં આપી દઇશ. આ નાણાંની બાબતમાં તો તે અવારનવાર ધમકીઓ પણ આપે છે. મને બદનામ કરવાની પણ વાત કરે છે. તમારા સિવાય બીજુ કોઇ મગનભાઇને સંભાળી શકે તેમ મને લાગતું નથી. તમે આટલો આ ગરીબ ઉપર દયા-ભાવ ન લાવી શકો ?'

'જો સરોજ, તારી વાતોના ઝપાટામાં એકવાર હું આવી ગયો. મેં તને ઘણી બધી મદદ કરેલી. મારા અંગત પૈસા તો મેં તને આપેલા અને બહારથી વ્યાજે લાવીને પણ મેં આપ્યા હતા. વ્યાજપણ મેં ભરેલું અને બે વર્ષ પછી જયારે મેં માગ્યા ત્યારે તેં ભવાડો કરેલો, હું ભૂલી ગયો નથી. '

'એ મારી ભૂલ હતી. ખરી રીતે તો તમે પૈસાની પઠાણી ઉઘરાણી મારી પાસે કરો છો એવું ટેકનિશિયનને કહી એ લોકોની હમદર્દી પ્રાપ્ત કરવાનું હું ઇચ્છતી હતી.એમાં મારો સ્વાર્થ હતો. એ બહાને એમાંની કોઇ વ્યકિત થોડાં નાણાંની કદાચ મને મદદ કરશે એમ હું માનતી હતી. પણ એવું બન્યું નહિ. અને મારી ભૂલને કારણે

સોનાની બંગડીઓ ગઇ. અને મારા પ્રત્યે સહાનૂભૂતિ દર્શાવનારા તમને પણ મેં ખોયા. એનો તો મેં ઘણો પસ્તાવો કર્યો હતો. પણ હવે શું ? અને મારા પ્રાયશ્ચિતરૂપે મને હવે તમે બચાવી લો તો જીંદગીભર તમારી આભારી રહીશ. ફક્ત એક મહિનામાં નાણાંની વ્યવસ્થા કરી દઇશ અને મગનભાઇથી છૂટકારો મેળવીશ.'

'પૈસાથી કે બીજી રીતે પણ ?'

'કાકા તમારી વાત હું સમજી નહીં.'

'જો સરોજ, તું બધું સમજે છે. પૈસાને કારણે તો મગનભાઇની નજીક તું પહોંચી ગઇ છે. તારો અને મગનભાઇનો સંબંધ તું કહે કે ન કહે છતાં પણ એટલો બધો આગળ વધી ગયો છે કે તું કદાચ એમાંથી પાછી વળી શકે એમ નથી. જયારે જયારે મગનભાઇની નજીક પહોંચતી ત્યારે મારા તરફ ઉપેક્ષા દર્શાવતી તારી આંખોની નજરને હજુય હું ભૂલી શકયો નથી. ત્યારે તું એમ માનતી હતી કે હવે તો તને મગનભાઇનું પીઠબળ મળ્યું છે ! પણ સરોજ તારી એ ભૂલ હતી. આજે તું મગનભાઇથી છૂટકારો મેળવવા માંગે તો પણ જીંદગીભર મેળવી નહીં શકે. તારી ઇચ્છા ન હોવા છતાં પણ તું મગનભાઇ પ્રત્યે ખેંચાતી રહીશ. એવા ઘણા બધા પુરાવા તારી સાથેના મગનભાઇ પાસે છે. અને બધા મગનભાઇએ મને બતાવ્યા છે પણ ખરા.'

આટલું સાંભળતાં જે ખુરશીમાં સરોજ બેઠી છે એને હડસેલો મારતી તે ઉભી થાયછે. એકદમ સુખદેવ પાસે પહોંચે છે. સુખદેવના પગ પકડી એનું માથું એમના પગ પર મૂકી દે છે અને તે રડી પડે છે. રૂમમાં એક અસ્પષ્ટ.....તૂટક...તૂટક કરૂણાસભર અવાજ રેલાય છે. અને એ અવાજના પડઘા જાણે કે બારી બહારથી આવતા પવનથી અથડાતા અથડાતા પ્રોફેસર સુખદેવના કાનેથી જાણે કે એના શરીરમાં પ્રવેશી હૃદયમાં ઘેરી લાગણી જન્માવવાનો પ્રયત્નો કરી રહ્યા છે.

એ પડઘાયેલા અવાજો હતા :

'કાકા, હું તમારી ગાય છું, મને કસાઇવાડેથી બચાવો.'

સરોજ અને મગનની બધી જ વાત પ્રોફેસર સુખદેવ જાણતો હતો. સરોજની ચાલાકીનો પણ તેને ખ્યાલ હતો. જો કે તે એટલું વિચારતો કે, 'જેના વિશે જેટલો સમય સંબંધ હોય તેટલા સમય પૂરતું જ તેમના વિશે વિચારવું ' ને એટલે જ સરોજને ચેતવવા માંગતો હોવા છતાં એ ચેતવી શકેલો નહિ. જો કે એકલા મગનનો વાંક તે જોતો નથી. મગન અને સરોજ બંને સમદુઃખિયાં હતાં. તો સામા પક્ષે મગનની તરસ છીપાતી નહોતી. બંને પોત પોતાની દુનિયામાં મસ્ત હતાં. અને બંનેએ એકબીજા પાસેથી જે જોઇએ તે મેળવી લીધું. આ સમયે સુખદેવ ફક્ત મગનને જ સમજાવી શકે તેમ છે. પાછો એને વિચાર આવે છે. મગન સમજશે ખરો ? છેવટે સુખદેવ, 'સરોજ, તું ચિંતા ન કરીશ. હું મગનને સમજાવી લઇશ.'

'કાકા, તમારો આભાર. તમારો ઉપકાર જીંદગી ભર હું નહીં ભૂલી શકું. તમારી ઇચ્છા હશે તો હું પણ...'

'જો સરોજ, મને પણ મગન જેવો ધારી ના લેતી. જો મારે મગન જેવા બનવું હોત તો પછી તારે બીજા કોઇ મગન પાસે ન જવું પડ્યું હોત ! માટે ઘેર ચાલી જા. આજે દશમી તારીખ છે. આવતા મહિનાની દશમી તારીખ સુધી મગન તારી સાથે વાત પણ નહીં કરે. અને એ દશમી તારીખે તારા તરફથી તું કહે છે તેમ એને પૈસા નહિ મળે તો પછી જે કંઇ થાય તેમાં મારો દોષ ના જોતી'

સરોજ ઊભી થાય છે. સાડીના પાલવથી આંખનાં આંસૂ લૂછે છે. અને કશું જ બોલ્યા સિવાય ઓફિસની બહાર નીકળી જાય છે. ઓફિસની બહાર નીકળેલી અને સડસડાટ ચાલી જતી સરોજનો નિતંબ સુધી લંબાયેલો ચોટલો હવામાં ફરકતો તે જોઇ રહે છે. તે કશુંજ બોલતો નથી. દૂર દૂર અદશ્ય થતી સરોજને તે જોયા જ કરે છે. અને આંખોના ઓઝલ પરથી દૂર થયેલી સરોજ દેખાતી બંધ થાય છે કે તરત જ તે ટેલિફોનનું રિસીવર હાથમાં લે છે. એક પછી એક નંબરના આંકડા ઉપર એના જમણા હાથની આંગળી દબાતી જાય છે. એકાદ ક્ષણ પછી સામેથી નંબર જોડાતો હોય તેવું તે અનુભવે છે.

'મગનભાઇ આજે દશમી તારીખે હમણાંજ સરોજ તમારી ફરિયાદ કરી ગઇ. મેં તેને વચન આપ્યું છે કે આવતી દશમી તારીખ સુધી તમે ચૂપ રહેશો. આવતી દશમી તારીખની સાંજ પછી તમારી સાથેનો વ્યવહાર સરોજ પૂરો ન કરે તો હું તમારી વચ્ચે નહીં આવું. આ એક મારી વિનંતી છે.'

'સાહેબ, તમારા માન ખાતર એક મહિનો હું જંપી જઇશ. આ મહિનામાં સરોજ એના વાયદા પ્રમાણે મને પૈસા નહીં આપે તો હું એને બદનામ કરવામાં પાછો નહીં પડું.'

'મગનભાઇ, સરોજની બદનામીમાં પડવા જેવું નથી. અંતે તો એણે પણ તમારા કામ કર્યા છે ને ? એટલે સમજાવટથી કામ લો એવી મારી વિનંતી છે. પછી જેવું તમે વિચારો તે. હું વચ્ચે નહીં આવું.' એમ કહી પ્રોફેસર સુખદેવ રિસીવર મૂકી દે છે.

# ચોસઠ

# મગન-સરોજ સામ-સામે

બીજા મહિનાની દશમી તારીખની સવાર પડી અને તેજ દિવસે બપોરે પ્રોફેસર સુખદેવ, મગનભાઇ અને સરોજના દીકરાનું ડાયાલિસીસ હતું.

ડાયાલિસીસ વિભાગમાં પ્રોફેસર જાય છે ત્યારે તેને ખબર પડે છે કે મગનભાઇ બપોરને બદલે વહેલી સવારે આવી ડાયાલિસીસ કરાવી ગયા છે. પ્રોફેસર હાશકારો અનુભવે છે. આ એક મહિના સુધી મગન ડાયાલિસીસ માટે આવે ત્યારે પણ ખપ પૂરતી જ વાત કરતો.આજે દશમી તારીખે સરોજનો વાયદો હતો. સરોજ પોતાના વાયદા પ્રમાણે ન વર્તે તો પ્રોફેસરની હાજરીમાં કશું ન બને એની કદાચ કાળજી લઇને મગન સવારે તો નહીં આવી ગયો હોય ને ? એવું પ્રોફેસર વિચારતો રહે છે. સુખદેવ જુએ છે તો સરોજ આજે એના દીકરાનું ડાયાલિસીસ કરાવવા આવી નથી. ડાયાલિસીસ કરાવ્યા પછી સુખદેવ રિક્ષામાં પોતાને ઘરે જતાં જતાં વિચારતો રહે છે કે, 'સરોજ તેનો વાયદો પૂરો નહી કરે તો ? નક્કી મગન તેને બદનામ કરશે. શું સરોજ બદનામીના કારણે તો નહી આવી હોય ને ?' હશે મારે શું એમ વિચારતો તે ઘરે પહોંચે છે. રાત્રે પણ તે ઊંઘી શકતો નથી. મગનને તે બરાબર ઓળખે છે. અને સરોજની ચાલાકીને પણ. જો સરોજે આજે મગનને પૈસા નહી પહોંચાડ્યા હોય તો તે આગળ કશું વિચારી શકતો નથી.

અને થયું પણ એમ જ. ચૌદમી તારીખે મંગળવારે એકાદ કલાક તે ડાયાલિસીસ માટે મોડો પહોંચેલો ત્યારે સમગ્ર ડાયાલિસીસ વિભાગ ધરતીકંપના ઘણા બધા આંચકા પછી એકદમ શાંત થઇ ગયેલો તે જુએ છે. બધાં જ કામ કરે છે. જાણે સમગ્ર ડાયાલિસીસ વિભાગમાં યંત્રવત્ બધાં કામ કરતાં હોય તેવું સુખદેવ અનુભવે છે. મગન પોતાની પથારીમાં પલાંઠી વાળી બેઠો છે. એની પથારીની સામેની પથારીમાં ટૂંટિયું વાળીને દિનેશ ડાયાલિસીસ કરાવે છે. દિનેશની પથારીની બાજુમાં ખુરશી પર બેસી જાણે કે સૂવાનો ઢોંગ કરતી હોય તેમ મોં બેડ પર નાખી સરોજને પડેલી જુએ છે. ભયંકર યુદ્ધ પછીની સ્મશાનવત્ શાંતિને નિહાળતો સુખદેવ એક ખાલી પથારી પાસે જઇ, તેની પર પડેલી ફાઇલ વાંચી પોતાને માટે જ એ પથારી છે તેવું જાણતાં દરરોજની માફક ચાવી ફેરવી ઓશિકા આગળનો પલંગનો ભાગ જેટલો ઊંચો જોઇએ તેટલો ઊંચો કરી પથારીમાં લંબાવે છે. એને ખ્યાલ તો આવી ગયો છે. એ કશું કોઇને પૂછતો નથી. એ પૂછે પણ કેવી રીતે ? કોઇ કોઇની સાથે વાત કરવા તૈયાર નથી.

થોડી વાર પછી ટેકનિશિયન ભૂપેન્દ્રભાઇ તેનું નિડલીંગ કરે છે. રમેશ આવે છે. સુખદેવ એને ચાના પૈસા આપે છે. થોડીવારમાં રમેશ ચા લઇ આવે છે. જીંદગીમાં પહેલીવાર આજે સુખદેવ ચા ને એકદમ ઠંડી પડવા લાગે ત્યાં સુધી પીતો નથી. અને પછી પાણી પીતો હોય તેમ ચા પી જાય છે. મગનનું પણ ડાયાલિસીસ શરૂ થાય છે. નર્સો દર્દીઓનું બી. પી. માપતી રહે છે. થર્મોમીટરથી ટેમ્પરેચર પણ માપતી રહે છે. કોઇનું ડીસકનેક્ટ પણ થાય છે. ડીસકનેક્ટ થયા પછી દર્દી પોતાની નોંધ પણ કરાવે છે. પણ કોઇ બોલતું નથી. સુખદેવ સમજે છે કે નક્કી સરોજબેને આજે મગનભાઇ સાથે કદાચ ઝગડો કર્યો હશે કે પછી મગનભાઇએ સરોજનો ભવાડો કર્યો હશે ? આજના ભારેખમ વાતાવરણને કદાચ સુખદેવ જીરવી ન શકે એમ હોવાથી ભૂપેન્દ્રભાઇને બોલાવી તેમના કાનમાં કંઇક કહે છે. અને નિર્ધારિત સમય પહેલાં - એક કલાક પહેલાં - સુખદેવનું ડીસકનેક્ટ થતાં ડાયાલિસીસ છોડી રિક્ષા પકડવા દાદરના એક-એક પગથિયાં ઊતરતો જાય છે.

એક-એક પગથિયું ઊતરતાં-ઊતરતાં સુખદેવને મગનભાઇ અને સરોજના સંબંધોના દશ્યો ચલચિત્રની માફક દેખાતાં રહે છે. અને જ્યાં છેલ્લુ પગથિયુ ઊતરે છે ત્યાં -'પ્રોફેસર સુખદેવ તમે આ તમારા મિત્ર મગનને

સાચવી લેતા હોય તો ?' એક અવાજ હોસ્પિટલના મુખ્ય સર્જનનો તે સાંભળે છે. સુખદેવ બધુ સમજી જાય છે.

'જુઓ સાહેબ, હું કિડનીનો દર્દી છું. મારી માફક મગનભાઇ પણ કિડીનીના દર્દી છે. એક કિડનીના દર્દીના બીજા કિડનીના દર્દી સાથે જેવા સંબંધો હોય એવા જ અમારા છે. કદાચ થોડા વધુ મગનભાઇ સાથે હશે. એનાથી વિશેષ નથી.'

'સુખદેવ તમે જાણતા નહી હો, પણ આજે ડાયાલિસીસ વિભાગમાં મગનભાઇ અને સરોજબેન વચ્ચે ઝગડો થયો અને એ ઝગડામાં વારંવાર સરોજબેન એવું કહેતાં હતાં કે, 'મેં મગનભાઇને સમજાવવાનું કામ પ્રોફેસર સુખદેવને સોંપેલુ''

સુખદેવ બધી વાત સમજી જાય છે. સરોજ જુઠું બોલતી હતી. એણે જ એક માસનો સમય માંગેલો. મગનનો શો વાંક? મગને તો એક માસ સુધી ક્યાં પૈસા માગ્યા હતા ? હવે પ્રોફેસરને લાગે છે કે સરોજ એજ દાવની છે. મગન જે કરે છે એ સાચું છે.

'ડૉક્ટર સાહેબ, કદાચ સાચી માહિતીની જાણ તમારી પાસે નહીં હોય' એમ કહી સરોજ વિશેની, બીજા દર્દીઓ સાથેની, મગન સાથેની, ટેકનિશિયન અને નર્સ સાથેની વિગતે વાત પોતે જાણતો હતો તેટલું ડૉક્ટર ને કહે છે. ડૉક્ટર આશ્ચર્યમાં પડી જાય છે. અને 'ભલે, ભલે' કહેતા ત્યાંથી દૂર ચાલ્યા જાય છે.

પ્રોફેસર સુખદેવ ચાલ્યા જતા ડૉક્ટરની પીઠ તરફ જોઇ રહે છે. અને તે સીધોજ કાર પાર્કિંગમાં જ્યાં મગનભાઇની ગાડી પાર્ક કરી હતી ત્યાં પહોંચે છે. ગાડી પાસે જ મગનભાઇનો માણસ ઊભો હતો. સુખદેવને આવેલા જોઇ મગનભાઇનો માણસ ગાડીના પાછલા ભાગનું બારણું ખોલી આપે છે. અને સુખદેવને અંદર બેસવાનું કહે છે. ગાડીની અંદર બેઠે-બેઠે પ્રોફેસર સુખદેવ એક નાની ઊંઘ ખેંચી કાઢે છે.એટલામાં તો મગનભાઇ પણ આવી પહોંચે છે.

અડધા-એક કલાકમાં ગાડી મગનભાઇના ફાર્મ હાઉસ પહોંચે છે. ફાર્મ હાઉસ પર પહોંચી મગનભાઇ અને સુખદેવ ખુલ્લામાં-આંબા નીચે પડેલી-ખુરશીઓમાં બેસે છે. તેઓ બંને મૌન છે. દસેક મિનીટમાં ચા અને ગરમાગરમ નાસ્તો લઇ મગનભાઇનો માણસ આવે છે બંને ચૂપચાપ નાસ્તો કરે છે. સુખદેવ કશું જ મગનભાઇને પૂછતો નથી અને મગનભાઇ કશું કહેતો નથી. સાંજ પડી ગઇ છે. અંધારું થવા આવ્યું છે.

'સાહેબ, હવે જમીને જ જજો, ભૂપત, સાહબેનું ભાણુ લઇ આવજે. એ આજે જમીને જ જશે. અને તેમના ઘરે તું રાત્રે ગાડી લઇ મૂકી આવશજે. આજે હું બહુ ગુસ્સે ભરાયેલો છું. હું ગાડી નહીં ચલાવું. રસ્તામાં કદાચ અકસ્માત થઇ જાય તો ?' એમ કહી મગન ઊભો થાય છે. રૂમમાં જાય છે. અને બીજી ક્ષણે મોટી કાગળની કોથળી લઇ પાછો આવે છે. આવીને કોથળી સુખદેવને આપે છે. મગન કશું બોલતો નથી. સામે ખુરશીમાં ચૂપચાપ બેસી જાય છે. પગ લાંબા કરી ટિપોઇ પર મૂકી જાણે કે થાકી ગયો હોય તેમ લાંબો થાય છે. સુખદેવ કવરમાંથી એક પછી આ કાગળો કાઢતો હોય છે. કાગળો વાંચે છે. સરોજે મગનભાઇને લખેલા એ કાગળો હતા. બીજા કેટલાક ફોટા પણ હતા. મગનભાઇ અને સરોજના કઢંગી અવસ્થાના કેટલાક ફોટા હતા. એકાદ-બે તો એવા ફોટા હતા કે જેમાં વિવિધ આસનો સાથે એકબીજામાં સમાઇ જવાનો પ્રયત્ન કરતા ના હોય ! સુખદેવ વિચારે છે કે કદાચ આ ફોટા મગનભાઇએ એના વિશ્વાસુ માણસ ભૂપત દ્વારા લેવડાવ્યા હશે ! અને જો આ કાગળો અને ફોટા જાહેરમાં કોઇને બતાવવામાં આવે તો સરોજના મોં પર લોકો થૂંકે. અને સરોજની આબરૂ જાય એ જુદી. સુખદેવ આ બધુ વાંચ્યા-જોયા કરે છે. આટલી હદ સુધી સરોજ મગનભાઇ સાથે જોડાયેલી છે એનો ખ્યાલ તેને પહેલીજ વાર આવે છે. તે કશું બોલતો નથી. ફોટા અને કાગળો કવરમાં પાછા મૂકે છે. ભૂપત આવે છે. પ્રોફેસર સુખદેવના હાથમાંથી એ કવર લઇ લે છે. લઇને રૂમમાં મૂકી આવે છે. એટલામાં જ ગામમાંથી જમવા માટેનું ટીફીન લઇ એક માણસ આવે છે. ભૂપત બધાને માટે ડીશ તૈયાર કરે છે. ત્રણેય જમે છે. કોઇ કોઇની સાથે વાત કરતું નથી. જમ્યા પછી 'ભૂપત, સાહેબને એમને ઘેર મૂકી આવ. સુખદેવભાઇ રાત્રે દશ વાગ્યે તમને ફોનથી વાત કરીશ.' એમ કહી મગનભાઇ બાથરૂમમાં પ્રવેશી જાય છે.

ચાલતી ગાડી એ સુખદેવ વિચાર કરે છે. કશું નક્કી કરી શકતો નથી. ઘેર પહોંચી જાણે કે બહુ જ ગરમી થઇ હોય તે રીતે બાથરૂમમાં હાથ-પગ ધોવા પહોંચી જાય છે. જમણો હાથ સાચવીને ડાબા હાથે મોં અને પગ ધૂએ છે. એકાદ મિનીટ સુધી નળમાંથી આવતું ઠંડુ પાણી પગને પલાળતુ રહે તે રીતે તે ઉભો રહે છે. અને પછી

બાથરૂમમાંથી બહાર નીકળી મોં અને પગ સાફ કરી ટી.વીની સ્વીચ ઓન કરી ટી.વી. જોવા બેસી જાય છે. પોણા નવ વાગી ગયા છે. 'કસૌટી જીંદગી કી' સિરીયલ અડધી તો ચાલી ગઇ. આજના હપ્તામાં ઓચિંતો અનુરાગ જીવતો દર્શાવામાં આવે છે. એ જોતાં આશ્ચર્ય અનુભવે છે. અને પાછો વિચારે ચઢે છે. જયાં ને ત્યાં સ્ત્રીની જ રામાયણ હોય છે. ડાયાલિસીસમાં સરોજનું તો ટી.વી. સિરીયલમાં અપર્ણાનું કપટ દેખાતુ રહ્યું. કયાં સુધી આમ સ્ત્રીઓનું સામ્રાજ્ય સમાજમાં ચાલતું રહેશે? કે કદાચ સામ્રાજ્ય તો પુરૂષનું હશે તો પણ સ્ત્રીઓ કદાત નિમિત્ત નહી બનતી હોય ને ? એવું સુખદેવ નક્કી કરી શકતો નથી. અને તે ટીવી. જોયા કરે છે.

ત્યાં જ ઘડિયાળમાં દશના ટકોરા પડે છે. દશના ટકોરા પૂરા થાય તે જ ક્ષણે ટેલિફોન રણકી ઊઠે છે.

સુખદેવ રિસીવર હાથમાં લે છે. કશુ બોલતો નથી. સાંભળ્યા કરે છે. મગનભાઇનો અવાજ તે સાંભળે છે. બસ સાંભળ્યા કરે છે.

'જુઓ સાહેબ, મે તમારું માન રાખ્યું, એક માસ સુધી હું કશુંજ બોલ્યો નહી. મારે પણ પૈસાની જરૂર હોય ને ? ગઇ દશમી તારીખે તમને સરોજ મળી પછી તમારો ફોન આવેલો અને કલાક પછી સરોજ પણ આવેલી. એક મહિનાનો વાયદો કરી ને ગયેલી. હું તો કાંઇ બોલેલો નહી. પણ એક મહિના પછીની સાંજ સુધી મેં એની રાહ જોઇ. અગિયારમીએ સવારે ઘેર પૈસા આપી જશે તેવો દશમીએ સાંજે તેનો ફોન હતો. અગિયારમીએ સાંજ સુધી તે ન આવી. મંગળવાર સુધી મેં તેની રાહ જોઇ. તો પણ તેનો જવાબ નહોતો આવ્યો. તમે તો જાણો છો કે મંગળવારે બપોરે તો આપણે બધાં ભેગાં થઇએ છીએ. તે દિવસે તમે મોડા પડ્યા. સરોજ તેના દીકરાને લઇને વહેલી આવેલી. હું આવ્યો ત્યારે એના દીકરાનું ડાયાલિસીસ ચાલુ થઇ ગયેલું. સરોજે કદાચ વહેલી આવીને એનો ભવાડો ના થાય એથી 'પાણી પહેલાં પાળ બાંધી હશે'. આખો ડાયાલિસીસ વિભાગ શાંત હતો. કદાચ એક ચમત્કાર કે કોઇનો ભવાડો જોવા માટે બધા તૈયાર ના બેઠા હોય ! ડાયાલિસીસ વિભાગમાં હું પ્રવેશ્યો. કઇ પથારીમાં મને લેવાનો છે તે મારી ફાઇલ જોતાં અંદાજ મેં કાઢી લીધો. મારી સામેની પથારીમાં એનો દીકરો હતો. તે દેખાતી નહોતી. મેં ચારેબાજુ નજર ફેરવી. મેં જોયું તો દૂર ટેકનિશિયનની બાજુમાં તે ઊભી હતી. મારો લાવેલો સામાન મારી પથારી પાસે હું મૂકું છુ અને પછી ધીરે ધીરે એના તરફ હું પગલાં માંડુ છું. મારા પગલાં એના તરફ મંડાતા જ રહે છે. એ થોડી પાછી ખસે છે. ટેકનિશિયનતો બોલતા જ નથી. એ શું કામ બોલે ?

હું સરોજ પાસે પહોચું છું. હું જોઉ છું તો સરોજ ફફડતી હતી. ધીરે રહીને હું કહું છું, 'સરોજબેન, મારે તમારું થોડું કામ છે. અહીં આવશો ?,' એમ કહી હું પાછો વળી મારી પથારી પાસે જાઉં છું. બહુ શાંતિથી મેં વાત કરી. મેં દૂર રહીને પણ જોયું તો તેનો ગભરાટ ઓછો થયો હતો. તે હિંમત કરીને મારી પાસે આવે છે. જેવી મારી પથારી પાસે છે તેવો જ હું એને મારા આલિંગનમાં લઇ લઉ છું. અને ઉપરા છાપરી એના હોઠ અને ગાલ પર બે ચાર ચુંબન ચોંડી દઉં છું. અને ધીરે રહીને કહું છું, 'સરોજ, કાલે રાત્રે ફાર્મ ઉપર તેં આવવાનું કહેલું અને તું આવી નહોતી. બહુ રાહ જોવડાવી. પહેલાં તો કેટલીય વાર ફાર્મ પર તું આવી હતી. પૈસાનો તારો સ્વાર્થ પત્યો એટલે કદાચ આવવાની ઇચ્છા નહી હોય. કેમ ખરું ને ? તું તારી જાતે જ આવવાનું કહીને ન આવે તેથી મને દુઃખ તો થાય જ. ભલે આજ કાલમાં સમય કાઢી આવી જજે. અત્યાર સુધી મેં જે પૈસા આપ્યા એ માફ ગણજે. બીજા જોઇએ એટલા પૈસા આપીશ. તું તો પૈસા માટે બધું જ કરવા તૈયાર થાય છે કેમ ખરું ને ? તમારા જેવી સ્ત્રીઓ પૈસા માટે.....' મે આગળ કશુ કહ્યું નહીં. પણ મેં એને મારા આલિંગનમાં જકડી રાખી. એક હાથે મેં એને પકડી રાખી અને બીજા હાથે એના માથા પર અને પીઠ પર હાથ ફેરવતો રહ્યો. બિલાડીના મોંમાં પકડાયેલ કબૂતર જેમ તરફડિયાં મારે તેમ તે તરફડિયાં મારતી હતી. મારી પકડમાંથી છૂટવાની તેની હિંમત નહોતી. મને લાગ્યુ કે આટલુ બસ છે. છેવટે મેં એને છૂટી કરી અને કહ્યું, 'સરોજ, અત્યાર સુધી તેં મારી સેવાચાકરી કરી છે તે પ્રમાણે તું સેવાચાકરી કરતી રહીશ તો તારે જેટલા જોઇએ તેટલા પૈસા હું આપીશ. મને એકલાને જ જો વફાદાર રહીશ તો રોદણાં રડીને અને બહાનાં બતાવીને લોકોની પાસેથી પૈસા તો તારે નહી માગવા પડે ને ? મેં તો મારી વાત તને કરી. પછી જેવી તારી મરજી.' મારાથી છૂટેલી તે સીધી જ તેના છોકરાની પથારી પાસેની ખુરશીમાં જઇ પછડાઇ પડી. ટેકનિશિયનો, નર્સો અને બીજા હાજર હતા તે બધાં જ જોતા રહ્યા. હવે ક્યારેય તે કોઇને છેતરવાનો પ્રયત્ન નહી કરે એ મેં માની લીધું, અને હવે રહી મારા એને આપેલા પૈસાની વાત. એ તો કેવી રીતે મેળવવા એ નો તો મને ખ્યાલ છે એટલે એ બાબત તો હું વિચારતો જ નથી. મારે એનો ભવાડો કરવો હતો તે થઇ ગયો. મને એમાં સંતોષ છે. અને જુઓ સાહેબ, તમને

પણ ચેતવણી આપું છું કે સરોજનો પક્ષ લઇ તમે ક્યારેય મારી સાથે વાત ના કરતા અને બીજુ આપણા સંબંધોમાં કોઇ ઓટ નહી આવે એની હું ખાતરી આપું છું.' કહેતોક ને મગન ફોન કાપી નાખે છે.

'તો વાત એમ છે' વિચારતો પ્રોફેસર સુખદેવ પથારીમાં આડો પડે છે. મગનની વાત સાંભળી એની ઉંઘ વેરણ થઇ ગઇ છે. જો કે એને સરોજ પ્રત્યે દયા જાગે છે. પણ એને માટે એ શું કરે ? સરોજ જુઠ્ઠ બોલી છે. પોતાની જ જાતને બહુ ચાલાક સમજે છે. સરોજ જેવી સ્ત્રીઓ આ સમાજમાં કેટલી હશે ? એવું વિચારતો છેવટે સુખદેવ ઊંઘ ના આવવાના કારણે પથારીમાં પડખાં ફેરવતો રહે છે.

## પાંસઠ

## એવો ને એવો મગન

બે-એક માસ સુધી મગનભાઇના દર્શન તો તેને ન થયાં. હવે તે પોતાની ઓફિસે પણ અનિયમિત જવા લાગ્યો. ઓચિંતા એક શનિવારે પોતાની ઓફિસમાં બેઠો-બેઠો તે તેની નવલકથાનાં પ્રુફ તપાસી રહ્યો હતો. ત્યાં તો એક મોટો સમૂહ એકી સાથે તેની ઓફિસમાં પ્રવેશે છે. એ બધાંને જોતાં સુખદેવ આશ્ચર્ય અનુભવે છે. સુખદેવ જુએ છે કે આવનાર સમૂહને તે પૂરે પૂરો ઓળખે છે. મગન, એની પાછળ સરોજ, એની પાછળ રીટા, મમતા અને બીજી કોઇ ત્રીસેક વર્ષની સ્ત્રી પ્રવેશે છે. સુખદેવને યાદ આવે છે મગન અને સરોજનો ઝગડો. તો પછી સરોજ મગન સાથે ક્યાંથી ? એ તે વિચારે છે અને કદાચ સરોજ હોય તો પછી રીટા અને મમતા ક્યાંથી ? આમ તો એક જ મ્યાનમાં એક તલવાર રહી શકે. અને કદાચ વધારે તલવાર રહેતી હોય તો પણ એકબીજાનો પરિચય ન હોય. અને અહીં તો ક્રમશઃ મગનના જીવનમાં પ્રવેશેલી રીટા, મમતા અને સરોજ એક સાથે ક્યાંથી હોઇ શકે ? અને ચોથું અજાણ્યુ પાત્ર, એ પણ જાણેકેમગનના જીવનમાં પ્રવેશવા તો નહીં આવ્યુંહોય ? એક ક્ષણ તો વિચારોને દૂર હડસેલી સુખદેવ બધાંને આવકારે છે.

મગન ધીરે રહી પોતાની થેલીમાંથી એક મોટું બોક્સ કાઢે છે. ટેબલ પર મૂકે છે. અને પછી ખોલે છે. તેમાં તીખું અને ગળપણ પ્રાપ્ત થાય એવો નાસ્તો છે.

'જુઓ સાહેબ, આજ એક મહત્વની બાબતની જાણ કરવા અમે બધાં અહીં આવ્યા છીએ. એની ખુશાલીમાં આ નાસ્તો છે. આપણે બધાં સાથે કરીશું. તમને આશ્ચર્ય તો થશે. પણ હું થોડો સુધરુ છું અને એટલોજ બગડી પણ ગયો છું. સરોજના દીકરાના ટ્રાન્સપ્લાન્ટ માટે હું પૈસા આપવાનો છું. એથી સરોજ મારા જીવનમાંથી દૂર થશે. અને રીટા હવે અહીંથી નોકરી છોડી બીજે નોકરી કરવા જતી હોઇ તેથી તે મારા જીવનમાંથી અદશ્ય થશે. અને રહી વાત મમતાની, તેને હું છોડી શકુ તેમ નથી. અને આ પાર્વતીબેન, જેમની સાથે મારે હમણાં પરિચય થયો. તેમનો ભાઇ ડાયાલિસીસ માટે આવે છે. તે શોખીન છે. તે મારી સાથે જોડાવા તૈયાર છે. આમ મારા જીવનમાં બે પાત્રો મારાથી દૂર કરું છું અને એક પાત્ર મારા જીવનમાં જોડાય છે. અને બીજું મારી તમારી સાથેની આ છેલ્લી મુલાકાત છે. હું પાછો મુંબઇ ચાલ્યો જાઉ છું. અહીંથી હું થાકયો નથી. પણ મારી વાત તો તમે જાણો છો. ખાસ કરીને તરસની. તરસ છીપાતી નથી. તેથી મુંબઇ હું ટ્રાન્સપ્લાન્ટ કરાવી દેવાનો છું. આ પાર્વતીબેનની કિડની મને માફક આવે એમ છે. તે મને કિડની આપશે. અને પછી હું, મમતા અને પાર્વતી એક સાથે રહીશું.

બધાં પ્રેમથી નાસ્તો કરે છે. અને પછી એક પછી એક સુખદેવને પગે પડે છે. અને ધીરે ધીરે બધાં સુખદેવને વિચારતો મૂકી ઓફિસની બહાર નીકળી જાય છે. દૂર દૂર ચાલ્યાં જતાં બધાંની પીઠને તે તાકી રહે છે. અને પોતાની જાતને એકલો પડી ગયો હોય તેવું અનુભવે છે. ધીરેથી બીજી ખુરશી ખેંચી પગ લાંબા કરી જાણે કે થાક ઉતારતો હોય એમ પડી રહે છે.

## છાસઠ

# ઈન્ડોર પેશન્ટ - ૨૯૫૦૭

યુરોલોજીકલ હોસ્પિટલમાં નામથી-મોટે ભાગે ઈન્ડોર નંબરથી દર્દીઓની ઓળખ થતી. દરેક દર્દીની અલગ ફાઈલ રહેતી. પ્રોફેસર સુખદેવનો ઈનડોર પેશન્ટ નંબર ૨૯૫૦૭ હતો. અત્યાર સુધી લગભગ ૫૭૮ ડાયાલિસીસ તેણે કરાવ્યાં. આજે તેને યાદ આવે છે....

ગઈ ત્રેવીસમી માર્ચે ૫૪૮ નું ડાયાલિસીસ હતું. મૃત્યુદેવીને આપેલા સમય તે દિવસે છ માસનો બાકી હતો. તે દિવસે તેણે વિચારેલું કે હજુય તેનું એકાદ સામાજીક કામ બાકી રહી જવાનું છે. એટલે મૃત્યુદેવી તેને લેવા આવશે પણ પાછાં વળી જશે.

પ્રોફેસર સુખદેવને હજુ જીવવું છે. કેટલાંક કાર્યો પણ કરવાં છે. પ્રોફેસર સુખદેવ નિવૃત્ત થઈ ગયેલો છે. છતાંય નિવૃત્તિ તેને કઠેછે. હવે તો ડાયાલિસીસ કરાવવું અને જીવવું એ જ એનું મુખ્ય કાર્ય છે. મનુષ્ય માત્રને લાંબુ જીવવાના અભરખા હોય તેવા જ અભરખા પ્રોફેસર સુખદેવને હોય એ સ્વાભાવિક છે.

હજુ પણ બે-એક વર્ષ ખેંચી કાઢવાનું તે ઈચ્છે છે. આમ તો તે મૃત્યુ આજે આવે તો પણ ચિંતા કરી શકે તેમ નથી. કેમ કે તે મૃત્યુનો સ્વીકાર કરીને જ બેઠો છે. આ સ્વીકારની ઊંડે ઊંડે તેના મનમાં હજુય એકાદ - બે વર્ષ જીવવાના વિચારો આવ્યા જ કરે છે. જો કે તે પણ એવું જ માને છે કે સાજો માણસ ગમે ત્યારે મૃત્યુ પામે તો માંદા માણસનો - કિડનીના દર્દીનો - શો ભરોસો ?

બીજાંને ઉપદેશ આપનારો પ્રોફેસર સુખદેવ આજે ત્રેવીસમી માર્ચે - એના જન્મદિવસે હજુ પણ લાંબુ જીવવાના મનોરથ સાથે ડાયાલિસીસ વિભાગમાં પ્રવેશે છે. અને તે દિવસથી તે સીંગલ ડાયલાઈઝરનો ઉપયોગ કરવાનું વિચારે છે. તે જોતો હતો કે મોટા ભાગના દર્દીઓ માટે વપરાતું ડાયલાઈઝર સાતથી આઠ વખત ઉપયોગમાં લેવાતું. પરિણામ એ આવતું કે કેટલાય દર્દીઓને 'ઈન્ફેક્શન' થતું, એ તે જોતો. દર્દીઓ પીડાતા પણ ખરાં. માનસિક વ્યથા પણ અનુભવતાં. કોઈ ટેકનિશિયને તેને કહેલું કે, 'સીંગલ ડાયલાઈઝરનો ઉપયોગ કરવાથી, તમે ઈન્ફેક્શનથી બચી શકો.' એટલે તેણે સીંગલ ડાયલાઈઝરનો ઉપયોગ કરવાનો વિચાર કર્યો અને મુખ્ય ટેકનિશિયન ભૂપેન્દ્રભાઈને બોલાવીને કહે છે કે, 'ભૂપેન્દ્રભાઈ, આજથી હું સીંગલ ડાયલાઈઝરનો ઉપયોગ કરીશ.'

આની જાણ ભૂપેન્દ્રભાઈ ડાયાલિસીસ વિભાગના ડૉકટરને કરે છે. ડૉકટર આવી તેને કહે છે કે, 'તમે બહુ સારો નિર્ણય કર્યો. પણ એકાએક સીંગલ ડાયલાઈઝર વાપરવાનું તમે કેમ વિચાર્યુ. તે મને કહી શકશો ?'

'ડૉકટર સાહેબ, અહીં મોટે ભાગે ડાયલાઈઝરનો છ થી સાત વખત ઉપયોગ થાય છે. એ કારણે કેટલાંક દર્દીઓને 'ઈન્ફેક્શન' પણ થતું હું જોઉ છું. મારી સાથે ડાયાલિસીસ કરાવવા આવતા કેટલાક દર્દીઓને મેં મૃત્યુ પામતાં પણ જોયાં છે. કેટલાકના મૃત્યુ એમની પથારી ખાલી જોતાં થયાં છે એમ હું જાણું છું. મારે જીવવું છે, ઘણા લાંબા સમય સુધી જીવવું છે. સીંગલ ડાયલાઈઝરનો ઉપયોગ કરવાથી કાદાચ હું 'ઈન્ફેક્શન' થી બચી જઈશ અને થોડું લાંબુ ખેંચી શકીશ ,એવું માનવાથી મેં આ નિર્ણય કર્યો છે.'

અને પછી તેણે સીંગલ ડાયલાઈઝરનો ઉપયોગ કરવા માંડ્યો. તે આનંદિત ચહેરે ડાયાલિસીસ માટે આવતો રહ્યો. તે સ્વસ્થ્ય હતો. તેને બીજી કોઈ મુશ્કેલી નહોતી. મોટે ભાગે ડૉકટરો સાથે તેને ઝગડો થતો. જે ડૉટકર તપાસવા આવે તે કાયમ બે ને બદલે ત્રણ ડાયાલિસીસ અઠવાડિયામાં કરાવવાનો આગ્રહ રાખતા. બધાં ડૉકટર ની સામે તે ઝઝૂમતો રહ્યો. આમ ને આમ સાડા પાંચ વર્ષ જેટલો સમય પસાર થાય છે. પણ ત્રણ ડાયાલિસીસ કરાવવાનું તે સ્વીકારતો નથી. ડૉકટરો તેની હઠ છોઠતા નથી. છેવટે ડૉકટરો જીત્યા, તે હાર્યો...

તેના...

૫૭૮ મા ડાયાલિસીસથી તેણે જાતે જ ત્રણ ડાયાલિસીસ કરાવવાનું સ્વીકાર્યુ.

બન્યુ એવું કે એક શુક્રવારે ડાયાલિસીસ પતાવ્યા પછી તે ઘરે પહોંચ્યો ત્યારે તેનું આખુંય શરીર તાવથી પીડાતું હોય એવું તેણે અનુભવ્યું. શનિવાર આખોય દિવસ ઘરે તેને સૂઈ રહેવું પડયું. આનંદ નગર બેઠા-બેઠા, રાજગઢ યુરોલોજીકલ હોસ્પિટલના ડૉટકરો સાથે તાવની દવાની વાત કરી. બજારમાંથી દવા ખરીદી લાવી લેવા માંડી. પણ શનિવારે રાત્રે એવી વિકટ પરિસ્થિતિમાં મૂકાઈ ગયો કે પથારીમાં સૂઈ ના શકાય. થોડી થોડી વારે

ઊભુ થવું પડતું. બેસી પણ શકાય નહી. આખી રાત્રિ તેણે ઊભા ઊભા પસાર કરી. તેનાં સ્નેહીજનોએ રવિવારે દવાખાનામાં જવાનું કહ્યું. પણ તેણે માન્યુ નહિ.

રવિવારનો આખો દિવસ અને રાત્રિ પણ આ પ્રમાણે જ પસાર થઈ. તેને યાદ આવ્યું કે, ‘કદાચ મૃત્યુદેવીને આપેલો સમય પૂરો થવા આવ્યો છે. મૃત્યુદેવીએ છસોમાં ડાયાલિસીસ ની અવધિ તેને આપી હતી. તે આ માંદગીમાંથી ઊભો નહી થઈ શકે. આ તાવ એને માટે આયુષ્યનો છેલ્લો તાવ છે એમ તે માનવા લાગ્યો. ’

અને..

છેવટે સોમવારે સવારે યુરોલોજીકલ હોસ્પિટલમાં દાખલ થવા તે તૈયાર થાય છે. આમ તો તે તાવથી પીડાતો હતો. હોસ્પિટલના ડૉક્ટર તાવનો રિપોર્ટ કરાવે છે. તાવ પકડાતો નથી. રિપોર્ટ ‘NIL’ આવે છે. ખરેખર તાવથી તે ત્રાસી ગયો છે. તે દિવસે સોમવાર હતો. ડૉક્ટર દવાખાનામાં દાખલ થવાનું સૂચન કરે છે. અને તેજ દિવસે એક વધારાનું ડાયાલિસીસ કરાવવાનું પણ કહે છે. તે સંમત થાય છે. ડૉક્ટરો તાવ પકડી શકતા નથી. હજાર-હજાર રૂપિયાનાં ઈંજેક્શનો તે ખાધે જાય છે. છઠ્ઠે દિવસે તાવ ઉતરે છે. દશેક દિવસ હોસ્પિટલમાં તે રહે છે.

અત્યાર સુધી ત્રણ ડાયાલિસીસ ન કરાવવાં જોઈએ તેવું મક્કમપણે માનનારો તે પોતાની જાતે જ ત્રણ ડાયાલિસીસ કરાવવા સંમત થાય છે અને આમ તેના જીવનમાં એક નવો અધ્યાય શરૂ થાય છે. હવે તે અઠવાડિયામાં સોમવાર, બુધવાર અને શનિવાર એમ ત્રણ દિવસ હોસ્પિટલમાં ડાયાલિસીસ માટે જાય છે.

સમય અને વાર બદલાવાથી જૂના દર્દીઓ ભાગ્યેજ મળતા. તાવની માંદગી પછી અકાળે વૃધ્ધ થઈ ગયો હોય તેવું તે માનવા લાગ્યો. અત્યાર સુધી જે ઉમંગથી તે ડાયાલિસીસ વિભાગમાં પ્રવેશતો એ ઉમંગ હવે તેનામાં જોવા ન મળતો. રગસિયા ગાડાની માફક હવે જીવન જીવવાનું હોય એવી લાગણી સાથે પોતાની વિચારધારા છોડી બીજાઓના આદેશ પ્રમાણે તે વર્તવા લાગ્યો.

હવે તે કોઈ બાબતની ચિંતા કરતો નથી. વહેલા-મોડા મશીન પર લેવાય ત્યારે પણ કોઈને કશી ફરિયાદ કરતો નથી. તે આવતો રહે છે. કદાચ લાંબા સમય સુધી આવતો રહેશે. ક્યાં સુધી ? એની એને ખબર નથી.....હવે તેણે બધું જ કુદરત પર છોડી દીધું છે.

## ‘વેઈટ, ડાયેટ એન્ડ ડાયાલિસીસ’
### *નવલકથાના અનુસંધાનમાં આગળ*
### *વધતી નવલકથા*
## ‘પ્રત્યારોપણ’- સોનેરી સપનાનું આકાશ

**મારી વાત**

૧૯૯૯માં શરીરનું એક મહત્વનું અંગ-બંને કિડની-સંકોચાવા લાગ્યું છે. તેવું ડૉક્ટરી તપાસમાં મને ખબર પડી. આ જાણતાં જ માનસિક રીતે હું ભાંગી પડેલો. પણ બે-ચાર દિવસમાં જ ‘દીકરા જે સમયે જે થાય છે તે ભગવાન આપણા ભલા માટે કરે છે તેનો વસવસો જીવનમાં ક્યારેય ન કરવો.’ એ વાક્ય મારા માટે મારા સ્વર્ગસ્થ પિતાશ્રીનું અંતિમ વાક્ય હતું. તે યાદ આવતાં જ મેં ભય છોડી દીધો. જો નિયતિ દ્વારા જ આમ થયું હોય તો નિયતિ સામે લડવાનો શો અર્થ ? અને મેં કાયમ ડાયાલિસીસ પર રહેવું એવું મનોમન નક્કી કરી દીધું. આમ માંદગી પછીના જીવનનો પહેલો અધ્યાય શરૂ થયો. બધું જ સ્વીકારીને હું મારું વાસ્તવિક જીવન જીવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. આ જ સમય દરમ્યાન કોલેજની અધ્યાપક તરીકેની નોકરી પણ સ્વૈચ્છાએ છોડી ફરજમાંથી મૂક્ત બની ગયો. હવે બસ નિવૃત્તિ જ હતી ! જીવનનું એક જ મહત્વનું કાર્ય હતું - નિયમિત યુરોલોજીકલ હોસ્પિટલમાં ડાયાલિસીસ માટે જવું. પણ પરિસ્થિતિ થોડી વિકટ બની. મારી પાસે બી જું કોઈ કામ નહોતું. નિવૃત્તિ કઠવા લાગી. ઘરના મકાનની ચાર દિવાલો વચ્ચે જીવ અકળાવા લાગ્યો. અને છેવટે જૂની સાહિત્યિક પ્રવૃત્તિઓ કરવી એવું નક્કી કર્યું. આ જ દિવસોમાં માનસિક શાંતિ માટે સામરખા છોડી વિદ્યાનગર સ્થાયી થયો.

વર્ષો સુધી જુદા જુદા સમયે જે કંઈ લખેલું - નોટબુક કે કાગળોમાં - પસ્તીની માફક ઘરના ગમે તે કબાટમાં પડી રહેલું. પણ તે બધું સચવાયેલું હતું. અને પછી તો એ બધું ક્રમશઃ વ્યવસ્થિત થઈ પુસ્તકના આકારે પ્રગટ થવા માંડ્યુ. હવે સતત લખાતું રહ્યું.

અને....એક દિવસે મને કિડનીના દર્દીઓ વિશે નવલકથા લખવાનું મન થયું. થોડું ઘણું લખ્યું. પણ ક્રાંઈ જામતું નહોતું. ડાયાલિસીસ કરાવવા આવતા દર્દીઓ દર્દથી પીડાતા, માનસિક વ્યથાઓ ભોગવતા મેં જોયા. જો કે એમાંનો હું પણ એક હતો ને ? લખાતું ગયું. એમને એમ નવલકથાનો પિંડ બંધાતો ગયો.

અને એક દિવસે-

'સાહેબ, જુઓ જુઓ......પેલાએ બચી કરી' મારી બાજુમાં જ ડાયાલિસીસ કરાવતા પિસ્તાલીસેક વર્ષની ઉંમર ધરાવતા એક લાખોપતિ દર્દીએ કોઈ ચિત્રનું દશ્ય-ટી.વી. પરનું દશ્ય-મને બતાવ્યું અને એ બોલ્યા, બસ...મારી મૂંઝવણ દૂર થઈ અને એ રીતે નવલકથાના એક મહત્વના પાત્રનો - મગન ગંજેરી - જન્મ થયો. હવે કથા મારા મનમાં રમતી રહી અને લખાતું રહયું.

કિડનીના દર્દથી પીડાતા અને અસહ્ય વેદના અને માનસિક વ્યથા અનુભવતા દર્દીઓને મેં જોયા છે. અરે!...બાજુની પથારીમાં ડાયાલિસીસ કરાવતા દર્દીની સાથે વાત કરતા હોઈએ અને થોડી વાર પછી દર્દીનું જીવન સંકેલાતું પણ જોયું છે. મૃત્યુની પીડા પણ અનુભવી છે. આ નવકથામાં કિડનીના દર્દની આસપાસ રમતા પાત્રોને આલેખવાનો પ્રયત્ન કર્યો છે. અને એ લખવામાં હું કેટલે અંશે સફળ રહ્યો છું એનો મને ખ્યાલ નથી. હું તો એટલું જ જાણું છું કે 'વેઈટ, ડાયેટ એન્ડ ડાયાલિસીસ' નવલકથા મારા દ્વારા લખાઈ છે એનો મને ગર્વ છે. જો કે આ નવલકથા લખવાનો હેતુ સિધ્ધી મળે છે કે કેમ એ વાચકો અને વિવેચકો પર છોડું છું.

આ લખાય છે ત્યારે પણ સતત ડાયાલિસીસની પ્રક્રિયામાંથી હું પસાર થાઉં છું. મનોમન નિશ્ચય કરી બેઠો છું કે સતત છેલ્લા ડાયાલિસીસ સુધી જ્યારે જ્યારે સમય મળશે. ત્યારે હું લખતો રહીશ.

ભવિષ્યમાં આ જ નવકથાના અનુસંધાનમાં 'કિડની પ્રત્યારોપણ' - સોનેરી સપનાનું આકાશ' લખવાનો વિચાર છે. કુદરત જો ઈચ્છશે તો એ નવલકથા પણ હું પૂરી કરીશ !

આ નવલકથા લખવાની શરૂઆત કરી ત્યારે અધ્યાપક તરીકેની મારી ફરજ હું બજાવતો હતો. એક દિવસે સ્ટાફ રૂમમાં બેઠો બેઠો હું કિડનીના દર્દ વિશેની ચર્ચા પ્રોફેસર ઈશ્વરભાઈ ડાભી સાથે કરતો હતો. ચર્ચા વખતે મિત્ર દાવે તેમણે સલાહ આપી કે, 'વજનનું નિયંત્રણ, આહારનું નિયંત્રણ જે કિડનીનો દર્દી રાખે અને નિયમિત ડાયાલિસીસ કરાવે તે શરીરે સ્વસ્થ રહી શકે અને લાંબુ આયુષ્ય ભોગવે.' વાતવાતમાં તેમણે આપેલી સલાહ મેં સ્વીકારી લીધી. કિડ્ની વિશે નવલકથા લખવી હતી, પણ નવલકથાનું શું નામ આપવું એ વિચાર્યુ નહોતું. ડાભી સાહેબે કહેલી સલાહ એ જ મારી નવલકથાનું નામ બની ગયું. અને પરિણામે - 'વેઈટ ડાયેટ એન્ડ ડાયાલિસીસ' ના નામે આ નવલકથા પ્રગટ થાય છે. નવલકથાનું શીર્ષક જેના થકી મળ્યું છે તે ઈશ્વરભાઈ ડાભીનો હં આભારી છું.

વડીલ મિત્ર શ્રી કનુભાઈ સુણાવકરને હું ભૂલી શકું તેમ નથી. કિડની ડૉનર તરીકે તેમણે તૈયારી બતાવેલી અને આ નલકથાની પ્રસ્તાવના લખી આપી મને એમનો ઋણી બનાવ્યો છે. જો કે સ્નેહી મિત્રોનો આભાર માનવાનો ન હોય. પ્રોફેસર સી. વી. મહેતાને પણ મારે યાદ કરવા રહ્યા. આ નવલકથા જયારે જ્યારે લખાતી હતી ત્યારે ત્યારે એક શ્રોતા બનીને તેમણે નવલકથાને સાંભળી છે. આટલું ઝડપથી લખાતું જાય છે તે આશ્ચર્ય સાથે હું લખાવતો હતો ત્યારે તે મારી સામે જોઈ જ રહેતા. મારી સાહિત્યિક પ્રવૃત્તિમાં ક્યાંક ક્યારેક પ્રેરકબળ તેઓ બની રહ્યા છે. તેમનો પણ આભાર માનું છું.

અને... તમને કેવી રીતે ભૂલી શકું. તમે મને બહુ પજવ્યો છે. જયારે જયારે પાણી પીતો હોઉં ત્યારે, 'દાદા, તમે પાણી બહુ પીવો છો. બાને કહી દઈશ.' એવું કહી કેયુર, તુ મને ટોકતો. મને પાણી બરોબર પીવા દેતો નહીં. અને દવા લેતી વખતે તમારી પાસે પાણી મંગાવું ત્યારે 'તમે ઘુંટડો જ પાણી મને આપતા.' એ હેમિલ અને માનસીને કેવી રીતે ભૂલી શકું. આ ત્રણેય જણે મને બહુ પજવ્યો છે. પાણી પીતી વખતે જાણ કે મારી પર નજર રાખતા ન હોય તે રીતે મને સાચવતા. અને તમારી પજવણીમાં મારા પ્રત્યે છલકાતો તમારો પ્રેમ હું ક્યારે વીસરી નહીં શકું. તમે યુવાન ઉંમરે પહોંચશો ત્યારે તો કદાચ હું નહીં હોઉં ! પણ આજે ? જ્યારે એકલો બેઠો હોઉ ત્યારે

તમને યાદ કરી તમારી નિર્દોષતા મારા હૃદયમાં સ્પર્શ પામતી હોય તેવો ભાવ અનુભવું છું.

આ નવલકથાનાં કેટલાંક પ્રકરણો વાંચી સંતોષ પ્રગટ કરનાર કનુ પરમાર ‘સાહિલ’ નો પણ આભાર.

આ નવલકથા લખતી વખતે મને ઘણાં બધાંની હુંફ પ્રાપ્ત થઇ છે. એ બધાંનો નામો ઉલ્લેખ કરતો નથી. પણ તેમનું ઋણ સ્વીકારું છું.

મોટી ખડકી — કૃષ્ણ દેવ આર્ય<br>
મુ. પો. સામરખા (Prof. K.B. Patel)<br>
જિ. આણંદ

## તડપ અને તરસની કથા

- કનુ સુણાવકર

પ્રો. કૃષ્ણદેવ આર્ય નામધારી માણસે લખેલી, પ્રો. સુખદેવની આત્મકથાત્મક જણાતી, પણ વાસ્તવમાં અનેક રોગગ્રસ્ત દર્દીઓની પણ, તડપ અને તરસ સરસ રીતે દર્શાવતી આ એક અપૂર્વ નવલકથા છે. એક રીતે થાકની કથા છે, વ્યથાની વાર્તા છે. મરણોન્મુખ સ્થિતિની હકીકત છતાં, જિજિવિષાની કથા છે. કૃષ્ણદેવ નામધારી આ માણસ આમ તો દુઃખના પહાડ ઊપાડતા ગિરિધારી જેવા છે, પણ સદા સ્મિતવંતા ચહેરા સાથે જીવંત જીવન જીવ્યે જનારો જણ છે. અંદર કદાચ આંસુ ઝંમતા હશે પણ બહાર તો, રાવજીના ‘અશ્રુઘર’ માં નહીં પણ સદાના સ્મિતઘરમાં વસી રહી, કથા કહે જાય છે અનેક જણની.

છાસઠ પ્રકરણોમાં આલેખાયેલી આ કથાનો નાયક પ્રો. સુખદેવ (કહો કે પ્રો. કૃષ્ણદેવ) છે . આ સુખદેવને દુઃખનાં ચિહ્ન : (આંસુ) દૂર કરીને, દૂર રહીને, છતાં માંહી પડીને, અન્ય દર્દીઓનાં દુઃખને વાચા આપતાં આપતાં, પોતાની નિજ કથા/વ્યથા પણ આબાદ રીતે સંકેતી છે જે ધ્યાનપાત્ર જ નહીં. આસ્વાદપાત્ર છે. પહેલાં પ્રથમ અને અંતિમ, બે પરિચ્છદો જોઇએ.

રાજગઢની યુરોલોજીકલ હોસ્પિટલના ડાયાલિસીસ વિભાગના સીનિયર ટેકનિશિયન વોર્ડના દર્દીઓ તથા તેમની સાથ આવેલાં સગાં સાંભળે તે રીતે એક નોટિસ વાંચી સંભળાવે છે :

‘‘આજે ચાર વાગ્યે હોસ્પિટલના સભાખંડો કિડનીના દર્દની ડાયાલિસીસ કેમ કરવું જોઇઅ તેની સમજણ આપતી એક મિટિંગ છે. બધા જ દર્દીઓને હાજર રહેવા વનંતી છે.’’

- અને અંતિમ પરિચ્છેદ :

........ અને આમ તેના ( સુખદેવના) જીવનમાં એક નવો અધ્યાય શરૂ થાય છે. હવે તે અઠવાડિયામાં , સોમવાર, બુધવાર અને શનિવાર એમ ત્રણ દિવસ હોસ્પિટલમાં ડાયાલિસીસ માટે જાય છે....

...સમય અને વાર બદલાવાથી જૂના દર્દીઓ ભાગ્યેજ મળતા. તાવની માંદગી પછી અકાળે વૃધ્ધ થઇ ગયો હોય તેવું તે માનવા લાગ્યો. અત્યાર સુધી જે ઉંમગથી તે ડાયાલિસીસ વિભાગમાં પ્રવેશતો એ ઉમંગ હવે તેનામાં જોવા ન મળતો. રગસિયા ગાડાની માફક હવે જીવન જીવવાનું હોય એવી લાગણી સાથે પોતાની વિચારધારા છોડી બીજાઓના આદેશ પ્રમાણે તે વર્તવા લાગ્યો.

હવે તે કોઇ બાબતની ચિંતા કરતો નથી. વહેલા-મોડા મશીન પર લેવાય ત્યારે પણ કોઇને કશી ફરિયાદ કરતો નથી. તે આવતો રહે છે. કદાચ લાંબા સમય સુધી આવતો રહેશે. ક્યાં સુધી ? એની એને ખબર નથી.......હવે તેણે બધું જ કુદરત પર છોડી દીધું છે.’

આ બે પરિચ્છેદોની વચ્ચે પ્રો. સુખદેવ, કહો કે બે પડ વચ્ચે દબાતાં દબાતાં, દર્દપૂર્વક અન્યોના હમદર્દ બની રહીને, જે પ્રબળ જીવન ઝંખના વ્યકત કરતો જાય છે : તેની કથા ખૂબ વેધકપૂવર્ક/ રીતે આ કૃતિમાં અભિવ્યકત થઇ છે.

આ ‘સુખદેવ’ નામતો જુઓ ! જેણે દૂઃખ સિવાય કંઇ જાણ્યું/અનુભવ્યું નથી ને નામ સુખદેવ- સુખ દેનારો. દુઃખ પીનારો સુખદેવ આપણને ડોલાયમાન માણસ ધરાવતો માણસ લાગે, પણ અંદરથી પૂરો સ્વસ્થ અને મસ્ત જીવ છે. એ નોંધવું જોઇએ.. સુખદેવે અનેક માણસો કહો, કે દર્દીઓ સાથે ઘરોબો કેળવ્યો છે. હોસ્પિટલમાં સર્વ સાથે એને સમ્બન્ધી છે. સારા-ખરાબ, નૈતિક-અનૈતિક : બધા ખયાલો ને બાજુ પર હડસેલી

દઈ સુખદેવ, બધાનો બધી રીતે સાથી સન્મિત્ર રહીને સર્વેને યથાયોગ્ય માર્ગદર્શન આપે એ પોતાને તો એના અંતરમાં બેઠાલા ગુરુનું, આત્માનું માર્ગદર્શન મળી રહે છે તેથી તો એ મૃત્યુને પણ દેવી સ્વરૂપે નિહાળે છે અને મૃત્યુની દેવી સાથે અપૂર્વ સંવાદ સાધે છે !

આ કથામાં કેન્દ્રસ્થ પાત્ર સુખદેવ છે. દર્દી છે. આ દર્દીને તપાસતાં ડોકટર કહે છે :'...તમે વધારે પડતું તમાકુનું સેવન કરતા હો તેમ લાગે છે. જો તેમ હોય તો તેનું સેવન કરવાનું બંધ કરી દો. વધુ પડતા તમાકુના સેવનથી પણ કિડની પર અસર થાય છે.'' પરંતુ સુખદેવ પોતે માનતો/અનુભવતો કે તમાકુના સેવનથી માનસિક વ્યથાઓ દૂર થાય છે. શરીરમાં સ્ફૂર્તિ આવે છે. એક નવી જ તાજગીનો અનુભવ થાય છે. પણ આજે કિડનીના દર્દનું નિદાન થતાં છેલ્લીવાર તમાકુનું સેવન કરવા માટે સાંજે મૂકેલી ડબ્બી તે શોધે છે. બહુજ તપાસ કરે છે પણ ડબ્બી તો વેવાઈએ ફેંકી દીધી હતી ! આજે છેલ્લીવાર તમાકુનું સેવન કરી લેવાની તીવ્ર ઈચ્છા એને થઈ ત્યારે જ અધૂરી ડબ્બી ફેંકાઈ ગઈ તેનો વસવસો તેને થયો ખરો !

સુખદેવજી મહારાજ ! તમાકુની ડબ્બી નથી, પણ તમારી છેલ્લે છેલ્લે જીવન જીવવાની જિજિવિષા આ બોલે છે....અને એટલે જ તમે મૃત્યુ સામે લડી લેવાનો નિર્ણય કરો છો ! આ નિર્ણયમાં તમારી જીવન સાથેની જીવંત મૈત્રીનાં દર્શન થાય છે ! તમે જીવન મૃત્યુના હીંચકા પર બેઠા બેઠા વિચારે ઝૂલો છો : ''જે જન્મે છે તે મૃત્યુ પામે જ છે. ....માટે મૃત્યુને સ્વીકારી લે'' સુખદેવજી ! જે જીવન પામે છે, તે મૃત્યુ પણ પામે છે. જે જીવન અને મૃત્યુ ઉભયને પામે છે તે જ શાશ્વતજીવન પામે છે. બાકી તો બધા જીવો જન્મે છે, મરે છે અને પાછા જન્મે છે, પાછા મરે છે- એમ ચકકર ચાલ્યા જ કરે છે.

સુખદેવ પથારીમાં જાગતો સૂતો છે. ચારેબાજુ વોર્ડમાં નજર ફેરવે છે. દર્દીઓ ગાઢ નિદ્રામાં સૂતા છે. તેની પત્ની પણ ભરનિદ્રામાં સૂતેલી છે. આખા વોર્ડમાં તે એકલો જાગે છે. આજે જાગવાનો કોઈનો સંકેત હોય તેવું લાગે છે.....વોર્ડના મુખ્ય બંધ બારણામાંથી (હા, બંધ બારણામાંથી જ) એક અતિ સુન્દર તેજસ્વી સ્ત્રીનો પ્રવેશ થાય છે. બંધ બારણામાંથી. મૃત્યુદેવી બંધ બારણાં હોય તોય આવી શકેને ?

તેજસ્વીની નારીરૂપે દેવી સુખદેવની પથારી સમીપ આવીને ઉભે છે. સુખદેવ ઓળખી જાય છે આ મૃત્યદેવીને તેથી કહે છે : '' હું જાણું છું કે તમારે કોઈની પાસે જવું હોય તો, કોઈની પરવાનગી લેવાની પણ જરૂર નથી.''

- પછી બે હાથ જોડી વંદન કરતા સુખદેવ દેવીને કહે : ''ભલે આવો. હું તમારી જ રાહ જોતો હતો.'' પછી એક વિનંતી કરે છે ''મારે હજી કેટલાંક વચન નિભાવવાનાં, કેટલાંક અધૂરાં કાર્ય કરવાનાં બાકી છે, તમે મને લઈ જાવ એ પહેલાં થોડો સમય આપો.''

દેવી સમય આપે છે. : જાવ, તમે હવે ત્રણ વર્ષ લગી નિરાંતે જીવી શકશો ! ''

- પછી વેઈટ, ડાયેટ એન્ડ ડાયાલિસીસનું રાબેતા મુજબ ચકકર ચાલુ થઈ જાયછે. ચકકર ચાલતું રહે છે. પ્રો. સુખદેવનું કામ પણ ચાલતાં રહે છે.

- પછી અનેક દર્દીઓ આવે છે સુખદેવના સંપર્કમાં, વોર્ડમાં, હોસ્પિટલમાં - મગન ગંજેરી મારવાડ ભણીનો, મુંબઈ મામાને હાથે ઘડાયેલો, કિડનીને કારણે રાજગઢની હોસ્પિટલમાં દાખલ થયેલો...આ મગનભાઈ ગંજેરીને આત્મવત્ ગણીને સુખદેવ ઘટતું માર્ગદર્શન કરાવે  છે. મગન જેવો છે તેવો સુખદેવને સ્વીકાર્ય છે. કિડનીના દર્દની ડોકટરો આપે તેવી જ વાસ્તવિક વિગતો એ મગનને આપે છે સાથે મગનની વ્યથા/કથા પણ સાંભળે છે. રીટા સિસ્ટર-મગનજીના મનોમય સંબંધો- સંપર્કોની વાતને આખા જીવનના એક ખંડરૂપે જાણીને મગનને મિત્રવત્ રહી સાચી સલાહ આપે છે.

મગન ગંજેરી તનનો દર્દી તો છે જ મનનો પણ કલ્પનાજીવી, તડપતો જીવ છે જે સિસ્ટર રીટા સાથે મનમેળ અનુભવે છે. નિખાલસ છે તેથી તો  એ સુખદેવને 'બધુ' હતું તે બધું કહે છે : ''માફ કરજો ! ગાડી આડે પાટે ચડી ગઈ. હું (મગન) એમ કહેતો હતો કે જે સિસ્ટર અડધા કલાકે બી. પી. માપવા આવતી હતી, તે મારી ઊંઘ ઉડાડી મૂકતી. વીસેક વરસની સુંદર, દેખાવડી અને કોઈને પણ ગમી જાય તેવી એની મુખાકૃતિ હતી. (તેથી મગનજીને પણ ગમી જ ગઈ, મગનજીના હૈયામાંથી ન ગઈ, રહી પડી) તેથી હું (મગન) તેની રાહ જોઈને પથારીમાં સૂવાનો ઢોંગ કરતો હોઉં. હવે દિવસે વાંચવાને બદલે સૂવાનું રાખતો. રાત્રે સૂવાનાં ઢોંગ કરી તેના

આવવાની રાહ જોતો.....એક દિવસ બી.પી. માપતાં સિસ્ટર થોડુંક નીચી નમી તેની છાતીના અગ્રભાગનો સ્પર્શ તેને થઇ ગયો. સિસ્ટરને આ ગમ્યું હોય તેવું લાગ્યું 'સિસ્ટર, માફ કરજો' મગનજી.
'કશો વાંધો નહીં' સિસ્ટર. અને મગનજી સિસ્ટરના દેહલાલિત્યમાં એવા તો લપટાયા કેપ્રો. સુખદેવનું માર્ગદર્શન મેળવવા લાગ્યા. માણસને માણસ જાણતા ને માનતા સુખદેવ કશા નૈતિક-અનૈતિક ખયાલોના વધીગણો વગર મગનને સચ્ચાઇપૂર્વક હમદર્દ બનીને દોરતા રહે છે. રીટા સિસ્ટરને પણ.

સુખદેવ જીવનનો આખો/બધો ભૂતકાળ જાણી લે છે. અને મગન નામના માણસ દ્વારા માણસજાતની મૂળ વૃત્તિને હોસ્પિટલના વોર્ડપણ, કેવીક પાગંરે છે તેની સાક્ષી બની રહે છે. તેથી જ તે મગન-મામીના રંગઢંગના સંબંધોની લાલભડક કથા સાંભળીને, એ ચોઅલિયા નથી બની જતા, બલ્કે વાસ્તવતો પિછાને છે. જેવા શરીરના રોગ છે, તેવા મનના પણ રોગ હોય છે ને ?

આ કૃતિમાં કિડનીનો ગેરકનૂની કારોબાર કૌભાંડોની પણ હકીકતલક્ષી વિગતો, બનાવોનું અચ્છુ વર્ણન લેખકે આપેલુ છે. તે નવલકથામાં આગંતુક નથી લાગતું, પરંતુ સમગ્ર વાતાવરણને પોષક લાગે છે. આવા બનાવો / કૌભાંડોથી દર્દીઓના મરણાસન્ન માનસ ઉપર કેવીક કુહાડીઓ પડતી હશે તેની કલ્પના કરતાં આપણે, આપણી હોસ્પિટલો અને 'આવા ડોકટરો' વિશે વિચારતા થઇ જઇએ છીએ. લેખક નોંધે છે :

ભારતમાંજ નહિ પણ સમગ્ર વિશ્વમાં કિડની વેચવાનો કરોડો રૂપિયાનો ગેરકાનૂની કારોબાર થતો રહે છે. ભારતનાં કેટલાંક એવા શહેરો છે કે પુરુષોની કિડની ઓછી કિંમતે મેળવીને બ્રિટીશ કિડની પેશન્ટોને વેચવાનો મોટુ કૌભાંડ ચાલે છે. એક શહેર તો એવું છે ત્યાંના રહેવાસીઓ મોટી વયના પુરૂષોએ તેમની એક કિડની વેચી પૈસા રોકડા કરી લીધા છે. લંડનના એક અખબારમાં એક સમાચાર એવા પણ હતા કે અવયવનું 'પ્રત્યારોપણ ' કરાવવા માંગતા સેંકડો બ્રિટીશ દર્દીઓ ભારતમાંના જીવિત દાતાઓ પાસેથી કિડની, આંખની કીકી અને વૃષણ પણ ખરીદી ગયા છે .''

આ અને આવી વિગતો, મૃત્યુની રાહ જોતા દર્દીઓ છાપામાં વાંચે કે સમાચારો સાંભળે તો તેમના પર શી શી વીતતી હશે તેવી કલ્પના કરીએ તો કેવી કરુણ સ્થિતિનો અનુભવ થાય. આ લેખકે સુપેરે આલેખ્યું છે જે નોંધપાત્ર છે. આવી હકીકતોથી- વિગતોથી કથાની આસ્વાદક્ષતમમાં ઘટાડો નથી લાગતો પરંતુ તીવ્રતા અનુભવાય છે. મનીષ નામના કેરાલિયન છોકરાની વાતથી આ તથ્યને બળ/વળ મળે છે. મનીષને કિડનીના પચાસ હજારને બદલે ફકત પંદર હાજર રૂપિયા મળેછે...આવા મનીષો કેટલા હશે ?

ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ ઉપર શી શી ગુજરતી હશે તેની કલ્પના કરતાં ભાવક હબક ખાઇ જાય તો નવાઇ નહીં.

'કિડની પ્રત્યારોપણ' ની વિધિને લેખક અભિમન્યુના યુદ્ધના સાત કોઠા સાથે વિરોધાવે છે. અભિમન્યુ યુદ્ધના સાત કોઠામાં પ્રવેશવાનો રસ્તો જાણતો હતો. પરંતુ પાછા નીકળવાનો રસ્તો એ જાણતો ન હોતો. પોતાની સામે મદદમાં કાકા ભીમ અને બીજા યોદ્ધાઓ છે જ એમ વિચારીને એ આગળ વધતો રહે છે. જેમ જેમ આગળ વધે છે તેમ તેમ તેની સાથે આવેલા બધાથી તે વિખૂટો પડતો જાય છે. અને અંતે સાતમા કોઠામાં તે પ્રવેશ કરે છે. અને ત્યાં યુધ્ધના બધા નિયમોને નેવે મૂકીને ઊભેલા સાત મહારથીઓ યુવાન અભિમન્યુને હણી નાખે છે. આ દર્દનું પણ એવું જ છે (પૃ.૯૦)

'રીટા સાથે શરત', 'નવો દર્દી', આ પ્રકરણોમાં કાળની રાહ જોતા દર્દીઓ મન બહલાવવા કેવું કરે છે તેની ઝાંખી થાય છે . પણ 'આવી' કટોકટીની શરીર સ્થિતિમાં પણ સુખદેવજી આફ્રિકાની સફર કરવા ઉપડે છે. તે અતિ સૂચક ઘટના બની રહે છે. નીચેનું વર્ણન જુઓ :

ભારતથી નૈરોબી જતાં, પ્લેનમાં ખુલ્લે આમ બીયર પીરસાતો હોવાથી , પ્રોફેસર સુખદેવે, એના દીકરાની વહુ 'ના, ના' કહેતી રહી છતાં પણ એક નાના પ્યાલામાં બીયર લઇ બે-ચાર ઘુંટડા મારી લીધેલા. જીવલેણ દર્દ છે તો શું થયું ! જીવવાની તડપ તો છે જ. એટલે તો તરસ છે. તરસ છીપાવવી છે. નહીં તો જીવવાનો અર્થ શો. જીવીએ ત્યાં સુધી મરવાનું હોય નહીં. મર્યા પછી ફિકર કિસ બાત કી ? માટે તડપ-તલપ પૂરી કરો. પીવો, પાણી અથવા બીયર. ભલે નાના પ્યાલામાં પણ તરસ્યા ન રહો. સુખદેવજી તમે કમાલના કમનીય માણસ છો. ભઇલા! કૃષ્ણદેવે તમને સુખદેવરૂપે ખરા સરજ્યા છે. અક્ષરરૂપે અમર રહો. અને દર્દીઓને પ્રેરતા રહો. વધુ તો શું

?

નૈરોબીની ટૂંકી મુલાકાત પછી કેન્યા એરવેજ ના વિમાનમાં તે પાછા ફરે છે. ત્યારે પણ ડૉક્ટરે ના પાડી છતાં, નાસ્તાની સાથે ડબલું મોંએ વળગાડે છે. ધીરે ધીરે બીયરનું અને ધીરે ધીરે આખું બીયરનું ડબલું ગટગટાવી જાય છે.

પાણીની અને બીયરની આ તરસ તેમને સરસ જીવાડે છે સુખદેવજી !

- પછી ડાયાલિસીસ પર ડાયાલિસીસ પર ડાયાલિસીસ પર ડાયાલિસીસ પર ડાયાલિસીસ પર ડા.... એમ-એમ ડાયાલિસીસ થતાં જાય છે. સમયનાં કાંટા ફર્યા કરે છે, અને વચન પ્રમાણે મૃત્યુની દેવી પુનઃ પધારે છે. ત્રણ વરસ પછી આવીશ કહેનાર મૃત્યુદેવી : તારા ત્રણસો એકમા ડાયાલિસીસના દિવસે રાત્રે નવ વાગ્યે તને લેવા આવીશ. તું તૈયાર રહેજે.'' ત્રણ વરસની મહેતલ જેણે આપી છે તે નક્કી આજે આવશે....આજે તે મુદ્દત નહીં પાડેતેવું મનથી વિચારે છે.

....તે જાગ્યો. હર્ષદભાઇ તેનું ડીસકનેક્ટ કરતા હતા. લેવા આવેલાં બેન-બનેવીની પાછળ એક તેજ લિસોટો (મૃત્યુદેનો સ્તો સુખદેવ જુએ છે. ત્રણ વરસ પહેલાં જોયો હતો તેવો જ દૂર-દૂર અદશ્ય થતો પલો લિસોટો જાણે કે કહી રહ્યા ના હોય !

''પ્રોફેસર સુખદેવ ! બની ગયેલી ઘટનાથી તું વાકેફ નથી. તારાં બેન-બનેવી તને વાત કરશે...તેં વચન પાળ્યું છે..બહુ પ્રયત્નો કાર્ય છતાં પણ તું તારાં બે કાર્યો કરી શક્યો નહોતો. એના ખ્યાલ આવતાં મારે તને મુક્ત કરવો જોઇએ. આજે તને વચન આપું છું કે તેં મારા આગમનને સ્વીકારી લીધું હોવાથી જ્યારે એ કાર્યો પૂરાં કરશે ત્યારેજ હું તને લઇ જઇશ.એની ખાતરી આપું છું...મને (મૃત્યુદેવીને) છેતરવાનો પ્રયત્ન ના કરીશ. નહીં તો સમગ્ર મનુષ્ય જાત પરથી મારો વિશ્વાસ ઊઠી જશે.''

પ્રો. સુખદેવ મૃત્યુદેવીને છેતરવાનો પ્રયત્ન કરશે જ નહીં એવી શ્રધ્ધા છે. વચન નિભાવશે. મૃત્યુદેવીનો માનવ જાતમાં વિશ્વાસ ટકી રહેશે ?

પ્રો. સુખદેવ પણ દર્દીઓને માણસજાતમાં વિશ્વાસ ટકી રહે અન વધુ મજબૂત થાય તેવી શેષ જીવનની પ્રવૃત્તિમાં રત રહે છે. તેથી તો ભાવનાબેનની વેદના પ્રત્યે સહાનૂભૂતિ રહે છે. 'બહુ નાની ઉંમરે કિડની નિષ્ફળ જવાથી' ભાવનાને ડાયાલિસીસ સારુ આવવાનું થાય છે. પ્રો. સુખદેવ, કવિ કલાપીની જેમ ચિંતન ચાકડે ચડે છે વિધિને દર્દની પીડાની ખબર છે. તો પછી દર્દ કાં આપે છે, દવા પણ આપે છે ! ''જેવું ભાવનાનું તેવું જ દુઃખ નૃત્યાંગના કવિતાનું-કિડનીનું ! ''કવિતા, કિડનીના આર્થિક રીતે મુશ્કેલી ભોગવતા દર્દીઓને ખર્ચમાં રાહત મળે તે માટે ચેરીટી શોનું પણ આયોજન કરે છે. લેખક અહીં કવિ જગદીશ જોશીની કવિતાનો એક અંશ સ્મરે છે : 'મને આપો ઊછીનું સુખ થોડું' આ ઘટના મર્મસ્પર્શી બની રહે છે.

પાણી અને પ્રેમની તરસની વાત મગનજીને સાથે થાય છે. સુખદેવ કહે : મગનભાઇ ! કુદરતે આપણા માટે જ નિર્માણ કર્યુ હોય એને સ્વીકારી લેવું જોઇએ. રહ્યો તરસનો પ્રશ્ન. તરસ છીપાશે નહીં.''

''તો સાહેબ, આખી જિંદગી તરસે મરવાનું ?'' મગનના પ્રશ્નોનો જવાબ 'હા' માં જ હોય.

સુખદેવ, મગન સાથેના સમ્બન્ધે/સપર્ક જે વાતો કરે છે તે બધાં દર્દીઓને માર્ગદર્શક બની રહે છે. દા. ત. શિવ પ્રોટોકોલ પધ્ધતિ.' 'સરોજબેનનો ભવાડો ' પણ સુખદેવ નિવેડો લાવે છે, વેઇટ, ડાયેટ એન્ડ ડાયાલિસીસ' નું આખું પ્રકરણ, દર્દીને, પોતાના વજન (વેઇટ) આહાર (ડાયેટ) અને...' નું સંપૂર્ણ સલાહભર્યુ પ્રેરક માર્ગદર્શક પુરૂ પાડે છે. ! માટલાનું ઉંધિયુ માં શરીરની બેય પ્રકારની ભૂખ મગન, સરોજના જીવનના સંકેતથી સુપેરે રજૂ થાય છે. 'મગન સાથે રીટા' વાળું પણ. મમતાનું પણ. મગનને પ્રો. સુખદેવ ઉપ-યોગ્ય સલાહ આપે છે. - આવા જીવન વહેણની નદીના નાના-મોટો વળાંકોથી આ કૃતિને એક જીવંત વાતાવરણ પ્રાપ્ત થાય છે. જે સ્પૃહણીય છે.

અહીં સુખદેવ અને મગન સિવાયનાં અન્ય સર્વ પાત્રોની માત્ર રેખાઓ દોરાઇ છે. આ રેખાચિત્રો દ્વારા આ કૃતિનું સમગ્ર વલણ વહેણ અને વર્તુળ રચાય છે. ચપટાં લાગતાં આ બધાં પાત્રો પ્રો. સુખદેવના હૃદયના આયનામાં પ્રતિબિમ્બાય છે. જીવન કેવું છીછરું, લપસણું છે. આ દર્દી-જીવો કેવું સ્વપ્નવત્ ક્ષણિક જીવન જીવ્યે રાખે છે. આ સંસાર છે. આ સર્વનું ચિત્રણ આ કથામાં વ્યથાપૂર્વક થયું છે !